શ્રી યશોવિજયજી
જૈન ગ્રંથમાળા
દાદાસાહેબ, ભાવનગર.
ફોન : ૦૨૭૮-૨૪૨૫૩૨૨
૩૦૦૪૨૫
2052

# રસામુદ્રિક



'રવિવાર' કાર્યાલય.

કિંમત બે રૂપીઆ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અર્પણ

ભગવાન સમુદ્રઋષિની અલૌકિક
બુદ્ધિપ્રભાનાં તેજસ્વી કિરણોમાંથી
પ્રકટેલી સામુદ્રિકવિદ્યાને, જનતાને
ઉપયોગી થઈ પડે એવી વ્યવહારુ
બુદ્ધિથી પુસ્તકાકારે તૈયાર કરીને,
સામુદ્રિકશાસ્ત્રમાં શ્રદ્ધા રાખનારાંઓને
'રવિવાર' કાર્યાલય તરફથી
અર્પણ કરવામાં આવે છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુક્રમણિકા.


| અધ્યાય | પ્રકરણ | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧– | પૂર્વસામુદ્રિક. | |
| | ૧–ત્રિકાલદર્શક મહાવિદ્યા. | ૧ |
| | ૨–સામુદ્રિકવિદ્યાનો પ્રાદુર્ભાવ. | ૭ |
| | ૩–સામુદ્રિકશાસ્ત્રનો પૂર્વપશ્ચિમમાં પ્રચાર. | ૧૨ |
| ૨– | સુત્રસામુદ્રિક. | |
| | ૧–આગાહી અવસર. | ૧૮ |
| | ૨–પરીક્ષાપદ્ધતિ. | ૧૯ |
| ૩– | મુખકાય સામુદ્રિક. | |
| | ૧–લલાટના લેખ. | ૨૫ |
| | ૨–ભાગ્યલેખાની ભાગ્યરેખા. | ૨૮ |
| | ૩–મુખમહિમા પ્રભાવ. | ૨૯ |
| ૪– | હસ્તસામુદ્રિક. | |
| | ૧–પહોંચા–હથેળી રેખાપ્રતાપ. | ૩૩ |
| | ૨–હાથના વાળ ને રેખાવિચાર. | ૩૫ |
| | ૩–હસ્તરેખાના વિવિધ ભાગો. | ૩૫ |


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૪–હથેળીના રંગોની ગુણપરીક્ષા. ૩૮
૫–પહોંચાનાં પ્રતિક્રે. ૪૦

૫– ફળસામુદ્રિક.

૧–હસ્તરેખાનો ફળાદેશ. ૪૨
૨–લાભહાનિસૂચક આકૃતિઓ. ૪૪
૩–ઘાતચક્ર અને ભાગ્યચક્ર. ૪૬
૪–ચિહ્નોનાં ચરિત્રો. ૪૯
૫–આયુષ્ય ને જીવન. ૫૦

૬– ગ્રહસામુદ્રિક.

૧–ઉપચિહ્નોનું અવલોકન. ૫૪
૨–મહાત્રિકોણ ને વિશિષ્ટ પ્રતિક. ૫૮
૩–આકૃતિવિચાર. ૬૦
૪–નિશાનીઓથી લાભાલાભ. ૬૬
૫–રેખાકૃતિઓની લાભહાની. ૬૯

૭– રેખાસામુદ્રિક.

૧–મુખ્ય રેખામહિમા. ૭૬
૨–ગૌણ રેખાકૃતિઓ. ૮૧
૩–વિવાહલગ્નકૃતિ ને વંશવારસાસિદ્ધિ. ૮૬
૪–આયુષ્યરેખા ને આરોગ્યરેખા. ૯૦

૮– દેવસામુદ્રિક.

૧–ગ્રહભુવનવર્ણન ને ચિહ્નનિરિક્ષણ. ૯૪
૨–ગ્રહચિહ્નોનો પ્રતાપ. ૯૭
૩–સૂર્યાકૃતિઓની બળશક્તિ. ૧૦૧
૪–ગ્રહોનું સામર્થ્ય. ૧૦૬
૫–વધારાની વિવિધતા. ૧૦૮

૯– ચરણસામુદ્રિક.

૧–પગરેખા પર પ્રકાશ. ૧૧૩
૨–પાદાકૃતિમાં અસ્તોદય. ૧૧૬


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૦- સ્ત્રીસામુદ્રિક.
૧–વિશિષ્ટ લક્ષણો. ૧૧૯
૨–સ્ત્રીજીવન ને સંતતિસમર્પણ. ૧૨૨
૧૧- રોગસામુદ્રિક.
૧–દર્દોનું દિગ્દર્શન. ૧૨૬
૧૨- શકુનસામુદ્રિક.
૧–વિધાતાનો વર્તારો. ૧૩૦
૨–સ્વપ્નદર્શન. ૧૩૫
૩–નિદ્રાતંદ્રાની ફળસિદ્ધિ. ૧૩૯
૧૩- સ્વરસામુદ્રિક.
૧–શ્રવણદર્શન. ૧૪૩
૧૪- પ્રશ્નસામુદ્રિક.
૧–ભાગ્યાંક ફળ. ૧૪૮
૨–આવિષ્કળ. ૧૫૮
૧૫- સંકટસામુદ્રિક.
૧–સમિપ કાળયોગિની અને વારદિક્શૂળ. ૧૭૦
૨–પંચક અવજોગ અને સિંહસ્થ મકરસ્થ વર્ષ. ૧૭૪
૧૬- સુખસામુદ્રિક.
૧–લગનપંચક અને જળશોધન. ૧૭૯
૨–રાશિચક્ર અને વર્ગમંડળ. ૧૮૪
૧૭- સુરસામુદ્રિક.
૧–જન્મકુંડળીમાં ગ્રહસ્થાન. ૧૯૧
૨ શુભાશુભ ફળ. ૧૯૬
૧૮- શાંતિસામુદ્રિક.
૧–ગ્રહશાંતિના શાસ્ત્રિય ઉપાય. ૨૦૧
૧૯- તલનું રહસ્ય.
૧–શરીર પરના તલ અને લાખાં. ૨૦૭
૨–અંગુઠો અને સ્વભાવદર્શન. ૨૧૩

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૧ લો.

## : પૂર્વ સામુદ્રિક :

—૧—

## ત્રિકાલદર્શક મહાવિદ્યા.

ભગવાન ભાષ્યકાર જગદ્‌ગુરૂ શ્રી આદ્યશંકરાચાર્ય સ્વામિ રાજ દર્શાવે છે કે ભાવિના ગર્ભમાં સંતાયલી સકલ ઘટનાનું યથાર્થ જ્ઞાન સંપાદન કરવાનાં અને માનસિક બલ ...ંત કરવાનાં સબળ સાધન મુખ, લલાટ, કંઠ, હાથ, છાતી, ..., પેટ, હાથના પહોંચાઓ, જાંઘો અને પગના પંજાનાં ...માંની રેખાઓ, આકૃતિઓ, આકારો, નિશાનિયો અને ... છે. જીવનના અસ્તિત્વ અર્થે અગત્યની વસ્તુઓનું સર્જનમાં, વસ્તુઓનો ઉપયોગ કરવામાં, સાંસારિક ક્રિયાઓમાં, હૃદયની અવનવીન ઉર્મિઓનું નિદર્શન કરાવવામાં ને પાલનપોષણ કરવામાં હાથ અગ્રપદ ભોગવે છે. હાથ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વડે થતાં કર્મો અસંખ્ય છે. જેમ મનુષ્ય પરમકૃપાળુ પરમાત્માનં પ્રકૃતિદેવીની કુદરતી શક્તિઓનો સંક્ષિપ્ત સારમાત્ર છે, તેમ હાથ પણ માનવશક્તિઓનું સંક્ષિપ્ત સ્વરૂપ છે.

ભગવાન બ્રહ્માજીએ પશુ, પક્ષી, તથા અન્ય પ્રાણીજીવોના રક્ષણ તેમજ લાલનપાલન વાસ્તેની સાધન સામગ્રી તેના અવતરવાની સાથેજ બક્ષેલી હોય છે. આસપાસનાં સ્થીતિ સંજોગો અને દેશકાલ અનુસાર ચાંચ, પાંખો, તીક્ષ્ણ નખવાળા સબળ પહોંચા, પાતળા અને જોરદાર પગના સશક્ત પંજા, મજબુત ખરી, શીંગડાં, દંતુશળ, તીક્ષ્ણ શ્રવણશક્તિવાળા કાન અને પુછડું–એ સર્વ પશુપંખીઓ તથા અન્ય જીવોને માટે સ્વરક્ષણ કરવાની તેમજ જીવનનિર્વાહની સાધનસમૃદ્ધિ છે.

માનવજાતિને દિનદયાળુ દિનાનાથે પોતાનું ભરણ–પોષણ તથા સંરક્ષણ કરવાને હથિયારરૂપે હાથ બક્ષ્યા છે. હાથના પ્રતાપેજ મનુષ્યે સમસ્ત સૃષ્ટિને સ્વાધિન કરી છે. આ હાથને દિશાસુચન કરનારી બુધ્ધિશક્તિ છે; ને બુદ્ધિશક્તિને દિશાસુચન કરનાર સબળ સાધન હાથ છે. આ સિદ્ધાંતના પ્રભાવેજ લોકો હાથને ભાગ્યનું સૂચક માને છે.

વાનરજાતિ તથા એની કોટનાં પ્રાણીઓને પણ કૃપાનિધાન કિરતારે હાથ અર્પણ કરેલા છે, પરંતુ તે હાથનો પંજો યથાર્થપણે કેળવાયેલો હોતો નથી. એ પ્રાણીજીવોની બુદ્ધિશક્તિ તરફ નિ[illegible] નાખતાં પણ જણાશે કે હાથના પંજાના જેમ તે પણ અણ[illegible] વાયલીજ છે. વૈજ્ઞાનીકો એને પ્રારંભિક–બાલક જેવી દશા[illegible] માને છે. [illegible] એ છે પણ સત્ય. એના [illegible]ંજા બરાબર ખીલ[illegible] ળા નથી હોતા ને બુધ્ધિશક્તિ પણ ખીલાવટવાળી નથી [illegible]

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એવું ગણાય છે કે જેટલા પ્રમાણમાં હાથ કેળવાયેલા હોય તે તેટલા પ્રમાણમાં આંતરિક બળ જીવાયું હોય છે.

મનુષ્યદેહનાં અંગઉપાંગોમાં હાથ અગ્રગણ્ય ભાગ ભજવે છે. વાણીમાં અને સમાજનાં સાંસારિક કાર્યોમાં હાથને એની યોગ્યતા અનુસાર અગ્રગણ્ય સ્થાન મળ્યું છે. પુરાતન કાળમાં હાથ, અંગુઠો, આંગળીઓ અને કાંડાં કાપવાની સજા અપરાધિને કરવામાં આવતી હતી. આ સજા તે કાળમાં ભયંકર ગણાતી હતી. ને સામાન્ય વિચાર કરનાર પણ હાથની અગત્ય નાકબુલી શકે તેમ નથી. આંખ એ જીવનનો ઉજાસ છે, હાથ એ પ્રવૃત્તિ છે.

હાથમાં લાંબાટુંકા માપનાં હાડકાં હોય છે. હાથપગના સાંધા ને પંજામાં પણ અનેક હાડકાંની સંયુકત કડીઓ મેળવેલી છે. સ્નાયુઓ સપ્રમાણ ને સંબંધપુર્વક ગોઠવાયલા છે. પહોંચા ને પંજાની સ્નાયુરચના આશ્ચર્યકારક છે.

એ સ્નાયુજાળમાં જીવનને માપતી નાડીઓ વહ્યે જાય છે. ચેતન પ્રસર્યા કરતું લાગે છે, આવી પરિપાટિયે અસંખ્ય કાર્યોની ક્રિયા કરવાની અનુકુળતા કૃપાવન્ત કિરતારે જન્મતાની સાથેજ જન્મસિદ્ધ હકક તરિકે કરી આપેલી છે. હાથની અંદરની ચામડીના બાહ્યભાગમાં જ્ઞાનતંતુઓ આવેલા છે. એ જ્ઞાનતંતુઓના પ્રકાર બે છે. એક મગજને ખબર કરનાર ને બીજા મગજની આજ્ઞા ઉઠાવનાર. સંદેશવાહક તંતુઓ મસ્તકમાં ત્વરીતગતિએ લાગણીઓ પહોંચાડી દે છે. મોટે ભાગે તે લાગણીઓ સ્પર્શજન્ય હોય છે. આજ્ઞાવાહક તંતુઓ મગજની આજ્ઞા શરીરના જેતે ભાગના જેતે તંતુએ પર પહોંચાડી દે છે. હાથના પહોંચામાંની સ્પર્શશકિત શરીરના બીજા ભાગોમાંની શકિત કરતાં વધારે જોર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દાર જણાય છે. તેમાંયે આંગળીઓનાં ટેરવામાંનું તેનું પ્રમાણ વિશેષ છે.

સમસ્ત જગતની ચારે બાજુએ દશે દિશાઓમાં ‘ઇથર’ નામથી લોકપ્રસિદ્ધ થયેલ વસ્તુનું આવરણ છવાયલું છે. તેની મારફતે ગગનમંડળમાં વિરાજમાન થયેલા વિભાકર તથા પ્રભાકર અર્થાત સુર્યનારાયણ અને ચન્દ્રદેવતા આદિ ગ્રહદેવતાઓના દિવ્ય મંડળનો પ્રભાવ પૃથ્વી પર પડવા પામે છે; અને તેમાં પણ એ માણસ, પશુપંખી કે અન્ય પ્રાણીમાં વિશેષ તીવ્ર જ્ઞાનતંતુઓ પર વધુ છાયા પાડે છે એમ મનાય છે. પશુ, પક્ષી, અને માનવજીવસમુહમાં માનવ પર વ્યોમ-વિલાસી ગ્રહસમૂહની સર્વથી વિશેષ અસર થવા પામે છે. માનવજાતિના જ્ઞાનતંતુઓ અન્ય જાતિવિશેષો કરતાં વધુ તીવ્ર શકિત ધરાવનારા છે એજ એનું મુખ્ય કારણ છે. જ્ઞાનતંતુઓ પર આંતરિક આંદોલનો અસર કરે છે. એ આન્દોલનો વધુ પ્રમાણમાં જ્ઞાનતંતુઓ ભેગા મળ્યા હોય તેવા, કાયાના કોમળ સ્થાન પર પોતાનો અલૌકિક પ્રભાવ અહર્નિશ પાડયા કરે છે. મનુષ્યના દેહ પર જે રેખાઓ, ચિન્હો, આકૃતિઓ, સ્પાકારો અને નિશાનો જોવામાં આવે છે તે તેમને ધરાવનાર મનુષ્યના હૃદયસાગર પર ઉછળતી શુભાશુભ તરંગછોળોનાં સાચાં સ્મૃતિ-ચિન્હો છે. આગન્તુક બનાવો તેમની પ્રતિછાયા જાણેઅજાણે માનવહૃદય પર પાડયા કરે છે. તેના પ્રભાવે અંતઃકરણને અર્થાત્ જ્ઞાનેન્દ્રિયને મનુષ્યના વદન, હસ્ત, ને ચરણ સાથે અતિશય ગાઢ સંબંધ હોવાથી મુખાકૃતિ, લલાટ, હાથના પહોંચા, હથેલી અને પગના પંજાના તળિયા પર તેમની પ્રતિછાયાઓ ચિત્રવિચિત્ર રેખાકૃતિઓને રૂપે દ્રષ્ટિગોચર થાય છે. શંકરાચાર્ય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરૂ શ્રી સુરેશ્વરાચાર્ય સ્વામિ મહારાજના નામે વિશ્વવિખ્યાત થયેલ **શ્રી બ્રહ્મસ્વરૂપાચાર્યજી** જણાવે છે કે મનુષ્યના વદન, કર ને ચરણની રેખાઓને આધારે ભુત વર્તમાન ને ભવિષ્ય એ ત્રણેય કાળના બનેલા, બનતા ને બનવાના બનાવોનું ખ્યાન કરી શકાય છે. બાલક અવતરે છે તે સમયે તે હોઠ, કપાળ, હથેલી, ને પગનાં તળિયાંમાં રેખાઓ લઇનેજ જન્મતું જણાય છે. ત્યારબાદ જેમ જેમ તેની આન્તરિક શકિત ખિલવા પામે છે, તેમ તેમ એ રેખાઓમાં સુધારોવધારો થતો જાય છે.

માણસના ભિન્નભિન્ન અંગોના આકારો સામાન્ય રીતે વંશપરંપરાગતના આકારો જેવા સામાન્ય જ હોય છે. તેમાં ઉપર ટપકે જોતાં જે ફેર જણાય છે. તે ફેર પણ સામાન્ય જેવો લાગે છે. તે છતાંય ચહેરા મેળવવા જતાં એક બીજા વચ્ચે રહેલું અંતર વધી જશે. ને જયારે હાથની રેખાઓ વચ્ચે તુલના કરવા જશો તો જણાશે કે સામાન્ય લાગતી વસ્તુઓ પાછળ કેટલોયે ભેદ છુપાયો છે. માણસના બે હાથની રેખાઓ મેળવવા જતાં મળતી નથી. મનુષ્ય હૃદયમાં ઉદ્‌ભવતી આનંદ કે આક્રંદની ઉર્મિઓ તેના મુખ પર જણાય છે. કૃત્રિમતાની કલાશકિત સાધ્ય કરતાં આવી ઉર્મિની લહરો પણ ગુપ્ત રખાય છે. અંતરમાં આગ ને આંખોમાં ફાગ. હસ્તે મોંઢે વેદનાવહ્નિમાં જલતા મનુષ્યો ઓછા નથી હોતા. પરંતુ એ માણસના હાથમાં છે એટલે તેને તે અજમાવે છે. તેને ગુપ્ત રાખી બીજાને તેનાથી અજાણ રાખી શકે છે.

પહોંચા વિગેરેની આકૃતિઓ એ તો ઇશ્વરદત્ત નોંધો છે. તેમાં ગુપ્ત રાખી શકાવાનું નથી. પંજા પર પડેલા આંક ભુત, વર્તમાન ને ભાવિના ભાવ છે. એ ત્રિકાલ-દર્શન કરાવી શકે છે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરનાર જોઇએ. એ ગુઢ રહસ્યોને યથાર્થ સ્વરૂપે પરખવાની કલા તે જયોતિષવિદ્યા છે.

માનવીના જીવન પર નિરાશાનો પહાડ ગબડાવવા માટે કે મનુષ્યની દ્રષ્ટિ સામે ભાવિ આક્રમણોને સ્પષ્ટ કરી તેને ભડકાવી મારવા માટે આ વિદ્યાનું સર્જન નથી થયું. માનવદેહ પર આવી પડનાર ભાવિભયને દ્રષ્ટિ સમિપ રાખી તેનાથી સાવધ રહેવા ને સમય વર્તે સાવધાન થવાના માર્ગસૂચન અર્થેજ જયોતિષ વિદ્યા છે, આ જયોતિષવિદ્યાનાં અંગો અને ઉપાંગોને સુક્ષ્મ દ્રષ્ટિએ નિહાળવાની આવશ્યકતા છે. એ સુક્ષ્મ દ્રષ્ટિ મુળતત્વની વધુ ને વધુ નજદીક દોરી જશે. એ સુક્ષ્મદ્રષ્ટિની સાધનાથી જયોતિષ એ ગપાષ્ટકવિદ્યા મટી જઇ સત્ય વિદ્યાના સ્વરૂપમાં પરિવર્તન પામી માનવસમાજને માર્ગદર્શક થઇ શકશે. મનુષ્યના ભુત, વર્તમાન, અને ભવિષ્યને જાણવાનું મુખ્ય સાધન આ જયોતિષ વિદ્યા છે, એ ત્રિકાલદર્શી છે. ભુતની કાળી કંદરામાં લુપ્ત થયેલ, વર્તમાનની વહેતી ગંગામાં વહી રહેલ ને ભાવિના અદ્રષ્ય પટ પાછળ સંતાયેલ-સર્વ પ્રકારના બનાવોની માણસને તે યથાશક્તિએ રૂપરેખા દોરી આપે છે. આ મહાવિદ્યાને આધારે શ્રમપુર્વક યત્નશીલ થવામાં આવે તો આપેલી આગાહીઓ અનુસારજ બનવા પામે છે. આ પ્રકારનાં અનેક કારણોને લઇનેજ આ સંસારમાં જયોતિષવિદ્યાને **'ત્રિકાલદર્શક મહાવિદ્યા'** તરીકેની પ્રસિધ્ધિ મળી છે.

સનાતન સમયથી મનુષ્યના મનમાં ભાગ્યચક્રના ભુગર્ભમાં સંતાયલાં શુભાશુભ કાર્યો અને તેનાં ફલો વિષે માહિતગાર થવાની મહત્વાકાંક્ષા હતી. આ મહત્વાકાંક્ષા દિનપ્રતિદિન બલવત્તર થતી ગઇ. તેના ઉત્તેજને તેઓએ પ્રારબ્ધપટ પર આલેખાયલી જીવન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઘટનાઓની પ્રમાણપુરઃસરની જ્ઞાનસિધ્ધિ અર્થે અહર્નિશ અવિશ્રાન્ત યત્નો કર્યા છે. એ અવિરત યત્નશીલતાના પરિપાકરૂપે ઉપર આલેખેલી વિદ્યા ફુલીફાલી છે. આ મહાવિદ્યામાં સામુદ્રિક વિદ્યા, શકુન વિદ્યા, રમલ વિદ્યા, સ્વર વિદ્યા, સ્વપ્નવિદ્યાનો સમાસ થવાથી તે બહદ્ સ્વરૂપ પામી શકી છે. એ બૃહદ્ સ્વરૂપ તે અપુર્વ **સામુદ્રિક જ્યોતિષશાસ્ત્ર** છે.

ભુતકાળ, વર્તમાનકાળ ને ભવિષ્યકાળમાં બનેલી, બનતી ને બનનારી ઘટનાઓની આગાહીઓ આપતી ઉપરોક્ત વિદ્યાઓના અગમ્ય જ્ઞાનના સહકારી સુમિલન અને સંમિશ્રણથી બનેલા અદ્વિતિય સામુદ્રિક જ્યોતિષશાસ્ત્ર વિષે હવેનાં પ્રકરણોમાં વિવેચન કરવામાં આવશે.

– ૨ –

## સામુદ્રિકવિદ્યાનો પ્રાદુર્ભાવ.

શારદા પીઠાધીશ્વર સ્વામિશ્રી ચિત્સુખતીર્થ મહારાજ જણાવે છે કે સામુદ્રિકજ્યોતિષશાસ્ત્રમાં સામુદ્રિકવિદ્યા, જ્યોતિષવિદ્યા, શકુનવિદ્યા, રમળવિદ્યા, સ્વરવિદ્યા ને સ્વપ્નવિદ્યા મળીને એકંદરે ૭ વિદ્યાઓનો બુધ્ધિપુર્વક સમાવેશ કરવામાં આવ્યો છે. તેથી કરીને સામુદ્રિકવિદ્યા શિવાયની બાકીની પાંચ વિદ્યાઓને સામુદ્રિક વિદ્યાની ઉપવિદ્યાઓ તરીકે સ્વીકારી છે.

સામુદ્રિકવિદ્યા અને તેની ઉપવિદ્યાઓ તરીકે વિખ્યાત થયેલી ઉપરોકત પાંચ વિદ્યાઓને અર્થાત પ્રત્યેકને પોતપોતાનું સ્વતંત્ર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શાસ્ત્રવિધાન છે. પ્રત્યેક વિદ્યા પાછળ ભિન્નભિન્ન શાસ્ત્રો પડ્યાં છે. સામુદ્રિકવિદ્યાનું સામુદ્રિક શાસ્ત્ર, જ્યોતિષવિદ્યાનું જ્યોતિષ-શાસ્ત્ર, શકુનવિદ્યાનું શકુનશાસ્ત્ર, સ્વરવિદ્યાનું સ્વરશાસ્ત્ર ને સ્વપ્ન-વિદ્યાનું સ્વપ્નશાસ્ત્ર છે.

એ સર્વેય શાસ્ત્રો ત્રિકાલદર્શન કરવાની હિમાયત કરનારાં તથા તે પરત્વેનો પક્ષપાત કરનારાં છે. એમનો આવિર્ભાવ ત્રિકાલ જ્ઞાનની પ્રાપ્તિના ઉદ્દેશથી જ થયો છે. એ શાસ્ત્રોનું પ્રાકટ્ય નવીન નથી. આર્યોની પુરાતન વિદ્યાઓનાં પ્રાકટ્યના જેમ તેમનાં પ્રાકટ્ય પણ પ્રાચિન છે.

આ શાસ્ત્રોને પ્રત્યેકને પોતપોતાનાં ઉપશાસ્ત્રો છે. જ્યોતિષ શાસ્ત્રનાં ગણિતશાસ્ત્ર, ગ્રહશાસ્ત્ર, ને રાશિશાસ્ત્ર એ ઉપશાસ્ત્રો છે. શકુનશાસ્ત્રનું ઉપશાસ્ત્ર પ્રશ્નશાસ્ત્ર છે. રમળશાસ્ત્રનું ઉપશાસ્ત્ર તે કુબેર-શાસ્ત્ર, સ્વરશાસ્ત્રનું ઉપશાસ્ત્ર તે ધ્વનિશાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્રનું આભા-સશાસ્ત્ર. ને સામુદ્રિકશાસ્ત્રનાં મુખકાયસામુદ્રિક હસ્ત સામુદ્રિકશાસ્ત્ર, ચરણ સામુદ્રિક શાસ્ત્ર, રેખાશાસ્ત્ર, ચિન્હશાસ્ત્ર, આકૃતિ વિજ્ઞાન-શાસ્ત્ર ને ગૃહ્યવિદ્યા-શાસ્ત્ર,-એમ કુલ સાત ઉપશાસ્ત્રો છે. એ ગુપ્તશાસ્ત્રગુચ્છ ઉપશાસ્ત્રો તરીકે સામુદ્રિકશાસ્ત્રને પોષે છે. એ સર્વ શાસ્ત્રઉપશાસ્ત્રસંઘ ઇશ્વર પ્રેરિત, અનુભવસિધ્ધ સત્યવિદ્યાઓનો સમુહ છે.

શકુનશાસ્ત્રના ઉપશાસ્ત્ર પ્રશ્નશાસ્ત્રને પ્રાકૃત ભાષામાં શુકનાવળી તરીકે ને રમળશાસ્ત્રના ઉપશાસ્ત્ર કુબેરશાસ્ત્રને પુરાતત્વ શાસ્ત્રમાં કુબેરપાડી તરીકે પણ ઓળખવામાં આવે છે.

જગદ્‌ગુરૂ શ્રી સર્વજ્ઞાનાશ્રમ સ્વામિજી આર્યાવર્તના અતિ-પ્રાચિન ગ્રંથોનું તીવ્રબુદ્ધિશકિતથી સુક્ષ્મ અવલોકન કરતાં ઉપરોકત શાસ્ત્રોનો ઇતિહાસ નીચે પ્રમાણે વર્ણવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પુરાતન કાળમાં એક સિંહસ્થના પરમપવિત્ર વર્ષે મહામાસની મહાશિવરાત્રીના માંગલિક મહોત્સવ અવસરે શુભકારિક સોમવારના દિવસે પુનિત પ્રભાતના પહોરે કૈલાસમાં કલ્પવૃક્ષ બિલિવૃક્ષની લીલીછમ છત્રછાયા નીચે ભગવાન શંકર–ભગવતી પાર્વતીદેવી, વિઘ્નહર ગણપતિ, કલ્યાણકર કાર્તિક સ્વામિ, ઉદયકર ઉષાદેવી, કુબેર ભંડારી ને સદગુરૂ બ્રહસ્પતિની સમિપે મૃગચર્મ પર વિરાજમાન થયા હતા ત્યારે ભગવાન શ્રી વિષ્ણુ, લક્ષ્મીજી, વિશ્વકર્મા શ્રી બ્રહ્માજી,બ્રહ્માણી, સરસ્વતીદેવી, નારદજી, વિધાત્રીદેવી, હનુમાનજી અને ભૈરવનાથે આવીને પ્રેમપુર્વક પ્રણામ કરી સામે બિછાવેલા મૃગચર્માસનો પર બીરાજમાન થઇ ભક્તિભાવે વિનંતી કરતાં કહ્યુઃ—

"હે ભોળાનાથ ભગવાન જ્યોતિર્ધર ! અને દેવાધિદેવનાં શિવકારી સપ્તસ્વરૂપો ! આજે કૃપા કરીને આપ પુજ્ય વિભુતિઓ નરનારીઓના ભાગ્યની ભવિષ્યવાણી ભાખતાં શાસ્ત્રોનું અમને શ્રવણ કરાવો. જેના પુણ્યપ્રભાવે જીવાત્માઓનાં શુભાશુભ ને સુખદુઃખ ઇત્યાદિનો વિધિપુરઃસર જ્ઞાનપ્રસાદ અમોને પ્રાપ્ત થાય. જેના આધારે પ્રાણીમાત્રના જીવન સાથે સંકળાયલી કુદરતની કરામતભરી ઘટનાઓનું યથાર્થ દર્શન થાય. તેમજ અમારાથી તેમના ભાવિમાં શું આલેખાયું છે તે સમજી પોતાનું જીવનફળ જાણવાની ઇચ્છાવાળાઓની તૃષ્ણાને તૃપ્ત કરી શકાય."

બ્રહ્માજી, બ્રહ્માણીજી, નારદજી અને વિધાત્રીદેવીની આ પ્રકારની અભ્યર્થનાથી અતિ આનંદ પામી દિનદયાળુ જ્યોતિર્ધર ભગવાન શંકરે બ્રહ્માજીને જ્યોતિષશાસ્ત્ર, બ્રહ્માણીને સામુદ્રિક, નારદજીને શકુનશાસ્ત્ર, સરસ્વતીજીને સ્વરશાસ્ત્ર, વિધાત્રીદેવીને સ્વપ્નશાસ્ત્ર, હનુમાનજીને મંત્રશાસ્ત્ર, ભૈરવનાથને તંત્રશાસ્ત્ર, મહા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લક્ષ્મીજીને યંત્રશાસ્ત્ર, ને મહાવિષ્ણુ ભગવાનને ગ્રહશાસ્ત્રનું પારાયણ શ્રવણ કરાવ્યું. આ સર્વ શાસ્ત્રોનું પારાયણ શ્રવણ કરીને અતિ પ્રસન્ન થઇ બ્રહ્માજી, બ્રહ્માણી, નારદજી, સરસ્વતી, વિધાત્રીદેવી, હનુમાનજી, ભૈરવનાથજી, મહાવિષ્ણુ ને મહાલક્ષ્મીજીએ ભગવાન શંકરને તથા તેમની મંડળીને નમસ્કાર કરી પ્રાર્થના કરી:-

"હે અખિલ બ્રહ્માંડના જ્વલંત જ્યોતિર્ધર પ્રભુ! આપના શિવસપ્તકને અમોને કૃપા કરીને કહી સંભળાવેલાં સર્વશાસ્ત્રોનો જેમાં સમાવેશ થઇ જતો હોય એવું અનુપમ કોઇ ભાવિ ભાખનારૂં મહાશાસ્ત્ર હોય તો તે અમોને સત્વરે સંભળાવો. જે શાસ્ત્રના આધારે આપે પ્રથમ સંભળાવેલાં સર્વશાસ્ત્રોનો ફળાદેશ અમારાથી સરળતાપુર્વક સમજી અને કહી શકાય."

દેવદેવીઓની ઉપર અનુસારની પ્રાર્થનાથી પ્રસન્ન થઇને ભગવાન શંકરે ઉત્તર આપ્યો:-"હે મહાવિષ્ણુ અને બ્રહ્માદિ દેવતાઓ! મહાલક્ષ્મી તથા બ્રહ્માણી આદિ દેવીઓ! સામુદ્રિકજ્યોતિષ મહાશાસ્ત્ર નામનું એક અમારૂં રચેલું મહાશાસ્ત્ર છે. તે મહાશાસ્ત્રમાં અમોએ આપને વર્ણવી બતાવેલાં સર્વ શાસ્ત્રોનો સમાવેશ થઇ જાય છે. તે મહાશાસ્ત્રનું તમે અમારી પાસેથી શાંતિથી શ્રવણ કરો. આ મહાશાસ્ત્રના શિવસામુદ્રિક, શકિતસામુદ્રિક, વિનાયકસામુદ્રિક, કાર્તિકસામુદ્રિક, ને ઉષાસામુદ્રિક એવા પાંચ વિભાગો છે. એ પાંચ વિભાગોમાં મુખકાય સામુદ્રિક, હસ્ત સામુદ્રિક, ચરણ સામુદ્રિક, પુર્વદેહ સામુદ્રિક અને ઉત્તરદેહ સામુદ્રિક એવા પાંચ ઉપવિભાગો છે. આ પાંચ વિભાગો ને પાંચ ઉપવિભાગોવાળા સામુદ્રિક જ્યોતિષશાસ્ત્રનું અમોએ ત્રિકાળ અબાધિત સનાતન શાસ્ત્ર એવું નામ રાખેલું છે. આ શાસ્ત્રમાં ત્રિકાલદર્શક મહાવિદ્યા, સામુદ્રિક વિદ્યા, રેખા નિદર્શન અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નિરીક્ષણ સમય, મુખકાય સામુદ્રિક, હસ્ત ને ચરણરેખા, રોગવિચાર, વનિતા વર્ણન, ગૃહિણી ગુણદર્શન, પુરૂષપ્રકૃતિ ને સ્વભાવ પ્રકૃતિ, ગૃહદેવતાનાં ભુવનસ્થાનો, શુકનાવળીનો વર્તારો, કુબેરપાશીનું પ્રશ્નમંડળ, શુભાશુભ નિર્ણય, જ્યોતિષવિદ્યા-દર્પણ, ગ્રહગણિત દર્શન, રાશિચક્ર ચિત્રપ્રદર્શન, ચિન્હ પરિચય, આકૃતિ નિરૂપણ, આકાર નિદર્શન, છાયા સમીક્ષા અને પ્રતિક-પરીક્ષા ઇત્યાદિ દેવ, દાનવ અને માનવનું ભુત, વર્તમાન ને ભવિષ્ય ભાખવા અત્યુપયોગી અમુલ્ય વિષયોનું વિગતવાર વર્ણન કરેલું છે. તે હું, ભગવતી પાર્વતી, ગણપતિ, કાર્તિકસ્વામિ અને ઉષાદેવી આપને અનુક્રમે શ્રવણ કરાવીએ છીએ તે આપ સર્વ શ્રધ્ધાભકિતપુર્વક સાંભળો.

ઉપર પ્રમાણે કહીને મહાદેવજીએ મહાવિષ્ણુ તથા મહાલક્ષ્મીજીને શિવસામુદ્રિકશાસ્ત્ર કહી સંભળાવ્યું. પાર્વતીજીએ બ્રહ્માજી અને બ્રહ્માણીને શકિતસામુદ્રિકશાસ્ત્ર વર્ણવી બતાવ્યું, ગણપતિજીએ સરસ્વતીદેવી અને વિધાત્રી દેવીને વિનાયક સામુદ્રિક શાસ્ત્ર સંભળાવ્યું, ઉષાદેવીએ હનુમાનજીને ને કુબેરભંડારીજીએ ભૈરવનાથજીને કુબેરપાશીની પ્રશ્નમંડળી ને બ્રહસ્પતિજીએ શુકનાવળીનું ઉદ્યાસ્તચક્ર સર્વ દેવદેવીઓને વર્ણવી બતાવ્યું, અને વિશેષમાં જણાવ્યું કે:—

'હે દેવદેવીઓ ! આ સામુદ્રિક જ્યોતિષવિદ્યા પ્રમાણે નરના સવ્ય અર્થાત જમણા હાથના પહોંચાની હથેળીમાં ને નારીના અપસવ્ય અર્થાત ડાબા હાથની હથેળીમાં આવેલી રેખાઓનું સિંહાવલોકન કરવાથી શુભઅશુભ, સુખદુઃખ, ચઢતીપડતી, આયુષ્ય-મૃત્યુ ને ઉદયઅસ્ત ઇત્યાદિની દૃષ્ટિ બહાર રહેલી ગુપ્ત ઘટનાઓ જાણી શકાય છે. આ સામુદ્રિક જ્યોતિષમહાશાસ્ત્રના આધારે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજપુરૂષોની હસ્તરેખા, લલાટરેખા, ચરણરેખા ઇત્યાદિ રેખાઓનું વિહંગાવલોકન કરી રેખાપરીક્ષાદ્વારા તે પુરૂષોનાં ભાગ્યફલો પ્રગટ કરતાં તેઓ પોતાનાં કર્મોનાં શુભ અશુભ પરિણામોથી ઉપજતા શોકનો ત્યાગ કરી હર્ષનો શ્વાસ લેશે. આમ થવાથી અનેક જીવાત્માઓને સત્યનો પંથ મળશે, ને તેમનું કલ્યાણ થશે.

સદાયે શિવ (કલ્યાણ) કરનારા સદાશિવનો આ પ્રકારનો ઉપદેશ સાંભળી મહાવિષ્ણુ ઇત્યાદિ દેવદેવીઓ શિવજીને ભાવપુર્વક પ્રણામ કરી પોતાના સ્થાન પ્રતિ ચાલ્યાં ગયાં. આ નુતનશાસ્ત્રને આધારે તેમણે દેવ, દાનવો ને માનવોને તેમનાં જીવનકાર્યોમાં આગાહીઓ આપવા માંડી. દિનપ્રતિદીન તે શાસ્ત્ર લોકોત્તરગત થતાં પૃથ્વી પર વિસ્તૃત થવા લાગ્યું.

જ્યોતિષશાસ્ત્રનું આટલું ઇતિહાસજ્ઞાન સંપાદન કર્યા પછી હવે આપણે એ શાસ્ત્રને સમયના પ્રવાહ સાથે આગળ વધતું નિહાળીશું. એને કયા કયા પૌર્વાત્ય ને પાશ્ચાત્ય પંડિતોએ ખીલવ્યું, એ શાસ્ત્ર આર્યાવર્તમાંથી કયા કયા પ્રદેશોમાં ક્યારે ક્યારે ગયું તે સર્વ સંબંધી આગળ પર વિચાર કરીશું.

●

– ૩ –

## સામુદ્રિકશાસ્ત્રનો પુર્વપશ્ચિમમાં પ્રચાર.

જગદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદાચાર્ય મહારાજ આલેખે છે તે અનુસાર સામુદ્રિક મહાશાસ્ત્રનું સર્જન શિવસપ્તકે કર્યું; અને આગળ કહ્યા પ્રમાણે સર્વ દેવદેવીમંડળને તેનું શ્રવણ કરાવ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ પ્રમાણે જ્ઞાનને પ્રાપ્ત કરનાર દેવમંડળે આ શાસ્ત્રની વિશેષ ખીલવણી કરવા અનેક ઉપગ્રંથોની રચના કરી. વ્યાસમુની, કાત્યાયન ઋષિ, ગર્ગાચાર્ય, ગૌતમમુનિ, ભારદ્વાજ ઋષિ, ભૃગુ ઋષિ, અત્રિ, કશ્યપ, પરાશર, છાગલેશ, વરાહમિહિરાચાર્ય, પ્રહ્લાદજી અને દૈત્યગુરૂ શુક્રાચાર્યજીએ સામુદ્રિક શાસ્ત્રનો વિશેષ વિસ્તાર કરવા આ પ્રકારના અનેક ઉપગ્રંથો રચ્યા.

ઋષિ શાકલ, બાષ્કલ, આશ્વલાયન, શાંખાયન, માંડૂક ઐતરેય, કોષીતદેવી, શૈશરી દે , પૈંગીદેવી, ચારામણીદેવી, આહ-વરકદેવ, પ્રાચ્યદેવ, કાપિષ્ટદેવ, વારંતવી દેવી, શ્વેતાશ્વરદેવ, ઋષિ ઉપમન્યસ્, પાતામુનિ, ઐડિન દેવ, માનવદેવ, વારાહદેવ, દુંદુભદેવ, હારિદ્રઋષિ, શ્યામમુનિ, શ્યામાદેવી, તૈતિરીદેવી, ઐખી દેવી, ખાંડિકઋષિ, કાલમુનિ, શાટયમુનિ, હિરણ્યકેશી, આપસ્તંબ, ઐઢમુનિ, મોનદેવ, મૈત્રાયણીદેવી, કણ્વઋષિ, જાબાલમુનિ, બુધદેવ, શામદેવ, સ્થાપાયનદેવ, વૈનતેયદેવ, વૈજનદેવ, રાણામણીદેવી, સાત્યમુર્ગદેવ, કાલાપદેવ, મહાકાલાપદેવ, લાંગલિક ઋષિ, શાર્દુલમુનિ, કોથુમઋષિ, આસુરાયણદેવ, વાતાયનદેવ, પ્રાંજલદેવ, વૈનધૃતદેવ, પ્રાચીનદેવ, નેગેદેવ, આર્ષદેવ, પિપલાદ-મુનિ, શૌનકમુનિ. દામોદમુનિ, તોંતાયનમુનિ. જાયલદેવ અને અન્ય અનેક ઋષિ, મુનિ અને વિદ્વાન પંડિતોએ સામુદ્રિક જ્યોતિષ-વિદ્યાનો પ્રચાર કરવા તેનાપર અનેક વિદ્વતાપુર્ણ પુસ્તકો લખ્યાં, ત્યારબાદ પણ અનેક જ્ઞાનવૃદ્ધ અને અનુભવવૃદ્ધ આર્ય ગ્રંથકર્તાઓએ સામુદ્રિકજ્યોતિષમહાશાસ્ત્રનાં અંગઉપાંગોનાં સમર્થન, સંવર્ધન, વિકાસ તથા વિસ્તારના આશયે પોતાની મેધાશકિત ચલાવી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શંકરાચાર્ય શ્રી સ્વરૂપભિજ્ઞતીર્થ સ્વામિજી કહે છે કે આ સામુદ્રિક જ્યોતિષ મહાશાસ્ત્રનો ભારત વર્ષમાં ઇ. સ. પુર્વે ૩૦૦૧ વર્ષો પહેલાં વિસ્તાર થયો હતો. અને પિત્તદેશ અર્થાત્ ચીન-દેશમાં આજથી ૨૦૦૦ વર્ષ પહેલાં આ વિદ્યા સારો પ્રસાર પામી હતી.

આજથી લગભગ ૨૪૦૦ (ઇ. સ. પુર્વે ૫૦૯) વર્ષ પર, એટલે શ્રી સનાતન વૈદિક વર્ણાશ્રમશ્રૌતસ્માર્ત ભગવાન ભાષ્યકાર શ્રીમજ્જગદ્ગુરૂ આદ્યશંકરાચાર્ય સ્વામિમહારાજના ધર્મશાસન-કાલમાં આ આર્યભુમિમાં જ્યોતિષ મહાશાસ્ત્ર વિષયક નાના મોટા એક લાખ ગ્રંથો હતા. એમ શારદાપીઠાધીશ્વર જગદ્ગુરૂ શંકરાચાર્ય શ્રી. સુરેશ્વરાચાર્ય સ્વામિ મહારાજે દર્શાવ્યું છે.

આ સામુદ્રિક જ્યોતિષ મહાશાસ્ત્ર આશરે ૧૮૦૦ વર્ષ પર ભરત ભુમિમાંથી યુનાન, અરબસ્તાન ને મીસર દેશમાં ગયું. ત્યાં તેતે પ્રદેશોની સ્થાનિક ભાષાઓમાં પરિવર્તન થઇ અનુક્રમે યુનાની નજુમ, અરબ નજુમ, અને મીસરી નજુમનાં જુદાં જુદાં નામે વિખ્યાત થયું, મિસર દેશમાંથી ૧૬૦૦ વર્ષ પુર્વે તે ગ્રીસમાં ગયું, ત્યાં તે લેટિન ભાષામાં પરિણત થયું. ગ્રીસમાંથી આશરે ૧૫૦૦ વર્ષના અરસામાં ઇટાલિ દેશના પાટનગર રોમમાં ગયું. ત્યાં તેણે ઇટાલિયન ભાષાદેહ ધારણ કર્યો. રોમમાંથી ૧૪૦૦ વર્ષની લગભગમાં તે જર્મનીદેશના બર્લિનનગરનિવાસી વિદ્વાનોના હાથમાં ગયું. આ વિદ્વાનોએ તેને જર્મન ભાષામાં અપનાવ્યું,

આ જર્મન સામુદ્રિકજ્યોતિષને જર્મનશાસ્ત્ર તરીકે જ ગણવામાં આવે છે. 'પ્રેક્ટીકલ પામીસ્ટ્રી ઓફ જર્મની' એનો જ એક ગ્રંથ છે. 'ધી ઓરીએન્ટલ પામીસ્ટ્રી ઓફ આર્યન ઢેઢક'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અર્થાત 'અતિપ્રાચિન વૈદિક સામુદ્રિકજ્યોતિષશાસ્ત્ર' એ નામથી પણ એને ઓળખે છે. ભરતખંડના અતિપ્રાચિન જ્યોતિષ-શાસ્ત્રનો આ ગ્રંથ અત્યારે જર્મનીના પાટનગર બર્લિનના રોયલ મ્યુઝિયમના પૌર્વાત્ય સંસ્કૃતસાહિત્ય સમૃદ્ધિવિભાગના પુરાતત્વ ગ્રંથમંદિરમાં વિરાજે છે.

આશરે ૧૨૦૦ વર્ષ પર 'પ્રેકટીકલ પામીસ્ટ્રી ઓફ જર્મની' નો ગ્રંથ જર્મનીમાંથી ફ્રાન્સ દેશમાં પહોંચ્યો. સમય જતાં શહેનશાહ નેપોલિયન બોનાપાર્ટના સામ્રાજ્યશાસન સમયમાં વોર ઓફ લિપ્ઝીગ (જંગે લિપ્ઝીગ)માં વિજય વાવટો ફરકાવનાર પ્રશિયન સરદારે 'પ્રશિયન પામીસ્ટ્રી' નામનું પુસ્તક રચ્યું. ફ્રાન્સમાં ગયેલી જર્મનગ્રંથની પ્રત ને મુળ આર્યવૈદિક જ્યોતિષશાસ્ત્રના ગ્રંથની પ્રતને આધારે શહેનશાહ નેપોલિયન બોનાપાર્ટે તે સમયના વિદ્વાનોની સહાયથી જગતમાં દિગ્વીજય કરવા 'પ્રાઇવેટ પામીસ્ટ્રીકલ ડાયરી ઓફ એમ્પરર નેપોલિયન બોનાપાર્ટ ઓફ ફ્રાન્સ' ને નામે તૈયાર કરી. ત્યાર બાદ 'ફ્રેંચ ફર્સ્ટ કોન્સલ ડાયરી' ના શિર્ષકથી એ ગ્રંથનું જર્મનભાષામાં ભાષાંતર થયું.

ફ્રાન્સનો આ શહેનશાહ વોટર્લુના યુધ્ધમાં પરાસ્ત થઇ સેંટહેલિનામાં નજરકેદ થયો. ત્યાર પછી આ શાસ્ત્રનાં પુસ્તકોએ ઇંગ્લેંડનો કિનારો દીઠો. આ સમય જાગૃતિનો હતો. જ્ઞાનની ભુખ ને પ્રચારનાં સાધનો દીવસેદીવસે વધતાં જતાં હતાં સારાયે યુરોપમાં એ સાધનોદ્વારા આ શાસ્ત્ર વિસ્તૃત દશાને પામી શક્યું. દેશદેશની ભાષાઓમાં એનો સત્કાર ને સમાદર થયો, અંગ્રેજી ભાષા-ભાષીઓની નવી વસાહત-અમેરિકામાં અંગ્રેજી ગ્રંથો પ્રચાર પામ્યા. નવીદુનિયામાં કેનેડા, સંયુકતપ્રાન્તો, મેક્સીકો વિગેરેમાં તેનો ઓછો-વત્તો પ્રચાર થયો. ત્યાંથી આગળ વધતાં એ આવ્યું જાપાન તરફ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાપાની ભાષાભાષીઓએ એને અપનાવ્યું. છેવટે પુર્વનું જ્ઞાન પુર્વમાં આવ્યું. સારીયે પૃથ્વી પર એની અસર ફરી વળી.

શહેનશાહ નેપોલીયને રચેલી 'પ્રાઇવેટ પામીસ્ટ્રી ડાયરી'ને મેડમ ડી. નોર્મન્ડે 'નેપોલીયન્સ બુક ઓફ ફેટ'ના શિર્ષકથી પ્રસિદ્ધ કરી છે. સામુદ્રિક જ્યોતિષશાસ્ત્રનું એક પુસ્તક 'પામીસ્ટ્રી ઓફ ફ્રાન્સ'ના નામે મોંશ્યૂ સાનીનીએ રચી પ્રગટ કર્યું છે. હેન્રી ફ્રીથ નામના એક સામુદ્રિકશાસ્ત્રીએ 'પ્રેકટીકલ પામીસ્ટ્રી' નામનો એક ગ્રંથ તૈયાર કરી પ્રસિધ્ધ કર્યો છે. કેપ્ટન સી. ડી. સેન્ટ જર્મેઇન નામના એક સુવિખ્યાત જર્મન સામુદ્રિક જ્યોતિષિએ 'ધી સ્ટડી ઓફ પામીસ્ટ્રી ફોર પ્રોફેશનલ પર્પઝીઝ' નામનું પુસ્તક રચીને પ્રગટ કર્યું છે. આ ઉપરાંત યુરોપવાસી મહાન હસ્તરેખાશાસ્ત્રવિશારદ શીરોએ પણ આ વિદ્યા વિષે અનેક ગ્રંથો રચી પ્રસિધ્ધ કર્યા છે.

આધુનિક સમયમાં પ્રાશ્ચાત્ય પ્રદેશોમાં આ વિષયનો ઉંડો અભ્યાસ આરંભાયો છે. હિંદમાં મહારાષ્ટ્રીય ને બંગ વાઙ-મયમાં આ વિષય પરત્વે જ્ઞાન સંપાદન કરવા કેટલાંક ગ્રંથાદિ સાધનો પ્રાપ્ત થાય છે. એ વાત તો નિર્વિવાદ સિધ્ધ છે કે આ જ્ઞાન સર્વપ્રથમ આર્યાવર્તના સુંદર પ્રદેશમાં વસનાર વિદ્વજ્જનોને પ્રાપ્ત થયું હતું. પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે આપણે તે જ્ઞાનને આગળ ધપાવી શકવામાં મોળા પડયા. પ્રાચીન હિંદની પરાધીન ને આફતગ્રસ્ત મહાદશાઓએ આ અતિ પુરાતન મહાશાસ્ત્રના વિકાસને ગ્રસ્ત કરી લીધો. પરદેશી ધર્મઝનુની બાદશાહોએ ગ્રંથભંડારોને અગ્નિની કરાલ ક્રોધજીવ્હાઓમાં કાયમ માટે સમાવી દીધા. મહામુલાં ગ્રંથરત્નો જનતાની આંખ સામેથી અદ્રશ્ય થઇ ગયાં. બાકી જે રહ્યું તે પર કૂપમંડૂકતા વીંટળાઇ વળી. રૂઢિચુસ્ત ને સંમાન-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રિય જ્યોતિષવિશારદોએ દેશના દુર્ભાગ્યે જ્ઞાનને કબજે રાખવાના પ્રયાસો આદર્યા. કંઠસ્થ જ્ઞાનને તેમણે નાગના મણીની માફક સાચવ્યું. ત્રિકાલદર્શી મહાવિદ્યાને સ્વાધીનમાં રાખવાની મહત્વાકાંક્ષા સેવી. પોતે એકહથ્થુ ઇજારદાર બની, મનમાન્યું કમાઇ ખાવાની સ્વાર્થવૃત્તિથી લોકોપયોગી જ્ઞાનસુધાના પ્રવાહને અટકાવ્યો. વંશપરંપરાગત સાચવવા જતાં તે ન સચવાયો. ગુપ્ત પ્રવાહને પાષાણ નડે તેમ અડચણો નડવાથી આ શાસ્ત્રજ્ઞાન રોકાયું હોય એમ સાધારણ રીતે અનુમાન કરી શકાય છે.

વર્તમાન સમયમાં પણ એવા મોટપધેલા માનવીઓની ક્યાં ખોટ છે? પોતાના દેહને છોડતાં પોતાનું જ્ઞાન પણ તેઓ લેતા જાય એવું ક્યાં નથી બનતું? આ પુસ્તકમાં એવા લુપ્ત થયેલ જ્ઞાનમાંથી બચેલા જ્ઞાનનો યથાશક્તિ સમાવેશ કરવામાં આવ્યો છે.

જ્યોતિષવિદ્યાના પરદેશભ્રમણની આ ટુંક માહિતી પ્રાચિન વિદ્યા પ્રત્યે સન્માન ઉપજાવનાર થઇ પડે તેમ છે. વર્ષોના માપે થયેલા એક મહાકાર્યનું આ તો થોડાંક પાનાંમાં કરાવેલું ક્ષણિક દર્શન માત્ર છે.

●

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૨ જો.

## : સુત્રસામુદ્રિક :

—૧—

## આગાહી અવસર.

અખંડ ભુમંડલાચાર્ય સ્વામિ શ્રી મંગળમુર્ત્યાશ્રમ કહે છે તેમ નર કિંવા નારી, પ્રત્યેક મનુષ્યના લલાટ, કંઠ, વક્ષ, પેટ, બરડો, બે હાથ, પહોંચા, હથેલી, જાંઘ ને પગના પંજા તથા તળિયાં—માનવદેહના સર્વ વિભાગો અને અંગ ઉપાંગો પર ભગવાન શિવજીની આજ્ઞાથી બ્રહ્માજીએ ભૂત, ભાવિ ને વર્તમાનની આગાહીઓ નોંધી છે. કોનું કેટલું આયુષ્ય છે, કયે સમયે કેટલાં ને કેવાં સંતાન અવતરશે, કયે સમયે કયા ને કેવા બનાવ બનશે, લાભદાની થવી, પ્રકૃતિ દુરસ્ત નાદુરસ્ત રહેવી. માનસિક શાંતિ કે અશાંતિ ભોગવવી ને આવી અનેક આધી, વ્યાધી અને ઉપાધિયુકત જીવનલિલાને પરખવાનાં ચિહ્નો મુકયાં છે.

માણસનો જન્મસમય, શરીરબંધારણ, સ્વભાવ, અને એવી અનેક માહિતીઓ આ શાસ્ત્રનું જ્ઞાન થવાથી સરળતા-પુર્વક જાણી શકાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભવિષ્યકથન માટે સમય પણ મુકરર કરવામાં આવ્યો છે. શંકરસ્વામિ શ્રી ભાસ્કરાચાર્ય મહારાજ ભાખે છે તેમ મનુષ્ય-દેહની રેખાઓની પરીક્ષા કરવાનો સમય પ્રાતઃકાળના ૭ વાગ્યાથી બપોરના એક વાગ્યા સુધીનો છે. જમ્યા પછી મધ્યાહ્નના બાર વાગ્યાથી તે બપોરના ત્રણ વાગ્યા સુધી માનવદેહની રેખા-નિરીક્ષા કરવી નહિં. સ્નાનસંધ્યાદિ વૈદિક ષટ્ કર્મ કર્યા શિવાય તથા અપવિત્ર વખતે માણસની રેખા નિહાળવી નહિં. રાતના વખતે રેખાઓ ન જોવી, મનુષ્યના શરીરના પ્રત્યેક ભાગનાં ચિન્હો દેખતી વખતે તે ભાગ પાણીથી ધોઇ, વસ્ત્રથી લોહી, શુધ્ધ, સ્વચ્છ ને પવિત્ર કરી જોવો જોઇએ. અકરાંતિયા ખોરાક, અસહ્ય કસરત કે મહેનત કર્યા પછીથી મનુષ્યઅંગની કોઇપણ રેખા નિરખવી નહિં. અતિશય શરદીમાં અને અતિશય ગરમીમાં પણ કોઇ પ્રકારની રેખાઓ ન નીરખવી જોઇએ. માણ-સના શરીરની રેખાઓની સમાલોચના કરતી વખતે સમાલોચક સામુદ્રિકશાસ્ત્રીએ અસ્થિર મનોદશા સેવ્યા વિના શાન્ત ચિત્તે ઉતાવળ, ગુસ્સો, અભિમાન ને દુર્વ્યસનનો ત્યાગ કરી ભાવિ જોવા પ્રયત્ન કરવો જોઇએ. આ પ્રમાણે સમય જોઇ, પવિત્ર થઇ, શાન્ત ને એકાગ્ર બુધ્ધિપુર્વક જો શાસ્ત્રજ્ઞ રેખાપરીક્ષા કરે તો નિર્મળ જળમાં જણાતા પ્રતિબિંબના જેમ તે મનુષ્યના ભુત, ભાવિ ને વર્તમાન જીવનને જાણી શકે. આ પ્રમાણે શરૂઆત કરી ભવિષ્યદર્શન કરતાં તે સત્યને વધુ સુંદર સ્વરૂપે પારખી શકે છે.

–૨–

## પરીક્ષાપધ્ધતિ

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી પ્રજ્ઞાનતીર્થસ્વામિજી મનુષ્યની લલાટરેખા, કંઠરેખા, ઉદરરેખા હસ્તરેખા, બરડા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પરની રેખા, હાથ પરની, જાંઘ પરની, પગ તથા પાની પરની રેખાઓની પરીક્ષાના નિરીક્ષણ વિષે લખે છે તે તરફ ધ્યાન દેવા જેવું છે. ઘણા રેખાનિરીક્ષક ભુદેવો માત્ર ભાગ્યરેખાનું નિરીક્ષણ કરીને ઉજ્જવળ આગાહી આપે છે; પરંતુ પ્રજ્ઞારેખા કે જેનું અન્ય નામ બુદ્ધિરેખા પણ છે તે બળહિન હોવાના કારણે કેવળ ભાગ્યરેખા અર્થાત પ્રારબ્ધરેખાનીજ સમાલોચનાથી ભાખવામાં આવતા ભવિષ્ય-કથનનો પ્રભાવ યથાર્થ પડતો નથી; એ પ્રભાવ ઓછો થઇ જાય છે. તેજ પ્રમાણે સુર્યરેખા પર દ્રષ્ટિપાત કર્યા શિવાય માત્ર ભાગ્યરેખા ઉપર નજર નાખવાથી પણ રેખાનિરીક્ષક ભુલભુલા-મણીના ચક્રાવામાં ગોથાં ખાય છે. સુર્યરેખાના નામે વિખ્યાત થયેલી વિજયરેખા અને ભાગ્યરેખાના નામે વિખ્યાત થયેલી પ્રારબ્ધ-રેખાની આકૃતિઓ માણસના હાથના પંજાની હથેલીઓમાં સાફ-સાફ ન દેખાતી હોવાને લીધે રેખાપરીક્ષક સુચિત થતાં ફળનું વર્ણન કરતાં જાણ્યે કે અજાણ્યે ભુલ કરી બેસવાનો પુરેપુરો સંભવ હોય છે.

સામુદ્રિકશાસ્ત્રજ્ઞોએ સર્વ પ્રથમ મનુષ્યના દેહની રેખા-ઓની કોટિ નિર્ણિત કરવી જોઇએ; કારણ કે રેખાઓની શ્રેણી નિશ્ચિત કર્યાથી માનવદેહની જીવનદોરીનું કયી મુળભૂત વૃત્તિશક્તિઓ સુત્રસંચલન કરી રહી છે તે સમજાશે. ત્યાર બાદ લલાટરેખા તથા બીજી અન્ય રેખાઓનું નિરિક્ષણ કરવાની જરૂર છે. આ રેખાઓનું સુચિત ફળ જાણવા બાદ માણસના હાથના પહોંચાની આંગળીઓનું અવલોકન કરવું અગત્યનું છે. અંગુલિરેખા-નિદર્શનના પુણ્ય પ્રતાપે માણસની જીંદગીની મુળભૂત વૃત્તિઓમાં વધારો-ઘટાડો થતો હશે તો તરત જણાઇ જશે. મનુષ્યની સાધા-રણ પ્રકૃતિનું જ્ઞાન સંપાદન કરવા આંગળિયોના નખો પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તપાસવા પડશે. નખો નિહાળ્યા બાદ અંગુઠાનું નિરીક્ષણ કરવું પડશે. હસ્તરેખાની જાતની માહિતીથી જાણી શકાતી હૃદયોર્મિઓને જીંદગીમાં દર્શાવવાની માનવીમાં બુદ્ધિ છે કે નથી તે પણ પહોંચાની આંગળીઓના અંગુઠાની આકૃતિનું અવલોકન કરવાથી કળી શકાશે.

સામુદ્રિક જ્યોતિષિએ ઉપર અનુસાર અંગોની રેખાપરીક્ષા બાદ હાથના પહોંચાની હથેળીઓમાં આવેલાં ગ્રહદેવતાઓનાં ભુવનોનું નિરીક્ષણ કરવું પડશે. ગ્રહસદનોના જ્ઞાનથી માણસની સાંપ્રત આંતરિક જીંદગીનું સુક્ષ્મ સિંહાવલોકન થઇ શકશે. ડાબા હાથની હથેલીની રેખાઓની આકૃતિઓની સાથે જમણા હાથની હથેલીની રેખાઓની આકૃતિઓની સમાલોચના કરવાથી આ અવનિમાં અવતરવાની સાથે સંપાદન કરેલા સદ્ગુણોમાં વધારો ઘટાડો કેટલા પ્રમાણમાં થયો છે તે સમજાઇ જશે. ગ્રહસ્થળોની બારીક તપાસ કર્યા પછીથી માણસના હાથના પહોંચાની હથેલી કયા રંગની છે તેનું નિરીક્ષણ કરવું જોઇએ.

વૈદિકધર્મપ્રવર્તક જગદ્ગુરૂ શ્રી બ્રહ્મજ્યોત્સ્નાશ્રમ સ્વામિજીના મતે રેખાપરીક્ષકે માણસના હાથના પહોંચાનું પૃથક્કરણ કર્યા પછીથી હથેલીની આકૃતિનું અવલોકન કરવું જોઇએ. સર્વ પ્રથમ આયુષ્યરેખા પર દૃષ્ટિપાત કરવો જોઇએ. આ આયુષ્યરેખાના નામથી પ્રસિધ્ધિ પામેલી જીવનરેખાની સીમાહદ ખોળી કહાડીને બિમારીની રેખા તથા હોનારતની રેખા જોવી. હોનારત વાસ્તે મનરેખા અર્થાત અંતરરેખા તથા પ્રજ્ઞારેખા પર હોનારતની ઇશારત આપતી આકૃતિઓ આવેલી હોય તેનું નિરક્ષણ કરવું. ત્યારબાદ આધુનિક કાયક પરિસ્થીતિ આરોગ્યરેખા અને નખરેખા પરથી તપાસી જવી. આયુષ્યરેખા તથા આરોગ્યરેખાનું અવલોકન કર્યા બાદ પ્રજ્ઞારેખાને કસોટીએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચઢાવવી. પ્રજ્ઞારેખા અર્થાત બુદ્ધિરેખાનું નિરીક્ષણ કર્યા પછી મનરેખાને જોવી. મનરેખાના આધારે પ્રણયનો આશય, સ્નેહનો સંબંધ, ને સુખની શાંતિ ઇત્યાદિ વિષયોનો ફળાદેશ યથાર્થ પ્રકારે સંકલિત કરવો; સબબ કે વિવાહપ્રસંગ તથા વિવાહવૈભવના નિર્ણય ઉપર આવતા પહેલાં આ અતિ ઉપયોગી માહિતીઓની અનહદ આવશ્યકતા રહેશે. વિવાહનિશ્ચયનો પ્રશ્ન ગુંચવણભર્યો હોવાને લીધે તેના પર ચોકકસ પ્રકારના અભિપ્રાય પર આવતા પહેલાં ભાગ્યરેખા તથા સુર્યરેખાના નિરીક્ષણ ઉપર બુદ્ધિબળનો ઉપયોગ કરવો. ભાગ્યરેખાથી પેખાતા ભાવિમાં સુર્યરેખાથી દેખાતી આગાહી ફળાદેશના બળમાં વધારો કરે છે; એ સામુદ્રિકસુત્રના પ્રભાવે ભાગ્ય પર જણાતી સારીમાઠી અસરોનું વાર્ષિક ફળ સરખા અંતરે વિહરતી વિજયરેખા પરથી કલ્પવા શક્તિમાન થવાશે.

રેખાપરીક્ષા કરનારે ભાગ્યરેખાની પરીક્ષા કરવા ઉપરાન્ત આયુષ્યરેખા પરથી ચાલી જતી રેખાઓ પર પણ દ્રષ્ટિપાત કરવો. આવા પ્રકારની રેખાઓ મનુષ્યની જીંદગીમાં સારી કાયાપલટ દર્શાવતી હોવાથી ભાગ્યરેખાની ખામીઓને પુરી દે છે.

ઉપર અનુસાર પ્રત્યેક રેખાનું નિરીક્ષણ કરવાની સાથે તેની ઉપરેખાઓનું પણ અવલોકન કરવું. આ પધ્ધતિએ અગ્રગણ્ય રેખાઓની સમાલોચના કર્યા બાદ વિવાહપ્રસંગ તથા સંતાનઅવસરના વિષય પરત્વેના નિર્ણય ઉપર આવવું. વિવાહપ્રસંગ પ્રકટ કરતી આકૃતિઓ, બુધ, શુક્ર ને ચન્દ્ર—એ ત્રણ ગ્રહોની થતી વિવાહત્રિપુટિનાં ત્રિભુવનોનું નિરીક્ષણ કરી હસ્તરેખાના આધારે જાણી શકાતી માનવપ્રકૃતિના સદાચાર દુરાચારનો વિચાર વિનિમય કરી, વિવાહવિષયક નિર્ણયપર આવી ફળરેખા અર્થાત સંતતિરેખાની તપાસ કરી વિશેષ આકૃતિઓ ને અન્ય આકારોનું અવલોકન કરવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રેખાઓની પરીક્ષા અસલ હાથ ઉપરથીજ યથાર્થ રીતે કરી શકાય છે. હાથના પહોંચાની છબી લેવાથી તે છાયાચિત્રમાં સર્વ રેખાકૃતિઓ યથાયોગ્ય સ્વરુપે દ્દષ્ટિગોચર થાય છે, ને તેને આધારે ઉપ્તાદનોના આકારોના ઉપાડનો વિચાર પણ બરાબર થઇ શકે છે. આ સર્વ વસ્તુવિવેચન પરથી હસ્તરેખાની સમિક્ષા સારૂ નીચેના સામુદ્રિક સુત્રના નિર્ણય પર અવાય છે.

સામુદ્રિકશાસ્ત્રવેત્તાએ સર્વપ્રથમ હાથના પહોંચાની હથેલીમાં આવેલા મણિબંધનું નિરીક્ષણ કરવું. મણિબંધનું નિરીક્ષણ કર્યા પછીથી બેઉ હાથના બંને પહોંચાઓના પૃષ્ટ ભાગ નિરખવા. બંને પહોંચાઓના પૃષ્ટ ભાગ નિરખ્યા પછીથી વચલા ભાગની રેખાઓ, કરતલ ભાગની રેખાઓ, આંગળીના નખ અને સાંધાના વેઢા ઇત્યાદિનું અવલોકન કરવું. ત્યારબાદ હસ્તરેખામાં પહેલાં પૃષ્ટ ભાગની પરીક્ષા કરી સારો, સામાન્ય કે ખરાબ અને ટેરવાળો, ચાર ખુણીઓ કે ચપટો ઇત્યાદી હસ્તભેદપ્રકારમાં કયા પ્રકારનો હાથ છે તે તપાસવું. ત્યાર પછી આંગળીઓના નખોના નિરીક્ષણ પરથી માનવસ્વભાવ અને દેહદર્દની સમીક્ષા કરવી. તે પછી આંગળીના મુળ સ્થળથી આરંભી ટેરવા સુધીની લંબાઇ, પહોળાઇ ને મણિબન્ધ પર્યંતની જાડાઇ પાતળાઇની પરીક્ષા કરવી. તેમ કરીને હથેળીની પ્રમાણસરની લંબાઇ-પહોળાઇ તથા તેના આકારો પર દ્રષ્ટિપાત કરવો. તે પછી આંગળીઓમાંની કયી આંગળી કેટલી લાંબીટુંકી કે પાતળીજાડી છે તે જોવું. આંગળીઓનું નિરીક્ષણ કર્યા બાદ કરતલ ભાગમાં કયું સ્થળ ઉપસેલું છે ને કયાં ખાડો છે તે જોઇ લેવું. તે પછી હાથને અડકી પોચાપણું કે કઠણાઇ જાણવી. તેની સાથે આંગળીઓના સાંધાના કાપા, તેમની રેખાઓ, જાડાઇપાતળાઇ અને નિશાનીઓ તપાસી જોવી. તેમાં પણ કરતલ વિભાગના નિરીક્ષણમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બુદ્ધિશકિતનો બને તેટલો ઊંડો ઉપયોગ કરવો. કરતલ ભાગની યવચિન્હ, ત્રિકોણાકાર અને ચતુરાસ્ત્ર આદિ અગ્રગણ્ય આકૃતિઓનું યથાર્થ અવલોકન કરવું. એ વિભાગમાં આવેલા સશકત કે અશકત ભાગને જોઇ જાણી પહોંચામાં આવેલાં ગ્રહદેવતાઓનાં ભુવનો ને રાશિદેવીઓનાં સદનોનું યથાયોગ્ય પૃથકકરણ કરવું. તેમાંનાં ચક્રચિન્હ, શંખાકૃતિ ને એવાં અનેક ચિન્હોને અવલોકવાં. સામુદ્રિકશાસ્ત્રના જિજ્ઞાસુએ ઉપરોકત સુચનોને સમજી આગળનાં પ્રકરણોને અનુસરી ત્રિકાલની માહિતીઓ મેળવવાનો યત્ન કરવો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૩ જો.

## : મુખકાયસામુદ્રિક :

—૧—

### લલાટના લેખ

શ્રી નિખિલનિગમાગમસારહૃદય શારદાપીઠાધિશ્વર શ્રી આનંદાવિર્ભાવાચાર્યજી દર્શાવે છે કે જે પુરૂષપુંગવના ભવ્ય અર્થાત ઉગતા આદિત્યસમાન ચકચકિત અને ભવ્ય કપાળમાં ભગવાન ભોળાનાથના લલિત લલાટ પ્રદેશમાંના અનુપમ શોભાયમાન ત્રિલોકદર્શક ત્રિપુંડ્રચિન્હસમાન ચંદ્રાકારના ત્રણ આડા કાપાની વેદધર્મની વૈદિક મોક્ષદાયિની **ત્રિપુંડ રેખા** હોય તે પુરૂષના ઉપર શ્રી સરસ્વતી દેવીની પરમ કૃપા હોય. તે મનુષ્ય વિદ્વાન, સંતતિવાળો ને શંકરભકત હોય. તેનો સ્વર્ગવાસ જ થાય એવું શિવસામુદ્રિકનું શુભ વચન છે.

**રૂદ્રાક્ષરેખા**

જે પુરૂષના કોમળ કંઠમાં શ્રી શંકર ભગવાનના કંઠને દેદિપ્યમાન કરનારી વૈદિક રૂદ્રાક્ષમાળા જેવી પતિતપાવની રૂદ્રાક્ષરેખા સ્પષ્ટ જણાતી હોય તે મનુષ્યની કાયાને કોઢ વિસ્ફોટિક ઇત્યાદિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજરોગ થાય નહિં. તેનો દેહ દિવ્ય દેખાવનો રહે. તેનું શરીર સશક્ત રહેવાથી સંસારવહેવારમાં બળવાન તથા કળવાન બને. તે માણસ નિર્વંશ ન થાય. તેનો કંઠસ્વર મધુર ને એકધારો કર્ણપ્રિય હોય. તદુપરાંત તે વેદ જાણનાર ને શ્રોતસ્માર્ત કર્માનુષ્ઠાન કરનારો હોવાથી જીવનમુક્ત બની કૈલાસનિવાસી બનનારો થાય એવું શક્તિસામુદ્રિકનું અભયવચન છે.

## ભસ્મત્રિપુંડ્ રેખા

જે મનુષ્યને સવ્ય, અપસવ્ય-જમણા ને ડાબા હાથની કોણીઓ પર, હૃદયસ્થાન પર, કે ડુંટીપર મુક્તિદાયિની ભગવતી ભસ્મદેવીની ત્રિપુંડ્રરેખા હોય, અર્થાત ભસ્મના ત્રણ આડા કાપા જેવા આકારો દેખાતા હોય તે મનુષ્ય ભૂત, વર્તમાન અને ભવિષ્ય જોનાર, જાણનાર ને પ્રખરપંડિત હોય. તે દાનવો, માનવો ને દેવોના ઇષ્ટદેવ મહાદેવજીના શિવપંચાયતનને પુજનારો, માનનારો ને મનાવનારો વૈદિક વર્ણાશ્રમી બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય મહાપુરૂષ હોય. તેને પત્નિ, પુત્રિ, તથા પુત્રરત્નો હોય. તદુપરાંત તે સ્વધર્માનુરાગી ને સ્વજાત્યાભિમાની હોય એવું વિનાયકસામુદ્રિકનું અક્ષય વચન છે.

શ્રી દ્વારકામઠાધિશ્વર શ્રી કલાનિધિતીર્થસ્વામિ મહારાજ જણાવે છે તેમ જેના પ્રકાશમાન કપાળમાં મોક્ષદાયિની ત્રિપુંડ્રરેખા, ડોકમાં મુક્તિદાયિની રૂદ્રાક્ષરેખા, ને સ્ફાટિક સમાન ડાબા ને જમણા હાથની કોણીઓ પર ને ખભાઓની નીચે પ્રવાલ સમી છાતીની વચમાં ને ડુંટીની ઉપર ભસ્મત્રિપુંડ્ર જેવા ત્રણ ચંદ્રાકાર હોય તે મનુષ્ય વેદવિશારદ, બ્રહ્મવિદ, સ્વાત્માભિમાની, સ્વદેશાનુરાગી, ધર્મગાદીના ધર્મગુરૂ હોય. વૈદિક વિધિથી કાષાય વસ્ત્ર ધરી તે ધર્મધુરંધર વેદપીઠાધિકારી જગદ્‌ગુરૂ શંકરાચાર્ય મહારાજ થઇ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વેદધર્મ વિરોધીઓ પર વિજય મેળવી દિગ્વીજય કરે એમ કાર્તિક-સામુદ્રિકનું સનાતન વચન છે.

જેના કપાળમાં શિવલિંગચિન્હ, કંઠપર ઉપારેખા, જમણા હાથે ગણપતિની આકૃતિ, ડાબા હાથે કાર્તિક-સ્વામિનો આકાર, હૃદયે પાર્વતિનું પ્રતિક ને ડુંટીપર ને છાતી-ની નીચે પેટની મધ્યમાં પોઠિયાની પ્રતિમા તથા ડુંટીની નીચે કાચબાની મુર્તિ નજરે પડતી હોય, અર્થાત સપ્ત દેવતાનાં સ્થાનો દૃષ્ટિએ પડતાં હોય તો તે મનુષ્ય મહાવિદ્વાન, બળવાન પ્રતાપશાળી, પ્રભાવંત ને મહાવિજયી કીર્તિવાન માનવી બની મહીમંડળમાં પુજાય. મૃત્યુ પર્યંત વેદધર્મનો જયનાદ બોલાવે, ને અંતે કૈલાસમાં વાસ કરે એમ ઉપાસામુદ્રિકનું ત્રિકાલા-બાધિત વચન છે.

જે મનુષ્યના લલાટમાં સરસ્વતીદેવીનું ચિહ્ન દેખાતું હોય, જીહ્વાગ્રે ગાયત્રીદેવીની પ્રતિમા પેખાતી હોય, કંઠે ત્રિશુળનું પ્રતિક હોય, જમણા હાથે શંખાકૃતિ ભાસતી હોય, ડાબા હાથે તુરાઇનો આકાર હોય, છાતીના મધ્ય ભાગે વેદગ્રંથ-રેખા જણાતી હોય ને ડુંટીપર ને છાતીની નીચે પવનપાવડીની છાયા નજરે પડતી હોય તો તે મનુષ્ય રાક્ષસકોટિમાં અવતર્યા છતાં માનવ મનાય ને માનવકોટિમાં અવતર્યા છતાં દેવસ્વરૂપે પૂજાય એવું મહાસામુદ્રિકજયોતિષનું અભય વચન છે.

જે સ્ત્રીના ઓજસવાન ભાલમાં પાર્વતિરેખા, હૃદયપર લક્ષ્મી-જીની આકૃતિ, પેટપર સરસ્વતીનો આકાર, જમણા હાથે ખડગનો ને ડાબા હાથે ત્રિશુળનો ભાસ થતો હોય તે નારી સ્વધર્મનીષ્ઠ સ્વ-જાતિ પ્રિય, સ્વદેશાનુરાગી, સ્ત્રીશકિત બની સમસ્ત વિશ્વમાં મોક્ષ-વિદ્યાની જયોત જગાવી રાષ્ટ્રની દષ્ટા કરે. સ્વમાનની પ્રતિમા, સ્વાશ્રયની મંગલમુર્તિ ને સ્વતંત્રતાનું પૂજ્ય પ્રતિક બની મહીમંડળમાં પ્રકૃતિદેવી અને મહાશકિત તરીકે હંમેશાં પૂજાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

—૨—

## ભાગ્યલેખાની ભાગ્યરેખા

ચાતુર્વર્ણ્યશિક્ષક જગદ્‌ગુરૂ શ્રી ચદ્રિલાસાશ્રમ મહારાજ ભાગ્યલેખાની ભાગ્યરેખા વિષે વિવેચન કરતાં જણાવે છે કે જે નર કે નારીનું લલિત લલાટ ઉપસેલું હોય ને તેમના કપાળના ઉપસેલા વિભાગમાં શંખની આકૃતિ સમાન નાનકડા આકારો હોય, અથવા આંખો પર ભમરકમાનના થડમાં ઝીણાંઝીણાં શંખાકારનાં ચિન્હો હોય, અથવા કપાળપર અર્ધચન્દ્રાકાર રેખા જણાતી હોય તો જાણવું કે તે પુરૂષ યા નારી ગરીબના ઘરમાં જન્મ્યાં હોવા છતાં બહુ શ્રીમંત ને સુખી થશે.

**બગભગત**

જે સ્ત્રીપુરૂષના કપાળમાં ચીપટાના આકાર જેવી રેખા જણાતી હોય તે સ્ત્રી કે પુરૂષ ધર્મગુરૂ, સાધુ, સંત કે વૈરાગીનો જુઠો સ્વાંગ ધારણ કરી, બગભગત બની લોકોને લુંટનાર હશે.

**પાપકર્મી**

જેના કપાળમાં ચીપટાકૃતિસમાન રેખા જણાતી હોય તે સ્ત્રી યા પુરૂષ પાપકર્મ કરવામાં પ્રીતિ રાખનાર થઇ લોકોને ચુસી ખાશે.

**લોકપ્રસિધ્ધ**

જેના કપાળમાં કમળફુલ જેવી આકૃતિ હોય તે નર યા નારી સઘળાં મનુષ્યોથી સારાં બની લોકોમાં પ્રસિદ્ધિને પામશે.

**ગર્દન મારવા લાયક.**

જેના કપાળના મધ્ય ભાગમાં ખાડા જેવો આકાર હોય, અને તેની આજુબાજુ ઉપસેલો ભાગ હોય, તે નરનારી નાશને યોગ્ય છે. અર્થાત તે ગરદન મારવા યોગ્ય હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**દુષ્ટ, ક્રુર ને કુબુધ્ધિ,**

જેનું કપાળ નીચું હોય તે નરનારી અખિલ જીવન પર્યંત દુષ્ટ કર્મ, ક્રુર સ્વભાવ ને કુબુદ્ધિજન્ય કાર્યો કરનાર હોઇ જનસમાજમાં અપકીર્તિ પ્રાપ્ત કરશે એમ માનવું.

**મખ્ખીચુસ**

જેનું કપાળ નાનું હોય તે સ્ત્રીપુરૂષ કૃપણ હોય એમ માનવું.

**રાજારાણી**

ઉંચું કપાળ હોવું એ રાજા યા રાણી થવાની નિશાની છે.

**શતાયુ**

જેના કપાળમાં ત્રણ રેખાઓ દીપતી હોય તે સ્ત્રીપુરૂષ સો વર્ષ પર્યંત જીવનાર હોવાં જોઇએ.

**રાજ્યધુરંધર**

જેના કપાળમાં ચાર રેખાઓ હોય તે રાજ્યશાસન ચલાવવામાં કુશળ બને.

**ચોરાણું વર્ષની જીંદગી**

જેના કપાળમાં પાંચ રેખાઓ હોય તે ચોરાણું વર્ષ પર્યંતનુ આયુષ્ય ધરાવે એમ માનવું.

●

—૩—

## મુખમહિમા પ્રભાવ

ગોમતીતીરવાસી શંકરાચાર્ય શ્રી ત્રિભુવનાનંદાચાર્યજી વર્ણવે છે, કે સ્ત્રીનો નાગિનીચક્ર (નાગણની ફણા) જેવો ચમકતા કાળા રંગનો કેશકલાપ, પ્રાતઃસુર્ય જેવું કપાળ, કામદેવતાના ધનુષ્ય સમાન ભમર, ચંપાકળી સમાન સુંદર કાન, પોપટની ચાંચ જેવું અણિયાળું તેજસ્વી નાક, કમળફુલ જેવી મનોહર આંખો, ખિલેલા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગુલાબ ફુલ જેવા ગાલ, રાતાં પરવાળાં જેવા ચમકતા હોઠ, મુક્તામાળના મોતીદાણા સમા સફેદ ચકચકિત દાંત, દાડમકળી જેવી આકર્ષક હડપચી ને હંસીસમી નાજુક ડોક એ સુંદર મુખ-પ્રભાવનાં લક્ષણો છે. રાજાનાં આ લક્ષણો પ્રભાવવંતો મુખમહિમા બતાવે છે.

**નાક**

વાંસવૃક્ષપત્ર સમાન અર્થાત વાંસના ઝાડના પાનના આકારનું હોય તે નાક અશુભ જાણવું.

**ગર્દન**

કોઇ ડોક હાડિયા જેવી ઉંચી હોય તો તે નિશાની ખરાબ ગર્દનની છે એમ માનવું.

**બગલ.**

પીપળાના પાનની આકૃતિ સરખી કાખ-બગલ શ્રેષ્ટ મનાય છે.

**વાળ**

બગલના વાળમાંથી સુવાસ નીકળતી હોય ને ઉંચી દ્રષ્ટિ કરતાં વાળ પ્રત્યક્ષ નજરે પડતા હોય તો તે ચિન્હને સુખદાયક ગણવું.

જેની બગલની પીપળપાન જેવી આકૃતિ ન હોય ને વાળ સુવાસયુક્ત ન હોય, ઉંચે જોતાં વાળ પ્રત્યક્ષ ન જણાતા હોય તો તેને દરિદ્રતાનું નિશાન માનવું.

**ભુજા.**

ઓછા માંસવાળા લાંબા હાથ સારા ફળવાળા હાથ મનાય છે.

**કીર્તિ**

ઘુંટણ સુધી લાંબા હાથવાળાં સ્ત્રી-પુરૂષો રાજા કે રાણી સમાન સુખ ભોગવનાર ને વિશ્વવિખ્યાત થનાર હોય એમ ગણાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**દારિદ્રતા.**

અતિ ટુંકા અને ઉપરથી પુષ્કળ વાળવાળા હાથ દરિદ્રતા-સુચક છે.

**સુખચિન્હ**

શ્રીમદ્દ્ભારકાપુર્વરાધીશ્વર શ્રી સ્ફુર્તિનિલયતીર્થ સ્વામીજી મુખકાયપ્રભાવ વિષે લખતાં જણાવે છે કે હાથીની સુંઢ સમાન લાંબા હાથવાળાં નરનારી દુઃખી ન થનાર હોય છે. એ પ્રકારના હાથ સુખચિન્હ રૂપ છે. કમળના દાંડા સમાન લાંબા ને ઉપરથી આછા વાળવાળા હાથ ધરાવતાં નરનારી ભાગ્યેજ દુઃખી થાય છે.

**છાતી.**

જે સ્ત્રીપુરૂષની છાતી બે બાજુનાં બંને બિન્દુઓ (ડીંટી) ની આજુબાજુથી ઉપસેલી, ભરાવદાર ને પેટથી ઉંચી હોય તે નરનારી આરોગ્ય ભોગવનાર હોય. ભરાવદાર છાતી આરોગ્યચિન્હ છે.

**ઉદર.**

છાતીથી નીચું પેટ લાભદાયક છે એમ માનવું.

**ડુંટી.**

સ્ત્રીપુરૂષની ડુંટી અભિમાનસુચક છે. પેટની બહાર ટેકરી જેવી નીકળી આવેલા ડુંટી અભિમાન સુચવે છે. ખાડા જેવી બેસી ગયેલી ડુંટી માણસની નિરાભિમાની પ્રકૃતિ દર્શાવે છે.

**કમર.**

છાતીથી નીચી, પેટથી પાતળી, ને પોયણી સમાન, સિંહની કમર જેવી નાજુક ને ઘાટીલી કમર સુંદર મનાય છે.

**બરડો.**

જો સ્ત્રીપુરૂષના બે હાથોના ખભા ને છાતીનો પાછલો ભાગ બહોળો, માંસાળ ને ભરાવદાર હોય તો તે નરનારીનો બરડો સશક્ત માનવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**જાંઘ.**

કદળી સમી, આગળપાછળથી સશક્ત, ભરાવદાર ને સુંવાળી જાંઘો નરનારીને ફળદાયક નીવડે છે.

**ચાલ.**

હાથી યા હાથણ જેવી ડોલતી ચાલ સુખી ને સંતોષી જીવન દર્શાવે છે:

**રઘવાટ**

રઘવાયાં ને છલંગો ભરતાં યા દોડાદોડ કરતાં માણસોની ચાલ દુઃખી જીંદગી ને અસંતોષી અંતઃકરણ દર્શાવે છે. આ ચાલ કમાણિયાની ચાલ તરીકે ઓળખાય છે.

**પંજો.**

જે સ્ત્રીના હાથનો પહોંચો તથા પગનો પંજો કમળફુલ સમાન હોય, ને હાથની હથેલીમાં ને પગના તળિયામાં લક્ષ્મીરેખા હોય તે સ્ત્રી ગૃહમંદિરમાં ગૃહદેવી, કુટુંબકબીલામાં કુળદેવી ને સંસારસમાજમાં લક્ષ્મીદેવીરૂપે સ્ત્રીશકિતસ્વરૂપે પૂજાય એમ જાણવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



મનુષ્યની હથેળીમાં આવેલી મુખ્ય રેખાઓ, ગ્રહોનાં સ્થાન, મુખ્ય ચિહ્નો વિગેરે દર્શાવતો પંજો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com




મોટા ત્રિકોણ.

હથેળીમાંની મુખ્ય રેખાઓથી થતી ત્રિકોણાકૃતિ
દર્શાવતો પંજો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૪ થો.

## : હસ્તસામુદ્રિક :

- ૧ -

## પહોંચા-હથેળી રેખાપ્રતાપ

પશ્ચિમામ્નાય શ્રી શારદાપીઠાધીશ્વર શ્રી વરતપાશ્રમ સ્વામિજી પહોંચ-હથેળી રેખાપ્રતાપ વિષે વિવેચન કરતાં કથે છે કે પહોંચા-હથેળી રેખાપ્રતાપના વસ્તુપ્રકારનું વિવેચન કરતાં સામુદ્રિકશાસ્ત્રમાં હાથની જાતથી આરંભ કરવામાં આવે છે. હાથની જાતોમાં ખેડોળ હાથ, ચોખંડો અથવા વ્યાવહારિક હાથ, પહોળો હાથ, ગઠ્ઠાકૃતિવાળો હાથ, શંકુચિહ્નવાળો હાથ ને આધ્યાત્મિક (ઉગતા સૂર્યના ચિહ્નવાળો) આકારવાળો હાથ છે. હાથની આ ૭ જાતો સામુદ્રિકજ્યોતિષશાસ્ત્રના હસ્તસામુદ્રિક વિભાગમાં દર્શાવવામાં આવેલી છે.

હાથની જાતપરીક્ષા કર્યા પછી હાથના પહોંચાની આંગળીઓના અંગુઠાનો વિચાર, અંગુલિવિજ્ઞાન, નખલક્ષણ,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગ્રહસ્થળ નિર્ણય, હથેળીની પરીક્ષા, ને તેમાંની રેખાઓનું વર્ગીકરણ કરવાની ખાસ જરૂરિયાત છે.

હાથનાં સાત પ્રકારનાં આકૃતિસુચક નામોને પ્રકૃતિસુચક નામો તરિકે વર્ણવતાં હસ્તસામુદ્રિકશાસ્ત્ર જણાવે છે કે બેડોળ હાથ, ચોરસ હાથ, પહોળો હાથ, ગઠ્ઠાવાળો હાથ, શંકુ આકારનો હાથ, સાંકડો હાથ ને મિશ્ર હાથ એ હાથનાં આકૃતિસુચક નામો છે.

અતિશય ચંચળતા, અસ્થિરતા, કર્મપરાયણતા, શોધકપણું, મૌલિકતા ને સ્વતંત્ર વિચાર એ છ પહોળા હાથવાળાનાં લક્ષણો છે.

માનવીનાં માનસ તથા જીવનનો અભ્યાસ કરવાની વૃત્તિ, વિચારકપણું, અમુક કોટિની વૃત્તિઓને પ્રમાણ કરતાં વધારે અગત્ય આપવાથી ઉદ્ભવતી વિલક્ષણ વિચિત્રતા, સ્વીકૃત મંતવ્ય માટે અડગ સહનશિલતા, એકાંતપ્રિયતા ને અહંભાવના એ ગઠ્ઠાવાળા હાથવાળાંનાં લક્ષણો છે. તેઓ ધર્મપરાયણ હોવા છતાં એકજ પક્ષનું જ્ઞાન વધી જવાથી તેમનામાં ધર્માંધતા પ્રવેશે છે; ને પરિણામે તેઓ ધર્માંધ થઇ જાય છે.

શંકુઆકૃતિના હાથવાળાંનાં સાત લક્ષણોમાં આવેશ, પ્રમાદ, વિલાસ, કળા, આતુરતા, બુદ્ધિશુન્યતાને હૃદય બહારના સંસ્કારોને સ્વીકારવાની તત્પરતા ખાસ કરીને હોય છે.

સાંકડો હાથ આધ્યાત્મિક હાથ પણ કહેવાય છે. તેવા હાથવાળાનાં શક્તિશૂન્યતા, સ્વપ્નમય અવસ્થા, કલ્પના, અવ્યાવહારિકતા, સરળતાથી બહારના સુસંસ્કારોને સ્વીકારવાની પ્રકૃતિ અને આત્મસ્ફુરણ વૃત્તિ એ છ ખાસ લક્ષણો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

—૨—

## હાથના વાળ ને રેખાવિચાર.

શારદામઠાધીશ્વર શ્રી યોગરૂઢાચાર્ય મહારાજનાં આર્યસામુદ્રિકશાસ્ત્ર વિષે વચન છે કે હસ્તસામુદ્રિકમાં દર્શાવ્યા પ્રમાણે કોઇ નરના હાથ પર બીલકુલ વાળ ન ઉગ્યા હોય તો તે પુરૂષને કાયર પ્રકૃતિનો ને અન્ય આકૃતિઓ સહિત શંઢત્વવાળો નામર્દ જાણવો. હાથ પર જાડા ને બહુ કાળા વાળ ઉગ્યા હોય તો તે પુરૂષને રૂક્ષ અર્થાત જાડી બુદ્ધિ ને મીંઢી પ્રકૃતિનો માનવો જો નરના હાથ પર સાધારણ કાળા રંગના લીસા વાળ ઉગ્યા હોય તો તે પુરૂષને સાધારણ જુસ્સાવાળી પ્રકૃતિનો ને પોતાનું કર્તવ્યકર્મ કરવાવાળો ગણવો. હાથ પર પીળાશ પડતા વાળ ઉગ્યા હોય તો તે પુરૂષ બળ વગરનો ને ચાલુ મહેનત કરવાથી કંટાળનારો બાયલો માનવો,

હાથ પર લાલ રંગના વાળ ઉગ્યા હોય તો તે પુરૂષ ઝઘડાખોર ને ક્રોધી જાણવો. હાથપર મુલાયમ વાળ ઉગ્યા હોય તે પુરૂષ નમ્ર ને સભ્ય સ્વભાવનો જાણવો. હાથ પર ખરબચડા વાળ ઉગ્યા હોય તો તે માણસ અન્યના ભાવ માટે બેપરવાહ માનવો.

હાથના વાળનાં લક્ષણો જાણ્યા પછી હથેલીમાં આવેલી હૃદયરેખા તરફ દ્રષ્ટિ ફેરવવી. હૃદયરેખા જો અંતમાં ફાંટા વગરની ને પાતળી હોય તો તેવો મનુષ્ય પોતાની પાછળ વંશવારસ તરીકે સંતાન મુકી જતો નથી.

૩

## હસ્તરેખાના વિવિધ ભાગો.

દ્વારકાપીઠાધીશ્વર જગદ્‌ગુરૂ શ્રી વિદ્યાડિંડિમતીર્થ સ્વામિજી સામુદ્રિક જ્યોતિષનો વિષય ચર્ચતાં હસ્તરેખાના વિવિધ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાગોના ગુણદોષો વિષેના વ્યાખ્યાનમાં જણાવે છે કે મનુષ્યની હસ્તરેખાના કુલ્લે અગિયાર ભાગ હોય છે. તેમાં પ્રથમ આયુષ્ય-રેખા અથવા માતૃરેખા છે. બીજો ભાગ મસ્તકરેખા અથવા પિતૃરેખાનો છે. ત્રિજો ભાગ્યરેખા અર્થાત્ અરણ્યરેખા, ચોથો સૂર્યરેખા. વિજયરેખા અર્થાત વિદ્યારેખા, પાંચમો ચન્દ્રરેખા અર્થાત માત્રારેખા, છઠ્ઠો મંગળરેખા અર્થાત જીવનરેખા, સાતમો શનીરેખા અર્થાત સ્વભાવરેખા, આઠમો શુક્રરેખા અર્થાત સ્ત્રીરેખા, નવમો મનરેખા અર્થાત હૃદયરેખા, દસમો ગુરૂરેખા અર્થાત બુધ્ધિરેખા ને અગિયારમો બુધરેખા અથવા આરોગ્યરેખાનો ભાગ છે. આ અગિયાર ભાગો પર ધ્યાન રાખી તેની વિશેષતાઓ પરખવાનો પ્રયત્ન કરવો જોઇએ.

**મણિબંધ.**

હાથના પંજાની હથેળીને મણિબંધ કહેવામાં આવે છે. આ મણિબંધ ત્રણ ઉત્તમ શ્રેણીની રેખાઓ, બે મધ્યમ શ્રેણીની ને એક કનિષ્ટ પ્રકારની રેખાઓ તથા ચાર સુખસંપત્તિ આપનારી રેખાઓ ધરાવે છે. નૃપતિના હાથમાં મણિબંધમાંની ત્રણ ને નારીઓના હાથમાં બે રેખાઓ ઉત્તમ પ્રકારની જાણવી.

**હથેળીના રંગ.**

હથેળીના મુખ્ય રંગો ચાર છે. તેમાં પહેલો ફીકકો ને મોળો, બીજો પીળાશ પડતો, ત્રીજો ગુલાબી ને ચોથો અતિશય રાતો રંગ છે.

**યોગલક્ષણો.**

જે મનુષ્યના હાથનો પંજો સ્પર્શ કરવાથી ગરમ, દેખાવે તાંબાના રંગનો ને પરસેવા વિનાનો દેખાય, આંગળીઓ સરખી રાખવાથી વચ્ચે કાણાં વિનાની, ચળકતી, માંસથી ભરપુર, પુષ્ટ, તાંબા જેવા રંગના નખોવાળી ને લાંબી હોય, પંજો ભરાવદાર,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હાથ બહુ મોટા ને લાંબો હોય તો તે મનુષ્ય વિશેષ પ્રશંસા કરવા યોગ્ય ગુણોવાળો ને શ્રીમાન થવાના યોગવાળો હોય.

**રેખાવિચાર.**

હાથની હથેળીના મણિબંધથી અંગુઠા તરફ જતી રેખાવાળો માણસ રાજ્યસુખવાળો, સેનાધિપતિ તથા શ્રીમંત હોય, પરંતુ તેનું આયુષ્ય મધ્યમ હોય. જેની હથેળીમાં મણિબંધથી તર્જની તરફની રેખા હોય તે રાજ્યનો નોકર, મધ્યસ્થળ પ્રત્યેની હોય તો તે લક્ષ્મીવાન, કીર્તિમાન, અધિકારી નેતા, સંતાનવાળો, ને કૌટુંબીક કબીલા-વાળો જાણવો. જો માણસના હથેળીના મણિબંધથી અનામિકા તરફની રેખા હોય તો તેને વેદવિદ્યા જાણનાર, બુદ્ધિશાળી, ઉદાર દીલનો, સુખી, હુન્નરોનો જ્ઞાતા ને શોધખોળ કરનાર જાણવો. મણિબંધમાં જાડી રેખાવાળો માણસ ભાગ્યશાળી ઠરે ને પાતળી રેખાવાળો માણસ નિર્ધન બને.

**લક્ષણફળ.**

વાઘના પંજાના આકાર સરખા હાથવાળા માણસને પાપાત્મા જાણવો. રોનકદાર આંગળીઓવાળાને ઉત્તમ જાણવો. સમકોણ-વાળા માનવને મધ્યમ પ્રકારનો, ગોળ, પાતળી ને ચપટી આંગળીઓવાળાને કનિષ્ટ પ્રકારનો સમજવો. ઉત્તમ શ્રેણીનો માનવ કલ્પના કરનાર, બુદ્ધિવાન, વિચારક, બિહકણો શાંત સ્વભા-વનો, પતિને વશ નહિં રહેનાર, સુન્દર વસ્તુને પસંદ કરનાર ને ભાગ્યવાન જાણવો.

મધ્યમ કોટિના મનુષ્યને પરિશ્રમથી અકકલબાજ થનાર પૂર્ણ શ્રદ્ધાવાન, કાર્યમાં [illegible], પ્રજાપ્રિય, પરમાર્થી, સંશોધક, અસંતોષી ને અવિશ્વાસુ [illegible]વો.

કનિષ્ટ પ્રકારના માણસને સખ્ત શ્રમશીલ, ધનહીન, કમઅકકલ, બહુ ખાનાર, વ્યવહારિક બુદ્ધિવિહોણો ને જીવનમાં અસંખ્ય પરિવર્તનો દેખનાર જાણવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**રોમપરીક્ષા:**

માણસના કરપૃષ્ટ પર રૂવાડાં હોય તો તે ધનવાન, બુધ્ધિવાન અને તે ન હોય તો તેને ગરીબ, દરિદ્ર, બેવકુફ ને દગાખોર જાણવો.

જેના પંજામાં રેખાઓ અતિશય પ્રમાણમાં હોય અથવા તદ્દન જણાતી જ ન હોય તે માણસને ધનહીન મુફલીસ માનવો.

— ૪ —

## હથેળીના રંગોની ગુણપરીક્ષા.

શંકરાચાર્ય શ્રી વિદ્યાશ્રમસ્વામિજી હથેળીના રંગોની ગુણપરીક્ષા વિષે પોતાનું મંતવ્ય દર્શાવે છે કે રાતા રંગની હથેળીવાળો મનુષ્ય શ્રીમંત, પીળા રંગવાળો અગમ્યગામી, ધોળા કે શ્યામ રંગવાળો ઉદ્યમહીન, નીલરંગી વ્યસની, લાખ સમાન રંગવાળો નરેશ ને લોહી જેવો રકતરંગી હથેળીવાળો લક્ષ્મીવાન ગૃહસ્થ હોવો જોઇએ. જેની હથેલીમાં ખાડો ન હોય તે મનુષ્ય દુર્ભાગી, અપકીર્તિ ભોગવનાર, આપત્તિ વહોરનાર ને દેવાદાર, નરમ કોમળ હથેળીવાળો મૃદુ હૃદયનો, આળસુ, શૃંગારપ્રિય ને ચિત્રકાર હોય છે.

બહુ ઉપસેલી હથેળીવાળો મનુષ્ય સ્વાર્થસાધુ, વિષયલોલુપ ને આત્મશ્લાઘા કરનાર હોય છે. લાંબા વાંકા નખવાળો માણસ દયાહીન, કામી, ને પાશવવૃત્તિનો હોય છે.

નાના ફીકકા નખવાળો માણસ લુચ્ચો લફંગો હોય છે. કાળા નખવાળો માણસ દગાખોર, લાંબા ધોળા નખવાળો સદાચારી ને ગોળ નખવાળો માણસ સુખ ભોગવનાર હોય છે. સ્વચ્છ ધોળા અથવા શ્યામ નખવાળો માણસ દુર્જન ને ખોટી જક કરનાર હોય છે. સફેદ ને ગુલાબી નખવાળો માણસ નિર્મળહૃદયી હોય છે. રક્ષ અથવા જાડા નખવાળો નિરાશાવાદી, વેરાગી,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉદાસી ને ચીડીઓ હોય છે. ધોળા, રાતા ને નાના નખવાળો માણસ તામસી પ્રકૃતિનો હોય છે.

માણસના હાથના પંજાની આંગળીઓના નખો પર ધોળું બિન્દુ અજીર્ણ બતાવે છે. પીળા ને કાળાની શેળભેળવાળો નખ દર્દી, વિશ્વાસઘાતી, પિશાચી પ્રકૃતિના અનેપ ડોળીથી અસંતોષી માણસને ઓળખાવે છે. અંગુઠા પર ધોળારંગનું ટપકું અગમ્ય-ગામી ને કામીપણું, શ્યામરંગનું ટપકું રાજદારી અપરાધની આગાહી, ટચલી આંગળી પરનું ધોળારંગનું ટપકું લાભની આશા આપે છે. શ્યામ ટપકું હાનિસુચક છે. અનામિકા (ટચલીની પહેલી આંગળી) પર ધોળા રંગનું ટપકું ધંધારોજગારથી ધન-પ્રાપ્તિ કરનાર ને શ્યામ ટપકું નુકશાની વેઠનારને ઓળખાવે છે.

મધ્યમા (ટચલીથી બીજી) આંગળી પર ધોળું ટપકું હોય તો તે જલમાર્ગનો મોટો પ્રવાસ ને શ્યામ રંગનું ટપકું મહાન સંકટ સહેવાનો ગુણ દર્શાવે છે. પીળા રંગનું ટપકું નજીકના સગાવહાલાના મૃત્યુની આગાહી આપે છે. તર્જની (મધ્યમાની પહેલાંની ને અંગુઠાની પછીની) આંગળી પરનું ધોળું ટપકું લાભ ને કાળું અપકીર્તિ તથા હલકું કામ કરાવવાની આગાહી આપે છે.

આંગળીઓના નખ પરનાં ટપકાં પણ વિવિધ પ્રકારનાં સુચનો કરે છે. શ્યામ ટપકું ફિકર, મુકદ્દમો, દાવો, વિવાદ, બ્હીક, અપકીર્તિ, દેશત્યાગ ને દિલગીરી કરાવનારૂં નીવડે છે. નખના આગળના ભાગમાંનું ટપકું ભૂતકાળની, વચલા ભાગનું વર્તમાનકાળની ને નીચેના ભાગમાંનું ટપકું ભવિષ્ય-કાળની સુચનાઓ કરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

—૫—

## : પહોંચાનાં પ્રતિકો :

શ્રીમંત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ચિચ્છક્તિદેશિકાચાર્યજી માનવના પહોંચાનાં પ્રતિકો વિષે વિવેચન કરતાં કથે છે, કે જે માણુસના હાથના પહોંચાની હથેળીમાં બે માછલાંના આકારો દેખાતા હોય તે માણુસ દુઃખ વિનાનો, અનાજનું દાન દેનાર સદાવ્રતિ કે અન્નક્ષેત્ર રાખનાર તથા યજ્ઞાદિ ક્રિયાઓ કરાવનાર હોવો જોઇએ.

જેના હાથમાં વજ્રની નિશાની હોય તે માણુસ શ્રીમાન થાય છે.

હથેળીમાં એક માછલાના ચિહ્નવાળો બુધ્ધિશાળી, સાક્ષર ને સારો વ્યાખ્યાતા હોય છે.

જેના હાથના પહોંચાની હથેળીમાં પાલખી, મ્યાનો, હાથી, ઘોડો, છત્ર, ચામર, કમળફુલ, શંખ ને સૂર્યનાં ચિહ્નો હોય તે માણુસ રાજા અથવા મહારાજા થાય છે.

જે માણુસના હાથની હથેળીમાં કુંડ, વાવ, દેવાલય, ત્રિકોણુ, સિંહાસન, ને ચંદ્રમાની આકૃતિ જણાય છે તે માણુસ ધાર્મિક આચારવિચારનો યજ્ઞયાગાદિ ને માંગલિક કાર્યો કરનાર હોય છે.

જે માણુસના હાથના પહોંચાની હથેળીમાં તરવાર, તોમર, ફરશી, ભાલો, ચક્ર, ઢાલ, ને ધનુષ્યબાણ ઇત્યાદિ આયુધો દૃષ્ટિગોચર થાય છે તે માણુસ ક્ષત્રિય યોધ્ધો કે લશ્કરમાં યુદ્ધ કરનાર યોધ્ધો થાય છે.

હથેળીમાં ધ્વજ, મગર ને ભંડારનાં ચિહ્નોવાળો મનુષ્ય ધનપતિ થાય છે. મેના, પાલખી, ગાડીઘોડા કે રથના ચિહ્નને ધારણુ કરનાર વાહનસુખ ભોગવનાર હોય છે. હથેળીમાં ઘરનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આકાર ધરાવનાર મકાન-મિલ્કતથી સુખી હોય છે. હથેળીમાં મુદ્દગરના પ્રતિકવાળો માણુસ છલકપટથી પૂર્ણ હોય છે.

જેના હાથની હથેળીમાં પહાડ, યોનિ, ગગરો, કંકણાકાર, મનુષ્યશિર કે ત્રિશૂળની નિશાની હોય તે માણુસ દિવાન, વજીર, પ્રધાન, સચીવ, કારભારી, વહીવટદાર, મંત્રી કે એવી કોઇ મોટી પદ્દીવાળો અધિકારી હોય છે.

હથેળીમાં સ્વસ્તિક, અષ્ટકોણ કે વનની વેલની આકૃતિને ધારણ કરનાર મનુષ્ય લક્ષ્મીનંદન, વિલાસવિહારી અને સુખભોગ ભોગવનાર ધુરંધર ધંધાદારી હોય છે.

રાક્ષસની મુખાકૃતિ અર્થાત્ અસુરવદનની આકૃતિ ધરાવનાર માનવ ધનહીન, આબરૂ ગુમાવનાર અને કપટી હોય છે.

હથેળીમાં ત્રાજવાની આકૃતિવાળો માણુસ વણજવ્યાપાર ખેડનાર, ધારાશાસ્ત્રી કે ન્યાયમૂર્તિ થાય છે.

હથેળીમાં વીંછી ને સાપનો આકાર ધરાવનાર ઝેરી ઔષધો તૈયાર કરનાર કે ઉપયોગમાં લેનાર, અરણ્યવાસી કે ખુની હોય છે.

હથેળીમાં તોરણ, માળા, ગામડું કે યજ્ઞવેદીની આકૃતિ ધરાવનાર મનુષ્ય નાયક, ગામનેતા, આગેવાન, અગ્રેસર કે ભાષણકર્તા હોય છે.

બાણ, બંદુક કે વાવટાના આકારો જેની હથેળીમાં હોય છે તે માણુસ રાજપુત સેનાનાયક કે ફોજલશ્કરમાં સેવા બજાવનાર વીરનર હોય છે.

હથેળીમાં બળદિયાની નિશાનીવાળો મનુષ્ય ખેતી કરનાર કે જમીનદાર હોય છે ને તારાનો આકાર કે ચાંદનીની આકૃતિ ધરાવનાર માણુસ મોટો ભોગી કે મહાન યોગી હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૫ મો.

## : ફળસામુદ્રિક :

— ૧ —

## હસ્તરેખાનો ફળાદેશ.

સમાધ્યષ્ટાંગ યોગાનુષ્ઠાનનિષ્ઠ શંકરસ્વામિશ્રી વિજ્ઞાનેશ્વરતીર્થ મહારાજ વૈદિક જ્યોતિષ વિષે વિવેચન કરતાં હસ્તરેખાનો ફળાદેશ જણાવતાં કહે છે કે જે માણસના કરકમળ કહેતાં કમળ જેવા હાથના પંજાની હથેળીના મધ્ય ભાગમાં મત્સ્યાકૃતિ અર્થાત માછલીના આકાર સમી રેખા દેખાતી હોય તે માણસ, સકલ કાર્યસિધ્ધિ સંપાદન કરવાને સદ્‌ભાગ્યશાળી બને છે, તેનાં સર્વકાર્યો સફળ નીવડે છે.

**માનઆબરૂ.**

જે મનુષ્યના કમળ સમાન હાથના રાતા વર્ણના પહોંચાની મધ્યમાં વચ્ચોવચની જગ્યામાં મત્સ્યરેખા અર્થાત માછલી જેવી આકૃતિ જણાતી હોય તે મનુષ્ય પુત્ર પ્રાપ્ત કરે ને ગૃહસંસારનાં વિવિધ પ્રકારનાં સુખવૈભવો ભોગવવા નમુનેદાર નસીબનો બને. માનઆબરૂ ને ઇજ્જત મેળવે એમાં કોઇ પ્રકારનો શક નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**આનંદમય જીવન.**

જે માણસની લોહિયાળ હથેળીમાં દંડ સહિતનું તુલાચિહ્ન (દાંડી સાથેનું ત્રાજવું) દેખાતું હોય, ચાર ખુણાનો ગામ જેવો આકાર દેખાતો હોય, અને વજ્ર-શસ્ત્રની આકૃતિ જણાતી હોય તો એ ત્રિચિહ્નો ધરાવનાર વ્યકિતના ગૃહભુવનમાં શ્રી સિદ્ધ થયા વિના રહેતી નથી તે માનવ અખિલ જીવન પર્યંત ભોગવિલાસ ભોગવી આનંદ ઉલ્લાસમાં સુખશાન્તિવાળા દિવસો નિર્ગમન કરે એમાં જરાયે શંકા નથી.

**કીર્તિવંત જનપાલક ધનવાન.**

જો મનુષ્યની માંસલ હથેળીમાં કમળ સમાન, કામઠા સરખું, શકિતસમું તથા અષ્ટકોણાકાર ચિહ્ન દેખાતું હોય તે મનુષ્ય જનપાલક, ધનવાન બની લોકોમાં કીર્તિપ્રતિષ્ઠા પ્રાપ્ત કરે.

**મહારાણી.**

હાથના પંજાની હથેળીમાં કમળસમાન આકૃતિ ધરાવનાર નારી મહારાણી બને એ વાત નિઃશંક છે.

**યોદ્ધો.**

જેના હાથના પંજાની હથેળીમાં કામઠા જેવો આકાર દેખાતો હોય તે નર સહદાને જંગમાં ઝઝુમનારો લડવૈયો થાય.

**મર્દ, રાજવી.**

જે નરના હાથના પહોંચાની હથેળીમાં આઠખૂણાના ચિત્રની આકૃતિ દેખાતી હોય તો તે મુખ્યત્વે કરી રાજગાદી મેળવનાર મર્દઅરચો થાય.

**રાજ્યપિતા.**

હાથના પંજાની હથેળીમાં આઠખૂણાનો આકાર જણાતો હોય તો તે વીરનર રાજયસિંહાસન પર આરૂઢ થઇ પોતાના રાજ્યની પ્રજાને સંતાનસમી માની તેનું સંપૂર્ણ પ્રકારે પાલણપોષણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ને સંરક્ષણસંવર્ધન કરીને પ્રજાપાલક રાજ્યપિતા તરીકે પ્રસિધ્ધિ મેળવે.

**બાહોશ વ્યાપારી.**

જે મનુષ્યના હાથમાં શંખ, ચક્ર, ધ્વજા ને મત્સ્યના આકાર દેખાતા હોય તે મનુષ્ય વેપારધંધામાં બાહોશ નીવડી સારી ધનપ્રાપ્તિ કરે. તે પ્રતિષ્ઠાસંપન્ન તરીકેનું જીવન જીવે.

**રાજા.**

શિવશકિતના ત્રિશૂળ ચિહ્નને સ્પષ્ટ સ્વરૂપે ધારણ કરનાર હથેળીવાળો મનુષ્ય રાજા બનવાને લાયક હોય છે.

**દિવાન.**

ભૈરવનાથજીના ત્રિશૂળચિહ્નને આછા સ્વરૂપે ધારણ કરનાર વ્યકિત રાજાનો દિવાન થઇ શુભ કાર્યો કરે, અર્થાત તે દિવાનપદને યોગ્ય હોય છે.

-૨-

## લાભહાનીસૂચક આકૃતિઓ

તપશ્ચર્યાચરણ ચક્રવર્ત્ય જગદ્ગુરૂ શ્રી ઋતુંભરાશ્રમ સ્વામિજી ત્રિકાળદર્શક મહાવિદ્યા વિષે વ્યાખ્યાન કરતાં આકારકૃતિઓની લાભહાની વર્ણવતાં કહે છે કેઃ—

**રાજકર્મચારી.**

જેના હાથના પહોંચાની હથેળીમાં ગણેશ મહારાજની ત્રિશૂળ શકિતની આકૃતિ યથાર્થપણે ન દેખી શકાતી હોય તે મનુષ્ય માતા, પિતા, આચાય ઇત્યાદિની સારા પ્રમાણમાં સેવા કરનાર રાજકર્મચારી બને.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**પુણ્યદાન કરનાર.**

જે મનુષ્યના પંજાની હથેળીમાં સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ હલાવી મુકનાર દત્તાત્રયશકિત ત્રિશૂળશસ્ત્રનો ભાસ થતો હોય તે મનુષ્ય ધર્મકાર્ય, યજ્ઞ ને પુણ્યદાન કરનાર નિષ્ઠાવાન હોય.

**દેવબ્રાહ્મણપૂજક ધર્મવીર.**

જે માણસના હાથમાં હનુમાનના વજ્રચિહ્ન ત્રિશૂળ સમાન આકૃતિનું દર્શન થતું હોય તે માણસ દેવસ્થાન ને બ્રાહ્મણોની પૂજા કરી ધર્મદાન કરનાર ધનવાન થાય.

**રાજવૈભવી.**

પંજાની હથેળીમાં જેને રથનું ચિહ્ન, ચક્ર ને ધ્વજાની આકૃતિઓ નજરે પડતી હોય તે માણસ રાજવૈભવ ભોગવનાર ભાગ્યશાળી બને.

**સુખી કારભારી.**

જે માણસના હાથના પંજાની હથેળીમાં ચક્ર, ધ્વજ અને રથ—આ ત્રણ ચિહ્નોમાંનું ગમે તે એક ચિહ્ન શિવાયનાં બીજાં બે દેખાતાં હોય તે માણસ સુખી જીવન જીવનાર રાજકારભારી બને.

**સમ્રાટ, ચક્રવર્તિ.**

જે વ્યકિતની હથેળીમાં કુંડળી, ચક્ર, ને અંકુશનો આકાર જણાતો હોય તેને ચક્રવર્તિ સમ્રાટ થવાનાં શુભ ચિહ્નો છે એમ સમજવું. આ સામ્રાજ્યત્રિપૂટીમાંથી એકાદ ચિહ્ન ન દેખાતું હોય તો તે માણસ થોડુંક રાજસુખ ભોગવે. ત્રણેય ચિહ્નો ધરાવતો મનુષ્ય પૃથ્વીનું પાલન કરનાર, મહાપ્રતાપિ, પ્રભાવશાળી ને મહાબળવાન નિવડે એ નિઃશંક છે. સમુદ્રવાસી ભગવાન નારાયણનું એ વચન છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**મંત્રી.**

હથેળીમાં ગિરી, કંકણ ને મનુષ્યની મુખાકૃતિ અથવા કળશ સમાન ચિહ્ન જણાતું હોય તો તે મનુષ્ય સુખપ્રાપ્તિ કરનાર રાજમંત્રી બને.

**મહાધનવાન પ્રખ્યાત પુરૂષ.**

જેની હથેળીમાં સૂર્ય, ચંદ્ર, વેલ, આંખ, અષ્ટકોણ, ત્રિકોણ, મકાન, હાથી, કે ઘોડા સમાન આકૃતિઓ જણાતી હોય તે મનુષ્ય હાથીઘોડાની સાહ્યબીવાળો ને મહાધનવાન પ્રખ્યાત પુરૂષ થાય.

**વિદ્વાન, ધનવાન, ગુણવાન.**

જે માણસના હાથના પંજાની આંગળીઓમાં અંગુઠાની વચ્ચે જવચિન્હ સરખી આકૃતિ દેખાતી હોય તે મનુષ્ય સંસારમાં વિદ્વાન, ધનવાન, ગુણવાન ને જ્ઞાનવાન થાય. જીવનપર્યંત તે વિવિધ જાતના સુખવિલાસ ભોગવવાને ભાગ્યશાળી થાય.

**કીર્તિ ને પ્રતિષ્ઠાવાન.**

જો માણસના હાથના પંજાની વચલી આંગળીના મુળમાં અથવા અંગુઠાની પાસેની આંગળીના મુળની નીચે રેખાની મધ્યમાં જવચિહ્ન જણાતું હોય તો તે મનુષ્ય શ્રીમાન બની પતિ-પુત્રાદિકનું સુખ ભોગવે. જગતમાં કીર્તિપ્રતિષ્ઠા પ્રાપ્ત કરી તે જીવનપર્યંત આનંદકલ્લોલમાં રાત્રિદિવસ પસાર કરે.

૩

## ધાતચક્ર અને ભાગ્યચક્ર

અવિચ્છિન્નગુરૂપરંપરાપ્રાપ્ત શંકરાચાર્ય શ્રી અમરેશ્વર ગુરૂ મહારાજ સામુદ્રિક જ્યોતિષશાસ્ત્રના ધાતચન્દ્ર કે ભાગ્યચક્ર વિષે વિવેચન કરતાં જણાવે છે કેઃ—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ધાત**

જે માણસની આયુષ્યરેખા–હાથના પંજાની આંગળીના થડમાં પહોંચા ભણીથી પ્રગટ થઇ અંગુઠાની નજીકની આંગળીમાં ભળેલી હોય છે તે રેખા–કદાચ મધ્યમાંથી તુટી જાય તો જળ-ઘાતની છવલેણ આપત્તિ આવે. કદાચ વચલા ભાગમાંથી ઉંચે જઇને નીચે ઝુકી જતી હોય તો ઝાડ અથવા દિવાલ પરથી નીચે પડી પ્રાણઘાતક માંદગી ભોગવે.

**૧૨૦ વર્ષનું આયુષ્ય.**

આયુષ્યરેખા અણીશુધ્ધ આખી ટચલી આંગળીના થડમાંથી નીકળી અંગુઠાની જોડેની આંગળીને મળતી હોય તો તે મનુષ્યનું આયુષ્ય ૧૨૦ વર્ષનું છે એમ જાણવું. આયુષ્યરેખા લાંબીટુંકી હોય તે પ્રમાણમાં આયુષ્ય ઓછુંવ-તુ માનવું.

**છત્રપતિ રાજવી કે અમાત્ય**

જે માણસના અંગુઠા પર ગગન સમાન આકાર જણાતો હોય તે માણસ રાજેશ્રી થવાનું ચિહ્ન ધરાવે છે એમ માનવું. આ આકારવાળો માનવી છત્રપતિ રાજવી, સેનાધ્યક્ષ કે અમાત્ય થાય. પંચાવન સત્તાવન વર્ષ પર્યંતનું આયુષ્ય ભોગવે ને સંપુર્ણ સંસારસુખ ભોગવે એમ માનવું.

**રહસ્યમંત્રી.**

પંજાની જોડલી આંગળીના મુળમાં ઉર્ધ્વરેખા આવી હોય તો તે મનુષ્ય રાજાનો સિપાહી બની, શસ્ત્રધારણ કરી, રાજકાજની વાતચિતો સાંભળવાનો અધિકાર મેળવે. જીંદગી પર્યંત તે વિવિધ પ્રકારનાં સુખો ભોગવે. ઇજ્જત અને આબરૂભેર જીવન ગુજારનાર રહસ્યમંત્રી થવાનું એ શુભચિહ્ન છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**આનંદી લક્ષ્મીપતિ.**

હાથના પંજાની ઉર્ધ્વરેખા વચલી આંગળીના મુળની નજીક-માં દેખાતી હોય તો તે મનુષ્ય પત્નિપરિવારવાળો આનંદી લક્ષ્મી-પતિ થાય.

**સંતોષી.**

હાથના પહોંચાના થડમાંથી એક રેખા નીકળીને ટચલી આંગળીના મુળને મળતી હોય તો તે માણસ ધંધો રોજગાર ખેડી, કેટલુંક ધન એકઠું કરી જીંદગી પર્યંત સંતોષકારક રીતે પોતાનો જીવનનિર્વાહ ચલાવે.

**વિદેશમાં વસનાર દીર્ઘાયુષી.**

જેના હાથની ટચલી આંગળીના મુળની નજીકમાં ઉર્ધ્વરેખા સરખી રેખા દેખાતી હોય તે માણસનું આયુષ્ય સો વર્ષનું માનવું, ને વાસ વિદેશમાં જાણવો.

**લક્ષણસૂચક રેખાઓ.**

જે માણસના હાથના પંજાની ટચલી આંગળીના થડમાં એક કાપા સરખી રેખા હોય તે મનુષ્ય યજ્ઞકર્તા, બે રેખાથી દાતાર, ત્રણ રેખાથી જ્ઞાનવાન, ચાર રેખાથી રાજ્યવૈભવી, પાંચ રેખાથી વિદ્વાન, ૭ રેખાથી સભામાં પ્રતિષ્ઠા પામનાર, ને સાત રેખાઓથી દરિદ્રતા ભોગવનાર બને. આ મુજબ ટચલી આંગળીના મુળમાં પ્રાણીમાત્રના જન્મનાં સુખદુઃખ અને જ્ઞાન ઇત્યાદી સકળ લક્ષણો એ રેખાઓ પરથી જણાય છે.

**ધર્મ, અર્થ ને કામ.**

જો મનુષ્યના હાથના પંજાની ટચલી આંગળીના મુળની નીચે ત્રણ રેખાઓ દેખાતી હોય તો તેને ધર્મ, અર્થ ને કામની નિશાની માનવી. આ ત્રણ આકૃતિઓ ધર્મ, અર્થ ને કામની પ્રાપ્તિસૂચક છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

-૪-

## ચિહ્નોનાં ચરિત્રો.

પણમતસ્થાપનાચાર્ય જગદ્‌ગુરૂ શ્રી સર્વતોમુખતીર્થ સ્વામિજી હસ્તરેખાવિદ્યાની ચિહ્નચરિતાવલી વિષેનું પોતાનું પૃથક્કરણ નીચે પ્રમાણે કરે છે:—

જે માણસના હાથના પંજાની ટચલી આંગળીના મુળ નીચે એક રેખા દેખાતી હોય તો તેને પુંજીપતિનું લક્ષણ માનવું. બે રેખાઓ નીકળતી હોય તો તે મનુષ્યમાં ધર્માત્માનો ગુણ છે એમ માનવું. ત્રણ રેખાઓ જણાતી હોય તો તેનામાં દુરાચારી-પણાનું દુષણ છે એમ જાણવું. ચાર રેખાઓ જણાતી હોય તો ઘણી સ્ત્રીઓ પરણનાર જાણવો. પાંચ રેખાઓ જણાતી હોય તો તેને જ્ઞાનવીર માનવો.

### દુરાચારી નારી.

જે સ્ત્રીના હાથના પંજાની ટચલી આંગળીના થડમાં રેખા દેખાતી હોય તે સ્ત્રી દુરાચારી છે એમ સમજવું.

### આયુષ્યનાં ચિહ્ન.

સાંખ્યશાસ્ત્રપ્રતિપાદક શારદાપીઠાધિશ્વર શ્રી આનંદદૈશિકાશ્રમ સ્વામિજી જ્યોતિષવિદ્યાના માનવઆયુષ્યનિર્ણય વિષે નીચે મુજબ જણાવે છે:—

જો માણસના હાથના પંજાની ટચલી આંગળીના થડમાંથી રેખા નીકળી અંગુઠાની જોડેની આંગળીને જઇને મળે તો તે માણસનો આવરદા સો વર્ષનો માનવો. જો વચલી આંગળીના મુળ તળે રેખા દેખાતી હોય તો તે મનુષ્ય ૭૫ વર્ષનો આવરદા ભોગવનાર છે એમ માનવું.

ટચલી આંગળીના થડમાંથી રેખા નીકળીને વચલી આંગળી-માંથી એક આંગળ આઘે હથેળી તરફ દેખાતી હોય તો તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મનુષ્યની જીંદગી ૩૮ વર્ષની માનવી. ટચલી આંગળીની જોડેની આંગળીના મુળ તળે એક જવ જેવડી જવ જેવી રેખા જણાતી હોય તો તેનું જીવન ૬૬ વર્ષનું જાણવું.

નાની આયુષ્યરેખા ટુંકું આયુષ્ય બતાવે છે. લાંબી આયુષ્યરેખા લાંબુ આયુષ્ય બતાવે છે. આયુષ્યરેખા કાળા રંગની હોય તો સમાન ભાગે સુખદુઃખ ભોગવવાનું લખ્યું છે એમ માનવું.

**માતાપિતાનો કુસંપ.**

અંગુઠો અને તેની પાસેની આંગળીઓની મધ્યમાંથી બે મોટી રેખાઓ નિકળીને પહોંચા તરફ આવતી હોય, ને તેમાંની એક હથેળીની મધ્યમાંથી આવતી હોય ને બીજી અંગુઠા તરફથી આવતી હોય, તેમાંયે હથેળીની મધ્યમાં થઈને આવનાર રેખા જે સ્થળેથી નીકળીને પહોંચાને મળતી હોય ત્યાં સુધી જો આખી હોય તો તે માણસના માતાપિતામાં તેમજ તે માણસને પોતાના માતાપિતા સાથે સંપ રહે. રેખા જો તુટક પડી હોય તો માનવું કે તેને માતાપિતા સાથે સંપ નથી કે તેનાં માતાપિતામાં પરસ્પર સંપ નથી.

— ૫ —

## આયુષ્ય ને જીવન.

વૈદિક માર્ગપ્રવર્તક દ્વારકામહાધીશ્વર શ્રી સમાધિરસિકાચાર્ય મહારાજ ફલસામુદ્રિકનો આયુષ્યજીવન ને મૃત્યુનો વિષય ચર્ચતાં જણાવે છે કેઃ—

**ટુંકા આયુષ્યનો પિતા.**

જે માણસના હાથના પંજાની હથેળીમાં મોટી ત્રણ રેખાઓમાંની જો વચલી રેખા નાની દેખાતી હોય તો જાણવું કે તેના પિતાનું આયુષ્ય ટુંકું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**લાંબા આયુષ્યનો પિતા.**

જે મનુષ્યના હાથની હથેળીમાંની ત્રણ રેખાઓમાંની મોટી રેખા રાતા રંગની જણાતી હોય તો માનવું કે તેના બાપનો આવરદા લાંબો છે.

**માતાનું ટુંકુ આયુષ્ય.**

જેની હથેળીમાંની ત્રણ રેખાઓમાં છેલ્લી રેખા નાની દેખાતી હોય તે મનુષ્યની માતાનું આયુષ્ય ટુંકું જાણવું.

**માતાનું લાંબુ આયુષ્ય.**

જેની હથેળીમાંની ત્રણ રેખાઓમાંની છેલ્લી રેખા લાંબી દેખાતી હોય તેની માતાનું આયુષ્ય લાંબુ માનવું.

**માતાપિતાનો સહસ્વર્ગવાસ.**

જે માણસના હાથની હથેળીમાં ત્રણ રેખાઓમાં માબાપની બેઉ રેખાઓની મધ્યમાં ત્રિશૂળના જેવો આકાર જણાતો હોય તે માણસનાં માતાપિતાનો સાથે સ્વર્ગવાસ માનવો. આ ચિહ્નવાળાના માતાપિતા એકસાથે સ્વર્ગપ્રયાણ કરે એવો યોગ હોય છે.

**ફરી દેહ ધરનાર માતાપિતા.**

સર્વેય માણસોના હાથના પંજાની હથેળીમાં માબાપની બેઉ રેખાઓ ભિન્નભિન્ન હોય છે. માની રેખા અંગુઠો તથા તેની નજીકની આંગળીની મધ્યમાંથી શરૂ થઇને અંગુઠા તરફ પહોંચીને મળે, ને બાપની રેખા તેજ સ્થળેથી નીકળી આયુષ્યરેખાની તળે પહોંચીને મળે તો તે રેખાઓ ધારણ કરનાર મનુષ્યનાં માતાપિતા સંસારમાં ફરીથી દેહ ધારણ કરશે.

**નિર્ધન બનવાની નિશાની.**

જે મનુષ્યના હાથના પંજાની હથેળીમાંની માબાપની રેખાઓની મધ્યમાં અન્ય કેટલીક નાનકડી રેખાઓ આવી હોય તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માણસ નિર્ધન થશે એમ માનવું. આ વચલી રેખાઓ નિર્ધન બનવાની નિશાનીરૂપ છે. ઝીણી સુતરના તાર જેવી રેખાઓ માતાપિતાની રેખાઓ વચ્ચે દેખાય તો પણ એ પ્રમાણે માનવું.

શ્રી નિખિલનિગમાગમસારહૃદય શંકરસ્વામિશ્રી નારાયણતીર્થ મહારાજ હસ્તરેખાનાં સારાંમાઠાં પરિણામો જણાવતાં કહે છે કે:—

## આબરૂદાર, બુધ્ધિવાન ને સુખી.

જે માણસના હાથના પહોંચાની હથેળમાં માતાપિતાની રેખાઓની મધ્યમાં ત્રિકોણ, ત્રિશૂળ, અષ્ટકોણ ને ચક્રનાં ચિહ્નો, હોય તે માણસ બહુજ આબરૂદાર, બુધ્ધિવાન ને સુખી થવાની નિશાનીવાળો જાણવો.

## ધનવાન, ગુણવાન ને સુખી.

જે માણસના પંજાની દશેય આંગળીઓના વચ્ચેના વેઢા ગણી તેને ત્રણે ભાગતાં જેને ભાગાકાર ૧૧ કે ૧૨ આવે તો જાણવું કે તે બહુ ધનવાન, ગુણવાન ને સુખી માણસ છે.

## દુઃખી, રોગી ને ધનહીન.

દશે આંગળીઓના કાપા ગણીને તેને ત્રણે ભાગતાં ભાગાકાર તેર આવે તો માનવું કે તે મનુષ્ય દુઃખી, રોગી ને ધનહીન છે.

## શુભાશુભ લક્ષણો.

જે માણસના હાથની દશેય આંગળીઓના વચ્ચેના વેઢાઓને ગણી તેને ત્રણે ભાગતાં ભાગાકાર ૧૫ આવે તો તે મનુષ્ય ચોર બનશે એમ જાણવું. ૧૬ આવે તો ચોર ઉપરાંત ખરાબ કર્મો કરનાર, ૧૭ આવે તો મહાપાપી ને અપકીર્તિ મેળવનાર ને ૧૮ આવતાં નાનાપ્રકારનાં સુખ ભોગવનાર ભાગ્યવાન હોય એમ માનવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નક્ષત્રો.

જે માણુસના હાથની દશેય આગળાઓનાં [illegible] નક્ષત્ર ગણીને તેને ત્રણે ભાગતાં જો ભાગાકાર ૧૯ આવે તો માનવું કે તે મનુષ્ય ઇજ્જતદાર અને સદ્‌ગુણુવાન બની ભારે માનસત્કાર પામશે. કદાચ ભાગાકાર ૨૦ આવે તો જાણુવું કે તે મોટો તપસ્વી થશે. ભાગાકાર ૨૧ આવે તો તે મહાજ્ઞાની મહાત્મા થઇ ઘણું માન મેળવી મહાતેજસ્વી યોગી તરીકે લોકપ્રસિદ્ધ થાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૬ ઠ્ઠો.

## : ગ્રહસામુદ્રિક :

—૧—

## ઉપચિહ્નોનું અવલોકન.

શ્રીમદ્રાજાધિરાજગુરૂ ભુમંડળાચાર્ય જગદ્‌ગુરૂ શ્રી વૈકુંઠાશ્રમ સ્વામિજી સામુદ્રિક મહાશાસ્ત્રનાં ઉપચિહ્નોનું અવલોકન કરતાં ચાંદની, ચોરસ, ચતુષ્ટક, ત્રિકોણ, અંકુશ, બિન્દુ, વર્તુળ, જાળી, જવ, તારા, ચોકડી, પ્રવાસરેખા, ને અરિરેખાનું વિવરણ નીચે પ્રમાણે કરે છેઃ—

**ચાંદની, ચોરસ, ચતુષ્ટક.**

ગુરૂમહારાજના ગ્રહભુવન પર અવલોકાતી ચોકડી કોઇ એક માણસ–સાથેના સ્નેહસંબંધની સુચના કરે છે. જો એની સાથે ભાગ્યરેખા શુભફળનું સૂચન કરતી હોય તો પ્રેમપ્રસંગના પુણ્યબળે ભાગ્યોદય થવા પામે છે. જો આ આકાર સુર્યનારાયણના ગ્રહસદન પર નહિં હોતાં આદિત્ય–અંગુલિના મુળ સ્થળ પાસે અર્થાત્ સુર્યના સ્થાનની બાજુમાં હોય તો તે મનુષ્ય પોતે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૈસાદાર નહિં બનતાં માલદાર માણસના સંબંધમાં અધિક આવવા પામે છે.

## ત્રિકોણ, અંકુશબિન્દુ.

હથેળીમાં કેટલીક વાર સ્વતંત્ર રેખાઓથી ત્રિકોણ બનતો દેખવામાં આવે છે. આ ત્રિકોણનો આકાર તેને ધરાવનારનાં અહર્નિશનાં સંસારવ્યવહારનાં કાર્યોમાં, જાતે મુખ્ય કરેલી ચળવળમાં સત્તા સ્થાપવામાં ને સમાજવ્યવસ્થા જાળવવામાં તેને એનમુન. બાહોશ ને છત મેળવનાર જણાવે છે. અંકુશનો આકાર જે સ્થળે જોવામાં આવે છે, તે સ્થળનું પણ તે અતિ શુભફળ આપે છે. બિન્દુનું પ્રતિક વિશેષે કરી માણસના હાથના પહોંચાની હથેળીમાં આવેલી રેખાઓ પર આવેલું જણાય છે.

## વર્તુળ, જાળી, જવ.

હથેળીમાં જણાતી વર્તુળની આછી ભાસતી આકૃતિ સુર્યદેવતાના ગ્રહસદન પરજ શુભ પ્રભાવ પાડે છે. વર્તુળની આછી ભાસતી આકૃતિ સુર્યદેવના ગ્રહસદન પર ચક્ર સમાન પ્રતાપ પાડે છે. આ પ્રકારનો ચિહ્ન ધરાવનાર માણસ પુર્ણ પ્રતાપશાળી હોય છે. હથેળીમાં જણાતો જાળીનો આકાર ગ્રહદેવતાઓનાં ભિન્ન-ભિન્ન સ્થળો પર નજરે પડે છે. જો માનવહથેળીમાં ગુરૂ મહારાજના મંદિર પર જાળીની આકૃતિ દેખાય તો તેવા મનુષ્યોની જીંદગીમાં ગુરૂગ્રહના દુર્ગુણો જણાય છે. આવી અવસ્થાવાળો માણસ અતિશય અભિમાની ને આપખુદ ખાશિયતનો હોય છે. જો હથેળીમાં શનિદેવતાના સ્થાન પર જાળીની નિશાની જણાતી હોય, તો તે મનુષ્યમાં શનિગ્રહના દુર્ગુણો જણાય છે. આવો માણસ અતિ ઉદાસ, ફિકરમંદ છળકપટી અને ઘાતકી જોવામાં આવે છે, માણસના હાથની હથેળીમાંની જવની આકૃતિ સામાન્ય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રીતે હથેળીની રેખાઓને મથાળે માલમ પડે છે. આ આકૃતિ જ્યારે ગ્રહભુવનો પર જણાય છે, ત્યારે તે ગ્રહોનાં ઘરોથી સુચિત થતા પ્રભાવને ઓછો કરી નાખે છે. હથેળીમાં જો ગુરૂદેવતાના દેવળ પર જવનું પ્રતિક જણાતું હોય તો તે મનુષ્યની મહાત્વાકાંક્ષા મંદ પડેલી હોવાનું સમજાય છે

**તારકચોકડી.**

મનરેખા તથા પ્રજ્ઞારેખાની મધ્યમાં જો તારાની આકૃતિ જોવામાં આવે તો તેવા તારા જે જે ગ્રહોનાં દેવળો તળે દેખાતા હોય તે તે ગ્રહોનાં સારી શ્રેણીનાં ફળો આપે છે. મનુષ્યના હાથની હથેળીમાં ચોકડીનો આકાર અંતરરેખા ને પ્રજ્ઞારેખાની મધ્યમાં માલમ પડે છે. આ ચોકડી જાદુવિદ્યા, આધ્યાત્મિક કળા ને યોગક્રિયા આદિ ગુપ્તજ્ઞાનોની આગાહી આપે છે. ગુપ્તજ્ઞાનની એ સૂચક નિશાની છે.

ચાતુર્વર્ણ્યશિક્ષક શંકરાચાર્ય શ્રી વિક્રમાચાર્ય મહારાજ રેખાનિરીક્ષણમાં પ્રવાસરેખા, અરિરેખા તથા પેટાપ્રતિકો વિષે વિવેચન કરતાં જણાવે છે:--

**પ્રવાસરેખા.**

હથેળીમાં ચંદ્રભુવનપર આડી આકૃતિઓ, મણિબંધમાંથી પ્રવેશ કરી આગળ જતા ઉભા આકારો ને આયુષ્યરેખામાંથી પ્રાકટ્ય પામી ચંદ્રમાના ચોક પ્રત્યે ચાલતાં પ્રતિકો પરથી જમીનની અને જળની મુસાફરીઓ સ્પષ્ટ થાય છે.

પર્યટનપ્રતિક ઉંચું વધતું જતું હોય તો પ્રવાસ ફાયદાકારક નીવડે છે. પ્રતિક નીચું જતું હોય તો પ્રવાસ નુકશાનકારક નીવડે છે. આવી જાતના આકારોને અંતે ચોકડીનું ચિહ્ન નજરે પડતું હોય તો મુસાફરી દરમ્યાન અણધાર્યો અકસ્માત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નડવા પામે છે. આવી આકૃતિના અંતમાં જવની નીશાની પડી હોય તો મુસાફરી મુસ્કેલીભરી ને નુકશાનકારક નીવડે છે.

**અરિરેખા.**

હથેળીમાં આવેલી મંગળદેવની રેખાના ભુવન પર આડી આવેલી આકૃતિઓ અરિરેખાના આકારો મનાય છે. આ પ્રકારના આકારો જો ઉંડા ગયા હોય છે તો અરિદળ પરાજીત બને છે. આવા આકારો જો અંતે ઉંચા જતા હોય તો દુશ્મનો તેમના મનની મુરાદ બર લાવવામાં નાશીપાસ નીવડે છે. એ આકારો નીચે નમતા હોય છે તો તે મનુષ્યને હદ ઉપરાંત સંકટ સહન કરવું પડે છે. આવાં અરિપ્રતિકો મંગળમહારાજના ગ્રહસદનમાંથી શરૂ થઇ રવિરેખા કિંવા જયરેખાને ભેદતાં હોય તો માનવીને માલપાણીનો માર ને ઇજ્જતની બરબાદીનો પ્રહાર સહન કરવો પડે છે. આવી શ્રેણીની અરિરેખા પ્રારબ્ધ અર્થાત ભાગ્યરેખાને ભેદતી જણાય તો તે મનુષ્યને તેના વેપારમાં પ્રતિસ્પર્ધિઓ તરફથી ભારે સહન કરવું પડે.

**પેટાપ્રતિકો.**

હથેળીમાં જો સુર્યનારાયણના ગ્રહમંદિર પર શ્યામ બિન્દુ જણાય તો તે બિન્દુ કિર્તિને કલંક લગાડનારૂં ને પ્રતિષ્ઠાને પ્રત્યાઘાત પહોંચાડનારૂં માનવું. બુધગ્રહના ભુવન ઉપરથી જો એક સીધી લીટી જતી જણાય તો તેના ભાવિમાં નહિં ધારેલો નાણાંનો ફાયદો થવાનું માની લેવું. જો બુધગ્રહના ભુવન પર ત્રણ કે ચાર સીધી સાફ આકૃતિઓ હયાત હોય તો તે આકૃતિવાળા માણસને વૈદકિય વિષયનો છંદ હોવો જોઇએ. આવા આકારવાળા મનુષ્યો વૈદ, હકીમ કે ડોકટર ન હોય તો પણ તે બીજા વ્યવસાય તરીકે દવા દેવાનો વ્યવસાય ચલાવતા હોય છે. બુધદેવતાના ગ્રહસદન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પર જો આડી સાફ આકૃતિ જણાતી હોય તો તે માણસને ઘર કે દુકાનમાં ચોરી થવાના કારણે મહા મુશ્કેલીમાં મુકાવું પડે છે. મંગળ મહારાજના મંદિર પર પડેલી આ પ્રકારની ઉભી આકૃતિઓ માણસની કાતિલ ક્રુરતાભરી પ્રકૃતિ દર્શાવે છે. મંગળદેવના મંદિર પર કાળા રંગનું તલ જેવું ટપકું દેખાતું હોય તો તે માણસને યુદ્ધથી અસહ્ય ઇજા થવા પામે છે. શુક્રદેવતાના સ્થાન પર ચારપાંચ ઉભી લીટીઓ પાસેપાસે આવેલી જણાતી હોય તો તેવી આકૃતિવાળો માણસ ઉપકાર પર અપકાર કરનારો એકદર હોય છે. તેને મહોબ્બતમાં ભારે મુંઝવણ થાય છે. શુક્રદેવતાના સ્થાન પર મગ જેવું કાળું ટપકું નજરે પડતું હોય તો તે મનુષ્યના મસ્તકના મગજતંતુઓમાં અશક્તિ અને જ્ઞાનતંતુઓમાં નિર્બળતા આવિર્ભાવ પામે છે. જો ચન્દ્રમાની જગ્યા પર અર્ધત્રિકોણનો આકાર જણાતો હોય તો તેવી આકૃતિ પાણીમાં કે પ્રતિષ્ઠામાં ડુબી મરવાનો ડર દેખાડે છે. શુક્રદેવતાના સ્થાન પરથી આરંભાઇ ગુરૂ મહારાજના સ્થાન પર જતો આકાર માણસને કોઇ સ્નેહી સંબંધી તરફથી સહકાર ને સહાયતા સંપાદન થતાંજ સદ્‌ભાગ્યની સંવૃદ્ધિ થશે એમ સુચવે છે.

— ૨ —

## મહાત્રિકોણ ને વિશિષ્ટ પ્રતિક.

ગોમતીતીરવાસી શંકરસ્વામિશ્રી નૃસિંહતીર્થ મહારાજ ગ્રહસામુદ્રિકના મહાત્રિકોણફળ ને વિશિષ્ટ પ્રતિકબળ વિષે જણાવે છે કે:—

### વિશિષ્ટ આકૃતિઓ.

મનુષ્યની હથેળીમાં પેખવામાં આવતી ચંદ્ર, ચોરસ ને ચતુષ્કની વિશિષ્ટ આકૃતિઓ સ્પષ્ટ રીતે દેખાતી હોય તો તે તેમનાં સારાંમાઠાં પરિણામો બહેકાવી દે છે. આવા પ્રકારનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક પણ પ્રતિક જો તેના યથાયોગ્ય સ્થળે દેખાતું હોય તો તે જગ્યા કે આકારના ફળને અનહદ ઉજ્જવલ કરી મુકે છે. આવાં પ્રતિકોમાંનાં કેટલાંક અશુભ બનાવોનું પણ સૂચન કરતાં હોય છે.

શનિ મહારાજના સદન પર જણાતી ચોકડીની વિશિષ્ટ આકૃતિથી શનિદેવતાની જગ્યાની જાહોજલાલી મિટાવનારી તેની છાયા જીંદગીમાં વધુ વખત સુધી દ્રષ્ટિગોચર થાય છે. પ્રારબ્ધરેખાને આ નિશાની શનીદેવતાનાં ગ્રહભુવન પર અડકતો હોય તો તેવી જાતના માણસનો અણુધાર્યે સમયે અકસ્માતને અંગે અંત આવી જાય છે. મંગળદેવતાના મંદિરના મેદાનમાં ચતુષ્કનું પ્રતિક દેખાય, ને તે આયુષ્યરેખાને અડકતું હોય તો તે માનવીને તે વખતે કારાગ્રહનાં કષ્ટો સહેવાં પડે છે; એમ ન થાય તો તેના પર અદાલતને આંગણે મુકદ્દમો મંડાય છે.

મનુષ્યના હાથની હથેળીમાં આવેલી મનરેખા ને પ્રજ્ઞારેખાની મધ્યમાંની જગ્યા તથા આયુષ્યરેખા, પ્રજ્ઞારેખા તેમજ સ્વાસ્થ્યરેખા (આરોગ્યરેખા) ને મંગળ મહારાજના મંદિરની મધ્યમાં થતો ત્રિકોણાકાર મહાત્રિકોણને નામે ઓળખાય છે. આ મહાત્રિકોણની ત્રણેય બાજુઓ શક્તિશાળી રેખાઓની બનેલી હોય છે. જો આ મહાત્રિકોણાકૃતિ સાંકડી ન બની જતી હોય તો તે માણસના વિચારો વિશાળ, આરોગ્ય અનુપમ ને પ્રકૃતિ હિંમતબાજ ને સાહસિક હોય છે. આરોગ્યરેખા જો આયુષ્યરેખાથી દુર જતી હોય, ને તેમાં ભળી જતી ન હોય તો તે મનુષ્યનું શરીરસ્વાસ્થ્ય અનુપમ હોય છે. આરોગ્યરેખા આયુષ્યરેખાની નજીકમાં નજરે ચઢતી હોય, ને આયુષ્યરેખામાં એકત્રિત થઇ જતી હોય તો તે મનુષ્યના તનબદનની તંદુરસ્તી નાદુરસ્ત રહેવા પામે છે. જો પ્રજ્ઞારેખા ટચુકડી ને સીધી હોઇ મનરેખા પ્રત્યે જતી હોય તથા પહોંચાની હથેળીની સામી દિશાએ ચાલી જતી હોય તો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રજ્ઞારેખા ટચુકડી ને શીઘ્રીસટ હોવાને લીધે તેવી રેખાવાળા માનવીની પ્રકૃતિ અસભ્ય ને બુધ્ધિ બહેર મારી ગયેલી હોય છે.

**ઉદરનિર્વાહનો વ્યવસાય.**

મનુષ્યજાતિનો ઉદરનિર્વાહ અથવા દ્રવ્યપ્રાપ્તિનો વ્યવસાય મુખ્યત્વે આશરે એકવીસ વર્ષથી આરંભાઇ લગભગ બેતાલીસ વર્ષ પર્યંતનો હોવાને લીધે આ વિભાગમાં મંગળ મહારાજનું મંદિર સમાઇ જાય છે. એ એકવીસ વર્ષોની અગાઉનાં વર્ષોમાં પણ આન્દોલનોનો આરંભ થવા પામ્યો હોય તો એક વર્ષની અંદર પ્રારબ્ધરેખાનો પ્રારંભ થાય છે. જન્મસિદ્ધ શ્રીમાન કે વંશવારસાના સગાઇહકથી જેમને જરજમીન પ્રાપ્ત થયાં હોય તેવી કોટીના માનવીમાં આવી અવસ્થા અવલોકાવનારી નિશાનીઓ નજરે ચડતી હોય તો તે મનુષ્યની વર્તમાન સુખી સ્થિતિનો કયાસ કાઢી શકાય છે. છતાં પણ જો આવી શ્રેણીનો ગર્ભશ્રીમંત કોઇ પણ કોઇનો વ્યવસાય કરતો જણાય તો તે રોજગારની શરૂઆત ને તેમાં થનાર મહા નુકશાનની અગત્યની માહિતી ઉપરોક્ત ગણત્રી અનુસાર પ્રારબ્ધરેખા પરથી પરખી શકાય છે. જો શનિદેવતાના, સૂર્યનારાયણના અથવા ગુરૂમહારાજના ગ્રહમંદિરપર પ્રારબ્ધરેખા ઉંડી જતી હોય તો તે અમુક અમુક પ્રકારની આગાહી આપે છે. ગુરૂદેવ, શનિદેવ કે સુર્યદેવના દેવળપર ઉંડી જતી પ્રારબ્ધરેખાથી પ્રદર્શિત થતું પરિણામ પ્રારબ્ધરેખા પર સારૂં યા માઠું ફળ બતાવનારી નિશાનીઓ પરથી તે તે સાલે માનવીની દ્રષ્ટિએ પડે એવો નિયમ છે.

—૩—

## આકૃતિવિચાર.

શ્રી દ્વારકાપુર્વરાધીશ્વર જગદ્ગુરૂ શ્રીધરાશ્રમસ્વામિજી ગ્રહસામુદ્રિક વિષે વિહંગાવલોકન કરતાં અંગુઠાઆંગળી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આકૃતિઓ સંબંધેના વિચાર વિષે પોતાનું વક્તવ્ય નીચે મુજબ જણાવે છે.

**હથેળીવિભાગ.**

પાતળી, સાંકડી ને કરચલીવાળી આંગળી જે મનુષ્યને હોય તે મનુષ્ય બ્હીકણુ, બુધ્ધિમંદ, બળહિન તથા નૈતિક શક્તિશુન્ય હોય છે.

સુવિકસિત, મજબુત ને સારી રીતે વળી શકે તેવો હાથ જે મનુષ્યને હોય તે મનુષ્ય સુવ્યવસ્થિત, કદરદાન, ગ્રાહ્યશકિતવાળો, ને વિચારોને કાબુમાં રાખી યથાયોગ્ય ઉપયોગ કરનારો હોય છે.

અતિવિકસિત હાથ જે મનુષ્યને હોય તે સ્વાર્થસાધુ, મોજમજાહ કરનાર, અયશઆરામ ભોગવનાર ને અતિવિશ્વાસુ માણસ હોય છે.

અતિવિકસિત, સખ્ત ને કકરો હાથ જે મનુષ્યને હોય, તે માણસ જંગલીપણું ને હેવાનિયત બતાવનારો જુલ્મી ને સિતમગર હોય છે.

પહોળી હથેળીવાળો માણસ કમનસીબ, પૈસાની ખુવારી કરનારો તથા નિષ્ફળતા મેળવનાર હોય છે.

**આંગળીઓના સાંધા.**

જે મનુષ્યના હાથની આંગળીઓનો પહેલો સાંધો વિકસિત હોય, તે વિચારમાં ક્રમ ને કારણ, સુવ્યવસ્થા કાર્ય તથા સ્પષ્ટ ને અમલમાં મુકાય તેવું વર્તન ધરાવનારો હોવો જોઇએ.

અંગુઠાનો પહેલો વેઢો ઇચ્છાશક્તિ સુચવે છે. તેવા મોટા અંગુઠાવાળો માનવી અસામાન્ય બુદ્ધિવાળો હોય, પરંતુ જો તે ટુંકા હોય તો તે અયોગ્ય કારણશક્તિવાળો અર્થાત્ આડે માર્ગે વળેલી બુદ્ધિશક્તિવાળો હોય. જો શિર્ષરેખા ચન્દ્રગિરિપર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પડે તો તેમ થવા વધારે સંભવ છે. બૃહસ્પતિગિરિ જો ઉંચો હોય તો તેનું મિથ્યાભિમાન સુચવે છે.

હાથની આંગળીઓનો પહેલો સાંધો બહુ વિકસેલો હોય, તો તેને ધરાવનાર માણસ ઘણીજ બુદ્ધિવાળો હોય છે. પરંતુ જો હસ્તરેખા શુષ્ક ને પાતળી હોય તો સમજી લેવું કે તેનામાં શકિતની ઉણપ છે.

મનુષ્યના હાથની આંગળીઓના બંને સાંધા વિકસિત હોય તો તે સમતોલતા, ક્રમ, નિયમિતતા, સારા ને યોગ્ય વિચાર, પૃથક્કરણ, નિરીક્ષણ, વિજ્ઞાન પ્રત્યેનું વલણ, વિગેરે દર્શાવે છે. જો આ લક્ષણો સાથે ચન્દ્રગિરિ પણ ઉંચો હોય તો તે સકારણ કાવ્ય તથા વૈજ્ઞાનિક સંગીતના શોખવાળો હોય. બીજો સાંધો વિકસિત હોય તો તે મનુષ્ય વ્યાવહારિક કુશળતાવાળો તથા વસ્તુક્રમવાળો હોય.

અતિવિકસિત સાંધા હોય તો તે મનુષ્ય કલા પ્રત્યે પક્ષપાત ધરાવનાર, સ્ફુરણાશકિતવાળો ક્ષણિક વિચારો સેવનાર ને માનસિક વલણથી કાર્ય કરનાર હોય, તેની પહેલી ધારણા યોગ્ય પ્રકારે સિદ્ધ થાય, પરંતુ પાછળથી મુંઝવણ આવી પડે.

અવિકસિત સાંધાવાળો મનુષ્ય ખરાબ અને ગુંચવાયલી તથા ચંદ્રગિરિ પર પડતી શિર્ષરેખાવાળો હોય, તદુપરાંત તે સ્વયંસ્ફુરણા ને ખોટી ધારણાવાળો હોય.

અતિવિકસિત સાંધા હોય, ને તે મનુષ્યની શિર્ષરેખા જીવનરેખાથી જુદી હોય, તો તેમ હોવાથી તે ભુલભરેલું સાહસ ખેડનારો તથા ખોટો આત્મવિશ્વાસ ધરાવનારો હોય.

વિકસિત સાંધા, આંકણી, કારણ અને બુદ્ધિથી કાર્ય કરવાની શકિતના વિષયનું નિરીક્ષણ કરતાં દ્રષ્ટિગોચર થાય છે કે અવિકસિત સાંધાવાળો મનુષ્ય સ્ફુરણા, વલણ અને ક્ષણિક વિચારોથી કાર્ય કરનારો હોય છે. આવા વિકસિત સાંધાઓમાં કાળબળે ઝાંઝો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ફેર પડતો નથી. પરંતુ અવિકસિત સાંધાઓમાં ફેર માલૂમ પડે છે. કેળવણી, આત્મસ્વાસ્થ્ય, ને બુદ્ધિવિકાસને કારણે અવિકસિત સાંધા વિકસિત થઇ શકે છે.

**આંગળીઓના પ્રકાર.**

મનુષ્યની ટુંકી આંગળીઓ ચંચળ, સ્વયંસ્ફુરણાથી કામ કરનાર, ઉતાવળે નિર્ણય કરનાર, ઉપલકિયું જોનાર, સામાન્ય વસ્તુને ઝટ ગ્રહણ કરનાર, ટુંકા અને સમયે સાવધાન મનુષ્ય તરીકે તેને ઓળખાવે છે. પરંતુ જો બાકીનો હાથ નબળો હોય તો તે મનુષ્ય અવગણના અને હાસ્યને પાત્ર દેખાવવાળો તથા જીંદગી સંબંધમાં બેદરકાર હોય છે.

**ટુંકી ને જાડી આંગળીઓ.**

મનુષ્યની ટુંકી અને જાડી આંગળીઓ તે માણસને ક્રુરતાવાળો, ટુંકી શિરોરેખાવાળો, યુકિતની ઉણપવાળો, વિચાર અને વર્તનમાં બેદરકાર હોવાનું દર્શાવે છે. જો તેનો ચંદ્રગિરિ બહુ વિકસિત હોય તો તેમ થવા સંભવ છે. પરંતુ જો નખ ટુંકા ને શિર્ષ-રેખા લાંબી હોય તો તે મનુષ્ય બધી વસ્તુઓ કે યુકિતને સમ-જવાની શકિતવાળો હોય.

**ટુંકી આંગળી ને વિકસિત સાંધા.**

ટુંકી આંગળી ને વિકસિત સાંધાવાળો મનુષ્ય કારણ અને પ્રમાણશકિતની સહાયતાવાળો હોય.

**લાંબી આંગળી ને વિકસિત સાંધા.**

લાંબી આંગળી ને વિકસિત સાંધાવાળો મનુષ્ય ઘણી ઝીણવટ-વાળો હોવા છતાં પણ સામાન્ય વસ્તુ ખોઇ બેસનારો, ટાપ-ટીપની ચાહનાવાળો ને સહજ ક્રોધી સ્વભાવનો હોય.

લાંબી આંગળી ને પહેલો સાંધો જો વિકસિત હોય તો તે મનુષ્ય આતુર, સાવધ ને સ્વાતંત્ર્યસંરક્ષક હોય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**પહેલો લાંબો વેઢા.**

પહેલો વેઢા જો લાંબો હોય તો મનુષ્ય ગાંડપણ ને વિચિત્રતાવાળો હોય. આવો અવિશ્વાસપાત્ર મનુષ્ય બીજાની ટીકાનો ઉંધો અર્થ લેનાર ને અર્થહીન વાણીમાંથી ઉંડો અર્થ કાઢનાર હોય. પરંતુ જો શિર્ષરેખા લાંબી અને અંગુઠાનો બીજો વેઢા લાંબો હોય તો ઉપરના અવગુણો ઓછા થાય.

લાંબી આંગળીવાળો માણસ ડરપોક, બ્હીકણુ, લુચ્ચો, ને પ્યારવાળો હોય. જો કે શિર્ષરેખા સારી હોય, ને મંગળગિરિ ઠીક વિકસિત થયેલો હોય તો એ અવગુણો ઉપર કાબુ રહે.

લાંબી ને વિકસિત સાંધાવાળી આંગળીવાળો મનુષ્ય વઢકણો, દલીલ કરનાર, લંબાણપુર્વક સમજાવનાર, વાણી, વર્તન ને દુષ્કૃત્યમાં હિંમત કરનાર, તકરાર, અપ્રામાણિકતા, કટાક્ષ ને મશ્કરી પ્રત્યે વલણવાળો હોય. જો તેનો અંગુઠો મોટો અને નખ ટુંકા હોય તો તે મનુષ્ય ખાસ લાંબી ઝીણી નજરવાળો, સંયમ ઝીણી નજરવાળો, છિદ્રગાવલોકન કરનારો તેમજ તીવ્ર છિદ્રગાવલોકનશક્તિવાળો હોય.

પશ્ચનાત્મ્નાય શ્રીમલ્લિજારદાપીઠાધીશ્વર શ્રી વિષ્ણુવાચાર્ય મહારાજ હસ્તરેખાશાસ્ત્રના ભિન્નભિન્ન વિભાગોનું વર્ણન કરતાં નીચે પ્રમાણે જણાવે છે.

**આંગળીઓ.**

મનુષ્યના પહોંચાની આંગળીઓનો પહેલો વેઢો સ્વયંસ્ફુરણા, બીજો વેઢા વિવેકશક્તિ, ત્રીજો વેઢા વસ્તુવલણ, અને ટુંકુ ટેરવુ તે માણસના મોજશોખનો સ્વભાવ દર્શાવે છે.

વાંકાચુંકા આંગળા, ટુંકા નખ, માત્ર હૃદયરેખા, શિર્ષરેખા ને જીવનરેખા જે મનુષ્યને હોય તે મનુષ્ય ઘાતકી અને આપખુદ હોય; પરંતુ સારી રેખાવાળા હાથવાળો મનુષ્ય મશ્કરો તથા ક્રોધી સ્વભાવના હોય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મજબૂત ને સખ્ત આંગળાંવાળા હાથવાળો મનુષ્ય સખ્ત વર્તનવાળો હોય. પાછળ નમતી આંગળીઓવાળો માણસ ડાહ્યો, હોંશિયાર, ફિલસૂફીપણા તરફ વલણ રાખનારો ને આતુરતાવાળો હોય. ચપટી આંગળીઓવાળો માનવી લોભી હોય, પરંતુ જો વચમાંથી આકાર દેખાય તો તેને કાર્ય કરવામાં આતુરતાવાળો માનવો.

લીસી પારદર્શક જેવી આંગળીઓવાળો મનુષ્ય મુર્ખો ને વાતોડિયો હોય; ગમે તેમ પણ જો આંગળીઓના પહેલા વેઢાના ટોચે સહેજ ઉપસેલો ભાગ હોય તો તે મનુષ્ય વર્તનમાં તથા ખોરાકમાં લાગણીપ્રધાન હોય છે. તે બીજા માણસને દુભવી શકતો નથી.

ઉપર વળેલી આંગળીઓવાળો મનુષ્ય લોભી, લાલચુ અને લાંચરૂશ્વત લેનારો, લક્ષ્મીની વધારે પડતી લોલુપતા રાખનાર હોય છે.

**ટેરવાં.**

આંગળીનાં ટેરવાં ચપટાં હોય તે માણસ કાર્યશીલ, ચંચળ, ગતિમાન, સ્થાન બદલવાની ટેવવાળો, ખોરાક, તાજી હવા જરૂરિયાત જાણી ઉપર કરનારો, પ્રાણીમાત્ર પર પ્યાર ને સ્નેહની નજરે જોનારો, મુસાફરી, શિકાર, ખેતીવાડી ને વેપાર પ્રત્યે વલણ રાખનારો હોય છે.

**ચપટાં ટેરવાં.**

વિકસિત સાંધા ને ચપટાં ટેરવાંવાળો મનુષ્ય પ્રત્યેક વસ્તુ કાનૂન, પ્રમાણ ને જ્ઞાનથી કરનારો હોય છે.

અવિકસિત સાંધા ને ચપટાં ટેરવાંવાળો મનુષ્ય સ્ફુરણા, ક્ષણિક વિચારો, તથા એકાએક દેશાંતર કરનારો હોય.

**ચોરસ ટેરવાં.**

ચોરસ ટેરવાંવાળો મનુષ્ય સાહ્યતા, વિચાર તથા આચારની ચોક્કસતા, તત્વજ્ઞાન, રાજનીતિ, સામાન્ય વિજ્ઞાન અને નીતિ,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાષા, વિવાદ, પિંગલ, વ્યાકરણ, રાગરાગિણી અને અન્ય રચનાત્મક વસ્તુ વિષે વ્હાલ ધરાવનારો હોય. શોધ, કલ્પના અને વકતૃત્વશકિત પ્રત્યે પ્રેમ રાખનારો હોય. તેનું કરેલું કામ ઓછું ગણાય, પણ તેની વ્યવસ્થા ને સ્વચ્છતા વખણાય. પરંતુ જો સાંધા વિકસિત હશે તો તે પ્રમાણે થશે નહિં.

—૪—

## નિશાનીઓથી લાભાલાભ

આદિમૈકાન્તિકસ્થાન દ્વારકાસ્થ શંકરાચાર્ય શ્રી કેશવતીર્થ સ્વામિજી ગ્રહસામુદ્રિકમાં નિશાનીઓથી થતાં નફોનુકશાન નીચે પ્રમાણે દર્શાવે છે.

**ગુરૂની આંગળી.**

જે માણસના હાથમાં ચોકડીની નિશાની હોય તે માણસ બહુજ ધાર્મિક તરંગોથી ઉદ્‌ભવતી મનની અસ્થિર સ્થીતિવાળો થાય.

જે માણસના હાથમાં તારાની નિશાની હોય તેના જીંદગીમાં એક બહુજ સારો અવસર આવે.

જેના હાથમાં ત્રિકોણની નિશાની હોય તે માણસ ધાર્મિક વાઙ્મયમાં નિષ્ણાત બને.

**આકુળ શ્રધ્ધા.**

જે માણસના હાથમાં વર્તુળની નિશાની હોય તે માણસની બુદ્ધિ પર શ્રધ્ધાનો વિજય થાય.

**બન્દીવાન ધર્માંધ.**

જેના હાથમાં જાળીની નીશાની હોય તે માણસ બંદીવાન થાય. અને તેની અમર્યાદિત ધર્માંધતાથી સંસારમાં અતિરિક્ત સ્થીતિ ઉભી કરે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ખરાબ ખાસિયત.**

જેના હાથમાં સીધી સાપના આકારની નિશાનીઓ હોય તે માણુસ ખરાબ વૃત્તિઓનો પોષક ને આશાઓ રાખનાર હોય.

**અદેખો, પ્રપંચી.**

જેના હાથમાં આડી નિશાનીઓ હોય તે માણુસ અદેખો ને પ્રપંચી પ્રકૃતિનો બને.

**મોટાથી રક્ષણ.**

જે માણુસના હાથમાં ચોકડીની નિશાની હોય તેનું મોટા માણુસથી રક્ષણ થાય.

**પવિત્રતાની પ્રતિમા.**

જે માણુસના હાથમાં ઉભા તારાની નિશાની હોય તે માણુસને પવિત્રતાની પ્રતિમા જાણવો.

**નિર્લજ્જ.**

જે માણુસના હાથમાં આડા તારો અને અર્ધચન્દ્રના આકારની નિશાની હોય તે માણુસ લાજશરમ વગરનો હોય.

**પ્રવીણ રાજપુરૂષ.**

જે માણુસના હાથમાં ઉભા ત્રિકોણની નિશાની હોય તે પ્રવીણ રાજપુરૂષ થાય.

**એક નિશ્ચયી.**

જે માણુસના હાથમાં સિધ્ધા ચતુષ્કની નિશાની હોય તે ચોકકસ નિશ્ચયનો બને.

**મિથ્યા અભિલાષા.**

જે માણુસના હાથમાં મોટા વર્તુળની નિશાની હોય તે ફળિભૂત ન થનાર મિથ્યા અભિલાષાવાળો હોય.

**ખરાબ હેતુ.**

જે માણુસના હાથમાં જાળીની નિશાની હોય તે ખરાબ હેતુઓ રાખે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ઉદારચરિત્ર.**

જે માણુસના હાથમાં શુક્રની જગ્યામાંથી નીકળી ગુરૂની આંગળીના બીજા વિભાગ સુધી રેખા જતી હોય, તે ઉદાર ચરિત્રનો અને યશ મેળવનારો માણુસ થાય.

**ખરાબ ટેવો.**

જે માણુસના હાથમાં આડકતરી ચોકડીની નિશાની હોય તે ખરાબ ટેવોવાળો હોય.

**નિર્લજ્જ નર.**

જે માણુસના હાથમાં આડા વાંકા તારાની નિશાની હોય તે નિર્લજ્જ સ્વભાવનો થાય

**સિતમગર જવાંમર્દ.**

જે માણુસના હાથમાં વક્ર [illegible] નિશાની હોય તે સિતમગર જવાંમર્દ બને.

**મનોરથ [illegible].**

જે માણુસના હા[illegible] નાના વર્તુળની નિશાની હોય તે [illegible] થાય [illegible] સેવનારો હોય.

**[illegible].**

જે માણુસના હા[illegible] જાળીની નિશાની હોય તે [illegible] સ્વભાવનો થાય.

**આત્મઘાતી આદમી.**

જે માણુસના હાથમાં આડી લીટીઓની નિશાનીઓ હોય તે આત્મઘાત કરવાના સ્વભાવવાળો હોય.

**શંકાશીલ સ્વભાવ.**

જે માણુસના હાથમાં વાંકાચુંકા ચોકડીની નિશાની હોય તે બહુજ શંકાશીલ સ્વભાવનો હોય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ભયાનક ભવિષ્ય.**

જે માણસના હાથમાં તારામંડળની નિશાની હોય તે ભયાનક ભવિષ્યનો થાય.

**અભણ, હઠીલો.**

જે માણસના હાથમાં આડી રેખાઓની નિશાનીઓ હોય તે અભણ અને હઠીલો હોય.

**ઝેરથી મોત.**

જે માણસના હાથમાં મધ્યમાં એક જાડી રેખાની નિશાની હોય તેનું ઝેરથી મોત થાય.

**પ્રાણઘાતક પ્રસંગ.**

જે માણસના હાથમાં જાડી દેખાતી ચોકડીની નિશાની હોય તેના જીવનમાં પ્રાણઘાતક પ્રસંગ આવે.

—૫—

## રેખાકૃતિઓથી લાભહાનિ.

પરમહંસ પરિવ્રાજકાચાર્ય શંકરસ્વામિ શ્રી ચિદમ્બરાશ્રમ મહારાજ ગ્રહસામુદ્રિક અધ્યાયના રેખાકૃતિઓથી લાભહાનિના સર્ગ વિષે નીચે પ્રમાણે સ્પષ્ટિકરણ કરે છે :—

**આત્મઘાતક આપત્તિ.**

જે માણસના હાથમાં જાડા દેખાતા તારાની નિશાની હોય તેના ઉપર આત્મઘાતક આપત્તિ આવે છે.

**જીવલેણ આફત.**

જે માણસના હાથમાં જાડી દેખાતી ચતુષ્કોણની નિશાની હોય તેના જીવનમાં તેના ઉપર જીવલેણ આફત ઉતરે.

**છુપી વિદ્યા પ્રત્યે પ્રીત.**

જે માણસના હાથમાં મધ્યમાં ત્રિકોણની નિશાની હોય તે છુપી વિદ્યા પ્રત્યે મુખ્યત્વે કરીને ધ્યાન આપનારો થાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ગુપ્તજ્ઞાનની શોધ.**

જે માણસના હાથના વચલા ભાગમાં વર્તુળની નિશાની હોય તે ગુપ્તજ્ઞાનની શોધમાં વિજય વરનારો હોય.

**દુર્ભાગી દર્દી.**

જે માણસના હાથમાં એક કરતાં વધુ જાળીની નિશાની હોય તે દુર્ભાગી દર્દી બને.

**વંધ્યત્વવાળી વનિતા.**

જે સ્ત્રીના હાથમાં ચોકડીની નિશાની હોય તે વંધ્યત્વને પામે: અર્થાત તેને સંતતિ ન હોય.

**ચોરીનો સ્વભાવ.**

જે માણસના હાથમાં ચાર ચોકડીની નિશાની હોય તે ચોરી કરવાના સ્વભાવનો થાય.

**હિંસક ખાસિયત.**

જે માણસના હાથમાં ઉંડી તારાની નિશાની હોય તે હિંસક સ્વભાવનો અથવા હિંસાને પાત્ર થવાના ભવિષ્યનો હોય.

**છળપ્રપંચની હલકી વૃત્તિ.**

જે માણસના હાથમાં ઉંડા ત્રિકોણની નિશાની હોય તે છળ-પ્રપંચી અને હલકી વૃત્તિનો થાય.

**ઘાતકી હૃદય.**

જે માણસના હાથમાં વધારે ઉપસેલા ચતુષ્કની નિશાની હોય તે ઘાતકી હૃદયનો બને.

**મુંઝી, ચિત્તભ્રમ સ્થિતિનો.**

જે માણસના હાથમાં ઝીણી જાળી હોય તે મુંઝી સ્વભાવથી ઉત્પન્ન થતી ચિત્તભ્રમ સ્થિતિનો હોય.

જગદ્‌ગુરૂ શ્રી પદ્મનાભાચાર્ય સ્વામિમહારાજ સૂર્યની આંગળીનાં ચિહ્નોની લાભહાનીની નિમ્નલિખિત આલેખે છેઃ—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**પવિત્રતાવાળો પુરૂષ.**

જે માણસના હાથમાં સ્પષ્ટ ચોકડીની નિશાની હોય તે પવિત્રતાવાળો પુરૂષ બને.

**વિજયકીર્તિની કિરણાવલિ.**

જે માણસના હાથમાં ચમકતા તારાની નિશાની હોય તે ભાગ્યતા, વિજય અને કીર્તિ મેળવવાની કિરણાવલિવાળો હોય.

**કળાવિજ્ઞાન.**

જે માણસના હાથમાં તીણા ત્રિકોણની નિશાની હોય તે કળાવિજ્ઞાનવાળો બને.

**વિજયશ્રી વરનાર.**

જે માણસના હાથમાં તીક્ષ્ણ વર્તુળની નિશાની હોય તે વિજયશ્રીને વરે છે.

**ગાંડપણવાળો.**

જે માણસના હાથમાં મોટી જાડી જાળીની નિશાની હોય તે ગાંડપણવાળો થાય.

**દ્વેષી સ્વભાવ.**

જે માણસના હાથમાં બહુ જાડી દેખાતી ઉપસેલી ચોકડીની નિશાની હોય તે નિષ્ફળતા મેળવે અને અભિમાનથી ઉત્પન્ન થતા દ્વેષવાળો બને.

**અસામાન્ય બળવાન.**

જે માણસના હાથમાં તરતા તેજસ્વી તારાની નિશાની હોય તે અસામાન્ય બળવાળો થાય.

**કળાસર્જક.**

જે માણસના હાથમાં ખાડા ખરબચડાપણા વિનાની ચોખ્ખા ત્રિકોણની નિશાની હોય તે કળાસર્જનની અદ્દભુત બુધ્ધિ-શક્તિવાળો બને.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**વિશિષ્ટ શક્તિશાળી.**

જે માણસના હાથમાં એક કરતાં વધારે ત્રિકોણની નિશાની હોય તે વિશિષ્ટ શાખાઓમાં સક્રિય થતી શક્તિવાળો થાય.

**વિજયવાન.**

જે માણસના હાથમાં ઉપર રાજશાખાળી વર્તુળની નિશાની હોય તે વિજયશાળી બને.

**અદેખો.**

જે માણસના હાથમાં ઝીણીઝીણી કાપાવાળી જાળીની નિશાની હોય તે અદેખા સ્વભાવનો થાય.

**દુઃખી.**

જે માણસના હાથમાં વાંકાચુકા અર્ધા ચંદ્રના આકારની રેખાની નિશાની હોય તે દુઃખી થાય.

**વ્યવસાયમાં વિરોધ.**

જે માણસના હાથમાં ભાગ્યરેખામાં ચોકડીની નિશાની હોય તેના વ્યવસાયમાં વિરોધ આવે.

**આત્મપ્રશંસા કરનાર.**

જે માણસના હાથમાં ઉંચ રેખામાં બહાર પડતા તારાની નિશાની હોય તે આત્મપ્રશંસા કરનારો, દંભી અને ઢોંગી થાય.

**પ્રકાશમાં આવવાની કળાવાળો.**

જે માણસના હાથમાં સૂર્યચંદ્રની મધ્યમાં ત્રિકોણની નિશાની હોય તે પ્રકાશમાં આવવાની કળાવાળો બને.

**વિજયલક્ષ્મીની પ્રાપ્તિ.**

જે માણસના હાથમાં કરાંગળીની પાસે વર્તુળની નિશાની હોય તે વિજયને પ્રાપ્ત કરે; અને લક્ષ્મી સંપાદન કરે.

**આશાની નિરાશા.**

જે માણસના હાથમાં ભાગ્યરેખામાં જાળીની નિશાની હોય તેની આશા નિરાશામાં પલટાઈ જાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બુધની આંગળીની રેખાઓના લાભાલાભની સમીક્ષા વૈદિક ધર્મોપદેશક શંકરાચાર્ય શ્રી મહાદેવતીર્થ મહારાજ નીચે પ્રમાણે કરે છે:—

**આત્મશ્લાઘા કરનાર.**

જેના હાથમાં એકબીજાને છેદતી રેખાઓની નિશાનીઓ હોય તે માણસ આત્મશ્લાઘા કરનારો અને અસત્ય સ્વભાવનો ધુતારો હોય.

**ભવિષ્યવેત્તા.**

જે માણસના શુભસૂચક હાથમાં ભાગ્યરેખાના મૂળમાં ચોકડીની નિશાની હોય તે ભવિષ્યની આગાહીનું જ્ઞાન ધરાવનાર થાય, અર્થાત ભવિષ્યવેત્તા બને.

**ચોરી કરનાર.**

જે માણસના અશુભસૂચક હાથમાં કર્મરેખામાં ચોકડીની નિશાની હોય તે ચોરી કરવાના સ્વભાવનો થાય.

**વ્યાખ્યાન કર્તા.**

જે માણસના હાથમાં વિદ્યારેખામાં તારાની નિશાની હોય તે ભવ્ય વક્તૃત્વશક્તિવાળો બને.

**ગુપ્તવિદ્યાની વૃત્તિ.**

જે માણસના હાથમાં બાહુમૂળના સૂર્યની સાથે ત્રિકોણની નિશાની હોય તે ગુપ્તવિદ્યા મેળવે તે વૃત્તિ રાખનારો હોય.

**વણિકબુદ્ધિ.**

જે માણસના હાથમાં ઉદયરેખાની ટોચે ચતુષ્કની નિશાની હોય તે વણિકબુદ્ધિનો બને.

**પ્રપંચી.**

જે માણસના હાથમાં બુદ્ધિરેખાના મૂળમાં જાળીની નિશાની હોય તે પ્રપંચી સ્વભાવ તથા ચોરવૃત્તિનો હોય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**મુશીબતો ભોગવનાર.**

જે માણસના હાથમાં ભાગ્યરેખા તથા ઉદ્યમરેખામાં ચોકડીની નિશાની હોય તે મોટી મુશીબતો ભોગવે.

**અપયશ મેળવનાર.**

જે માણસના હાથમાં ઉદ્યમરેખાની મધ્યમાં તારાની નિશાની હોય તે અપયશ મેળવે.

**ગુપ્તવિદ્યાનો જ્ઞાની.**

જે માણસના હાથમાં બુદ્ધિરેખાની મધ્યમાં ત્રિકોણની નિશાની હોય તે ગુપ્તવિદ્યાના જ્ઞાનને પ્રયોગમાં મુકવાની શાસ્ત્રીય ક્રિયાવિધિમાં સફળતા સંપાદન કરનાર થાય.

**ચપળતાને ધીમી કરનાર.**

જો કોઇ માણસના હાથમાં ચતુષ્કની નિશાની હોય તો બુધના સ્થાનથી સૂચિત થતી ચપળતા તે નિશાનીથી ઓછી થાય.

**મૂર્ખ.**

જે માણસના હાથમાં બુદ્ધિરેખાની ટોચે જાળીની નિશાની હોય તો તે મૂર્ખતાવાળો મનુષ્ય હોય.

**ચોરવૃત્તિનો.**

જે માણસના હાથમાં સાપના આકારની ઉભી રેખાઓની નિશાનીઓ હોય તે ચોરી કરવાની વૃત્તિનો માણસ હોય.

**ચોર.**

જે માણસના હાથમાં ઉભી રેખાઓ છેદતી આડી રેખાઓની નિશાનીઓ હોય તે ચોરી કરવાના સ્વભાવનો માનવી હોય.

**ચોરી કરવા ટેવાયલો.**

જે માણસના હાથમાં ઉભી રેખાઓની ઉપર ચોકડીની નિશાની હોય તે ચોરી કરવાની ટેવવાળી વ્યકિત થાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સારો વકતા.**

જે માણસના હાથમાં બુદ્ધિરેખાના અગ્રભાગે ખુલ્લા તારાની નિશાની હોય તે સારી વકતૃત્વકળાવાળો વકતા બને.

**રાજનીતિજ્ઞ પુરૂષ.**

જે માણસના હાથમાં બુધ્ધિરેખાની વચ્ચોવચ ત્રિકોણની નિશાની હોય તે રાજનીતિજ્ઞ પુરૂષ થાય.

**અવિચારી અને બેવકૂફ વ્યકિત.**

જે માણસના હાથમાં બુદ્ધિરેખા અને ઉદ્યમરેખામાં જાળીની નિશાની હોય તે માણસ અવિચારી અને બેવકૂફ વ્યકિત બને.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૭ મો.

## : રેખાસામુદ્રિક :

—૧—

## મુખ્યરેખામહિમા.

સનાતન ધર્મોપદેશક શંકરાચાર્ય શ્રી સચ્ચિદાનંદાશ્રમ મહારાજ રેખાસામુદ્રિકશાસ્ત્ર વિષે પ્રવચન કરતાં મુખ્યરેખામહિમા નીચે પ્રમાણે જણાવે છે:—

**ભાગ્યરેખા અને આયુષ્યરેખા.**

યથાયોગ્ય ભાગ્યરેખા અર્થાત્ પ્રારબ્ધરેખા મનુષ્યના હાથની હથેળીમાં નહિં દેખાવાથી સૂર્યરેખા અર્થાત્ વિજયરેખા, કે જીવનરેખા અર્થાત્ આયુષ્યરેખામાંથી અથવા આરોગ્યરેખામાં થઈને શનિ દેવતાના ડેરા કે ગુરૂ મહારાજના મંદિર પ્રત્યે જતી ઉપરેખા પણ ભાગ્યરેખાની જ જગ્યા રોકે છે. તે રેખા પ્રારબ્ધ-રેખાના જેવાંજ ફળ આપે છે. આ ભાગ્યરેખાનું અસ્તિત્વ તદ્દન ગરીબ માણસના હાથના પહોંચાની હથેળીમાંજ નથી હોતું. આ ભાગ્યરેખા મનુષ્યના હાથના પહોંચાની હથેળીના મૂળમાંથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નીકળી આયુષ્યરેખા વટાવી ચંદ્રદેવના ઘરમાંથી પસાર થઇ, મંગળ મહારાજના મંદિરમાં થઇને શુક્રદેવના સ્થાનમાંથી બહાર પડતી જોવામાં આવે છે, ને ભાગ્યરેખા માણસના હાથની હથેળીના મણિબંધમાંથી પ્રાદુર્ભાવ પામી શનિદેવતાના ગૃહસદન પર સીધી પહોંચતી દેખાતી હોય તો તેવી આકૃતિઓવાળો માણસ પોતાના પુરૂષાર્થના પુણ્ય પ્રતાપે નીચી પાયરીએથી ઉચ્ચ અધિકારે આરોહણ કરે છે. જો આ આકારની સાથે શરૂઆતથી જ જયરેખા જણાતી હોય તો તેવી આકૃતિવાળો માણસ નમુનેદાર નસીબદાર થાય છે.

**જયરેખા**

જો મનુષ્યના હાથમાં હથેળીની રેખાઓમાં જયરેખા જણાતી ન હોય કે મનુષ્યનો હાથ ગમે તેટલાં શુભચિન્હો દર્શાવનાર હોય તો પણ તે મનુષ્યને કોઇ પણ કાર્યમાં જીત મેળવવા ભારે શ્રમ વેઠવો પડે. તે માણસની મહેનતના બદલામાં પૈસાની પ્રાપ્તિ ઘણી થોડી થવા પામે. આમ થવાથી તે માણસ પરિશ્રમે પીડાઇ બહુ હતાશ થાય. પરિશ્રમથી કંટાળી તે નિરાશા સેવનારો પણ થઇ જાય.

જો મનુષ્યના હાથમાં ચંદ્રસ્થાનના નીચે પરથી ઉદ્ભવતી જયરેખા હોય તો તે પરીશ્રમથી પ્રાપ્ત કરવા જેવી આગાહી આપે છે. આની સાથે જો મસ્તકરેખા ચંદ્રદેવતાના ઘેર પ્રત્યે નમતી હોય તો માનવીને જય પોતાના બુદ્ધિબળ ને શરીરશક્તિના પ્રતાપે પ્રાપ્ત થાય છે. આ જયપ્રાપ્તિ તે ફેરફાર માણસની લગભગ પાંત્રીસ વર્ષની વય થાય ત્યારે થવા પામે છે. મનુષ્યના હાથના પહોંચાની હથેલીમાં આવેલી જયરેખા જો મનરેખાના સ્થાનમાંથી બહાર પડીને સૂર્યનારાયણના ગૃહસદન પ્રત્યે જતી જણાતી હોય તો આવા પ્રકારની રેખા જે સાલથી શરૂ થતી હોય તે વર્ષથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માનવી તેના વણજવ્યાપારમાં વિશેષ વિજય અને વસ્તુ સંપાદન કરે. આશરે બેતાલીસ પીસ્તાલીસ વર્ષ વીતી ગયા પછીનો આ પ્રકારની રેખા ધરાવતો માણસ પોતાના મનની મુરાદ મુજબ કાર્યસિદ્ધિ સંપાદન કરવા સામર્થ્યવાન થાય છે. સામાન્ય રીતે આ પ્રકારની રેખા પુર્વાવસ્થામાં નહિં, પરંતુ મનુષ્યની ઉત્તરાવસ્થામાંજ દ્રવ્યપ્રાપ્તિની સુખશાંતિનું ભાવિ ભાખે છે.

જો મનુષ્યની હથેળીમાંની જયરેખા જન્મીને સુર્યસદન તરફ જતી હોય તો જે સાલથી જયરેખા ભાગ્યરેખાના સ્થાનથી છુટી પડતી હોય તેજ સાલથી માણસને તેના ધંધામાં સફળતા મળે, ને પૈસા પણ મળવા માંડે. હથેળીમાંની જયરેખા જો વાંકાચુકા થતા સાપની આકૃતિના જેવા આકારની હોય તો તેને ધરાવનાર માણસની નાણાં-વિષયક સ્થીતિ ડામાડોળ ને મહાન મુંઝવણકારી હોય છે. જો માણસના હાથની હથેળીમાંના શુક્રદેવતાના ડેરાપરથી આવિર્ભાવ પામતી આકૃતિ જયરેખાને ભેદી નાખતી દેખાતી હોય તો તે આકારવાળા મનુષ્યને તેનાં કોઇ સગાંવહાલાં, સ્નેહીસંબંધી કે મિત્ર-મંડળને લીધે છાંટા ઉડી ધનની હાનિ પહોંચે છે. જો આવા પ્રકારના આકાર પર જવ જેવી આકૃતિ જણાતી હોય તો તે પુરૂષને દ્રવ્યહાની સાથે કીર્તિની પણ હાનિ થાય છે.

વર્ણાશ્રમકર્મોપદેશક શારદાપીઠાધીશ્વર શ્રી વિદ્યાશંકરાચાર્ય મહારાજ રેખાસામુદ્રિકના ચિહ્નચરિત્રવિભાગ વિષે વિવરણ કરતાં નીચે મુજબ જણાવે છઃ—

જો મનુષ્યના હાથની હથેળીમાં જયરેખાની છેવટે સૂર્ય-નારાયણના સ્થળ ઉપર ચાંદનીની નિશાની હોય છે, તો તે માણસ બહુજ ઇજ્જતઆબરૂવાળો, માનમર્તબાવાળો તથા કીર્તિ-પ્રતિષ્ઠાવાળો પ્રસિધ્ધ પુરૂષ બને છે. જો જયરેખા પોતાના પંથમાં કોઇ પણ સ્થળે ઓચિંતી બેવડી બની જતી જોવામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવે છે, તો તે માનવીને નહિં ધારેલ સ્થળેથી ઓચિંતો લક્ષ્મીનો લાભ આવી મળે છે. મનુષ્યની હથેળીમાં જો કોઇ રેખા ચંદ્રદેવતાના ચંદનીચોકમાંથી શરૂ થઇને જયરેખા સાથે મુલાકાત કરતી જણાય છે ને તેનામાંથી બીજી રેખા બહાર પડીને જયરેખાની બરાબર વિહરતી હોય છે, તો તેવાં ચિહ્નોવાળા મનુષ્યને લગ્ન થવાથી સાસરિયાંથી અથવા તો અન્ય કોઇ સગાં-વ્હાલાં, સ્નેહીસંબંધી કે મિત્રમંડળથી શ્રીની સિધ્ધી થાય છે; તેવા મનુષ્યને આવાં કોઇ મનુષ્યો તરફથી દ્રવ્યપ્રાપ્તિનો યોગ હોય છે.

વિજયરેખા પોતાના પ્રવાસમાર્ગમાં જો તેજહીન બની ઝાંખી પડી જતી હોય છે તો તે માણસને કલદારની તાણમતાણ રહે છે. તેની સ્થીતિ 'વસુ વિના નર પશુ' જેવી થાય છે. જો નાનીનાની આકૃતિઓ વિજયરેખાને વિંધી નાખતી હોય તો તેનાથી લક્ષ્મીલાભમાં અડચણો ઉભી થાય છે. દ્રવ્યહાની પણ થાય છે. જો આવી ઝીણી આકૃતિઓ વિજયરેખાને ભેટતી જણાય છે તો તે ચિહ્ન સારૂં જાણવું. આમ હોય તો મનુષ્યના વસુમાં વધારો થવા પામે છે. નાણાં હરતાંફરતાં થવાથી અંતઃકરણ આનંદમાં રહે છે. ચંદ્રમાના ચોકની ઉપરથી શરૂ થતી કોઇ આકૃતિ વિજયરેખાને આરપાર ભેદી નાખે છે, તો તે માણસને પ્રેમના પ્રસંગમાં નાણાંનું નુકશાન જાય છે. જો આ પ્રકારના આકાર પર જવની નિશાની જણાતી હોય તો તે માણસને પૈસાથી ન પતતાં ઇજ્જતઆબરૂની બરબાદી થતી જાતે જોવી પડે છે. પહોંચાની હથેળીમાં આવેલી વિજયરેખા પર ચતુષ્કની આકૃતિનો આભાસ થતો હોય છે તો હરીફો તથા દુશ્મનો તરફથી માન પ્રતિષ્ઠાનું જાહેર લિલામ કરવાના પ્રયાસોમાંથી તે આબાદ છટકી જવા પામે છે. હથેળીમાં સૂર્યના સ્થાન પર એક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરતાં વધારે આકૃતિઓ જણાય તો તે ચિહ્નોને અંગે માનવીને એક કરતાં વધુ સાધન-સામગ્રીઓ મળી આવે છે. તે આકૃતિઓ-માંથી જેટલા આકારો શક્તિશાળી ભાસતા હોય તેટલા પ્રમાણમાં માલપાણી મળવામાં શક્તિવાન સાધનસામગ્રી હોય છે. મનુષ્યના હાથની હથેળીમાંના સૂર્યનારાયણના ગૃહસદન પર ઉભી લીટીઓ જેવી નાનકડી બહુ આકૃતિઓ જણાતી હોય તો તે માણસ દ્રવ્ય સંપાદન કરવા પોતાના મનમાં અનેક પ્રકારના તરંગોનું સેવન કર્યા કરે છે, પરંતુ જય પ્રાપ્ત કરવામાં જોઈએ તેટલી સ્થિરતા તેના હૃદયમાં હોતી નથી.

હથેળીમાં આવેલી ઉદયરેખાના આરંભથી જયરેખા પણ ઉદ્ભવતી હોય, ને તેની સંગાથે સરખે અંતરે સૂર્ય-નારાયણના ગૃહભુવન પર આક્રમણ લઈ જતી જણાતી હોય તો તે ચિહ્ન ધારણ કરનાર માણસ તેજદાર તકદીરનો ને સુખ ભોગવ-નારી સાધનસામગ્રીવાળો બની આયુષ્યના આરંભકાળથી જય ને [illegible] મેળવતો જણાય છે. એવી આકૃતિવાળા માણસને સિદ્ધિ સંપાદન કરવા ઝાઝી મહેનત ઉઠાવવી પડતી નથી. સ્થિતિ ને સંજોગો ઇત્યાદિ સર્વ વસ્તુઓ તે માણસને સહાયક બનતી જાય છે. મનુષ્યના હાથની હથેળીમાંની જયરેખા જો સૂર્યગ્રહના ગૃહ ઉપર જતાં વચ્ચે બુધગ્રહના ગૃહ પર આક્રમણ કરે છે તો તેવી આકૃતિવાળો માણસ વાણિજ્યવ્યાપાર, દીક્ષા કે વિજ્ઞાનવિદ્યાની સંસ્થાના ક્ષેત્રમાં વિશેષ વિજયશ્રી વરવા ભાગ્યશાળી બને છે.

હથેળીમાં આવેલી વિજયરેખામાંથી અન્ય આકૃતિઓ ઉદ્ભવ પામી ઉંચે જતી જણાય તો તે ચિહ્ન વડે કરીને તે આલમમાં તે માણસની દ્રવ્યવિષયક વિપન્ન પરિસ્થીતિમાં સંતોષકારક સુધારો થઈ સુખશાન્તિ પ્રસરે છે. જો વિજયરેખા કોઈ વિશુદ્ધ આકારમાં જુદી પડતી હોય, તો તે ચિહ્નવાળો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માણુસ પોતાની યોગ્યતાના પૂર્ણપ્રભાવે માનમર્તબો, ઇજ્જતઆબરૂ હોદ્દેદારજગ્યો, કીર્તિપ્રતિષ્ઠા ને સુખવૈભવના ગિરિશિખરે પહોંચાડનાર નસિબદાર નીવડે છે. પરંતુ જો વિજયરેખામાંથી ત્રિશૂળની આકૃતિનો આવિર્ભાવ ન થતાં એકજ શાખા જૂદી પડતી હોય તો તે ફાંટાવાળો માણુસ પોતાના આંતરિકબળોને પોતાના પસંદ કરેલા વ્યવસાયકાર્ય શિવાય અન્ય નોખાંજ રસ્તે ઉપયોગમાં લેતો હોય છે. તેમજ તેવી રીતે પૈસાની પ્રાપ્તિ માટે અહર્નિશ યત્નશીલ બનતો હોય છે. હથેળીમાં જો વિજયરેખાથી સરખે છેટે સીધી આકૃતિઓ સૂર્યનારાયણુના સદન પર આવેલી અવલોકાતી હોય તો તેવા આકારોવાળો માણુસ ઉત્તરાવસ્થામાં અનહદ ઇજ્જતઆબરૂ સંપાદન કરવા પ્રારબ્ધવાન બને છે.

—૨—

## ગૌણુ રેખાકૃતિઓ.

પાખંડપંચખંડનાચાર્ય દ્વારકામંહાધીશ્વર શ્રી અભિનવ સચ્ચિદાનંદતીર્થ સ્વામિજી રેખાસામુદ્રિકની ગૌણુ રેખાકૃતિઓ વિષે નીચે મુજબ વર્ણન કરે છેઃ—

મનુષ્યના હાથની હથેળીમાં આવેલી ગૌણુરેખાઓમાં મંગળરેખા, આરોગ્યરેખા, દુર્વ્યસનરેખા, પ્રભુપ્રેરણારેખા, ગુરૂમંડળ, શનિકંકણુ ને શુક્રમેખલા મુખ્ય રેખાઓ મનાય છે. આ રેખાકૃતિઓ પ્રત્યેક માનવીના હસ્તના આકારોમાં અવલોકવામાં આવતી નથી.

### મંગળરેખા.

મનુષ્યના હાથના પહોંચાની હથેળીમાં આવેલી મંગળની રેખા મંગળ મહારાજની ઝઘડાખોર જબાન, ખંાશિયત ને તાકાત બતાવે છે. આવી રેખાવાળા માણુસો પોતાના રહેવાના મકાનની આસપાસના કે પોતાના ધંધારોજગારની દુકાનની આસપાસના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[illegible] સાથે હંમેશાં ઠેરઠેર વિહાર કરે છે. તે કારણને લીધે તેવાના લોકોની મોજશોખ બહારની જીંદગીમાં પણ ફાટી નીકળે છે. જો માણસના હાથની હથેળીમાંની આવા પ્રકારની રેખાકૃતિમાંથી એક રેખાકૃતિ બહાર પ્રગટ થઇ બહાર પડી ચંદ્રગ્રહના ગૃહ પ્રત્યે વિસ્તરતું દેખાય તો તે માનવીના દેહનો ઇન્દ્રિવિભાગ બહુ બહેરો હોવાને લીધે તેવી પ્રકૃતિનો માણસ માદક પીણાં તથા કામી કામના પ્રત્યે આકર્ષાય આવી રેખાકૃતિને છેડે જો ચાંદનીની નિશાની નજરે પડે છે, તો તેવા માનવીનું નશાખોરી અને ઇશ્કબાજીમ અવસાન થાય છે.

**આરોગ્યરેખા ને આયુષ્યરેખા.**

માણસના હાથની હથેળીમાં કેટલીક વખત અશકિતનો આભાસ આપતી આયુષ્યરેખાથી સરખે અંતરે મંગળ મહારાજની રેખા નજરે પડે છે. આ રેખાવાળા માનવીનું કાયિક સ્વાસ્થ્ય જોખમાયેલું રહેતું હોવા છતાં પણ આવા પ્રકારની મંગળદેવતાની રેખા જીંદગીનું રક્ષણ કરવાને શકિતશાળી થાય છે. જો આયુષ્ય-રેખા અવિચ્છિન્ન નહિં રહેતાં કોઇ જગ્યાએ તૂટી જતી હોય તે ત્યાં પણ તેનાથી સરખે અંતરે મંગળદેવની રેખા દેખા દેતી હોય તો તે માણસ જીવલેણ બિમારીનું બલિદાન બનતાં બચી જાય છે, અર્થાત્ તે મરતો નથી. હથેળીમાં જો મંગળગ્રહની રેખા અર્ધી જીંદગી પછી આયુષ્યરેખાની બરાબર સામે આયુષ્યરેખાની સમાપ્તિ સુધી ચાલી જતી જોવામાં આવતી હોય તો તે માણસ પરદેશમાં શોકજનક સ્થિતિસંજોગોનો ભોગ થઇ મૃત્યુ પામે છે.

**આરોગ્યરેખા ને દુર્વ્યસનરેખા.**

મનુષ્યની હથેળીમાં આરોગ્યરેખાનો ઉદય માતાના ઉદરે અવતરવાની અવસ્થાથી નથી હોતો એવું અનુભવવૃદ્ધ તથા [illegible] જ્યોતિષિઓનું માનવું છે. માનવીના હાથમાંની આરોગ્યરેખા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોઇપણ પ્રકારના દુ:ખદર્દની આગાહી આપે છે. જ્યારે આરોગ્ય-રેખા આયુષ્યરેખાને આરપાર વીંધી નાખે છે ત્યારે રોગરંજાડ વધી પડી આદમી અવસાન પામે છે. હથેળીમાં દુર્વ્યસનની રેખાની હયાતી અફલાતુન ઇશ્કબાજી તથા બેહદ નશાબાજીનું ભાવિ ભાખે છે. આ રેખા જો આયુષ્યરેખાને ભેદ્યા વિના મણિબંધના મેદાન તરફ ચાલી જાય તો તેવી રેખા ધરાવનાર માણુસની વિષયવાસના બહુ બલવત્તર હોય છે. તેને પોષણ આપવા તે દુર્વ્યસન પણ કરે છે. પરંતુ આ રેખા મણિબંધ તરફ ન જતાં જીવનરેખાને આરપાર ભેદી નાખે ને શુક્રના સદન તરફ વળે તો તેવી આકૃતિ-વાળો માણુસ રંડીબાજી ને નશાખોરીના ઘોડાને પૂરપાટ છોડી મુકતાં પોતે દીર્ઘાયુષી હોવા છતાં હાથે કરી અલ્પાયુષી બની જીંદગીનો અકાળે અંત લાવે.

**પ્રભુપ્રેરણા.**

હથેળીમાં પ્રભુપ્રેરણાની રેખા આરંભકાળની ચોખંડી, શોધક-વૃત્તિના હાથને સંજોગસાનુકુળ નહિં હોતાં તે મોટે ભાગે અન્યકોટિના હાથમાં હયાતિ ભોગવતી દૃષ્ટિગોચર થાય છે. આવી શ્રેણીની આકૃતિવાળા આદમીઓ ને ઓરતોને ભાગ્યચક્રમાં છુપાઇ રહેલી ઘટનાની અદ્‌ભુત પ્રકારે આગાહી થવા પામે છે. આવાં નરનારીઓને નિદ્રાવસ્થામાં ભવિષ્ય ભાખતું સ્વપ્નદર્શન થાય છે. તેમજ કેટલાક પ્રસંગે તેમને ઉંઘતાં ન હોવા છતાં પણ જાગતાં સ્વપ્નાં આવે છે. જ્યારે આ પ્રકારનો આશ્ચર્યકારક બનાવ બને છે ત્યારે તે સ્ત્રીપુરૂષોને જાગૃત અવસ્થામાં પણ નિદ્રાવસ્થામાંથી આવતી આત્મસ્ફુરણની અન્ય અવસ્થાઓનો આભાસ થાય છે. હાથની હથેળીમાં વિરાજમાન થયેલું ગુરૂમંડળ યોગક્રિયાની ફળસિધ્ધિનું ભાવિ ભાખનારૂં ચતુર ચિહ્ન છે. તે યોગક્રિયાઓનો થયેલો, થતો કે થનારો ફેલાવો બતાવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમજ આ ગુરૂમંડળ સિધ્ધિશક્તિ સંપાદન કરવાની ગુપ્તજ્ઞાનની અનેરી આગાહી આપે છે.

અવૈદિકમતખંડનાચાર્ય જગદ્‌ગુરૂ શ્રી શશિશેખરાશ્રમ સ્વામિજી રેખાસામુદ્રિકના શનિકંકણુ તથા શુક્રમેખલા સર્ગ વિષે નીચે અનુસાર વકતવ્ય કરે છે:—

**શનિકંકણુ ને શુક્રમેખલા.**

મનુષ્યના હાથના પહોંચાની હથેળીમાં આવેલું શનિદેવતાનું શનિકંકણુ દુર્દશાની નિશાની પુરી પાડે છે. માણુસની હવાઇ કિલ્લા બાંધનારી શેખચલ્લીશાહી તરંગી પ્રકૃતિ પ્રદર્શિત કરે છે. હરકોઇ કાર્યમાં પરાજય દેખાડે છે. ડામાડોળ દિલ દર્શાવે છે. મગજને ચક્રાવે ચઢેલું દેખાડે છે. નિરૂત્સાહી નીતિ સાબીત કરે છે. શોકાતુર સ્વભાવ દર્શાવે છે. જો આ રેખા સાથે પ્રજ્ઞા· રેખા ભંગીતુટી જવ સાથેની કે સાંકળના આકારની અવલોકવામાં આવે તો તે માણુસ મગજશક્તિનું સમતોલપણું ગુમાવી બેસે છે. તેવી રેખાવાળો માણુસ જીંદગીમાં પરાજય વિના અન્ય કાંઇ પણુ પ્રાપ્ત કરી શકવાને અસમર્થ નિવડે છે. માણુસની હથેળીની આ આકૃતિ સાથે પ્રજ્ઞારેખા ચંદ્રમાના ચોક પ્રત્યે નમી જતી જોવામાં આવતી હોય તો એ પ્રકારનાં માનવી ત્રિશંકુની સ્થીતિમાં લાવી મુકનાર હવાઇ ખ્યાલો રાખી પોતાની શોકાતુર પ્રકૃતિને વિશેષ શોકાતુર કરી મુકે છે. તે નિરાશાવાદી બની જઇ જીંદગીમાં જય મેળવવાથી સદા દૂર ને દૂર રહેતાં જાય છે.

મનુષ્યના રૂષ્ટપુષ્ટ હાથની લોહિયાળ હથેળીમાં જો મુખ્યત્વે કરીને શુક્રનાં ગૃહો પ્રમાણુ કરતાં વધારે ઉપસી ગયેલાં જણુાય ને ચંદ્રગ્રહ ને શુક્રદેવ મજણુન હથેળીના મૂળભાગ પાસે અરસપરસ મળી જતા જોવાય તો તે શુક્રમેખલાની સંજ્ઞાથી સંબોધાય છે. આ પ્રકારની શુક્રમેખલા વિષયવાસનાની પ્રચંડ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રબળતા પ્રદર્શિત કરે છે. આવા ચિહ્નવાળા મનુષ્યોનું મન હંમેશાં ભોગવિલાસ ભોગવવાને તરફડિયાં મારતું હોય છે. એવા માનવીને સ્વપ્નાવસ્થા કે જાગૃતિમાં સ્ત્રીસ્વરૂપોનાં જ દર્શન થયાં કરે છે. આવો માણસ એકાંત મળતાં કદી શાંત રહી શકતો નથી. મને કે કમને, સ્વેચ્છાએ કે અનિચ્છાએ પણ તે પોતાની વિષય વાસનાને તૃપ્ત કરવા તૈયાર થઇ જાય છે. ગમે તેવું સાહસ ખેડતાં પણ તે અચકાતો નથી. કેટલીક વાર કળારસિક ને યોગપ્રિય હાથમાં પણ આ પ્રકારની નિશાની નજરે પડે છે. આવી શ્રેણીનો મનુષ્ય અતિશય ઝડપથી લાગણીને વશ થનારો જોવામાં આવે છે. બહુજ કડક મગજને લીધે સાધારણસાધારણ બાબતમાં તે જોતજોતામાં નાગની માફક છેડાઇ પડી ઘુમબરાડાના ફુંફાડા મારવા મંડી પડે છે. આવો બેહદ તીક્ષ્ણ લાગણીવાળો મનુષ્ય ક્ષણિકમાં આશાવાદી ને ઉદાસી જણાય છે. આવા મનુષ્યોની પ્રકૃતિ તીવ્ર ને વૃત્ત ચપળ હોય છે. આ અનર્થકારી શુક્રમેખલાની આકૃતિ જ્યારે પૂરેપૂરી અર્ધગોળાકૃતિમાં ને અર્ધલંબાકાર જણાય છે ત્યારે તેના મનમાં ઉન્માદવાયુ અર્થાત્ મૃગીનું દર્દ કે હીસ્ટીરીઆનો વ્યાધી કે નિરાશાની ઉપાધી થયેલી લાગે. સ્ત્રીઓના હાથની હથેળીમાંની આ પ્રકારની આકૃતિથી ઉન્માદી દર્દ લાગુ પડવાનો યોગ હોય છે. શુક્રરેખા જો વિવાહરેખાને ભેદી આરપાર નીકળી જતી હોય છે તો તે માણસની પરણ્યા પછીની સાંસારિક જીંદગી બહુ જ દુ:ખ દેનાર નિવડે છે. તેના દુ:ખનું મુખ્ય કારણ તેનો જલદ સ્વભાવ જ હોય છે. આવા સ્વભાવવાળો માણસ પરણ્યા પછી પોતાની સ્ત્રીમાં કલ્પી પણ ન શકાય તેવાં લાખેણાં લક્ષણો જોવા રાતદિવસ ઇચ્છા કર્યા કરે છે, ને તે પ્રમાણેના ગુણો પોતાની સ્ત્રીમાં ન જોતાં તે પોતાના પરિણિત જીવનમાં વિખવાદનાં ઝેર રેડે છે. પત્નિ ગમે તે ભોગે પણ તેને રાજી રાખી શકતી નથી ને સંસાર ક્લેશમય બની જાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હથેળીમાં આવેલી શુક્રદેસ્તાની શુક્રમેખલાની આકૃતિ પર ચાંદનીની નિશાની નજરે પડે તો વિર્યવિકાર તથા તેને લગતા પીડાકારી રોગો લાગુ પડે છે. જો માણસના હાથમાંની શુક્રમેખલા શનિદેવતાના ડેરા ને સૂર્યનારાયણના દેવળની આજુબાજુ ન ફરી વળતાં ગુરૂના ગ્રહભવન તથા શનિમહારાજના ગ્રહસદનની પ્રદક્ષિણા કરતી જણાય છે તો તેવી આકૃતિવાળો માનવી ગુરૂમહારાજની મહત્તા તેમજ શનિદેવતાના ભાગ્યથી દૂર રહે છે. તદુપરાંત તે પોતાની પ્રિયતમાની અતિશય રતિપ્રિયતાથી પોતાનો પરિમિત સંસાર નિષ્ફળ નિહાળે છે. માણસના હાથના પહોંચામાં આવેલી શુક્રમેખલારેખા ભાગ્યરેખા, વિજયરેખા ને આયુષ્યરેખાને ભેદતી આરપાર પસાર થઇ જતી હોય તો તે માણસના મનની કામવાસનાની અનહદ લોલુપતાને પ્રતાપે તેના ગૃહસ્થાશ્રમમાં વિજયશાળી બનવાના માર્ગમાં તેને અસંખ્ય આપત્તિઓનો સામનો કરવાના દુઃખદ દીવસો આવે છે.

—૩—

## વિવાહલગ્નકૃત ને વંશવારસાસિદ્ધ.

વૈદિકધર્મમંડનાચાર્ય શંકરસ્વામિ શ્રી વાસુદેવાચાર્ય મહારાજ રેખાસામુદ્રિક અધ્યાયના વિવાહલગ્નસર્ગનું વિવેચન કરતાં જણાવે છે કેઃ—

**મણિબંધ.**

મનુષ્યના હાથની હથેળીમાં આવેલા મણિબંધના મેદાનમાં પ્રથમ આકૃતિ ઉંચે જતી જણાતી હોય છે તો તે માણસમાં મર્દાનગીની ન્યુનતા તથા તે નારીમાં નારીત્વની ન્યુનતા જણાવે છે. આ પ્રથમ આકૃતી પર જો ચોકડીની આકૃતિ જણાતી હોય તો તે માણસની જીંદગી શરૂઆતમાં સંકટ—અશાંતિવાળી હોય છે. આ ચોકડીના ચિહ્નને સ્થળે જો ત્રિકોણાકૃતિ હોય તો તે માણ—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સને જન્મ સાથેજ વડિલોપાર્જિત જય મળે છે. આ ત્રિકોણાકારના અંદરના ભાગમાં ચોકડીની નિશાની હોય છે તો તે મનુષ્યને સગપણનો વારસાહક્ક મળવાથી ધનદોલતની પ્રાપ્તિ થાય છે. આ આકૃતિ પર જો ચાંદનીની આકૃતિ જણાય છે તો તેવા માણસને સગપણનો વારસો પ્રાપ્ત કરવાનો અવસર મળે છે. જો આવી આકૃતિ હોય, ને હાથની બીજી રેખાઓ અનિષ્ટસૂચક હોય તો તે માણસને વારસાહક્ક ન મળતાં અનાથસી ભારી જીંદગી ભોગવવી પડે છે. મણિબંધના મેદાનમાંથી એક આકૃતિ સીધી બહાર પડી ગુરૂદેવતાના ગ્રહભુવન પ્રત્યે ચાલી જતી હોય છે તો તેવા પ્રકારની આકૃતિ જમીનની માંગલિક મુસાફરી ને જળની સફળ સફર સાથે ધનદોલત મળવાની આગાહી આપે છે. જો મણિબંધના મેદાનની પાસે ત્રણ ચાર આકૃતિઓ દેખાતી હોય, ને તે સીધી સળંગ જતી હોય તો માણસના તનબદનની તંદુરસ્ત સ્થિતિ ને દ્રવ્યસંપત્તિ સંતોષકારક રીતે રહેવા પામે છે. પ્રથમ પ્રતિક જો સાંકળના આકારનું હોય છે તો તે માનવીને યુવાવસ્થામાં આપત્તિઓમાંથી પોતાનો પંથ પસાર કરવો પડે છે; પરંતુ મધ્યમાવસ્થામાં તેનું ફળ દૂર થઇ જઇ વૃદ્ધાવસ્થામાં તે માણસ સુખશાંતિ ભોગવવાને ભાગ્યશાળી બને છે. આ આકૃતિઓમાંના પ્રથમ આકાર પર શરીરસ્વાસ્થ્ય, બીજા આકાર પર ધનસંપત્તિ તેમજ ત્રીજા આકાર પર સુખભોગ ભાખવામાં આવે છે. કેટલાક પ્રસંગે વિવાહલગ્નઆકૃતિ અને વંશવારસાવૃદ્ધિ ચંદ્રમાના ચોક પરથી આરંભાઇ ભાગ્યરેખાકૃતિમાં મળી જતા આકાર પરથી કે આયુષ્યરેખાથી સરખે છેટે ચાલી જતા શુક્રદેવતાના ગ્રહસદન પરના ચિહ્નના આધારે ચોક્કસપણે નક્કી થાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**લગ્ન ને સંબંધ.**

જો હથેળીમાં સૂર્યનારાયણનું ગ્રહમંદિર ખીલી ઉઠેલું ન દેખાતું હોય, ને શુક્રગ્રહનું ગ્રહસદન પૂરબહારે ખિલેલું હોય તેના પર આડીઅવળી અનેક આકૃતિઓ દેખાતી હોય, કિંવા ચંદ્રદેવ તથા શુક્રદેવતાનાં ગ્રહભુવનો પરસ્પર એકત્રિત થઇ જતાં હોય, તો તેવા આકારોવાળા માનવીના હાથમાં બુધદેવના સ્થળ પર લાંબી લગ્નાકૃતિ નહિં દર્શાવતાં પરપ્રમદાઓ સાથેના અનિષ્ટ સંબંધોની આગાહી આપે છે. જે મનુષ્યો એક કરતાં વધારે વનિતાઓ સાથે વિલાસ ભોગવનાર દુરાચારી હોય છે, તેવા મનુષ્યના ગ્રહભુવન પર જાળીની જારકર્મની આગાહી આપનાર વિલાસવૃત્તિ દર્શાવતી વ્યભિચારદર્શક આકૃતિ જોવામાં આવે છે. બાકી જો મનુષ્યના પહોંચામાં સીધી લગનરેખા દેખાતી હોય તો પરણેલાં દંપતિની વચ્ચે આદર્શ સ્નેહસંબંધ સચવાઇ રહે છે. માણસની હથેળીમાંની લગનરેખા જો અંતરરેખા તરફ વાંકુ નમી ગયેલી હોય તો તે વરવધુનું દંપતિજીવન કલેશકંકાસ ભરેલું નીવડે, આપત્તિ ને દુઃખદર્દથી હેરાનપરેશાન કરતું થઇ જાય છે. આ અવસાન કંકાસનો મૂળ સબબ મોટે ભાગે પતિની ચાલુ સખ્ત બિમારી હોય છે. લગનરેખા જો મનરેખા તરફ ઝુકી હોય છે તો તે સ્વામિ પહેલાં સ્ત્રીનું મૃત્યુ થવા પામે છે. સ્ત્રીના હાથમાં જો આવી નિશાની જણાય છે તો તેના પતિનું પત્નિ પહેલાં અવસાન થાય છે. જો લગનરેખા બુધગ્રહની આંગળી પ્રતિ નમતી હોય તો તેવી રેખાવાળા માણસનું વિધિપુરઃસરનું લગ્ન જ થવા પામતું નથી. આવો અનિચ્છનીય વાંઢાયોગ જે સાલમાં આવતો હોય તે સાલમાં તે આકારવાળા માનવીને કોઇક સ્ત્રી સાથે સ્નેહસંબંધ થઇ પ્રેમપ્રસંગ પ્રાપ્ત થાય છે. આથી તે બંને વિધિપુરઃસર પરણી જવાની મહેચ્છા કરે છે. પરંતુ તેઓ એકબીજાનાં પતિપત્નિ થઇ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શકતાં નથી. માણસના હાથમાં જો જવની નિશાની જણાતી હોય છે તો વરવધુની પરિણિત જીંદગી દુઃખી ને અસંતોષી રહે છે. આ પ્રકારની આકૃતિ જેટલા સમય સુધી લગ્નરેખા પર દેખાતી હોય તેટલા સમય સુધી ધણીધણીઆણી એકબીજાથી વિખુટાં પડી જુદાં રહે છે. લગ્નરેખા જો બે ભાગોમાં વહેંચાઇ જતી હોય છે તો તે પતિપત્નિના પરિણીત જીવનમાં આકસ્મિક ભંગ પડે છે. જો બુધદેવતાના ગ્રહસ્થળ પર લગ્નદર્શક ચિન્હ સાફસાફ દેખાતું હોય છે, ને ચંદ્રમાના ચોકની જગ્યા પરથી સ્વચ્છ ને ચોકખી આકૃતિ બહાર પડી ભાગ્યરેખામાં ભળી જતી હોય છે, તો તેવાં નરનારીનું વિધિપુરઃસરનું લગ્ન ને દંપતિ જીવન શ્રીની સિધ્ધિ સંપાદન કરાવનારૂં થઇ પડે છે.

વૈદિકકર્મમંડનાચાર્ય શંકરાચાર્ય શ્રી પુરૂષોત્તમતીર્થ મહારાજ રેખાસામુદ્રિક અધ્યાયના વિવાહલગ્નકૃતિસર્ગના વંશવારસાસિધ્ધિવિભાગ પર નીચે પ્રમાણે વિવરણ કરે છે.

**સંતતિ.**

હથેળીની બહારની જગ્યામાંથી અંદરની જગ્યામાં જતાં લગ્નરેખાની આકૃતિમાંથી ઉદ્‌ભવતા આકારો સંતતિરેખાઓના સંજ્ઞાથી ઓળખાય છે. આ આકારો લગ્નરેખાના સ્થાનમાંથી પ્રગટ થઇ આડાઅવળા ન જતાં સીધાસટ બુધદેવતાના ગ્રહભુવન પર આક્રમણ કરતા દેખાય તો તે સંતતિ રૂષ્ટપુષ્ટ, તંદુરસ્ત તથા તાકાત–તાજગીવાળી હોય. આ આકૃતિઓમાંની તેજહીન જણાતી આકૃતિઓ ઓજસ વિનાનાં અશક્ત બાળકોનું સૂચન કરે છે. આવી નિશાનીઓ જો પ્રારંભમાં જવ જેવી, ને પાછળના વખતમાં સીધી ને સાફ દેખાતી હોય તો તે પર આધાર રાખનાર બાળક જીંદગીની શરૂઆતમાં અતિશય મંદવાડ ભોગવે છે. મોટું થતાં તે બળવાન, કાન્તિવાન ને પ્રભાવશાળી બને છે. જવનું ચિહ્ન જો આકૃતિની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છેવટના ભાગમાં જણાતું હોય તો તે પર આધાર રાખતું બાળક મરણને શરણ થઇ જાય છે. આવી સંતતિસૂચક આકૃતિઓમાંની તેજદાર ને સાફ આકૃતિઓ ચમકતા સિતારાવાળાં અને તેજદાર તકદીરનાં બાળકોનું સૂચન કરે છે. સંતતિની રેખાઓ બનતા સુધી જનેતાના હાથમાં વધારે સ્પષ્ટ હોય છે. તેના હાથમાં તે વધારે સ્વચ્છ, સાફ ને ઓજસવાન જણાય છે. આ કારણે કરીને સંતતિનિર્ણય કરવા માટે દંપતિયુગલના હાથની નિશાનીઓ મેળવી જોવાની ખાસ જરૂર રહે છે.

જે નારીની હથેળીમાં ગુરૂમહારાજના ગ્રહમંદિર પર ચોકડીનું ચિહ્ન દેખાય ને ભાગ્યરેખા ચંદ્રમાના ચોકની જગ્યા પરથી આવિર્ભાવ પામી અંતરરેખામાં મળી જતી હોય તો તે ધરાવનારનું લગ્ન સુખશાંતિભર્યું જાણવું.

—૪—

## આયુષ્યરેખા ને આરોગ્યરેખા.

વેદધર્મોધ્ધારક જગદ્‌ગુરૂ શ્રી જનાર્દનાશ્રમ સ્વામિજી રેખાસામુદ્રિકના આયુષ્યરેખાસર્ગ પર વક્તવ્ય કરતાં નીચે પ્રમાણે જણાવે છે.

**અવસાનનો આકાર.**

મનુષ્યની હથેળીમાં જે રેખાકૃતિ તર્જની અંગુલિ ને અંગુઠાના મધ્યમાંથી ઉત્પન્ન થઇ મણિબંધ પર્યંત જતી હોય છે તે રેખા આયુષ્ય–આયુરેખાને નામે ઓળખાય છે. જે મનુષ્યના ઉભય હાથોની પહોંચાની હથેળીઓમાં મનરેખા જણાતી નથી તે માણસ અણધાર્યો અવસાન પામે છે. આયુષ્યરેખા જ્યાં પાતળી પડી જતી હોય તે સાલમાં તે માણસને બિમારીને બિછાને પટકાઇ પડવું પડે છે. તે આકૃતિ પર ગુરૂમહારાજના ગ્રહમંદિરના સ્થળે જો ચાંદનીની આકૃતિ હોય છે તો તે મનુષ્યની જનેતા જલ્દી મરણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પામે છે. તે રેખાકૃતિ મંગળમહારાજના અહભુવનમાં દેખાય તો તે માણુસનો પિતા સ્વર્ગવાસી થાય છે. શુક્રના સદનની નજીકમાં જો આયુષ્યરેખાનો આકાર પૂરો થઇ જાય તો તે માનવીની કાયા કોમળ રહે છે.

**આવરદાનો આશરો.**

મનુષ્યના હાથમાં ગૌરી નામથી ઓળખાતી રેખાકૃતિ દેખાય તો તે મનુષ્ય સો વર્ષનું પુર્ણું આયુષ્ય ભોગવી કૈલાસવાસ પામે છે. રમાસંજ્ઞાથી પ્રસિદ્ધિ પામેલી રેખાકૃતિ જણાતી હોય તો તે મનુષ્યનો આવરદા ત્રીસ વર્ષનો મણાય છે. પરગૂઢાને નામે પરિચિત થએલ રેખાકૃતિને ધારણ કરનાર માણુસ વીસ વર્ષ પર્યંતનુ જીવન જીવવાનું ભાગ્ય ધરાવે છે. ભોગદામા નામક રેખાકૃતિવાળો માણુસ ૭ વર્ષની જીંદગી ભોગવે છે. ગજરેખાકૃતિ ધારણ કરનાર મનુષ્ય પચાસ વર્ષનો આવરદા ભોગવે છે. સુભદ્રા નામક રેખા ધરાવનાર પંચાશી વર્ષ પર્યંત જીવે છે. કુમુખી નામની રેખાવાળો મનુષ્ય પચ્ચીસ વર્ષ સુધી જીવે છે. સર્વસૌખ્યનાશિની નામે ઓળખાતી રેખા ધરાવનાર માત્ર બેજ વર્ષ સુધી હયાત રહે છે.

પાશુલા રેખાકૃતિ હથેળીમાં વિદ્યમાન હોય તો તેને ધરાવનાર કેવળ પાંચ માસનોજ આવરદા ભોગવે. મનરેખાવાળો ફક્ત બે માસ, તુરંગી રેખાકૃતિવાળો પંદર વર્ષ ને વાસવી રેખાવાળો મનુષ્ય સિત્તેર વર્ષનું આયુષ્ય ભોગવે છે.

ચંપકી નામની રેખાકૃતિ ધરાવનાર અરાઢ વર્ષની જીંદગી માણે છે, ને ચપળવદના રેખાકૃતિ ધરાવનાર ત્રેતાળીસ વર્ષ જીવે છે. ઉપર અનુસાર અનેક કોટિની રેખાકૃતિઓ હોય છે. તેમના તીક્ષ્ણ નિરીક્ષણથી મનુષ્યના આયુષ્યનાં વર્ષોનો નિર્ણય કરાય છે.

સનાતનધર્મપ્રવર્તક શારદાપીઠાધિશ્વર શ્રી હરિહરાચાર્ય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહારાજ સામુદ્રિકશાસ્ત્રના આયુષ્યસર્ગ વિષે વિવરણ કરતાં નીચે મુજબ જણાવે છેઃ—

**જન્મ સમય.**

મનુષ્યની હથેળીમાંની ગૌરીરેખાકૃતિ કે નિગૂઢ રેખાકૃતિમાં જન્મ થયો હોય તો તે મનુષ્ય મહિનાના વદપક્ષમાં જન્મ્યો જાણવો. જો પરગૂઢા રેખાકૃતિ, કે સંગૂઢ કિંવા વિગુઢ રેખાકૃતિમાં જન્મ્યો હોય તો તે મહિનાના સુદપક્ષમાં જન્મ્યો જાણવો.

**મહિનાઓની માહિતી.**

મનુષ્યની હથેળીમાં મૃગીગતિ રેખાકૃતિ, નાગિની રેખાકૃતિ કે વ્યાઘ્રવિલાસલિલા રેખાકૃતિ હોય તો જન્મચક્રના અંકમાંથી ૧૬૫૯ ઓછા કરતાં જે શેષ બાકી રહે તે મનુષ્યના જન્મનો માસ જાણવો.

હથેળીમાં વૈરાટી રેખાકૃતિ હોય તો જન્મચક્રના અંકમાંથી ૧૬૬૨ ઓછા કરતાં જે શેષ બાકી રહે તે મનુષ્યના જન્મનો માસ જાણવો.

હથેળીમાં સુભદ્રારેખા હોય તો જન્મચક્રના અંકમાંથી ૧૬૯૩ અંક ઓછા કરતાં બાકી રહેતા શેષ જેટલો જન્મનો મહિનો જાણવો.

હથેળીમાં કુમુખીરેખા ધરાવનારના જન્મચક્રના અંકમાંથી ૧૬૩૮ બાદ કરતાં જે રહે તે તેના જન્મનો મહિનો જાણવો.

હથેળીમાં પાશુલારેખા ધરાવનારના જન્મચક્રના અંકમાંથી ૧૬૭૨ બાદ કરતાં રહે તે તેના જન્મનો મહિનો જાણવો.

વિરાટ કે વિભૂતિરેખાકૃતિ ધરાવનારના જન્મચક્રના અંકમાંથી ૧૬૪૭ બાદ કરતાં રહેતો આંકડો તેના જન્મનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહિનો જાણવો. જો શેષ ૧૨ કરતાં વધારે હોય તો શેષમાંથી બાર બાદ કરતાં જે આવે તે અંકને તેના જન્મના મહિનાનો અંક જાણવો.

## તિથિદર્શન.

હાથની હથેળીમાં પેખાતી અમુક અમુક રેખાકૃતિઓ તે માણસના જન્મની તિથિ દર્શાવે છે.

હથેળીમાં દેખાતી સામ્રાજ્યરેખાકૃતિ પડવાને દીવસે થયેલો જન્મ દર્શાવે છે. કુમારીરેખાકૃતિ બીજનો, રમણીરેખાકૃતિ ત્રીજનો, જમતીરેખા ચોથનો, ધૃતિરેખાકૃતિ પાંચમનો, વાસવીરેખા છઠનો, વૈશ્વદેવીરેખા સાતમનો, શીલગુણસ્વરૂપા આઠમનો, ત્રિપદીરેખા નવમીનો, ચિહ્નયુક્ત રમણીરેખા દશમનો, કુચલણી અગિયારશનો, મહારાજ્યપ્રદરેખા બારશનો, સેનાતિત્વપ્રદારેખા તેરશનો, શુદ્ધત્રિપદી ચૌદશનો, ને ગાન્ધારીરેખાકૃતિ પૂર્ણિમાનો જન્મ દર્શાવે છે. વાસવી રેખાકૃતિ જો તિલયુક્ત હોય તો તેને ધરાવનાર મનુષ્ય અમાવસ્યાને દિને જન્મ પામેલો માનવો.

ઉપરોક્ત રીત અનુસાર રેખાશાસ્ત્રના પૂર્ણ જ્ઞાનપ્રતાપે કોઇ પણ મનુષ્યના જન્મનો માસ તિથિ સાથે જણાવી શકાય છે. માસની શોધ કરવા માટે ઉપર જણાવ્યા શિવાયની અનેક ગૌણ રેખાકૃતિઓ છે. તિથિઓની શોધ કરવા માટે પણ એવી અનેક રેખાકૃતિઓ છે. એની ગૌણ રેખાકૃતિઓનું અત્રે વર્ણન કર્યું નથી.

ઉપર વર્ણવેલ ત્રીસેક પ્રકારની રેખાઓ ને તેના ધ્રુવાંકોની વિધિપુરઃસરની યોગ્ય ગણત્રીને આધારે મનવાંછિત ફલસિદ્ધિ અર્પણ કરનારૂં ઇષ્ટકાર્ય પણ શોધી શકાય છે. અતિ વિસ્તારના ભયે તે વિષયને અહિં ચર્ચવામાં આવ્યો નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૮ મો.

## : દેવસામુદ્રિક :

—૧—

### ગ્રહભુવનવર્ણન ને ચિહ્નનિરિક્ષણ.

વર્ણાશ્રમકર્મપ્રતિપાદક શંકરાચાર્ય શ્રી શ્રીભારતીતીર્થસ્વામિજી દેવસામુદ્રિક અધ્યાયના ગ્રહભુવનવર્ણનસર્ગના ચિહ્નનિરિક્ષણ વિષયનું સંક્ષિપ્ત સિંહાવલોકન કરતાં જણાવે છે કેઃ—

**સૂર્યસદન.**

મનુષ્યના કરતલ (હથેળીનું કેન્દ્રસ્થાન) ભાગમાં અંગુઠાથી ચોથા અંકની ગણત્રીની અનામિકા અંગુલિની તળે સૂર્યનારાયણનું સદન હોય છે.

**ચંદ્રભુવન.**

કરતલ ભાગમાં પૂર્વ દિશાએ એટલે કનિષ્ઠિકા અંગુલિ (ટચલી આંગળી) ની બરાબર તળે મણિબંધની પાસે ચન્દ્રદેવતાનુ ભુવન હોય છે.

**મંગળનાં મંદિરો.**

મંગળનાં બે મંદિરો કરતલ ભાગમાં દેખાય છે. એક બુધદેવના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દેવાલયની તળે ને બીજું શુક્રદેવના સ્થળને મથાળે ગુરૂદેવતાના ઘરની નીચેના ભાગમાં હોય છે.

**બુધનું દેવાલય.**

કનિષ્ઠિકા (ટચલી) આંગળીની તળેના ભાગમાં બુધનું દેવાલય હોય છે.

**ગુરૂનું ગ્રહભુવન.**

તર્જની ( અંગુઠાની પાસેની ) આંગળી તળે ગુરૂદેવનું ગ્રહભુવન હોય છે.

**શુક્રગ્રહનું સ્થાન.**

અંગુઠાની તળે મણિબંધની ઉપર શુક્રગ્રહનું સ્થાન હોય છે.

**શનિનું મંદિર.**

મધ્યમા અંગુલી ( ત્રીજી આંગળી) ની તળે શનિદેવનું મંદિર હોય છે.

**ગ્રહસ્થળની નિરિક્ષણનીતિ.**

ઉપરોકત ગ્રહોનાં સ્થળોનાં નિરિક્ષણ કરવાની નીતિ વિષે શાસ્ત્રીય સિદ્ધાંતસમર્થક શંકરાચાર્ય શ્રી બ્રહ્માશ્રમસ્વામિજી કથે છે કે :—

**બળવાન ગ્રહદેવતા.**

મનુષ્યની હથેળીમાં દર્શાવેલા આ ભાગો સશકત ને ઉચ્ચ દેખાય તો તે ગ્રહદેવતા બળવાન ગણાય છે અને તે ગ્રહ સારા સ્થાનમાં હોવાનું મનાય છે. જો કેન્દ્ર કે ત્રિકોણાકારના હોય તથા સ્નેહીક્ષેત્રી હોય તો તે શુભ ફળ આપનાર હોય છે.

**નિર્બળ ગ્રહદેવતા.**

ગ્રહસ્થાન બેસી ગયેલું નરમ કે ખરબચડું હોય તો તે ગ્રહ નિર્બળ ગણાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ખરાબ ફળ આપનાર ગ્રહ.**

ખરાબ જગ્યામાં પડેલા કે અરિક્ષેત્રી ગ્રહ ખરાબ ફળ આપ-નાર હોવાનું મનાય છે.

**સારૂં ફળ આપનાર ગ્રહ.**

જે ગ્રહના ભુવન પર ચોકડીનું ચિહ્ન હોય તે ગ્રહ શુભ ફળદાયક હોય છે.

**શુભાશુભ ફળદાયક.**

જે ગ્રહ પર નક્ષત્રની નિશાની હોય તે ગ્રહ પૂર્વાવસ્થામાં શુભ ફળ અને ઉત્તરાવસ્થામાં અશુભ ફળ અર્પનાર હોય છે.

**અશુભફળદાયક.**

જે ગ્રહ પર જવનો આકાર પડયો હોય તે ગ્રહ માઠું ફળ આપનાર હોય છે.

**શુભાશુભ ફળદાયક આકૃતિ.**

ત્રિભૂજા અર્થાત્ ત્રણ હાથની આકૃતિ કેટલેક સમયે સારૂં ને કેટલેક સમયે માઠું ફળ દેનારી હોવાથી તે શુભાશુભ ફળ-દાયક આકૃતિ તરીકે ઓળખાય છે.

**અનિષ્ટ ચિહ્ન.**

હથેળીમાં ચોખંડુ ચોખટાનું ચિહ્ન દુઃખી કરનાર, નિર્ધન બનાવનાર તથા આપત્તિઓ આણનાર હોવાથી અનિષ્ટ ચિહ્ન તરીકે ઓળખાય છે.

**નુકશાનીની નિશાની.**

હથેળીમાં આવેલી બિન્દુની નિશાની ઇજ્જતઆબરૂનું લિલામ કરાવનાર, ને કુટુંબકબિલાથી કષ્ટ પમાડનાર આકૃતિ હોવાથી તે નુકશાનીની નિશાની લેખાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પિશાચી પ્રતિક.

જાળી જેવું અર્થાત્ છિદ્રમાળા જેવું પ્રતિક ઘણું ખરાબ કામ કરાવનાર, કામી બનાવનાર, અસભ્ય પ્રકૃતિ રાખનાર, અધમવાસના સેવડાવનાર, ઉચ્છૃંખલ, ઉડાઉ તથા દુરાચારી વ્યસની બનાવનાર ચિહ્ન હોવાથી પિશાચી પ્રતિક તરીકે ઓળખાય છે.

ઉપર અનુસાર ગ્રહદેવોના ગુણઅવગુણો ને ચિહ્નોનાં સારાંમાઠાં લક્ષણો છે. તેમાં કેટલોક તફાવત જણાવેલો છે. દ્રષ્ટાંત તરીકે ભિન્નભિન્ન દેવતાઓનાં ગ્રહભુવનો પર વિવિધ પ્રકારનાં ચિહ્નો, તલની આકૃતિ કે લક્ષ્મ (લાખનો આકાર) હોય છે તે અનુસાર ફળાદેશ લાભ કે હાનિકર્તા દર્શાવેલો છે. ગ્રહદેવતાઓમાં જો ગુરૂમહારાજ શકિતશાળી હોય છે, તો તે માણસ મહત્વાકાંક્ષાવાળો, નાયક, અમાત્ય, ધારાશાસ્ત્રી, બાહોશ, ધર્માત્મા ને કરૂણાળુ સ્વભાવનો હોય છે.

—૨—

## ગ્રહચિહ્નોનો પ્રતાપ.

પરમહંસ પરિવ્રાજકાચાર્ય જગદ્‌ગુરૂ શ્રી વામનાચાર્ય મહારાજ દેવસામુદ્રિક અધ્યાયના ગ્રહચિહ્ન સર્ગ વિષે વિહંગાવલોકન કરતાં આલેખે છે કેઃ—

### સ્વાદિષ્ટ ભોજન ખાનાર.

જે માણસના હાથની આંગળીઓનો ત્રીજો ભાગ અંદરની દિશાએથી ભરાવદાર હોય, આંગળીઓને હથેળી સાથે જોડનાર સાંધા મજબુત હોય, આંગળીઓ શીસી અને ગોળ હોય ને ગુરૂદેવતાનું સ્થાન પુષ્કળ ફેલાવો પામેલું હોય તો તે માણસ સ્વાદીષ્ટ ને લહેજતદાર વાનીઓ ખાવાની ખાસિયતનો હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સ્વર્ગીય સ્નેહના શાંત સ્વભાવનો.**

જે મનુષ્યની હથેળીમાં ગુરૂ મહારાજની જગ્યામાંથી ઉદ્‌ભવતી એ માર્ગોમાં ભિન્ન થતી મનરેખા જો ગુરૂદેવતાના છેવટના ભાગમાં અર્થાત્ હથેળીની બાજુએથી નિકળેલી હોય, તો તે મનુષ્ય સ્નેહમાં આંધળો હોય છે. એ માણસ સ્નેહની ચર્ચા વિશેષ ચલાવે છે. આવી રેખાની નિશાની ગુરૂદેવતા ને શનિ મહારાજની આંગળીઓની મધ્યમાંથી ઉદ્‌ભવે છે, કે તેની નીચેના ગુરૂદેવના સ્થાનની સપાટીને શિરેથી પ્રગટે છે, તો માણસ સ્વર્ગીય સ્નેહના શાંત સ્વભાવવાળો હોય છે.

**વિષયપ્રેમી.**

શનિદેવતાના સ્થળમાંથી મનરેખા ઉદ્‌ભવતી હોય છે તો તે માણસ વિષયવાસનામાં વ્હાલવૃત્તિ ધરાવનારો હોય છે.

**પાપી પ્રેમનો પ્રયોગ કરનાર.**

જેની હથેળીમાં ચંદ્રદેવતાની ને શુક્રદેવતાની જગ્યા અરસ્પરસ એકત્રિત થઇ જતી જણાતી હોય તેમજ તેની સાથે હથેળીમાં શુક્રકંકણ દેખાતું હોય અથવા શુક્રદેવતાને સ્થાને જાળીની નિશાની હોય, તે માણસ પાપી પ્રેમનો મલિનપ્રયોગ કરનારો હોય છે.

**સંતાનસ્નેહી.**

જો મનુષ્યની હથેળીમાં બુધદેવતાની જગ્યા ખીલી હથેળીના છેડાના ભાગ તરફ જતી વિશેષ જણાતી હોય ને શુક્રદેવતાની જગ્યા ફેલાવો પામેલી દેખાતી હોય, પરંતુ તેમાં જો આડી-અવળી ખરાબ ખાશિયતો સૂચવતી રેખાઓ ન હોય, તો તે માણસ સંતાન તરફ સ્નેહ રાખનાર હોય છે.

**મિત્રસ્નેહી.**

જેની હથેળીમાં ગુરૂદેવતા તથા શુક્રમહારાજની જગ્યા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખિલેલી હોય ને મનરેખા બરાબર દેખાતી હોય તથા ગુરૂદેવની જગ્યા પર સત્યતા સિદ્ધ કરવા મનરેખાની છેવટમાં બે વિભાગ થયેલા હોય તે માણુસ મિત્ર પ્રત્યે સ્નેહ ધરાવનાર હોય છે.

**ઝઘડાખોર.**

જે મનુષ્યની હથેળીમાં મંગળદેવતાની બેઉ જગ્યો ખીલેલી હોય ને ગુરૂદેવની જગ્યાની તળેની મંગળમહારાજની જગ્યા પુષ્ટ તથા પ્રસાર પામેલી હોય, તો તે માણસમાં ઝઘડાખોર ઝેરીલું જોમ હોય છે.

**આંતરિક અવાજ.**

જેની હથેળીમાં બુધદેવતાની જગ્યાની તળે આવેલા મંગળ-મહારાજનું સ્થાન ઘણું ફેલાયલું હોય, તે માણુસ આંતરિક અવાજ કરવાની શકિતવાળો હોય છે.

**ખારીલી ખાશિયત.**

જે માણુસનો અંગુઠો પોતાની પાછળની દિશાએથી ગોળાકાર બનતો જતો હોય તે માણુસ ખારીલા સ્વભાવમાં રાચનારો હોય છે.

**નાશકારક નીતિવાળો.**

જે માણુસના હાથની હથેળીમાં ગુરૂદેવતાની જગ્યા મજબુત ને ફેલાવો પામેલી હોય, મનરેખા લાલ રંગની ને હથેળીની એક દિશાએથી બીજી દિશા તરફ જનારી હોય, બુધ્ધિરેખા પણ લાલ રંગની ને ઉર્ધ્વગામિની બની મનરેખાને ભેદનારી હોય તથા અંગુઠાનો પ્રથમ ભાગ પ્રમાણમાં વિશેષ જાડો ને ટોચ પરથી બુઠો હોય, તે માણુસ નાશકારક નીતિની કાર્યપ્રણાલિકાવાળો હોય છે.

**આપવડાઇ.**

જેની ગુરૂમહારાજની આંગળી સાધારણ પ્રમાણથી વધારે લાંબી હોય, સૂર્યનારાયણ તથા બુધ અને શુક્ર દેવતાની જગ્યા વધારે ફેલાયલી હોય, તે માણુસ પોતે આપવડાઇનાં ઢોલતાંસાં વગાડવાના સ્વભાવનો હોય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**કાર્ય ગુપ્ત રાખનાર.**

જેની આંગળીઓ ગઠ્ઠાવાળી હોય, બુદ્ધિરેખા સીધી ને હથેળીની સામેની દિશાએ જનારી હોય, તથા મનરેખા ને બુધ્ધિરેખા વચ્ચેની જગ્યા લાંબી ન હોય, તે માણુસ કાર્ય છુપાવવાની ઇચ્છાશક્તિવાળો હોય છે.

**મતલબી, દમડીદાસ.**

જેની બુદ્ધિરેખાની છેવટે બે માર્ગો હોય અને તેમાંનો એક માર્ગ બુધદેવતાના સ્થાન તરફ જતો હોય, સૂર્યરેખા અર્થાત્ વિજયરેખા લાંબી હોય અને હથેળીની એક દિશાએથી બીજી દિશા તરફ ચાલી જતી મનરેખા હોય, તો તે માણુસ આપમતલબી ને પૈસાના પ્યારવાળો હોય છે.

**સ્વાભિમાની, સ્વાશ્રયી.**

જેનું ગુરૂમહારાજનું સ્થાન વચ્ચેથી ખિલેલું દેખાતું હોય, બુધ્ધિરેખા જીવનરેખાથી યુક્ત ન હોય તથા મંગળમહારાજનું પણ વિસ્તાર પામેલું હોય, તો તે માણુસ સ્વાભિમાની ને સ્વાશ્રયી હોય છે.

**દીર્ઘદૃષ્ટિની ખામી.**

જેની હથેળીમાં આદુર્ભાવ પામેલી બુધ્ધિરેખાની સાથે જીવનરેખા બહુ જ જોડાઇ ગયેલી હોય અને મંગળમહારાજનું સ્થાન વિસ્તાર પામેલું ન હોય, તે માણુસમાં સાવચેતીની તિવ્ર દીર્ઘદષ્ટિની ખામી હોય છે.

**ભલું કરનાર.**

જેની હથેળીમાં શુક્રનું સ્થાન સાફ ફેલાયલું હોય, ગુરૂગ્રહનું સ્થાન પણ વિસ્તૃત હોય, ગુરૂગ્રહના સ્થાન પરથી નિકળતી મનરેખાની છેવટમાં સદ્ગુણતાની સૂચના આપનારા બે માર્ગો હોય અને બુધ્ધિરેખા ચંદ્રગ્રહના પ્રદેશે નમતી હોય, તો તેવા માણુસના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વભાવના મૂળસ્થાનમાં તરંગ રહેલો હોય છે. આંગળીઓ ગઠ્ઠા વિનાની હોય છે, તો તે માણસ ભલું કરવાની ભવ્ય ભાવના સેવનારો હોય છે.

**પ્રભુપ્રેમ.**

ગુરૂની આંગળી લાંબી ને ટોચ પરથી ગોળાકારની હોય, પહેલા ને બીજા ભાગને મેળવનારો વહેમ બતાવતો ગઠ્ઠો ફેલાવો પામેલો ન હોય અને ગુરૂગ્રહનું સ્થળ પ્રસાર પામેલું હોય તો તે માણસમાં ધાર્મિક ભાવના વિકાસ પામે છે. તેની હથેળીમાં જો ગુપ્ત વિદ્યા દર્શાવનાર ચોકડી પડી હોય છે તો તે માણસ યોગવિદ્યા મારફત પરમાત્મા પ્રત્યેના પવિત્ર પ્રેમને વિકસાવે છે. આની સાથે ખિલેલો પરંતુ રેખાઓની નિશાનીઓ વિનાનો ચંદ્રગ્રહ હોય, ખાસ કરીને હથેળીના મૂળ પ્રત્યે તે નમતો હોય તેમજ જીવનની અધરી દિશા પ્રત્યે ખેંચાણ કરતો શનિ પણ હથેળીમાં વિસ્તાર પામ્યો હોય, તો તે પરમાત્મા પ્રત્યેનો પવિત્ર પ્રેમ ધરાવનાર માણસ હોય છે.

—૩—

## સુરાકૃતિઓની બળશકિત.

દ્વારકાંસ્થાનાધીશ્વર શંકરસ્વામિશ્રી સર્વજ્ઞતીર્થ મહારાજ દેવસામુદ્રક અભ્યાયના સુરાકૃતિસર્ગનું વિવેચન કરતાં તેની નીચે પ્રમાણેની બળશકિત દર્શાવે છે.

**મક્કમતાનો મમત.**

જેની હથેળીમાં દિલની દ્રઢતા સૂચવતી ઉંડી બુદ્ધિરેખા હોય, અંગુઠાના બીજા અને ત્રીજા ભાગને સાંધનાર મજબુત બંધ હોય, બુધગ્રહના સ્થાન તળેની મંગળની જગ્યા કઠણ ને વિસ્તાર પામેલી હોય અથવા તેના ઉપર મુખ્યત્વે કરીને ખાસ ત્રિકોણ કે તારાની નિશાની હોય, તો તે માણસ ક્રમકિમતાના મમતવાળો હોય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**લુણહલાલ.**

સીધી બુધ્ધિરેખા ખિસેલી, ગુરૂ, શુક્ર ને સૂર્યનાં ગ્રહસ્થાનો મુકાબલે કમ વિકસેલાં, તેમજ બુધગ્રહની જગ્યા તથા બુધની આંગળી [અનામિકા] રેખાઓ સાથે દેખાતી હોય તો તે માણસ લુણહલાલીની લાગણીવાળો હોય છે.

**આશાભર્યો.**

જે માણસની હથેળીમાં ગુરૂગ્રહનું સ્થાન વિસ્તાર પામેલું હોય ને આંગળીઓ ગોળ આકારના ટેરવાવાળી હોય, તો તે માણસ તરંગવશ હોય છે. આ પ્રકારની નિશાનીઓ સાથે જો તેની હથેળીમાં આવેલી બુદ્ધિરેખા ચંદ્રગ્રહની જગ્યા તરફ નમી, છેવટે બે ભાગમાં જુદી થયેલી જણાતી હોય, તો તે માણસ સાહસિક અને નિરાશ નહિં થનાર આશાવાદી હોય છે. ઉપરાન્ત તેની ત્રીજી આંગળી શનીની આંગળી સમાન લાંબી હોય તો તે નિરાશ નહિં થનારા માણસના હાથમાં શનિની જગ્યા ઉંચી દેખાતી નથી. કદાચ શનિગ્રહની જગ્યા જણાય છે તો સૂર્યની જગ્યા પણ તેટલી જ પ્રસાર પામેલી પેખાય છે. આવો માણસ નિરાશ ન થવાની નિશાનીવાળો ગણાય છે.

**અઘોર લાલસા.**

જેની હથેળીમાં બુધ્ધિરેખા ને મનરેખાની મધ્યમાં છુપી વિદ્યા સૂચવનાર ચોકડીનો આવિર્ભાવ થયેલો જણાય છે, તે માણસ યોગવિદ્યા અથવા આંખે ન દેખાય તેવાં અગમ્ય—તત્વોમાં માનનારો હોય છે. તેની હથેળીમાં આત્મસ્ફુરણા સ્પષ્ટ દેખાય છે ને આંગળીઓ જાડી કે ખરબચડી નહિં તેવી લીસી હોય છે. ટેરવાં પરથી તે બહુજ ગોળાકારવાળી ને અણિયાળી હોય છે. તેની હથેળીમાં ગુરૂમંડળની નિશાની પણ ભાસે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. છુપી વિદ્યા દર્શાવનારૂં ચોકડીનું ચિહ્ન કોઇ વાર [illegible] સ્વભાવ ને કોઇ વાર છુપીં ક્રિયાની સૂચના આપે છે. આવી નિશાનીઓ માણસની અઘોર સાહસાનાં ચિહ્નો ગણાય છે.

**આદર્શ પ્રેમવાંચ્છુ.**

જેની હથેળીમાં સર્વંગ્રહની જગ્યા વિસ્તૃત ને આંગળીઓ લાંબી ને ગોળ આકારવાળી હોય છે તે માણસ ઉદ્દામ વિચારોના આદર્શ પ્રેમની અંતરાભિલાષાવાળો હોય છે.

**આમોદપ્રમોદની પ્રેમાળ પ્રકૃતિ.**

જેના આંગળીઓના નખ લાંબા નથી હોતા, જેની હથેળીમાં મંગળ ને બુધ ગ્રહોનાં સ્થાન વિકાસ પામેલાં હોય છે, શનિગ્રહની જગ્યા હોતી નથી ને બુધ્ધિરેખા કોઇકોઇવાર જીવનરેખાથી યુક્ત હોતી નથી તે માણસ આમોદપ્રમોદ કરવાની પ્રેમાળ પ્રકૃતિનો હોય છે.

**અનુસરણની બુધ્ધિશકિત.**

જે મનુષ્યની હથેળીમાં બુધગ્રહનું સ્થાન ખિલેલું હોય, અંતે બે મોટા ઝુંટામાં વહેંચાતી બુધ્ધિરેખા હોય, શુક્રગ્રહનું સ્થાન વિસ્તાર પામેલું હોય, સૂર્યરેખા અર્થાત્ વિજયરેખાની સાથે સૂર્યગ્રહનું સ્થાન પણ ખિલેલું હોય, તો આ ખિલેલું બુધગ્રહનું સ્થાન મનુષ્યમાં અનુસરણની બુધ્ધિશકિત છે એમ સાબીત કરે છે.

**તુલનાતર્કનું બુદ્ધિબળ.**

જેની હથેળીમાં બુધગ્રહનું સ્થાન ઉપસેલું હોય, આંગળીઓ લાંબી ગઠ્ઠાવાળી ને ટેરવા પરથી ચપટી કે ચોખંડી હોય અને બુદ્ધિરેખા બુધગ્રહના સ્થાન તરફ ઉંચી જનારી હોય, તો તે માણસની તુલના અને તર્કની બુદ્ધિશક્તિ સારી હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## રંગપ્રીતિ.

બુધગ્રહના સ્થાનની તળે આવેલું મંગળગ્રહનું સ્થાન ખિલેલું હોય ને તે સાથે અન્ય સ્થાનો પણ ખિલેલાં હોય, તો તે પરથી ખાસ રંગીન વસ્તુની પસંદગી માલુમ પડે છે. જો એકલું મંગળનું સ્થાન ખિલેલું હોય, તો તે માણુસને લાલ રંગ ઘણો ગમે. મંગળ સાથે ગુરૂગ્રહનું સ્થાન પ્રસાર પામ્યું હોય તો તે માણુસને ચમકતા રંગો ઘણા ગમે છે. મુખ્યત્વે તેને પીળો રંગ ઘણો ગમે છે. મંગળના સ્થાન સાથે શનિનું સ્થાન વિશેષ વિકસેલું હોય છે, તો તે કાળા રંગની વસ્તુ પસંદ કરે છે. મંગળ સાથે સૂર્યગ્રહનું સ્થાન વધુ વિકસેલું હોય, તો તેને સોનેરી કે સફેદ રંગ વિશેષ ગમે છે. મંગળગ્રહના સ્થાન સાથે બુધગ્રહનું સ્થાન વધુ વિકાસ પામેલું હોય, તો તે માણુસને ખુલતા રંગો પસંદ પડે છે મંગળદેવતા સાથે ચંદ્રદેવતા ખિલેલા હોય છે, તો તેને રૂપેરી રંગ પ્રિય લાગે છે. મંગળદેવતા સાથે શુક્રદેવતાનું સ્થાન વિશેષ ઉપસેલું હોય છે, તો માણુસને ખુલતા લાલ કે ગુલાબીની છાયાવાળી વસ્તુ વિશેષ પસંદ પડે છે. શંકુ ચિહ્નવાળો હાથ રંગીન વસ્તુથી વિશેષ આકર્ષાય છે. મુખ્યત્વે કરીને સૂર્યની આંગળીનો ત્રીજો ભાગ મુકાબલામાં વધારે લાંબો હોય છે તેવો માણુસ ખાસ રંગીન વસ્તુની પસંદગી કરે છે.

## સ્થળાંતરપ્રિય.

જે મનુષ્યની હથેળીમાં મુખ્યત્વે કરીને ખિલેલા બુધગ્રહનું સ્થાન, વિશેષ વિકસેલું સૂર્યગ્રહ ને ચંદ્રગ્રહનું સ્થાન, ચંદ્રગ્રહના સ્થાન પર આડી રેખાઓ, મણિબંધમાંથી હથેળીમાં આવતી અન્ય રેખાઓ ને ચંદ્રગ્રહના સ્થાન પ્રત્યે ચાલી જતી રેખાઓ તે માણુસની સ્થળાંતરપ્રિયતાની હૃદયપ્રકૃતિ દર્શાવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

### ગણિત ગણવાની અજબ અક્કલ.

જે માણસની આંગળીઓ ગઠ્ઠાવાળી તથા ચોખંડા ટેરવાવાળી હોય, અંગુઠો ટુંકો ન હોય ને બુધ્ધિરેખા આડી-અવળી ન હોય, તે માણસ નાણું તથા આંકડા ઇત્યાદીની ગણત્રી કરનારો હોય છે. એવાં ચિહ્નો ધંધાદારીઓમાં ને શરાફોમાં હોવા ઉપરાન્ત ગુરૂગ્રહનું સ્થાન વિશેષ વિકસેલું હોય, તો તે માણસ ગણિત ગણવાની અજબ અક્કલવાળો હોય છે.

### અદ્દભુત યાદશકિત.

ઉંડી બુધ્ધિરેખાવાળો માણસ સરસ હૃદયબળવાળો હોય છે. બુધ્ધિરેખા સાંકડી, ઉંડી અને તીણી હોય છે, તો તે માણસ અદ્દભુત યાદશકિતવાળો હોય છે.

### સંગીતપ્રિય.

હાથના પહોંચાના ત્રીજા ભાગના (ત્રીજી આંગળીની નીચેના) ઉભય ખૂણાઓ અર્થાત્ પહેલાંનો એટલે બીજા તથા ત્રીજા ભાગને મેળવનારો ખૂણો તેમજ નીચેનો એટલે ત્રીજા ભાગની છેવટમાં આવેલો ખૂણો ચોખ્ખો દેખાવો જોઇએ. આ ચિહ્નોની સાથે સૂર્યની આંગળીનો ત્રીજો ભાગ મુકાબલામાં વિશેષ લાંબો હોવો જોઇએ તથા સૂર્યગ્રહનું સ્થાન પણ હોવું જોઇએ. આટલી નિશાનીઓ સંગીતપ્રેમ ને ગાયકશકિત બક્ષે છે. આ ચિહ્નો સાથે જો હથેળીમાં પ્રાદુર્ભાવ પામેલા ગ્રહદેવતાનાં સ્થાનો પ્રસાર પામેલાં હોય છે, તો તે મુજબ ગાવાની જાતમાં ફરક પડે છે. દાખલા તરીકે ગુરૂગ્રહનું સ્થાન વિશેષ ઉપસેલું હોય, તો તે માણસ ધર્મકાર્યના આદર્શવાળાં ગાયનો ગાય. જો શુક્રદેવનું ગ્રહભુવન ફેલાવો પામ્યું હોય, તો તે ટુંકાં ને તનમદનમાં તરવરાટ કરાવનારાં ગાયનો ગાય. શનીદેવતાનું ગ્રહસદન વિકસેલું હોય તો તે માણસનું દિલ દિલગીરીની છાયામાં ગંભીર ભાવનાં ગાયનો પ્રત્યે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આકર્ષણ. મનુષ્યની સાથેન તરફની પ્રીતિ આવાં ચિહ્નો દ્વારા જાણી શકાય છે.

—૪—

## ગ્રહોનું સામર્થ્ય.

પરિવ્રાજકાચાર્ય જગદ્ગુરૂ શ્રી પ્રદ્યુમ્નાશ્રમ સ્વામિજી સામુદ્રિક જ્યોતિષ મહાશાસ્ત્રના ગ્રહસામર્થ્ય સર્ગ વિષે નિમ્નલિખિત આલેખન કરે છે:—

**વાગ્બળ ને વક્તૃત્વકળા.**

જે માણસની હથેળીમાં મંગળમહારાજ, શુક્રદેવતા અને ચંદ્રદેવતાનાં ગ્રહસ્થળ વિકસેલાં હોય બુધ્ધિરેખા ટુંકી નથી હોતી અને તે સાથે બુધની આંગળી સાધારણ પ્રમાણથી વિશેષ લાંબી હોય, તો તે માણસની વક્તૃત્વકળા કે વાગ્બળ સૂચવે છે.

**તુલનાબુધ્ધિ.**

જે માણસની હથેળીમાં સૂર્યનારાયણ અને બુધદેવતાનાં સ્થળો પ્રસાર પામેલાં હોય છે તથા બુધદેવતાનું સ્થાન સૂર્યદેવતાના સ્થાન પ્રત્યે નમેલું હોય તેમજ તેની સાથે જો ચંદ્રમાના સ્થાન પ્રત્યે નમતી બુદ્ધિરેખા હોય છે, તો તે ચિહ્નો માણસની તુલનાબુદ્ધિની કલ્પનાશક્તિ બતાવે છે.

**શોધકની કાર્યકુશળતા.**

જે માણસની હથેળીમાં લાંબા નખ વિનાની ગોળ ટેરવાં સિવાયની આંગળીઓ હોય છે, ચંદ્રમાનું સ્થાન ખિલેલું હોય છે અને બુદ્ધિરેખા ચંદ્રગ્રહ પ્રત્યે નમતી ને અંતમાં બે માર્ગોવાળી હોય છે, તે માણસ શોધખોળની કાર્યકુશળતા ધરાવનાર હોય છે.

**મુત્સદ્દીગીરીભરી દીર્ઘદ્રષ્ટિ.**

જે માણસની હથેળીમાં લાંબી બુધ્ધિરેખા હોય છે, તે માણસ મુત્સદ્દીગીરીભરી લાંબી દ્રષ્ટિવાળો હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**એકચિત્ત.**

જે માણુસની હથેળીમાં ઉંડી બુધ્ધિરેખા સાફસાફ દેખાય છે, તો તે એકચિત્તપણાનું ચારૂચિહ્ન કહેવાય છે.

**ખુબસુરતી.**

માણુસની હથેળીમાંનું સૂર્યગ્રહનું ઉપસેલું સ્થાન તે માણુસની ખુબસુરતીની ખાશિયત દર્શાવે છે.

**સૃષ્ટિસૌંદર્યમાં પ્રીતિ રાખનાર.**

જે માણુસની હથેળીમાં ચંદ્રગ્રહનું ઉપસેલું સ્થાન હોય, તે માણુસ સૃષ્ટિસૌંદર્યમાં પ્રીતિ રાખનાર નિસર્ગપ્રેમી હોય છે.

**શરીરસૌંદર્યની વાસના.**

જે માણુસની હથેળીમાં શુક્રગ્રહનું સ્થાન ઉપસેલું હોય, તે માણુસ શરીરસૌંદર્યની વાસનાવાળો હોય.

**અંતરાત્મા પર વિશ્વાસ રાખનાર.**

જે મનુષ્યનો અંગુઠો લાંબો ને ટટ્ટાર હોય, હથેળીમાં ગુરૂગ્રહનું સ્થાન વચ્ચોવચ્ચ હોય તથા બુદ્ધરેખા જીવનરેખાથી જોડાયલી હોતી નથી અથવા જરાક જોડાયલી હોય પાછળથી જીવનરેખાથી જુદી પડીને હથેળીમાં ફેલાતી જણાતી હોય, તો તે તેને ધારણ કરનારનો અંતરાત્મા પરનો વિપુલ વિશ્વાસ દર્શાવે છે.

**કવિત્વ.**

જે મનુષ્યની સૂર્યની આંગળીનો બીજો ભાગ મુકાબલે વધારે લાંબો હોય, બુદ્ધરેખા ચંદ્રદેવતાના સ્થાન પ્રત્યે નમેલી હોય અને તેની સાથે ગુરૂમહારાજ, ચંદ્રદેવતા, સૂર્યનારાયણ તથા શુક્રદેવનાં સ્થાનો વિકસેલાં હોય, તો તે માણુસનામાં સુંદર પદ્યરચનાની કલ્પનાદક્ષતા દર્શાવે છે.

**ચિત્રકાર્યકુશળ.**

જે મનુષ્યના હાથની સૂર્યની આંગળીનો ત્રીજો ભાગ બીજાને મુકાબલે સરખામણીમાં વિશેષ લાંબો હોય, હથેળીમાંની બુધ્ધિ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રેખા ચંદ્રગ્રહના સ્થાન તરફ નમતી હોય અને તેની સાથે સૂર્યગ્રહનું સ્થાન ખિલેલું હોય, તો તે માણસ ચિત્રકળામાં પ્રવિણ હોય એમ જાણવું.

**વિવેચક.**

જે મનુષ્યની આંગળીઓના નખો લાંબા ન હોય, આંગળી લાંબી અને ચોખંડાં ટેરવાંવાળી હોય, બુદ્ધિરેખા સીધી ને ચંદ્રમાંના સ્થાન પ્રત્યે નમતી હોય તેમજ મોટે ભાગે બુધદેવતા ને શનિ-મહારાજ કે બુધદેવતા ને સૂર્યનારાયણ વધુ વિકસેલા હોય તે માણસને વિવેચન કરનાર વિવેચક હોવાની નિશાનીવાળો જાણવો.

— ૫ —

## વ્યધારાની વિવિધતા.

જગદ્‌ગુરૂ શંકરાચાર્ય શ્રીમદ્ ગોવિન્દાચાર્ય મહારાજ સામુ-દ્રિકવિદ્યાના વૈવિધસર્ગ વિષે વિવેચન કરતાં ગ્રહશક્તિની વિવિધતા નીચે પ્રમાણે વર્ણવે છેઃ—

**ઔષધ આપનારનાં લક્ષણો.**

જે માણસના હાથ ગોળ, પહોંચાનાં પાતળી ને ચપટી આંગળીઓ, હથેળીમાં બુધગ્રહનું ઉપસેલું ને સખ્ત સ્થાન, તેમજ તે જગ્યા પર ઉભી રેખાઓ આવેલી હોય, અંગુઠો સશક્ત ને જાડો હોય, તો તે માણસમાં ઔષધ આપનારનાં લક્ષણો છે એમ પ્રતિતિ થાય છે. આવાં ચિહ્નો ધરાવનાર મનુષ્ય વૈદ્ય, હકીમ કે ડોકટર હોય એવું સિધ્ધ થાય છે.

**શસ્ત્રક્રિયામાં કુશળ.**

જે મનુષ્યની હથેળીમાં મંગળમહારાજનું સ્થાન ઉપસેલું હોય, આંગળીઓ ટુંકી કે ગોળાકારની હોય તેમજ જાડી ન હોય, આંગળીઓનો બીજો કાંગો દ૮ હોય, તો તે માણસ શસ્ત્રક્રિયામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કુશળ હશે. આવા પ્રકારનાં ચિહ્નો ધરાવનાર સજ્જન હોય એમ માની શકાય છે.

**ઔષધિઓની શોધખોળ કરનાર.**

જો મનુષ્યની હથેળીમાં આવેલા ચંદ્રગ્રહને બુધગ્રહ સાથે નાતો હોય, સ્થાન ઉપસેલું હોય ને સૂર્યગ્રહની રેખા સરસ હોય, તો તે માણસ ઔષધિઓની શોધખોળ કરનાર ને અજનવી આફ્રકલ દોડાવનાર હોવાનું ફલિત થાય છે.

**પશુવૈદ્ય.**

જો માણસની હથેળી સખ્ત હોય, આંગળીઓ સાંકડી ન હોય તથા સૂર્યનારાયણની રેખા સુંદર દેખાવ દેતી હોય, તો તે ચિહ્ન માણસને જાનવરોના દાક્તર (વેટરનરી સર્જન) હોવાનું દર્શાવે છે.

**સ્ત્રીવૈદ્ય. (નર્સ)**

ગોળ, પાતળા ને ચપટા હાથવાળી, કઠ, સખ્ત ને બુધગ્રહના સ્થાનને માથે ઉભી આવેલી જ્ઞાનરેખાઓ તેમજ શુક્રગ્રહ અને ચંદ્રગ્રહનાં સરસ ને હોહિયાળ સ્થાનોવાળી સ્ત્રી નર્સ યા ડાક્તર બને એવો યોગ હોય છે.

**યંત્રવિદ્યા વિશારદ.**

નાનો અંગુઠો, કઠણ હાથ ને ચોરસ પાતળી કે જાડી ન હોય તેવી ચપટી આંગળીઓ ને ગોળ ન હોય તેવા હાથનાં ચિહ્નો ધરાવનાર માણસ યંત્રવિદ્યાનો જાણકાર ઇજનિયર કે મિકેનીક હોય છે.

**શિલ્પી કારીગર.**

જો માણસની હથેળીમાં ગુરૂગ્રહનો પહાડ નીચો ન હોય, સૂર્યની આંગળી સીધી, લાંબી ને ચોખંડી, ગુરૂની આંગળી આંગળ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ને ચંદ્રગ્રહનું સ્થાન ઉપસેલું હોય, તો તે લક્ષણો શિલ્પશાસ્ત્ર જાણનાર શિલ્પીનાં જાણવાં.

**કાયદાશાસ્ત્રી.**

જો માણસના હાથની આંગળીઓ લાંબી તથા નજીક નજીક રહેનારી હોય, અંગુઠો લાંબો ને સીધો હોય તેમજ મસ્તકરેખા સીધી હોય, તો તે માણસ કાયદાકાનુનનો માહિતગાર હોય. વકીલ કે કાયદાશાસ્ત્રી તરીકે તે પ્રખ્યાત થઇ શકે.

ઉપરનાં લક્ષણો હોવાં ઉપરાંત ગુરૂ-શનિની આંગળીઓ તથા બુધ-સૂર્યની આંગળીઓ વેગળી વેગળી રહેતી હોય; ચંદ્રગ્રહ ગુરૂ, બુધ, સૂર્ય તથા શનિદેવતાનાં સ્થાનો સરસ લોહિયાળ હોય, અંગુઠાનો વેઢો લાંબો હોય તથા મસ્તકરેખા આયુષ્યરેખાને મળ્યા વિના નોખી ગઇ હોય, તો તે માણસ બાહોશ ધારાશાસ્ત્રી સોલીસીટર કે બેરીસ્ટર બને.

**ન્યાયમૂર્તિ.**

જો મનુષ્યના પંજામાં બુધગ્રહની આંગળીનો પહેલો વેઢો લાંબો, ગુરૂગ્રહની આંગળી સીધી ને દેખાવડી, સૂર્યગ્રહનું સ્થાન વિશેષ ઉપસેલું તથા મસ્તકરેખા ઉચ્ચ પ્રકારની હોય, તો તે માણસ ન્યાયમંદિરનો ન્યાયાધિશ બને.

**ગણિતશાસ્ત્રી.**

જેની આંગળીઓનો પહેલો ને બીજો વેઢો માંસાળ, હથેળી પાતળી, મસ્તકરેખા લાંબી, શનિની આંગળી ભરાવદાર ને તેનો બીજો વેઢો બીજાઓ કરતાં વધારે લાંબો ને રોનકદાર હોય, તો જાણવું કે તે માણસ ગણિતવિદ્યાનો નિષ્ણાત ગણિત-શાસ્ત્રી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ધર્મગુરૂ.**

જે મનુષ્યનો બુધનો વેઢો લાંબો ને લોહિયાળ, ચંદ્રગ્રહ ને સૂર્યગ્રહનાં સ્થાનો ઉપસેલાં ને માંસાળ, સૂર્યની આંગળી સશક્ત તથા જાડી, અંગુઠો અશક્ત ને પોચો તથા ગુરૂગ્રહ ને શનિ-ગ્રહનાં સ્થાનોની મધ્યમાંથી પસાર થતી મનરેખા હોય, તો એ માણસને ધર્મસ્થાનનો ધર્મગુરૂ જાણવો.

**ગાયકવાદક.**

જેની હથેળીમાં શુક્રનું સ્થાન ઉપસેલું હોય, આંગળીઓ મુલાયમ હોય ને અંગુઠો સુકોમળ હોય, તો તે માણસ ગાયનનો ગાયક ને વાદ્યનો સારો વાદક હોય. આવા બજાવવાની કુશળતા કુદરતે તેને અર્પી હોય છે.

**સિપાહી.**

જો મનુષ્યના પંજાની આંગળીઓ નાનકડી, ચપટી, પાતળી કે ચોરસ હોય છે, હથેળીમાં મંગળ ને બુધનાં સ્થાનો સબળ હોય છે ને અંગુઠો વજનદાર હોય છે, તો તે ચિહ્નો માણસની સિપાહીગીરી સૂચવે છે.

**ખેડુ કે જમીનદાર.**

જે મનુષ્યને સખ્ત હાથ, ચોખંડી હથેળી, લાંબી શનિની આંગળી તથા તેનો બીજો લાંબો વેઢો હોય, તે માણસ કૃષિકાર અથવા જમીનદાર હોય એમ સૂચન થાય છે.

**મોચી, દરજી.**

જેના હાથમાં સૂર્ય-બુધની આંગળીઓ તથા સ્થાનો ખાસ કરીને ઉપસેલાં તેમજ માંસાળ ને લોહિયાળ હોય, તે માણસ બાહોશ પગરખાં બનાવનાર કે કપડાં શીવનાર હોય એમ જાણવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાહિત્યજ્ઞાની કે સાક્ષર.

જેની બુધની આંગળી માંસાળ, લોહિયાળ ને રોનકદાર હોય, તેનો પહેલો વેઢો લાંબો ને પુષ્ટ હોય તથા મસ્તકરેખા સરલ હોય, તેમજ ગુરૂગ્રહ અને ચંદ્રગ્રહનાં સ્થળો રૂષ્ટ હોય, તે માણસ સાહિત્યપ્રિય સાહિત્યજ્ઞાની સાક્ષર હોય એમ ફલિત થાય છે.

ખેલાડી સટોરિયો.

જે મનુષ્યના હાથમાં મંગળમહારાજ તથા શુક્રદેવતાનાં સ્થળો રૂષ્ટપુષ્ટ તથા ગુરૂદેવનું સ્થળ ઉપસેલું, લાંબી સૂર્યની આંગળી અને ગોળાકાર હાથ હોય તો તે મનુષ્ય ખેલાડી સટોરિયો હોય.

ઝવેરાતનો વેપારી.

જે મનુષ્યના હાથના પહોંચાની લાંબી આંગળીઓ અને શુક્ર, સૂર્ય ને બુધનાં સ્થાનો લોહિયાળ તેમજ માંસાળ હોય છે તે મનુષ્ય ઝવેરાતનો વેપારી થાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૯ મો.

## : ચરણસામુદ્રિક. :

—૧—

### પગરેખા પર પ્રકાશ.

શંકરસ્વામિ શ્રી ચિદ્દતીર્થ મહારાજ સામુદ્રિક જ્યોતિષ મહાશાસ્ત્રના ચરણસામુદ્રિક અધ્યાયના પગરેખાસર્ગનું પારાયણ કરતાં જણાવે છે, કે મનુષ્યના પગના પંજાના તળિયામાં દેખાતી રેખાઓ અને ચિહ્નો પરથી કેટલીક અમૂલ્ય ઉપયોગી માહિતી મળે છે. તે માહિતી અત્રે ક્રમાનુસાર વર્ણવી છે.

**રાજભવન.**

જો મનુષ્યના પગ લાંબા ન હોતાં ટુંકા હોય, જંઘા મદભર અર્થાત્ માંસલોહીથી ભરપૂર હોય ને તળિયાંમાં મત્સ્યરેખા (માછલીના આકારની રેખા) હોય, તો તે રાજભવનની સુખસાહ્યબી ભોગવવા ભાગ્યશાળી થાય.

**પ્રતાપશાળી વાહનસુખવાળો.**

જો મનુષ્યના પગને તળિયે મકરની આકૃતિ દેખાતી હોય તે મનુષ્ય મહા પ્રતાપશાળી ને વાહનસુખવાળો બને.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**રાજવિ.**

જે મનુષ્યના પગના તળિયામાં વજ્રઆયુધનું ચિહ્ન, પદ્માકૃતિ કે કૃષિકર્તા હળનો આકાર જણાતો હોય, તે માણસ તેજદાર તકદીરનો રાજવિ બને.

**રાણી.**

જે નારીના પગના તળિયામાં વજ્ર, કમળ ને હળનાં ચિહ્નો જણાતાં હોય, તે સ્ત્રી દાસી કે સેવિકા હોવા છતાં પણ રાણી થવાને ભાગ્યશાળી થાય છે.

**ઉત્તમ ફળદાતા.**

જે પુરૂષની જાંઘમાં વાળ ઉગેલા હોય તે પુરૂષ ઉત્તમ ફળદાતા પુરૂષ છે એમ જાણવું. કારણ કે પુરૂષની જાંઘમાંના વાળ શુભચિહ્ન ગણાય છે.

**લાભદાયક પુરૂષ.**

જો પુરૂષની જાંઘમાં શિરા સાફસાફ જણાતી ના હોય, તો તે સ્ત્રી માટે સામાન્ય લાભદાયક છે એમ જાણવું. પુરૂષની જાંઘમાં સ્પષ્ટ જણાતી શિરા એ લાભલક્ષણ છે.

**પુત્રસુખવાળી જનેતા.**

જે સ્ત્રીની બેઉ જાંઘો સરખી દેખાતી હોય તે સ્ત્રી પુત્રાદિકનું સંપૂર્ણ સુખ ભોગવે, કારણ કે સ્ત્રીઓને બે જાંઘો સરખી જણાવી એ સૌભાગ્યવતીની નિશાની છે.

**સુખશાંતિ.**

જે સ્ત્રીની જાંઘ હાથીની સુંઢ જેવી માંસાળ, સુંવાળી ને ચાટીલી હોય, તે સ્ત્રી સર્વ પ્રકારનું સુખ ભોગવનાર ભામિની થાય એમ માનવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**શ્રેષ્ટ ફળસિધ્ધિવાળી.**

જે યુવતીની જંઘા હાથણીની સુંઢ સરખી, લોહિયાળ, ભરાવદાર ને મુલાયમ હોય, ને તે પર બિલકુલ વાળ ન ઉગ્યા હોય, તે તરૂણીને પણ શ્રેષ્ટ ફળસિદ્ધિવાળી સ્ત્રીઆકિત જાણવી. આવી સ્ત્રી ઉત્તમ પ્રકારનું ફળ સંપાદન કરવા ભાગ્યશાળી નિવડે.

**પુત્રવાન ને ધનવાન ગૃહરાણી.**

જે યુવતીની જંઘા કદળીસ્થંભ કહેતાં કેળના થાંભલા સમાન કોમળ, રસાળ, રેશમ સમાન લીસી, ચમકદાર ને ખુલતા રાતા રંગની તેમજ વાળ વગરની મનોહર દેખાવવાળી હોય, તે સ્ત્રી પુત્રવાન ને ધનવાન ગૃહરાણી બનશે એમ જાણવું.

**દુર્ભાગી, નિર્ધન, કંકાસીયણ.**

જે સ્ત્રીની જાંઘમાં બહુજ વાળ ઉગેલા જણાતા હોય, તે નારી સંકટવાન, નિર્ધન, કંકાસ કરનારી ને અનિષ્ટ ફળ પ્રાપ્ત કરનારી દુર્ભાગી દારા હોય. જાંઘ પરના વાળ સ્ત્રીઓને માટે ખરાબ ચિહ્ન છે.

**ભાગ્યશાળી.**

જે મનુષ્યનાં પગનાં તળિયાં નરમ, કમળના ગર્ભ જેવાં અને લાલ રંગના નખવાળાં હોય, તે મનુષ્ય ભાગ્યશાળી હોય છે.

**સુખી.**

પગને તળિયે અડકતાં ગરમી લાગવી એ સુખી માણસનું ચિહ્ન છે.

**નિર્ધન.**

પગની નસો નજરે ન જણાતી હોય તો તેવા પગવાળા માણસને દરિદ્રી, દુઃખી ને નિર્ધન જાણવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**દુઃખી.**

પગનાં આંગળાંના નખ લાંબા, વાંકા ને ધોળા રંગના હોય છે તો માણસ દુઃખી થાય છે.

**પર્યટન કરનાર.**

જેના પગના પંજાનો ભાગ વચમાંથી ઉપસેલો હોય, તે માણસ પગે મુસાફરી કરનાર પર્યટનપ્રેમી હોય છે.

**વાહનસુખ ભોગવનાર.**

જે માણસના પગનાં તળિયાં સુકોમળ ને આંગળીઓ સુધી ઉર્ધ્વરેખા ગયેલી હોય, તો તે માણસ ગાડીઘોડા કે મોટર જેવાં વાહનોનું સુખ ભોગવે.

—૨—

## પાદાકૃતિમાં અસ્તોદય.

યોગાનુષ્ઠાનનિષ્ટ શારદામઠાધીશ્વર શ્રી વિશ્વેશ્વરાશ્રમ સ્વામિજી વૈદિક સામુદ્રિકશાસ્ત્રના ચરણસામુદ્રિક અધ્યાયના પાદાકૃતિમાં અસ્તોદય સર્ગ પર વિવરણ કરતાં નીચે પ્રમાણેનું વકતવ્ય જણાવે છે:—

**રાજયોગી.**

જે મનુષ્યના પગના તળિયામાં કમળની નિશાની હોય, તે માણસ રાજયોગી નિવડે.

**મહાજ્ઞાની.**

જે મનુષ્યના પગના તળિયામાં કમળની રેખા હોય, તે માણસ મહાજ્ઞાની નિવડે.

**મુસાફર.**

જે મનુષ્યના તળિયામાં ધ્વજ.(વાવટા)નું ચિહ્ન હોય, તે માણસ લાંબી મુસાફરી કરનાર હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**જળમાર્ગનો પ્રવાસી.**

પગના તળિયામાં શંખ કે મચ્છની નિશાની ધરાવનાર મનુષ્ય મુખ્યત્વે જળની મુસાફરીઓ કરનાર હોય છે.

**ધનવાન, રાજ્યવાન.**

પગના તળિયામાં કુંડ કે કચ્છપ (કાચબા)ની આકૃતિ ધરાવનાર મનુષ્ય ધનવાન ને રાજ્યમાન ભોગવનાર હોય.

**વૈમાનિક.**

પગના તળિયામાં મોરની આકૃતિ ધરાવનાર માણસ વાયુયાન (વિમાન)માં બેસનાર કે વિમાન ચલાવનાર વૈમાનિક હોય.

**નટ, અભિનેતા.**

કોયલ જેવો મીઠડો સ્વર ને પગના તળિયામાં કોકિલાની આકૃતિ—એ ધરાવનાર નાટકનો નટ થવાથી કીર્તિલાભ મેળવે.

**ક્ષાત્રતેજવાળો શુરવીર.**

પગને તળિયે તીરકામઠું કે છત્રનો આકાર ધરાવનાર પુરૂષ ક્ષાત્રતેજવાળો ક્ષત્રિયવટ બતાવનાર શુરાતની હોય.

**સમરક્ષેત્ર કે વનમાં મૃત્યુ પામનાર.**

જે મનુષ્યના પગના તળિયામાં ચોકડી, સ્વસ્તિક કે તારાનુ ચિહ્ન હોય, તે મનુષ્ય સમરક્ષેત્ર કે વનવગડામાં મૃત્યુ પામે છે.

**ભાગ્યશાળી.**

જે માણસના પગના તળિયાની દરેક આંગળીઓમાં શંખની આકૃતિઓ હોય છે, તે મનુષ્ય ભાગ્યશાળી ને ધનિક હોય છે.

**સ્ત્રીમૃત્યુ, ગૃહભંગ.**

જે માણસનો પગનો અંગુઠો નાનો હોય તેની સ્ત્રી મૃત્યુ પામે ને ઘર વિંખાઇ જાય.

**શુભસૂચક.**

પગના પંજાની બીજી આંગળી અંગુઠાની બરાબર હોય, તો તે શુભસૂચક ચિહ્ન જાણવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**નિર્ધન, દુઃખી.**

પગના પંજાની બીજી આંગળી ટુંકી હોય, તો તે નિર્ધન ને દુઃખીનું ચિહ્ન જાણવું.

**ગરીબનું મૃત્યું.**

પગના પંજાની ત્રીજી આંગળી બિલકુલ ટુંકી હોય, તો તે માણુસ ગરીબ ને બેઆબરૂ થઇ મરે એમ જાણવું.

**ભોગવિલાસી.**

પગના પંજાની ચોથી આંગળી નાની હોય, તો તે માણુસ ભોગવિલાસ ભોગવનાર છે એમ જાણવું.

**ધનવાન, દુઃખી.**

જેના પંજાની ચોથી આંગળી મોટી હોય છે, તે માણુસ ધનવાન હોય છે. જો ચોથી આંગળી એક બીજા પર ચઢી ગઇ હોય, તો તે ચિહ્ન દુઃખી થવાનું સૂચવે છે.

**વિધવા.**

જો સ્ત્રીના પગની ત્રીજી આંગળી નાની હોય, તો તે વિધવાપણાનું લક્ષણ છે. તેવી સ્ત્રી વિધવા થાય.

**સમ્રાટસમાન.**

જેના પગના તળિયાની મધ્યમાં ઘોડાની, હાથીની, કલ્પવૃક્ષની, થાંભલાની, જવની, હથિયારની, ધ્વજા, માળા, પર્વત ને કુંડળની આકૃતિઓ હોય, તે માણુસ ચક્રવર્તિ સમ્રાટ સમાન ભોગવિલાસ ભોગવવા ભાગ્યશાળી નિવડે એમ જાણવું.

જો મનુષ્યના હાથની હથેળીમાં ઉપરોકત ચિહ્નો હોય તો પણ એજ પ્રકારનું ફળ જાણવું. હથેળી કે પગને તળિયે જો શંખ, ચક્ર, કમળ, હાથી, રથ ને અંકુશની ૭ આકૃતિઓ હોય તો માણુસ રાજા સમાન સુખ ભોગવનાર થાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૧૦ મો

## : સ્ત્રી સામુદ્રિક :

— ૧ —

### વિશિષ્ટ લક્ષણો.

તપશ્ચર્યાચરણ ચક્રવર્તી શ્રી દ્વારકાંપીઠાધીશ્વર શ્રીમદ્ દામોદરાચાર્ય મહારાજ સામુદ્રિક અધ્યાયના વિશિષ્ટ લક્ષણસર્ગનું નીચે પ્રમાણે સિંહાવલોકન કરે છે.

**સૌભાગ્યવતી.**

જે સ્ત્રીની હથેળીમાં મચ્છનો આકાર હોય, તે સ્ત્રી સૌભાગ્યવતી સુંદરી હોય.

**લક્ષ્મીવતી.**

જે સ્ત્રીની હથેળીમાં સ્વસ્તિક (સાથીઓ) જણાતો હોય, તે સ્ત્રી લક્ષ્મીવતી હોય.

**રાણી, રાજ્યમાતા.**

જે સ્ત્રીની હથેળીમાં કમળચિહ્ન હોય, તે સ્ત્રી રાણી કે રાજ્યમાતા હોય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**વનિકની પત્નિ.**

જે સ્ત્રીની હથેળીમાં ત્રાજવાનું ચિહ્ન હોય, તે સ્ત્રી વ્યાપાર-વણજ કરનાર શ્રીમાન પૈસાદારની પત્નિ હોય.

**યાત્રાળુ.**

જે સ્ત્રીની હથેળીમાં હાથી, ઘોડા, ડહેર, ઘર ને વજ્રની આકૃતિઓ હોય, તે સ્ત્રી તિર્થધામ ફરનાર યાત્રાળુ ક્ષત્રાણી હોય.

**કૃષિકાર-જમીનદારની સ્ત્રી.**

જે સ્ત્રીની હથેળીમાં બળદ ને હળ જણાતાં હોય, તે સ્ત્રી કૃષિકાર કે જમીનદારની સ્ત્રી હોય.

**રાજરાણી**

જે સ્ત્રીની હથેળીમાં ચામર, ત્રિશૂળ, તલવાર ને ધનુષ્યબાણના આકારો હોય, તે સ્ત્રી સામાન્ય રાજાની રાણી હોય.

**ઠકરાણી.**

જે સ્ત્રીની હથેળીમાં ગદા, ગોફણુ, ધનુષ્ય, નગારૂ કે અંકુશની આકૃતિ હોય, તે સ્ત્રી કોઇ ઠાકોરની ઠકરાણી હોય.

**અભાગિની.**

જે સ્ત્રીની હથેળીમાં સાપ, શિયાળ, બિલાડી, ઉંટ, વીંછી કે પક્ષીની આકૃતિ હોય, તે સ્ત્રી અભાગિની અબળા હોય. આવી અનાથ સ્ત્રી પોતે દુઃખી થાય અને અન્યને દુઃખી કરે.

**રાણીસમાન.**

જે સ્ત્રીની હથેળીમાં કે પગને તળિયે શંખ, ચક્ર, કમળ, હાથી, રથ ને અંકુશનાં ચિહ્નો હોય, તે સ્ત્રી રાજાની રાણી સમાન સુખ ભોગવનાર સ્ત્રી હોય એમ જાણવું.

**સામાન્ય સુખવાળી.**

જે સ્ત્રીના હાથપગ મોટા ને માંસાળ, પંજા મોટા ને હૃષ્ટપુષ્ટ હોય, તે સ્ત્રી સામાન્ય સુખ ભોગવનાર હોય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**મહારાણી.**

કમળ સમાન કોમળ હાથવાળી સ્ત્રી મહારાણી સમાન ભોગ ભોગવનાર ભામિની હોય.

**સુખી.**

જે સ્ત્રીના પંજાના મૂળમાંથી એક રેખા નીકળીને ઉપર વચલી આંગળીના મૂળ સાથે ભળી ગયેલી જણાતી હોય, તે ઉર્ધ્વરેખાને હથેળીમાં કે પગના તળિયામાં ધરાવનાર સ્ત્રી નાના પ્રકારનું સુખ ભોગવનાર થાય.

**શતંજીવી.**

જે સ્ત્રીના હાથની ટચલી આંગળીના ચડમાં એક નાનકડી રેખા જણાતી હોય, તે સ્ત્રી સો વર્ષનું આયુષ્ય ભોગવનાર હોય.

**પતિવ્રતા.**

જો સ્ત્રીના હાથની ટચલી આંગળીના ચડમાં એક નાનકડી રેખા જણાતી હોય, ને એવી રેખા જો વચલી આંગળીના જડમૂળમાં જણાતી હોય, તો તે રેખાવાળી સ્ત્રી પતિવ્રતા સ્ત્રી તરિકે પંકાય.

**સત્યવાદી, સમાજપ્રિય, સ્ત્રીશકિત.**

જે સ્ત્રીની હથેળીની ટચલી આંગળીના ચડમાં એક નાની રેખા હોય, ને એવી રેખા નીચે તરફ નમેલી હોય, તો તે રેખાવાળી સ્ત્રી ધર્મશીલ, ધનવાન, સત્યવાદી ને સમાજપ્રિય સ્ત્રીશકિત તરીકે ઓળખાય.

**ટુંકા આયુષ્યવાળી.**

જે સ્ત્રીના હાથના અંગુઠાની નીચે નાની રેખાઓ ભેગી થઇ ગયેલી હોય, તે સ્ત્રી ટુંકા આવરદાવાળી હોય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

—૨—

## સ્ત્રીજીવન ને સંતતિસમર્પણ.

અનાદ્યવિચ્છિન્ન ગુરૂપરંપરા પ્રાપ્ત શારદામઠાધીશ્વર શ્રી મહાદેવતીર્થસ્વામિજી જ્યોતિષવિદ્યાના વિષયમાં સ્ત્રીજીવન વિષે નીચે મુજબ આગાહી આપે છે.

**સંપૂર્ણ આયુષ્ય.**

જો સ્ત્રીના હાથના અંગુઠાના મૂળ તળે કદાચ પૂર્ણ રેખા દેખાતી હોય, તો તે સંપૂર્ણ આયુષ્યની સ્ત્રી હોય.

**સંતતિ.**

સ્ત્રીના અંગુઠાના મૂળ નીચે દેખાતી રેખાઓમાં જેટલી મોટી દેખાય તેટલા પુત્રો ને જેટલી નાની દેખાય તેટલી પુત્રિઓ જન્મે એમ જાણવું.

**મહાભાગ્યશાળી પતિવ્રતા.**

જે સ્ત્રીના હાથના પહોંચા પાસે તર્જની આંગળીના થડમાં બે મોટી ઝાડ જેવી રેખાઓ હોય અથવા તો જેના પહોંચાના મૂળમાં એક ઠેકાણે બે મોટી ઝાડ જેવા રેખાઓ હોય, તે સ્ત્રી ઉચ્ચ કોટિના પુરૂષ પતિ સાથે જન્મારો ગુજારી સદા આનંદમાં રહેનારી મહાભાગ્યશાળી પતિવ્રતા પત્નિ તરિકે ઓળખાય.

**લોકપ્રસિદ્ધ.**

જે સ્ત્રીની હથેળીમાં ઉત્તમ ફળદાયક ઉર્ધ્વરેખા હોય તથા તેજ પ્રમાણેની રેખા તે સ્ત્રીના પગના તળિયામાં હોય, તે સ્ત્રી રાજસુખ તથા પ્રજાસુખ પરિપૂર્ણ પ્રકારે ભોગવનાર લોકપ્રસિધ્ધ લલના હોય.

**અલ્પાયુષી.**

જો સ્ત્રીના અંગુઠાની પાસે ખાલી ત્રણ ટુંકી રેખાઓ હોય, તો તે સ્ત્રી અલ્પાયુષ્યવાળી હોય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ચિરંજીવી.**

જે સ્ત્રીના હાથના અંગુઠાની પાસે ફળદાયક શુભ લક્ષણની ત્રણ ખાલી રેખાઓ કોઇ સ્થળેથી તુટયા વિનાની ને લાંબી હોય, તે સ્ત્રી ઘણાં વર્ષ સુધી જીવનારી હોય.

**પુરુષપ્રકૃતિ.**

સ્ત્રીઓની હાથની આંગળીઓ પર જેટલા પ્રમાણમાં વાળ હોય તેટલા પ્રમાણમાં તેમનામાં પુરૂષપ્રકૃતિ સૂચિત થાય છે એમ જાણવું.

**સાઠ વર્ષનું આયુષ્ય.**

જે સ્ત્રીને હાથની ટચલી આંગળીના થડમાંથી નીકળીને વચલી આંગળી સુધી વધી ગયેલી આયુષ્યરેખા હોય, તે સ્ત્રીનું આયુષ્ય સાઠ વર્ષનું જાણવું.

**કુળવર્તની.**

જે સ્ત્રીના મસ્તકનો કેશકલાપ લાંબો, મુખ કમળ સમાન, મોં ચંદ્ર સમાન ને નાભિ દક્ષિણ તરફની હોય, તે કામિની કુળવર્તની હોય છે.

**દાનશિલ પુત્રપૌત્રસંપન્ન સ્ત્રી.**

જે સ્ત્રીનો રંગ સુવર્ણ કહેતાં સોનાના રંગ જેવો ને પગ લાલ રંગના તથા પ્રાતઃકાળના સૂર્ય સમા પ્રકાશિત હોય, તે સ્ત્રી દાનશિલ પુત્રપૌત્ર સંપન્ન, પતિવ્રતા ગૃહલક્ષ્મી થાય એમ જાણવું.

**દુઃખી વિધવા.**

જે સ્ત્રીના માથાના વાળ રાતા હોય અને આંખો માંજરી હોય, તે સ્ત્રી વિધવા થઇ નાના પ્રકારનાં દુઃખ ભોગવે.

**કમળની સાખી જેવી.**

જે સ્ત્રીનું મોં ગોળ ને મોટું તથા પુર્ણિમાના ચંદ્ર જેવું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેજદાર હોય, આંખો મોટી, હોઠો લાલ રંગના તેમજ શરીર સુંદર હોય, તે સ્ત્રી રાજાની રાણી જેટલું સુખ ભોગવે.

**સુખી.**

જે સ્ત્રીનો મોં નીચેનો હોઠ લાલ રંગનો હોય તેમજ હોઠ પર વધારે માંસ હોય. મોં ગોળાકારનું, દાંત ધોળા ને સ્વર મીઠો કોયલ જેવો હોય, તે સ્ત્રીમાં સુખી થવાનાં લક્ષણો છે એમ જાણવું.

**ઉત્તમ સુખ ભોગવનાર.**

જે સ્ત્રીનું મોં હસમુખું ને સ્વર કોયલ જેવો હોય, તે સ્ત્રી ઉત્તમ પ્રકારનું સુખ ભોગવનાર જાણવી.

**ઉચ્ચ વિલાસ ભોગવનાર.**

લાલરંગના ને બેઉ હાથની વચ્ચોવચ્ચ બરાબર મધ્યમાં આવેલા નાકવાળી સ્ત્રી પણ ઉચ્ચ વિલાસ ભોગવનાર થાય એમ જાણવું.

સ્ત્રીની આંખોની કીકીઓ પદ્મ-કમળ સમાન ને નાક શુક-પોપટની ચાંચ સમાન હોય, તો તેવી સ્ત્રી ઉત્તમ અર્ધાંગના થાય, ને ઉચ્ચ પ્રકારનું સુખ ભોગવે.

**ઉત્તમ વિલાસ માણનાર.**

જે સ્ત્રીના આંખના ડોળા રાતા ને બીજના ચંદ્ર જેવા દેખાતા હોય, તે સ્ત્રી વિશુદ્ધ વામાંગના બની ઉત્તમ વિલાસવિહાર માણે.

**રંગીલી.**

જો સ્ત્રીના બેઉ કાનો બીજના ચંદ્રસમાન કમાનદાર હોય અને તેની ઉપર તથા તેના મૂળના થડમાં વાળ હોય, તો તે પણ શ્રેષ્ટ સુખ ભોગવનાર રંગરાગમાં રંગાનાર રસીલી રમણી થાય.

સ્ત્રીઓના હાથ, પગ, મોં ને શરીર પરની ભાવિકથન કરવી ઉપર આપેલી આકૃતિઓમાંની એકાદ પણ જો સ્ત્રીની હથેળીમાં, પગને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તળિયે, મોં પર કે શરીરપર હયાત હોય, તો તે અનુસાર ફળ આપે છે. ઉપર આલેખેલી આકૃતિઓમાંની જે વિશેષ પ્રમાણમાં જણાય, તે વિશેષ પ્રમાણમાં ફળ આપે છે. ઓછા પ્રમાણમાં હોય તો આકારો ઓછા પ્રમાણમાં ફળ આપે છે. એટલે જે જે સ્થળે ચિહ્નો પૂર્ણ કહેલાં છે તે તે સ્થળે વધારે ઓછાં હશે, તો તેના પ્રમાણમાં વધારે ઓછું સુખ સમજી લેવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૧૧ મો.

## : રોગ સામુદ્રિક :

— ૧ —

### દર્દોનું દિગ્દર્શન.

ષડ્મતસ્થાપનાચાર્ય જગદ્‌ગુરૂ શ્રી અનિરૂદ્ધાશ્રમ મહારાજ સામુદ્રિક જ્યોતિષના રોગસામુદ્રિક અધ્યાયના રોગરૂપરેખા સર્ગનું વર્ણન નીચે મુજબ કરે છેઃ—

**અંધત્વ.**

જો મનુષ્યની હથેળીમાં બુધગ્રહના સ્થાન તળે મનરેખા પર તારકનું ચિહ્ન હોય અર્થાત્ ચોકો દેખાતો હોય કિંવા શુક્રગ્રહના સ્થળે જાળીની નિશાની જણાતી હોય, તે નિશાની અંધાપાની જાણવી.

**જીવનરોગી.**

જો મનુષ્યના હાથના પહોંચાની આંગળીઓના પહેલા વેઢા પર નાની નાની વિશેષ રેખાઓ જણાતી હોય અથવા મસ્તકરેખા પર શ્યામ રંગનું ધાબુ દેખાતું હોય અથવા આયુષ્યરેખા પર ટાપુ, સ્વસ્તિક, વર્ણ કે સમકોણ ઇત્યાદિ આકૃતિઓ જણાતી હોય, તો તે ચિહ્નો મનુષ્યના જીવનરોગીપણાનાં જાણવાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ઉન્માદવાયુ.**

પંજાની વાંકી તથા જુદી રહેતી આંગળીઓ તથા નીચેના ભાગનાં દબાયલાં ગ્રહમંડળ માણસને મૃગી, ઉન્માદવાયુ કે હિસ્ટિરીઆનો દર્દી હોવાનું સાબીત કરે છે.

**ક્ષયરોગ.**

જે મનુષ્યની હથેળીમાં શનિની આંગળી તળેથી બુધની આંગળીની તળે પર્યંત પાંખવાળી રેખાકૃતિ હોય અથવા બુધ-ગ્રહની રેખા પર નાનાનાના ટાપુઓ હોય ને પંજાની આંગળીઓના નખો મોટા ફાફડા જેવા હોય, તે માણસને યક્ષ્મા અર્થાત ક્ષયરોગની રેખાઓ છે એમ માનવું.

**લકવો કે પક્ષઘાત.**

જે મનુષ્યની હથેળીમાં શનિદેવતાના સ્થાન પર તારકો તથા મનરેખા પર આડી રેખાઓ હોય, તે મનુષ્યને અર્ધાંગવાયુ કે લકવો અથવા પક્ષઘાતનો રોગ લાગુ પડે છે.

**ઉદર ને હૃદયનાં દર્દો.**

જે મનુષ્યની હથેળીમાં આયુષ્યરેખા પર ટાપુઓનાં ચિહ્નો હોય અને તેમાંથી શાખાઓ નીકળીને ગુરૂગ્રહના સ્થાન તરફ જતી હોય, તે મનુષ્યને ઉદર ને હૃદયનાં દર્દો થાય છે.

**ઉન્માદ, ગાંડપણ.**

જે મનુષ્યની હથેળીમાં ચંદ્રગ્રહ પર સ્વસ્તિકનું ચિહ્ન હોય, ચંદ્રગ્રહનું સ્થાન પોચું ને ખાડાવાળું હોય, શનિગ્રહનું સ્થાન યથાર્થ ન હોય તથા પંજાની વચલી આંગળી વાંકી હોય, તો તે માણસમાં ઉન્માદ, ગાંડપણ કે પાગલપણાનો યોગ જાણવો.

**બહેરાપણું.**

જે મનુષ્યની હથેળીમાં મસ્તકરેખા પર ટાપુ અથવા દાંતનું ચિહ્ન દેખાય, તે મનુષ્યમાં બહેરાપણાનો યોગ જાણવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**બ્હીકણ, ચીડીયો સ્વભાવ.**

જે મનુષ્યની હથેળીમાં રેખાઓ વિશેષ દેખાતી હોય, તે માણસ ડરપોક, બીકણ ને ચિડિયા સ્વભાવવાળો હોય.

**હૃદય બંધ પડી જવાનું ચિહ્ન.**

જે મનુષ્યની હથેળીમાં જીવનરેખામાં ટાપુ કે મીંડાની નિશાની દેખાતી હોય, શનિગ્રહના સ્થળ તળે મસ્તકરેખાનો રંગ પીળો હોય અથવા આયુષ્યરેખાની નજીકમાં મંગળ મહારાજના સ્થાન પર શ્યામ બિન્દુઓ હોય, તે માણસનું હૃદય બંધ પડવાથી મૃત્યુ થવાનો યોગ જાણવો.

**દમ ઉધરસનો વ્યાધિ.**

જે મનુષ્યના હાથની હથેળીનો વચલો ભાગ નાનો હોય, બુધગ્રહની રેખા સરસ ન હોય, સ્વાસ્થ્યરેખા તથા મસ્તકરેખા એકઠી થઇ ગઇ હોય તેમજ શુક્રગ્રહના સ્થાનથી એક નાની રેખા નીકળીને આયુષ્યરેખાને ભેદી મંગળ મહારાજના સ્થળને મળી જતી હોય, તે માણસને દમ ઉધરસનો વ્યાધિ થાય.

**કુદરતી ગાંડપણ.**

જે મનુષ્યની હથેળીમાં બુદ્ધિરેખા નાનકડી, અને જવની નિશાનીઓ વાળી દેખાય, તે માણસને જન્મથી વારસામાં કુદરતી ગાંડપણુ મળેલું જાણવું.

**નિર્બળ હૃદય.**

જે મનુષ્યની હથેળીમાં બુદ્ધિરેખા છાછરી હોઇ બીજી નાનકડી રેખાઓથી ભેદાતી હોય, તો તે રેખા મનુષ્યનું નિર્બળ હૃદય સૂચવે છે.

**હઠાગ્રહી પ્રકૃતિ.**

જે મનુષ્યની હથેળીમાં બુધદેવતાના સ્થાન તળેનું મંગળ-મહારાજનું સ્થળ ખિલેલું તથા કઠણ હોય ને અંગુઠો સખત હોય તે મનુષ્ય હઠાગ્રહી પ્રકૃતિનો હોવો જોઇએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ગુસ્સે થવાની ટેવ.

જેની હથેળીમાં ગુરૂગ્રહના સ્થળની તળેનું મંગળગ્રહનું સ્થાન પ્રસાર પામેલું હોય ને શુક્ર તથા ચંદ્રનાં ભુવનો એકમેકમાં મળી ગયેલાં હોય, તો તે માણુસને અંકુશમાં ન રહી શકે તેવી ગુસ્સે થવાની ટેવવાળો જાણવો.

## દુર્ભાગી દર્દી.

જેની હથેળીમાં જાળીની નિશાની દેખાતી હોય તે માણુસને દુર્ભાગી દર્દી હોવાનું એ ચિહ્ન છે એમ જાણવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૧૨ મો.

## : શકુનસામુદ્રિક :

—૧—

## વિધાતાનો વર્તારો.

સાંખ્યત્રયપ્રતિપાદક શંકરસ્વામિશ્રી અચ્યુતાચાર્ય મહારાજ શકુનસામુદ્રિકના વિધાતાનો વર્તારો નામક સર્ગમાં શુકનઅપશુકન વિષે સમીક્ષા કરતાં પોતાનું મંતવ્ય નીચે મુજબ વ્યક્ત કરે છે:—

**શુભશુકનનાં ચિહ્નો.**

સંસારવ્યવહારનાં કાર્યો કરવાને, નિવાસસ્થાનના દ્વારમાંથી આંગણામાં પ્રવેશ કરતાં, બહારગામ પ્રવાસે પરવરતાં કે વિદેશ વિદાય થતાં, વરઘોડો ચઢતાં કે શત્રુ સામે સંગ્રામે ચઢવા ગામના દરવાજા બહાર પગ મુકતાં જો નિમ્નલિખિત વસ્તુઓ, મનુષ્ય કે પ્રાણી સમિપ આવે, તો તે શુભ શુકન સૂચવે છે એમ જણાવ છે.

૧—ભાલપ્રદેશ—કપાળમાં ભસ્મ ધારણ કરેલ, તે પર ત્રિપુંડૂ ધારી, કંઠે રૂદ્રાક્ષમાળા પહેરેલા એક યા તેથી વધારે બ્રાહ્મણો સામેથી આવતા હોય, તો તે શુભ શુકન જાણવા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨–કપાળમાં કંકુનો ચાંલ્લો, તે પર ચોખા ચોઢેલી ને કંઠમાં પુષ્પમાળા પહેરેલી યા તો સાદી ગાય શુભસૂચક છે.

૩–ફળપુષ્પ લઇને આવતો માળી સામો મળે તો તે લાભસૂચક છે.

૪–હાથી, છત્ર ને ચમ્મરવાળો વરઘોડો સામો મળે, તો તે યશદાતા જાણવો.

૫–મોતિ ને માણેકના દાગીના પહેરીને સામી આવતી વેશ્યાના શુકન કીર્તિ બક્ષાવનાર છે.

૬–દારૂ, માંસ ને માછલું લઇને આવતી કપાળમાં ચાંલ્લાવાળી સ્ત્રી સામે આવે, તો વિજયની આગાહી જાણવી.

૭–તલવાર ઢાલ, બંધુક ને કટાર તથા કામઠાવાળો મનુષ્ય પ્રતિષ્ઠા વૃદ્ધિના સૂચક શુકનનું પ્રતિક છે.

૮–દર્પણ, હરણ, નોળીઓ ને કળાયલ મોર લઇને આવતો માણસ સામો મળે, તો તે શુકન માનમર્તબો વધારનાર જાણવા.

૯–કમરમાં બાળક તેડીને આવતી ચુડીચાંલ્લાવાળી સૌભાગ્યવતી સ્ત્રી સામે મળે, તો તે કાર્યસિદ્ધ કરનાર શુકન જાણવા.

૧૦–પાણીનું બેઢું, ઘડો કે ગાગર લઇને આવતી સ્ત્રીના શુકન સફળતા અપાવે છે.

૧૧–ગીત ગાતી નારીઓના શુકન સિદ્ધિ બક્ષે છે.

૧૨–સૌભાગ્યવતી સ્ત્રીના શુકન મનવાંછિત ફળ મળવાની આગાહી આપે છે.

૧૩–સારી શુભવાણી સાંભળવામાં આવે, તો તે ચિહ્ન ભલું કરનાર નીવડે છે.

૧૪–વાજાંવાળાના શુકન શુભ છે.

૧૫–કુવો, તળાવ, વાવ, સરોવર, નદી કે સમુદ્રમાં ધોઇને કોરાં કરેલાં વસ્ત્રો સાથે આવતા ધોબીના શુકન મનવાંછિત ફળ સિદ્ધ કરનારા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૬-ધુમાડા વિનાનો દેવતા લઇને કોઇ સામું આવે, તો તે શુકન શુભ છે.

**અશુભ-શુકન.**

નીચે જણાવેલા શુકનો અશુભસૂચક છે. એવા અપશુકનો સામા મળે, તો ધાર્યા કામમાં બરાબર સફળતા મળતી નથી.

૧-લાકડાં, ચામડું, ઘાસ, છોડ, ધુંધવાતો અગ્નિ, તેલ, ગોળ વગેરે વસ્તુઓ લઇને કોઇ સામું આવે, તો તે અપશુકન ગણાય.

૨-છોકરાં વિનાની (વાંઝણી) સ્ત્રી સામે મળે તો માઠા શુકન જાણવા.

૩-દુશ્મનો સામા મળે તો તે હાનિકર્તા શુકન છે.

૪-ટંટોફીસાદ કરનારાઓનું તોફાની ટોળું સામું મળે, તો તે ચિહ્ન નુકશાનકારક જાણવું.

૫-કપાળમાં ચાંદલો કર્યા વિનાની સધવા સ્ત્રી.

૬-મદિરા પીધેલો છાકટો સામો મળે, તો તે અપયશકારક અશુભ ચિહ્ન જાણવું.

૭-શરીરે તેલ ચોળીને આવતા માણસના શુકન પરાજય કરાવનારા છે.

૮-બગડેલ, પવૈયો અર્થાત હિજડાના શુકન પ્રતિષ્ઠાની પાયમાલીના સૂચક સમા છે.

૯-હલાલખોર કસાઇના શુકન માનમર્તબાની ખાનાખરાબી કરનાર સૂચક ચિહ્નો છે,

૧૦-બાજખોર કાંધિઆઓ, જીવતાં મનુષ્યોનાં મુડદાં બનાવનાર, કસાઇઓના શુકન લાજશરમના લિલામની આગાહી આપે છે.

૧૧-પોતાનાં કે પારકાંનાં ગુપ્ત વેચાણ કે જાહેર લિલામ જેવાં વરવિક્રય કે કન્યાવિક્રય કરનાર સંતાનભક્ષક સ્ત્રી પુરુષો સામાં મળે, તો તે હાનિકર્તા શુકન છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૨–વરકન્યા કે નરનારીનાં છુપાં કે જાહેર ચોકઠાં બેસાડનાર દાનવી વૃત્તિનાં દલાલ નરનારીઓના શુકન આસુરી ઉત્પાતના આભાસ રૂપ છે.

૧૩–છાણવાળા હાથ, કાદવવાળા પગ ને ભીનાં કપડાંવાળી શરીરની વ્યકિતના શુકન લોહીલુહાણ બનાવનારી નિશાની છે.

૧૪–આડંબર વિનાનો જોગી એ ધનના નાશચિહ્ન જેવા શુકન છે.

૧૫–શિવભક્ત શિવાયનો ગોસાઇ લુગડાં ગુમાવનાર આકૃતિ છે.

૧૬–અવૈદિક વૈરાગીના શુકન સરસામાન ખોવડાવનારા નીવડે છે.

૧૭–સામા મળતા ફકીરના શુકન ખાલી હાથે પાછા આવવાનું સૂચવે છે.

૧૮–દંડકમંડળ વિનાનો સંન્યાસી સામો મળે, તો પત્નીનો પ્રસંગ આવવાનો યોગ જાણવો.

૧૯–ભસ્મ રૂદ્રાક્ષ:ત્રિપુંડ્ર સિવાયનો સાધુ સામો મળે, તો તે અધોગતિ કરનારૂં ભવિષ્યદર્શન છે એમ માનવું.

૨૦–શેવડો અર્થાત પ્રાણીને દુઃખ દેનાર વાદી કે રબારી સામો મળે, તો તે અદાલતને આંગણે અપમાન કરાવનાર છે.

૨૧–અડદ ને મગ લઇને આવતો માણુસ આફતની આગાહી આપે છે.

૨૨–વાઘ ને જંગલી બિલાડો સામા મળે, તો તે પ્રાણઘાતક ઘાતચંદ્રનું ચિહ્ન જાણવું.

૨૩–કંગાલ, ભિખારી ને ઘેલા માણુસના તનમનધનની બરબાદી કરાવનાર શુકન છે.

૨૪–સાપ કે વીંછીવાળા ગારૂડીના શુકન સમય ને દ્રવ્યની ખરાબી સૂચવે છે.

૨૫–ભલાં કુશકાંવાળી વ્યક્તિ ખાનાખરાબી સૂચવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨૬-દેહે દવા લગાડેલો માણસ મંદવાડની આગાહી આપે છે.
૨૭-દદડતાં ભીનાં લુગડાંવાળો મનુષ્ય સનાનના સમાચાર મળવાનું સૂચવે છે.
૨૮-સામે મળતી વિધવા સ્ત્રી કામ કર્યા વિના લીલે તોરણે પાછા વળવાનું સૂચવે છે.

શુભ શુકનનાં ચિહ્નો સામાં આવતાં જોયાં હોય કે દૂરથી દેખ્યાં હોય, તો મનના ધાર્યા મનોરથો ફળી શુકન સિધ્ધ થાય છે. અશુભ શુકનનાં ચિહ્નો સામે મળ્યાં હોય કે દૂરથી જોયાં હોય, તો ધાર્યું કાર્ય સિધ્ધ ન થવાથી અશુભશુકન સાબીત થાય છે.

—૨—

## સ્વપ્નદર્શન.

વૈદિક માર્ગપ્રવર્તક જગદ્‌ગુરૂ શ્રી માધવતીર્થ મહારાજ શકુન-સામુદ્રિકવિદ્યાના સ્વપ્નદર્શન સ્વર્ગનું રંગનિરિક્ષણ નીચે મુજબ કરે છે.

**લાલરંગની વસ્તુ.**

જો કોઇ માનવીને સ્વપ્નમાં રકત-લાલરંગની વસ્તુ દેખાય, તો તેને મેષરાશિની વ્યકિત સાથે કામ પડે કે પડયું હોય. અહિં વ્યકિત એટલે સ્ત્રી, પુરૂષ કે બાળક જાણવાં.

**ફીકકો ભુરો.**

જે મનુષ્યને સ્વપ્નમાં ફીકકા ભુરા રંગની વસ્તુ દેખાય તેને વૃષભરાશીની વ્યકિત સાથે કામ પડે કે પડયું હોય.

**પીળો.**

સ્વપ્નમાં પીળા રંગની વસ્તુ જોનારને મિથુનરાશીની વ્યકિત સાથે કામ પડયું હોય કે પડે.

**લીલો.**

સ્વપ્નમાં નીલ(લીલા) રંગની વસ્તુ જોનારને કર્કરાશીની વ્યકિત સાથે કામ પડયું હોય કે પડે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**નારંગી.**

સ્વપ્નમાં નારંગી રંગની વસ્તુ જોનારને સિંહરાશીની વ્યક્તિ સાથે કામ પડ્યું હોય કે પડે.

**ફીકકો કાળો.**

સ્વપ્નમાં ફીકકા કાળા રંગની વસ્તુ જોનારને કન્યારાશીની વ્યક્તિ સાથે કામ પડે કે પડ્યું હોય.

**કીરમજી.**

સ્વપ્નમાં કીરમજી રંગની વસ્તુ જોનારને તુલારાશીની વ્યક્તિ સાથે કામ પડે યા પડ્યું હોય.

**તેજદાર લાલ.**

સ્વપ્નમાં તેજદાર લાલ રંગની વસ્તુ જોનારને વૃશ્ચિકરાશીની વ્યક્તિ સાથે કામ પડે કે પડ્યું હોય.

**પીળો.**

જો કોઈ સ્ત્રીને સ્વપ્નમાં પીળા રંગની વસ્તુ જણાય, તો તેને ધનરાશીની વ્યક્તિ સાથે કામ પડ્યું હોય કે પડે.

**કાળાશ પડતો રંગ.**

જો કોઇ છોકરાને સ્વપ્નમાં કાળાશ પડતા રંગની વસ્તુ જણાય, તો તેને મકરરાશીની વ્યક્તિ સાથે કામ પડ્યું હોય યા પડે.

**આસમાની.**

જો કોઇ છોકરીને સ્વપ્નમાં આસમાની રંગની વસ્તુ હાથ લાગી હોય, તો તેને કુંભરાશીની વ્યક્તિ સાથે કામ પડે યા પડ્યું હોય.

**તેજદાર સફેદ.**

સ્વપ્નમાં તેજદાર સફેદ રંગની વસ્તુ નજરે ચઢી હોય તેને મીનરાશીની વ્યક્તિ સાથે કામ પડે યા પડ્યું હોય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ પ્રમાણે સ્વપ્નદર્શનનાં ફળ જાણ્યા પછી આપણે નંગદર્શનના વિષય તરફ નજર કરીશું. નિખિલ નિગમાગમસાર-હૃદય શંકરાચાર્ય શ્રી અનંતાશ્રમ સ્વામિજી શકૂન સામુદ્રિક જ્યોતિષના સ્વપ્નદર્શન સર્ગનું નંગનિદર્શન આ અનુસાર કરે છે:-

**પરવાળાનું નંગ.**

કોઇ માનવીને સ્વપ્નમાં પરવાળાનું નંગ દેખાય તો તે મનુષ્ય પર મેષરાશીની વ્યક્તિની વક્રદ્રષ્ટિ થવાની છે એમ ભાસે છે.

**હીરો.**

જો કોઇ મનુષ્યને સ્વપ્નમાં હીરાનું નંગ આભાસ આપે, તો તેના ઉપર વૃષભરાશીની વ્યક્તિ તરફથી વિપત્તિ આવી પડે.

**પાનું.**

જો કોઇ મનુષ્યને સ્વપ્નમાં પાનાનું નંગ જણાય, તો તેના પર મિથુનરાશીની વ્યક્તિ તરફથી આફત આવી પડે.

**મોતી.**

જો કોઇ મનુષ્યને સ્વપ્નમાં મોતીનું નંગ દેખાય, તો તેના પર કર્કરાશીની વ્યક્તિ તરફથી હુમલો થાય.

**માણેક.**

જો કોઇ પુરૂષને સ્વપ્નમાં માણેકનું નંગ દેખાય તો સિંહ-રાશીની વ્યક્તિ તેની ઇજ્જત આબરૂ લે.

**પાણીદાર પાનું.**

જો કોઇ સ્ત્રીને સ્વપ્નામાં પાણીદાર પાનાનું નંગ દેખાય, તો કન્યારાશીની વ્યક્તિ તેની કીર્તિપ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે.

**તેજસ્વી હીરો.**

જો કોઇ છોકરાને સ્વપ્નમાં તેજસ્વી હીરાનું નંગ નજરે પડે, તો તેના માનમરતબાનો તુલારાશીની વ્યક્તિના પ્રયાસથી નાશ થાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**લાલચોળ પરવાળું.**

જો કોઇ છોકરીને સ્વપ્નમાં લાલચોળ પરવાળાનું નંગ દેખાય. તો વૃશ્ચિકરાશીની વ્યક્તિની યુક્તિથી તેના ઓષ્ધાદરજ્જાને નુકશાની પહોંચે.

**પોખરાજ.**

જો કોઇ મનુષ્યને સ્વપ્નમાં પોખરાજનું નંગ દેખાય, તો તેની ધનદોલતનો દૂંશ ધનરાશીની વ્યક્તિની યુક્તિપ્રયુક્તિથી થાય.

**લાલ નીલમ.**

જો કોઇ મનુષ્યને સ્વપ્નમાં લાલ નીલમનું નંગ દેખાય, તો તેની માલમિલ્કતની પાયમાલી મકરરાશીની વ્યક્તિના દાવપેચથી થાય.

**લીલું નીલમ.**

જો કોઇ મનુષ્યને સ્વપ્નમાં લીલા નીલમનું દર્શન થાય, તો કોઇ કુંભરાશીની વ્યક્તિના છળકપટથી તેનાં સ્રીસંતાન પર સંકટ આવી પડે.

**ઓપદાર પોખરાજ.**

જો કોઇ વ્યક્તિને સ્વપ્નામાં ઓપદાર પોખરાજનું નંગ દેખાય, તો તેના તનબદનને મીનરાશીની વ્યક્તિની પ્રપંચજાળથી પ્રાણઘાતક ઇજા થાય.

ઉપર પ્રમાણે સ્વપ્નદર્શનમાં જણાતાં નંગોનાં પરિણામોની આગાહી પરત્વે જાણ્યા પછી હવે ગ્રહદર્શન કરવામાં આવે છે.

શ્રીમદ્રાજાધિરાજ ગુરૂભૂમંડલાચાર્ય શારદાપીઠાધિશ્વર શ્રી વિશ્વરૂપાચાર્ય મહારાજ શકૂનસામુદ્રિકશાસ્રના સ્વપ્નદર્શનસર્ગના ગ્રહદર્શન વિષે પોતાનું પ્રવચન નીચે મુજબ કરે છે:—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**મંગળગ્રહ.**

જો મેષરાશીવાળા, વૃશ્ચિકરાશીવાળા ને વૃષભરાશીવાળા માણસને સ્વપ્નદર્શનમાં મંગળગ્રહની મૂર્તિ દેખાય, તો તેમણે જાણવું કે તેમના સ્વામિ મંગળદેવ છે. તેથી તેમની સેવા કરવી. આ રાશીવાળા આ દેવની સેવા કરશે, તો તેમના પરની આપત્તિઓ અદ્રષ્ય થશે.

**શુક્રગ્રહ.**

જો વૃષભરાશીવાળા ને તુલારાશીવાળા મનુષ્યને સ્વપ્નમાં શુક્રગ્રહની પ્રતિમા દેખાતી હોય, તો તેમણે માનવું કે તેમના માલિક શુક્રદેવતા છે, તેથી તેમની ભકિત કરવી. તેમ કરવાથી તેમના પ્રતિસ્પર્ધિઓનો નાશ થશે.

**બુધગ્રહ.**

જો મિથુનરાશીવાળા અને કન્યારાશીવાળા મનુષ્યને સ્વપ્નમાં બુધગ્રહની આકૃતિ જણાય, તો તેમણે જાણવું કે તેમના માલિક બુધદેવતા છે. તેમના મંત્રનો જાપ કરવાથી દુશ્મનો દૂર થશે.

**ચંદ્રગ્રહ.**

જો કર્કરાશીવાળા માનવીને સ્વપ્નદર્શનમાં ચંદ્રગ્રહનો આકાર ભાસતો હોય, તો તેમણે માનવું કે તેમના સ્વામિ ચંદ્રમા છે. તેથી તેમનું અનુષ્ઠાન કરવું. તેમ કરવાથી તેમના રોગરિપુનો હ્રાસ થશે.

**સૂર્યગ્રહ.**

જો સિંહરાશીવાળા મનુષ્યને સ્વપ્નમાં સૂર્યગ્રહનો આભાસ થતો હોય, તો તેમણે સૂર્યદેવને પોતાના માલિક માની સૂર્યનમસ્કાર ને ગાયત્રિમંત્રથી અર્ધ્યપ્રદાન કરવું આ રાશીવાળાને નમસ્કારવ્રત ને અર્ધ્ય ઉપવ્રત કરવાથી કીર્તિપ્રતિષ્ઠાનો લાભ થશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ગુરૂગ્રહ.**

જો ધનરાશીવાળા ને મીનરાશીવાળા મનુષ્યને સ્વપ્નમાં ગુરૂગ્રહનું પ્રતિક પેખાતું હોય, તો તેમણે ગુરૂગ્રહને પોતાના માલિક સમજી તેમના મંત્રથી હોમ કરી દેવને સંતુષ્ટ કરવા. તેમ કરવાથી તેમનું બુદ્ધિબળ પ્રભાવશાળી બનશે.

**શનિગ્રહ.**

જો મકરરાશીવાળાં ને કુંભરાશીવાળાં સ્ત્રીપુરૂષોને સ્વપ્નમાં શનિદેવતાની છાયા દેખાતી હોય, તો તેમણે શનિદેવતાને પોતાના સ્વામિ માનવા. શનિદેવને તેલસિંદુર, અગરબત્તી, આકડાના ફુલનો હાર ને અડદિયા અર્પણ કરવા, શનિના મંત્રની માળા કરવી ને તેલનો બનાવેલો ખોરાક એક વખત જમવો. આ રાશીવાળાને આ દેવની ભકિતભાવપુર્વક, શ્રધ્ધા-સહિત સેવા કરી તેમને પ્રસન્ન કરવાથી લક્ષ્મીપ્રાપ્તિ મળશે અને શરીરશકિત પ્રતાપશાળી થશે.

— ૩ —

## નિદ્રાતંદ્રાની ફળસિધ્ધિ.

નિખિલ નિગમાગમસારહૃદય દ્વારકાંપીઠાધીશ્વર શ્રીમદ્ ચિદ્ઘનતીર્થ સ્વામિજી સામુદ્રિક જ્યોતિષ મહાશાસ્ત્રના નિદ્રાતંદ્રા ફળસિધ્ધિ સર્ગનું સ્પષ્ટિકરણ નિમ્નલિખિત શબ્દોમાં કરે છે:-

**કાળો મનુષ્ય.**

જો કોઇ મનુષ્યને નિદ્રાતંદ્રામાં કાળો મનુષ્ય ભાસતો હોય, તો જાગૃતાવસ્થામાં તે મનુષ્યે જાણવું કે કાળો માણસ બાહ્યાડંબરમાં સાધુનો સ્વાંગ સજનારો છે. એ વ્યકિતનો આ પ્રકારનો સાધુવેશ બીજાને છળવાનો ઢોંગ હોય છે. આવા સ્પષ્ટિકરણ પરથી બોધપાઠ ગ્રહણ કરી તે માણસે કાળા માણસનો વિશ્વાસ ન કરવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે છતાં જો તેના પર ઇતબાર રાખવામાં આવશે તો તેના તરફ-થી દગો થવાનો સંભવ હોય છે.

જો કોઇ મનુષ્યને નિદ્રાતંદ્રામાં માંજરા મનુષ્યનો આભાસ થતો હોય, તો જાગૃતાવસ્થામાં તેણે માંજરા માણસની ઉદાર-વૃત્તિની વાતોને ઠંડા પહોરની તોપો જ માનવી. તે માણસ તેલમાં પડેલી માખને નીચોવે તેવો મખ્ખાચૂસ જ હશે. તેની પરમાર્થી પ્રકૃતિ કે દયાનીતિ બીજાને સપડાવવા માટેની જ હશે. આ ચોખવટ પરથી માંજરાનો વિશ્વાસ ન કરવો. છતાંય જો કરશે તો નાણાંનું નુકશાન થશે.

**બખડદન્તો.**

જો કોઇ નરનારીને નિદ્રાતંદ્રામાં બખડદન્તો માણસ દેખાતો હોય, તો જાગૃતાવસ્થામાં તે માણસને પોતાને મુર્ખ, ભોળો ને વિશ્વાસુ મનાવવા માગતો તીવ્ર બુધ્ધિશાળી ને કપટી જાણવો. તેની બુવકુફીની બડાશો કે ભોળપણાના ભડાકા બીજાને છેતરવાના જ હોય. તેની નીતિ ચલતાપૂર્જાની ચાલબાજી જ જાણવી. આ ખુલાસા પરથી સાવચેત નહિં થવાય તો તેની બટકબોલી વાણીથી બેવકુફ બની ઇજ્જતઆબરૂની રેવડી દાણાદાણ થવાનો સંજોગ છે.

**તાલિયો.**

જો કોઇ છોકરા છોકરીને નિદ્રાતંદ્રામાં તાલિયો માણસ દેખા દે, તો તેમણે જાગૃતાવસ્થામાં તે તાલિયા પુરૂષને ગરીબાઇની ગમે તેવી કરૂણાજનક વાતો કરતો હોવા છતાં, પોતા પર ગમે તેવી આફતો પડયાનું કહેવા છતાં, નિર્ધન કે દરિદ્રી ન માનતાં ધનવાન, ઉદ્યમશીલ ને સુખી જાણવો. પૈસાની તંગીની તેની વાતોને કૃત્રિમ માનવી. તેમ છતાં યે જો તેવા પર વિશ્વાસ મુકવામાં આવશે, તો તે અંતે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઘરમાં હાથ મારી જશે, કાંતો બીજા પાસે ચોરી કરાવશે, કે કાંતો ઘરકુટુંબમાં કોઇ સ્ત્રીની આબરૂનું લિલામ કરાવશે.

શ્રીમદ્રાજાધિરાજ ગુરૂ ભુમંડળાચાર્ય શારદામઠાધીશ્વર શ્રી નૃસિંહાશ્રમસ્વામિજી શકુનસામુદ્રિકના નિદ્રાતંદ્રા સંબંધી પ્રવચન કરતાં નીચે પ્રમાણે જણાવે છે:—

**મુડદુ, શબ.**

જો કોઇ વ્યકિતને નિદ્રાતંદ્રામાં મડદુ કે શબ દેખાય, તો તે વ્યક્તિએ જાગૃતાવસ્થામાં જાણવું કે આ ચિહ્ન તે વ્યકિત પર ટુંક સમયમાંજ આત્મઘાતક આફત આવવાની આગાહી આપે છે. તે દિવસથી તે માનવીએ બહુજ સંભાળીને, લાંબી નજર દોડાવીને તમામ કાર્ય કરવું. કોઇ પર ઇતબાર ન રાખવો, સંધ્યાકાળે ને રાત્રે ગામ પરગામ ન જવું. આ ખબરદારીની ખબરથી માહિતગાર કરવા છતાંયે જો તે દીર્ઘદ્રષ્ટિથી કાર્ય નહિં કરે, ને બીજાં પર વિશ્વાસ રાખશે કે કવખતે બહાર નીકળશે, તો તેના પર કાળચક્ર ફરે છે એમ જાણવું. આ કહેલા સમયે ઘર બહાર જવાથી કે દેશપરદેશ જવાથી તેના પર જીવલેણ ફટકો પડશે કે માંદગીને બિછાને પડવું પડશે એમ રાશીચક્ર જણાવે છે.

**સોનુંચાંદી.**

જો કોઇ માનવીને નિદ્રાતંદ્રામાં સોનુંચાંદી પેખાય, તો તેણે જાગૃતાવસ્થામાં જાણવું કે નિદ્રામાં દેખાયલા સોનાચાંદીના દાગીના તેની પાસેથી ખોવાઇ જશે. તે દીવસથી મનુષ્યે સોનાચાંદીના દાગીના શરીરે પહેરવા નહિં, ને ઘરમાં પણ રખડતા મુકવા નહિં. ઘર કે દુકાન બીજાના વિશ્વાસે ન મુકવાં. તે છતાં જો કોઇ સાવચેત નહિં રહે, તો તેને સોનુચાંદી ગુમાવવું પડશે.

**તાંબુપિત્તળ.**

જો કોઇ મનુષ્યને નિદ્રાતંદ્રામાં તાંબાપિત્તળનાં વાસણો કે વસ્તુઓ જણાય, તો તેણે સમજવું કે થોડા સમયમાં તેને તાંબા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પિત્તળનાં વાસણો વસાવવાં પડશે. આથી તેણે પ્રથમથી સમજી ધનની વ્યવસ્થા કરી દેવી. નહિં તો ઘડીને વખતે તેને ગભરાવું, પસ્તાવું ને બદનામ થવું પડશે.

**લોઢું, મગ, અડદ.**

જો કોઈ માણસ નિદ્રાતંદ્રામાં લોઢું, મગ ને અડદ વિગેરે કાળી વસ્તુઓ દેખે, તો તેણે જાણવું કે આ કાળી વસ્તુઓ તેની માનપ્રતિષ્ઠાને ડાઘ લગાડનાર ભયનો આભાસ છે. આથી તે માનવીએ કાળી દાનતના માણસો, ચોર, ધન ધીરનાર, પૈસાના પૂજારી, ક્રુર કલહારીઆ, માલમિલ્કત વેચાવનારા, જાલીમ, દલાલો, ખોટી ચાલની સ્ત્રીઓ ને એવાં જુઠાં માણસોથી દૂર ભાગવું. નહિં તો બેદરકાર રહ્યાથી આવા માણસને માનમરતબો ને કીર્તિપ્રતિષ્ઠા ગુમાવવાં પડશે.

**પાણીનો પ્રવાહ.**

જો કોઈ મનુષ્યને નિદ્રાતંદ્રામાં પાણીનો પ્રવાહ દેખાય, તો તે માણસે માનવું કે તેને થોડાક દિવસોમાં પૈસાની પ્રાપ્તિ થશે. તે રકમ પાંચથી પાંચ હજારની હશે એમ ભૃગુસંહિતા ભવિષ્ય ભાખે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૧૩ મો.

## : સ્વરસામુદ્રિક :

— ૧ —

### શ્રવણદર્શન.

ચાતુર્વર્ણ્યશિક્ષક ગોમતીતીરવાસી શંકરાચાર્ય શ્રી મનોહરાચાર્ય મહારાજ સામુદ્રિક જ્યોતિષશાસ્ત્રના સ્વરસામુદ્રિક અધ્યાયના શ્રવણુદર્શનસર્ગમાં આ અનુસાર આલેખે છેઃ—

**આડે ઉતરતી બિલાડી.**

જો કોઇ મનુષ્ય કાંઇ કામપ્રસંગે પોતાના ઘર બહાર જતો હોય, ને તેને ઘર બહાર નીકળતાં, ખાંચા કે ફળિયા બહાર જતાં, પોળ કે ગામના દરવાજા બહાર પગ મુકતાં બિલાડી આડે ઉતરે, તો જાણવું કે તેને અપશુકન થયા ને તેનું કામ નહિં થાય.

**આડો જતો સાપ.**

જો કોઇ મનુષ્યને કાર્યપરત્વે બહાર જતાં માર્ગમાં સાપ આડો ઉતરે તો જાણવું કે તેને અશુભ શુકન થયા છે, ને તેનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કાર્ય સિદ્ધ નહિં થાય. આપના અપશુકન માથે ભમતા કાળચક્રનું સૂચન કરે છે.

## આડું જતું મુડદું.

જો કોઇ મનુષ્યને બહાર જતાં રસ્તામાં મુડદું જતું આડું મળે, તો તેણે માની લેવું કે તે જ્યાં જાય છે ત્યાં નિષ્ફળતા અર્થાત્ સ્નાનના સમાચાર જ મળશે.

## નર્કનો ટોપલો.

બહાર જતાં માર્ગમાં સામે નર્કનો ટોપલો લઇને જતાં ઢેડ કે ઢેડી મળે તો જાણવું કે જે કાર્ય કરવા જાય છે તેમાં યશ ન મળતાં ઉલટો આરોપ આવશે.

## ભર્યો ઘુવડ.

પ્રાતઃકાળમાં ઉઠતાં ધૂધૂધૂનો અવાજ કરતો ભર્યો ઘુવડ સંભળાય કે જોવામાં આવે, તો તેણે જાણવું કે તેને આવતો તાવ તે દિવસથી ઓછો થઇ એક બે દિવસમાં બિલકુલ મટી જશે. માટે તેણે નિરાશ ન થવું.

## ખાલી ઘુવડ.

જો કોઇ મનુષ્યને સવારના પહોરમાં ઉઠતાંજ કે બહાર જતાં ધૂ-ધૂ-ધૂનો ખોખરો અવાજ કરતો ખાલી ઘુવડ સંભળાય કે જોવામાં આવે, તો તેણે જાણવું કે તેને તે દિવસથી અથવા તે દિવસ પછી એકાદ બે દિવસમાં તાવ આવશે. માટે તેણે ખાવા-પીવામાં સાવધ રહેવું.

## ઝડપી ચીબડી.

જો કોઇ મનુષ્યને રાત્રે ઝડપથી બોલતી ચીબડીનો અવાજ સંભળાય, તો તેણે જાણવું કે તેના ઘરની પાસેથી ચોરો ચોરી કરવા જાય છે. આ અવાજ સાંભળનારે સાવચેત રહેવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ધીમી ચીબડી.**

જો કોઇ મનુષ્યને રાત્રે ધીમેથી બોલતી ચીબડીનો અવાજ સંભળાય, તો તેણે માનવું કે તેના મકાનની નજીકમાં થઇને ચોરી કરીને ચોરો પસાર થાય છે. તેથી તેણે હોંશિયારી રાખવી.

**પ્રાતઃકાળમાં કાગડો.**

જો કોઇ મનુષ્યને તેના ઘર પર પ્રાતઃકાળમાં 'કા.... કા' કરતો કાગડો દેખાય કે સંભળાય, તો તેણે જાણવું કે તે દિવસે ગામપરગામથી કોઇ મહેમાન તેને ત્યાં આવશે.

**મધ્યાહ્ને કાગડો.**

જો કોઇ મનુષ્યને મધ્યાહ્નકાળે તેના મકાન પર કાગારોળ કરતો કાગડો દેખાય કે સંભળાય, તો તેણે જાણવું કે તેને ઘેર કોઇ પૂર્વજ કે સગાની ક્ષયતિથિ છે, અને તે ભૂલી ગયો છે તેથી તેને યાદ કરાવવાનું આ ભાવિદર્શન છે.

શ્રી દ્વારકાપુરવરાધીશ્વર શારદામઠના શંકરાચાર્ય શ્રી પ્રકાશતીર્થ સ્વામિજી શ્રવણુદર્શન સર્ગની પૂરવણીમાં નીચે મુજબ જણાવે છે:--

**કુતરાનું ભસવું.**

રાત્રે જો કુતરૂં ભસતું સાંભળવામાં આવે, તો જાણવું કે કોઇ અપરિચિત વ્યકિત તે ભાગ તરફ આવે છે, યા તો ફરે છે.

**કુતરાંની દોડાદોડ.**

રાત્રે કુતરાંની દોડાદોડ જણાય, તો માનવું કે તેમને ભૂત-પ્રેતાદિ ભયપ્રદ વિચિત્ર વસ્તુઓનો આભાસ થાય છે.

**કુતરાંનો કકળાટ.**

જો રાત્રે કુતરાંનો કકળાટ સંભળાય, તો જાણવું કે તે ભાગમાં યમનાં દૂત ફરે છે. તે કોઇ માંદા માણસને મૃત્યુલોક-માંથી યમલોકમાં લઇ જવા આવ્યા છે એમ ધારી પોતાનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોષણ કરનારના મરણના ડરથી દિલગીર થઈ તેઓ બ્હીકથી પોતાનું પાલણપોષણ કરનારાંને પોતાના કકળાટથી સાવધાનીના સુર સંભળાવી પોતાની નિમકહલાલી દર્શાવે છે.

**કુતરાંની રડારોળ.**

જો રાત્રે કુતરાંની રડારોળ સંભળાય, તો માનવું કે તે ભાગમાં કોઈ માણસ મૃત્યુ પામ્યું છે. આથી તેઓ નારાજ થઈ રડારોળ દ્વારા પોતાના અન્નદાતાના સ્વર્ગવાસના શોકસમાચાર જણાવે છે.

**પોપટ પોપટી.**

પ્રાતઃકાળમાં ઉઠતાંજ જેને પોપટ કે પોપટીનો મધુર અવાજ સંભળાય, તે મનુષ્યને ઘેર તે દિવસે કોઈ ગાયન ગાનાર વ્યક્તિ અતિથિ તરિકે આવે.

**શૂકસારિકા.**

જો સવારમાં ઉઠતાં શકસારિકાના મીઠા સુરનો આલાપ સાંભળવામાં આવે, તો મનુષ્યે જાણવું કે તે દિવસે તેને ગામ-પરગામમાં કોઈ સંગીતશોખીનના મકાનની મુલાકાત લેવાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

**કાકાકૌઆ.**

જો કોઈ મનુષ્યને પ્રભાતના પહોરે ઉઠતાંજ કાકાકૌઆ બોલતો સંભળાય, તો તેણે જાણવું કે તેને ઘેર કોઈ બડબડાટ કરનાર માણસ આવશે, અથવા તો કોઈ કટકટ કરનારને ત્યાં તેને જવું પડશે.

**સામે મળતું ગધેડું.**

કામ પ્રસંગે બહાર જતા કોઈ માનવીને સામે ગધેડું મળે, તો તેણે જાણવું કે તે જેને ત્યાં જાય છે તે માણસ તેની સાથે ગધેડાના જેમ મુર્ખાઈભરી રીતે વર્તશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**લાતંલાત કરતાં ગધેડાં.**

કામ પ્રસંગે બહાર જતા કોઇ માનવીને સામેથી લાતંલાત કરતાં ગધેડાં આવતાં મળે, તો તેણે માનવું કે તે જ્યાં જવા નિકળ્યો છે ત્યાં ગધેડા માફકની અર્થાત અર્થવગરની બેવકુફાઇ ભરી મારામારી થશે.

**ભૂંકતાં ગધેડાં.**

જો કોઇ મનુષ્યને કામકાજને અંગે સવારમાં વહેલા ઉઠીને ઘરબહાર નીકળતાં ભૂંકતાં ગધેડાં સાંભળવામાં આવે, અથવા તો સામેથી ભૂંકતાં ગધેડાં આવતાં દેખાય, તો તેણે જાણવું કે તેનું કાર્ય સફળ થશે નહિં ને બહારથી એક પાઇ પણ મળે નહિં. તે દિવસે તેને છતે પૈસે દેવાળિયાના જેવી સ્થીતિ ભોગવવી પડશે.

**પાડો ને આખલો.**

કોઇ મનુષ્યને કામ પ્રસંગે ગામપરગામ જવા ઘરમાંથી નિકળતાં સામે માથું વીંઝતો પાડો કે શિંગડાં હલાવતો આખલો મળે, તો તેણે જાણવું કે તે જેને ત્યાં જનાર છે તે માણસ માથું ફેરવીને વાત કરશે.

**ઘોડો ને હાથી.**

કામ પરત્વે ઘર બહાર જતાં સામેથી દોડતો ઘોડો કે ઝુલતો હાથી મળે, તો તેણે જાણવું કે તે જ્યાં જાય છે ત્યાંથી તેને લક્ષ્મી મળશે, ને તેથી પ્રસન્ન થઇ મસ્તાનની માફક તે ડોલતોડોલતો ઘેર પાછો વળશે.

**નંદી, ગરૂડ, હંસ.**

જો કોઇ મનુષ્યનો મૃતદેહ સ્મશાને લઇ જવાતો હોય, ને તેને સામેથી આવતાં નંદી, ગરૂડ, કે હંસ મળે, તો જાણવું કે તે પ્રેતાત્માનો મોક્ષ થઇ તે કૈલાસ, વૈકુંઠ કે બ્રહ્મલોકમાં જવાનો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૧૪ મો.

## : પ્રશ્નસામુદ્રિક :

— ૧ —

### ભાગ્યાંકફળ.

પશ્ચિમામ્નાય દ્વારકાંમઠાધીશ્વર જગદ્‌ગુરૂ શ્રી વિશુદ્ધાનંદજી મહારાજ પ્રશ્નસામુદ્રિકના ભાગ્યાંકફળ અંગનું દિગ્દર્શન કરાવતાં નિમ્નલિખિત ભાગ્યચક્ર દર્શાવે છે.

**શોધકને સૂચન.**

કોઇ કાર્ય પરત્વે કટિબધ્ધ થતા પહેલા પોતાના કરવાના કાર્ય સંબંધી શ્રદ્ધાળુ વર્ગ એવો પ્રશ્ન પૂછે, કે: 'આ કાર્ય ફળિભૂત થશે કે કેમ?' તે પ્રશ્નનો ઉત્તર પ્રાપ્ત કરવા હૃદયના સંતોષ અર્થે તે પ્રશ્નસામુદ્રિકનાં ભાગ્યાંકફળનું નિરિક્ષણ કરે છે, ને પ્રશ્નાવલી ઇત્યાદિનું અવલોકન કરાવવાની ઉત્કંઠા ધરાવે છે.

અન્યત્ર જણાવેલા ભાગ્યચક્રનું નિરિક્ષણ કરવાની શાસ્ત્રીય પરિપાટી એવી શ્રેણીની છે, કે સર્વપ્રથમ અંતઃકરણમાં જે કાર્ય કરવાની અભિલાષા હોય તેનો સંકલ્પ કરવો. તત્પશ્ચાત ઉપરોક્ત ચક્રમાં જે દેવીદેવતાનાં માંગલિક નામો છે તેમાંથી સ્હાય તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એકને હૃદયમાં રાખવું અને તદનુસાર પ્રત્યેક નામને દર્શાવતા નામદર્શનમાંના ફળવર્ણનમાં તે નામના ફળાદેશનું મનન કરવું.

## ભાગ્યચક્રમાંના દેવતાઓનાં નામોનો ફળાદેશ.

### બ્રહ્મા.

આપનો આ પ્રશ્ન પુનિત પળે પુછાયેલો છે. આ અનેરા અવસરે શુભ શુકન છે. આપને જે કાર્ય કરવાની ચિતમાં ચિંતા છે તે કાર્ય પૂર્ણ થશે, વાદવિવાદમાં વિજયમાળા વરશો, ધંધોધાપો પ્રતાપશાળી પ્રણુલિકાએ પ્રગતિ પામશે, આપનું દિનમાન સમિપ આવ્યું છે. ઉષાદેવીની આરાધના કરજો, તેથી મનવાચ્છિત વસ્તુ મળશે. આ ફળસિધ્ધિની આકૃતિ આપના સવ્યચરણની કંધા પર તલ છે, એમ બ્રહ્માજી ભાખે છે.

### વિષ્ણુ.

આપનો આ પ્રશ્ન સામાન્ય સમયે પુછાએલો છે તેથી આ ધારણ સમયે સાધારણ શુકન છે. આપનું મનવાંચ્છિત કાર્ય ફળિભૂત થશે નહિં. અન્ય કાર્ય કરવાની પ્રતિજ્ઞા કરજો. આપના અંતઃકરણમાં અનહદ ઉદ્વેગ છે, તેથી પૂર્ણ પશ્ચાતાપ થાય છે. આપનું દિનમાન મધ્યમ કોટિનું છે, તેથી શનિમહારાજનું પૂજનઅર્ચન કરજો, કે જે સેવાભક્તિના પૂણ્ય પ્રતાપે આપના ઉરની અકળામણ અદ્રશ્ય થશે ને શનિદેવ સંતુષ્ટ થશે. એની નિશાની આપની અર્ધાંગના સત્યવાદીની છે, એવો વિષ્ણુનો વર્તારો છે.

### મહેશ્વર.

આપનો આ પ્રશ્ન પવિત્રપણે થયો હોવાથી શુકન શુભ છે. આપને લાભ મળશે, મનની મુંઝવણ મટી જશે, પરિવાર પ્રાપ્ત થશે. આપનું દીનમાન સામાન્ય શ્રેણીનું હતું, તેમાં પરિવર્તન થયું છે. હવે દિનમાન કાર્યસિદ્ધ કરાવનારૂં આવ્યું છે, એના પર શ્રધ્ધા રાખી શ્રી અંબિકાની ભાવપૂર્વક ભક્તિ કરજો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપના મનોરથ સિદ્ધ થશે. આનું ચિહ્ન આપની સવ્ય કુખે તલ છે, એમ મહેશ્વર વદે છે.

**દત્તાત્રય.**

આપનો આ પ્રશ્ન પૂર્ણ પૂણ્યપ્રસંગે થયેલો છે. આ અપૂર્વ અવસરે શુભ શુકન છે. આપના ગ્રહમંદિરમાં પરિવારનાં પારણાં બંધાશે, કુટુંબકબિલામાં વ્યકિતની વૃધ્ધિ થશે ને આપનાથી શ્રેય બંધાશે. ધરતીનો ફાયદો થશે, નિશાનનો નફો મળશે, સગપણનો સંબંધ વધશે ને સન્મિત્રનું સંમિલન થશે. આજના દિવસથી ત્રણ માસ ઉત્તમ છે. ગુરૂમહારાજનું પુજનઅર્ચન કરજો, કે જેના પુણ્યપ્રતાપે મનવાંચ્છિત વસ્તુ મળશે. એની સાબીતી આપની વામાંગનાની પીઠ પર તલ છે એમ દત્તાત્રય દર્શાવે છે.

ધર્મધુરંધર ધર્મગુરૂ શંકરાચાર્ય શ્રી કેશવતીર્થ સ્વામિજી ભાગ્યચક્રનું ભાગ્યાંકફળ નિમ્નલિખિત દર્શાવે છે.

## મહાસરસ્વતી.

આ પ્રશ્નનો ઉત્તર લાભદાયક છે. શુકન ફાયદો કરનારા છે. ઉરમાં રાખો છો તે ઇચ્છામાં યશ પ્રાપ્ત થશે. કુળદેવીની સેવા કરજો, અંતરમાં અભિલાષા પૂર્ણ થશે, લક્ષ્મીનો લાભ મળશે. સન્મિત્રનું સંમેલન ભરાશે, જે સજ્જન સ્નેહીને મળવાની મહત્વાકાંક્ષા છે તેનું સ્નેહમિલન થશે. વ્હાલમાં વધારો થશે, મનની મુંઝવણ મટી જશે ને સુખશાંતિ મળશે. શ્રી બહુચરાજીની ભકિત કરજો. કાર્ય સફળ થશે. એની નિશાની આપની સવ્ય ઝંધાએ તલ છે, એવુ મહાસરસ્વતી વદે છે.

## મહાલક્ષ્મી.

આપના પ્રશ્નનો ઉત્તર કલ્યાણકારક છે. આ શુકન શ્રેય સાધનારા છે. કોઇ અન્ય ધંધાધાપામાં શ્રીની સિધ્ધિ થશે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વ્યાપાર વણજમાં અવનવી દિશાઓનાં દર્શન થશે, પરગામથી નહિં ધાર્યો ફાયદો એકાદ માસમાં થવાનો યોગ છે. આપને ત્યાં એક શુભ પ્રસંગ આવશે, આનંદદાયક અવસર ઉપસ્થિત થશે, પરંતુ અન્ય ઉપર અંધશ્રધ્ધા રાખશો નહિં. શ્રી તુલજાભવાનીની સેવા કરજો, તેથી સેવેલો સંકલ્પ સફળ થશે. આની નિશાની આપને ને આપની હૃદયેશ્વરીને અનન્ય અનુરાગ છે, એમ મહાલક્ષ્મીનું વચન છે.

## મહાકાલી.

આપના પ્રશ્નનો ઉત્તર શુભદાયક છે. આ શુકન અતિ ઉન્નતિ કરનારા છે. તેથી કોઇ પણ માંગલિક કાર્ય ફળિભુત થશે. કુટુંબકબિલામાં વ્યકિતનો વધારો થશે, ગૃહલક્ષ્મીનો લાભ મળશે, સારા મનુષ્યનો મેળાપ થશે, બહારગામથી આનંદ ઉલ્લાસના શુભ સમાચાર સંભળાશે. આપના દિલનું દુઃખ સત્તાવીસ દિવસમાં દૂર થઇ જશે. મનમાન્યું કાર્ય થશે, દુશ્મન દફે થશે, પુત્રરત્નની પ્રાપ્તિ થશે, આપના અંતઃકરણની આંતરિક અકળામણ અદ્રસ્ય થશે. આપનું દિનમાન ઉદય કરાવનારૂં આવ્યું છે. માતા ચામુંડાની સેવા કરજો, એથી આપનો ભાગ્યોદય થશે. એની નિશાની આપ ગૃહકુટુંબમાં કજીયો કર્યા પછી પસ્તાવો કરો છો, એવું મહાકાળીનું વચન છે.

## ગાયત્રી.

આપનો પ્રશ્ન અતિ ઉત્તમ છે. શુકન પણ શ્રેષ્ઠ છે. બંધુનું મિલન થશે. મનવાંછિત કાર્ય સફળ થશે, ધંધા રોજગારમાં ફાયદો મળશે, દિલનું દર્દ દૂર થશે, સંતતિની સિધ્ધિ થશે. ભુપાળ તરફથી સત્કાર થશે. કુળદેવીનું પૂજન કરજો, ગુરૂદેવને દાનદક્ષિણા દેજો, માતા ત્રિપુરાસુંદરીની સેવા કરજો, તેથી તમને ફાયદો થશે. એનું ચિહ્ન એ છે, કે છેલ્લા ત્રણ દિનોમાં આપે એક છુપું કાર્ય ફળિભુત કર્યું છે, એમ દેવી ગાયત્રિ કહે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સનાતનધર્મકેસરી જગદ્‌ગુરૂ શ્રી મધુસૂદનાશ્રમ મહારાજ પ્રશ્ન-સામુદ્રિકના ભાગ્યચક્રનું વિવેચન કરતાં નીચે પ્રમાણે જણાવે છેઃ-

## સૂર્યનારાયણ.

આપના આ પ્રશ્નના શુકન ફાયદો આપનારા છે. વંશ-વેલામાં વધારો થશે, ગુમાવેલી ચીજ પાછી હાથ લાગશે. જેનાથી સ્નેહસંબંધમાં વિક્ષેપ પડયો છે તેની સાથે પુનઃ પ્રેમપ્રસંગ પ્રાપ્ત થશે, પુત્રપ્રેમ અને સ્ત્રીસ્નેહ મળશે, જે કાર્ય કરવાની કલ્પના કરી છે તે આપ આનંદથી કરજો, પરન્તુ અધીરા બનશો નહિં. એ કાર્ય એવા પ્રકારે સફળ થશે, કે તેનાથી આપના અંતરમાં આનંદ છવાઇ જશે. આપ મંગળગ્રહનું વ્રત કરજો. શ્રી કામાખ્યાદેવીની સેવા કરજો. એથી આપના મનના મનોરથ ફળશે. એની નિશાની આપને ઘેર ધક્કા ખાય છે તે માનવીઓની તથા આપની પેઢીએ અડીંગા નાખી બેઠા છે તે મનુષ્યોની આપને ફિકર છે, એમ સૂર્યનારાયણ સૂચવે છે.

## ચંદ્રમા.

આપના પ્રશ્નના આ શુકન વિજય વરાવનારા છે. જે કાર્ય કરવાની ઉત્કંઠા રાખો છો તે કાર્યની નિર્વિંઘ્ને પૂર્ણાહૂતિ થશે. પતિપત્નિનું માંગલિક મિલન થશે, સારા સ્નેહીથી સ્નેહની વૃદ્ધિ થશે, અન્તઃકરણમાં એક છુપી ફિકર છે તે એક નારીથી નષ્ટ થશે. ધીરજ રાખજો, પુત્રની પ્રાપ્તિ અને દ્રવ્યની સિદ્ધિ થવા ઉપરાન્ત સૂર્યોદયની દિશાએથી પણ ફાયદો મળશે. ગુમાવી દીધેલો ફળલાભ ફરીથી સંપાદન કરી શકાશે. ગ્રહદેવતાની પૂજા કરજો. શ્રી કામાખ્યાદેવીની આરાધના કરજો. તેથી આપને મનવાંછિત વસ્તુ મળશે. એની સાબિતી આપના ગુહ્યપ્રદેશ પર સવ્ય ભાગે તલ છે. એમ ચંદ્રમા જણાવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## મંગળમહારાજ.

આપનો પ્રશ્ન સાધારણ શ્રેણિનો છે. એના શુકન બહુજ સામાન્ય પ્રકારના છે. ચિન્તા ચિતને ચગડોળે ચડાવે અને નાણાંનો નાશ કરાવે. સંકટ સહન કરવું પડે, મગજમાં કલ્પેલું કાર્ય નિષ્ફળ નિવડે, આપની અર્ધાંગનાના દેહે દુઃખ-દર્દ સહેવું પડે અને પશ્ચાત પશ્ચાતાપ થાય. શ્રી ગુહ્યેશ્વરીની ભકિત કરજો. એનાથી આપના ઉપરની આપત્તિયો ઓછી થશે. એની નિશાની આપના નિવાસસ્થાનની પાસે એક વૃક્ષ આવેલું છે, એવું મંગળમહારાજ બતાવે છે.

## બુધદેવ.

આપના આ પ્રશ્નના શુકન શ્રેષ્ટ છે. વૈરી પર વિજય મળશે. ભૂપાળથી કે જમીનદારથી કિંવા પૂર્વ કે દક્ષિણ દિશા તરફથી ફાયદો મળશે. આપના માઠા ગ્રહ હતા તે અશુભ સમય જતો રહ્યો છે. હવે સારા ગ્રહ થયા છે. કુળદેવતાની પૂજા કરજો, શ્રી ક્ષીરભવાનીની સેવા કરજો. તેથી આપના રોગરિપુનો હ્રાસ થશે. એની સાબિતી આપની સવ્ય ભુજાએ તલ છે, એવું બુધદેવનું બોધવચન છે.

ભારતમાર્તંડ શારદાપીડાધીશ્વર શ્રીહયગ્રિવાચાર્ય મહારાજ સામુદ્રિક શાસ્ત્રના ભાગ્યાંકફળનં વિવરણ નીચે અનુસાર છે.

## ગુરૂદેવતા.

આ પ્રશ્ન શુભ શુકનીઆળ છે .આપને હુન્નરઉદ્યોગમાં અતિશય ફાયદો થશે, પુત્રવિવાહ તથા પુત્રપ્રાપ્તિનો લાભ મળશે, આપનું અરિદળ આપની પાસે નમતું આવશે. એક મહિનામાં આપને પૈસાની પ્રાપ્તિ થશે, ઉરમાં આનન્દ ઉદ્ભવશે. આપશ્રી ચંડીદેવીની સેવા કરજો. એનાથી આપનું પ્રારબ્ધ પ્રગતિશાળી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બનશે. એનો પુરાવો આપને આપની અર્ધાંગના સાથે અણબનાવ છે, એમ ગુરૂદેવતાનું વચન છે.

## શુક્રગ્રહ.

આપના શુકન માંગલિક વાજિંત્ર વગાડનારા છે. આપને લક્ષ્મીનો લાભ મળશે, ભ્રાતાનો ભાવ વધશે, ચિત્તની ચિંતા પૂર્ણ થશે, વંશવેલામાં વધારો થશે, સન્મિત્રની મુલાકાત થશે, મનની માની લીધેલી કલ્પનામાં ધિરજ રાખજો. જે જે ચીજમાં આમ દ્રવ્યની હાનિ થવાની માની બેઠા છો તેમાં નુકશાન નહિં થતાં ફાયદો મળશે, આપના હાથમાંથી ગુમાવેલી ચીજ પાછી અચાનક આપનાજ હાથમાં આવી ચઢશે. રાજભુવનના ભોગવિલાસ સમાન સુખસાહ્યબી ભોગવવાને ભાગ્યશાળી થશો. આપ શ્રી ચિત્તપૂર્ણા દેવીની પૂજા કરજો. એનાથી આપને મનવાંછિત ફળસિધ્ધિ થશે. એની નિશાની આપને કોઇ પણ માણસ પ્રત્યે લેણદેણ નથી, એવું શુક્રગ્રહનું વચન છે.

## શનિમહારાજ.

આ પ્રશ્નના શુકન મનના મનોરથ પરિપૂર્ણ કરનારા છે. માતા પાર્વતીની પૂજા કરજો, એથી આપનું કલ્યાણ થશે. પુત્રિની પ્રાપ્તિ થશે, વધુની વૃધ્ધિ થશે, ઘરઆંગણે માંગલિક વાજાં વાગશે, આપના ઉરનો ઉદ્વેગ અદ્રશ્ય થશે. પરન્તુ આપનો એક સ્વાર્થસાધુ સ્નેહી શત્રુ છે, તે આપને વિશ્વાસઘાત કરવાના દાવપેચ રમે છે. એ હેતુમિત્ર ઉપર ભરોંસો મુકશો નહિં. ભતકાળમાં પણ એ હિતશત્રુએ આપને દગો દીધો છે. સાવધાન રહેજો. શ્રી ભવાનીદેવીની પૂજા કરજો; એથી આપના મસ્તક ઉપર ઘેરાતાં વિપત્તિનાં વાદળાં આપોઆપ વિખરાઇ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જશે. એનું ચિહ્ન આપના ગુહ્યવિભાગ પર તલ છે એમ શનિ મહારાજ સંભળાવે છે.

## રાહુકેતુ.

આપનો પ્રશ્ન પરમાર્થ પ્રકૃતિનો હોવાથી ધર્મકાર્ય થવાના શુભ શુકન છે. આપને સંપત્તિની સિધ્ધિ થશે, મનવાછિંત વસ્તુ મળશે. આપના ખરાબ ગ્રહ જતા રહી હવે સારા ગ્રહ આવ્યા છે. આપ મંગળમહારાજનો મંત્રજાપ જપજો અને શ્રી મીનાક્ષીદેવીની પૂજા કરજો. એથી આપના પ્રતિસ્પર્ધિઓ તથા હિતશત્રુઓનો સંહાર થશે. એની સાબિતી આપને આપના સ્નેહીસંબંધીની: સાથે ઉંચું દિલ રહે છે, એવું રાહુકેતુ જણાવે છે.

વર્ણાશ્રમકર્મપ્રવર્તક દ્વારકા મહાધીશ્વર શંકરસ્વામિ શ્રી પ્રકાશતીર્થ મહારાજ સામુદ્રિક ભાગ્યાંકફળ વિષે દર્શાવે છે કેઃ—

## ગણપતિ

આપના પ્રશ્નના શુકન શુભફળસૂચક છે. આપે આપના ઉરમાં જે મહાનકાર્ય કરવાની કલ્પના કરી છે તે કાર્ય નિર્વિઘ્ને સમાપ્ત થશે. આપનું ધાર્મિક બળ વિશેષ છે. હવે આપને સુખશાંતિ મળશે, સ્નેહીથી સહાયતા સંપાદન કરશો, બંધુની મુલાકાત લઇ શકશો, કળાકૌશલ્યમાં લાભ મેળવશો, પુત્રની પ્રાપ્તિ થશે. આપ શનિમહારાજની સેવા કરજો અને શ્રી સિંહવાહિનીદેવીની ભકિત કરજો, તેથી આપને વિજયકીર્તિની સીદ્ધિ મળશે. એની નિશાની આપને આપની ગૃહિણીની સાથે નિશદિન કજીયોકંકાસ થયા કરે છે એવું વચન ગણપતિનું છે.

## કાર્તિકસ્વામિ.

આપના આ પ્રશ્નના શુકન આપને ગૃહમન્દિરે માંગલિક અવસરે વાજિંત્રો વગાડનારા છે. ગૃહસંસારમાં ફાયદો મળશે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્નેહીનું મિલન થશે, પુત્રની પ્રાપ્તિ થશે, લક્ષ્મીનો લાભ મળશે, ફળનો ફાયદો થશે; આપને કોઇ કાર્યપરત્વે બહારગામ જવાની ચિન્તા છે તે કુળદેવતાની સેવા કરવાથી ટળી જશે. અજાઇમાતાની ભક્તિ કરજો. તેથી આપનું અરિદળ નાશ પામશે. એનો પુરાવો આપની ગૃહરાણી બહુ બળવાન છે, એમ કાર્તિકસ્વામિ કહે છે.

## હનુમાનજી.

આ પ્રશ્નના શુકન આપના મનની મુંઝવણુ મટાડનારા છે. આપના ચિતની ચિન્તા ચૂર્ણ થશે અને આપને લક્ષ્મીનો લાભ મળશે. આપના અંતઃકરણમાં આનંદ ઉદ્‌ભવશે, એક મહિનામાં આપના મનના મનોરથ ફળશે, ભ્રાતાનો યોગ બનશે, ગૃહકુટુંબથી સુખશાંતિ મળી સંતોષનો ઉપભોગ કરાશે, શરીર સશક્ત રહેવા પામશે, માનમર્તબાની પદવીની પ્રાપ્તિ થશે. એક ગુપ્ત દુશ્મન છે તે પરાજય પામશે. આપની હવે ચઢતી કળા થવાનો દિનમાન જાગ્યો છે. ગુરૂદેવની પૂજા કરજો ને રેણુકાદેવીની આરાધના કરજો: એથી આપનું કાર્ય નિર્વિઘ્ને પાર પડશે. એનું ચિહ્ન આપના નિવાસસ્થાનમાં વડિલોપાર્જિત દ્રવ્યદોલત દાટેલી છે, એવી હનુમાનજીની વાણી છે.

## ભૈરવનાથ.

આપના પ્રશ્નના શુકન આપને અનહદ લાભ કરાવનારા છે: જે ચીજ આપના હાથમાંથી આપે ગુમાવી દીધી છે, તે વસ્તુ સંજોગવશાત્ આપના કાબુમાં પાછી આવશે. આપને પરગામથી મોટા ફાયદા મળશે. આપના ઉરમાં એક છુપી ફિકર છે તે પણ ટળી જશે તથા સૂર્યોદયની દિશાએથી લક્ષ્મીનો લાભ મળશે. આપનો દુશ્મન છે તેનો ભરોંસો રાખશો નહિ. કુળ દેવતાની પૂજા કરજો, શ્રી અન્નપૂર્ણાદેવીની આરાધના કરજો તથા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગ્રહનું દાન કરજો. એથી આપનું ભલું થશે. એની નિશાની આપના ઉપર એક જીવલેણ ઘાત આવી ગઈ છે, એમ ભૈરવનાથ ભાખે છે.

વેદધર્મપ્રવર્તક શંકરાચાર્ય શ્રી હર્યાશ્રમ સ્વામિજી પ્રશ્ન-સામુદ્રિકની શુકનસિદ્ધિની સમિક્ષા કરતાં દર્શાવે છે કેઃ—

## ઇન્દ્રમહારાજ.

આ પ્રશ્નનો ઉત્તર એવો છે, કે આપ ગયા ત્રણ વર્ષથી બહુજ દુઃખી અશાંત થઈ ગયા છો, પણ હવે આવતાં ત્રણ વર્ષો પર્યન્ત આપને સંપૂર્ણ સુખશાંતિ મળશે. આપના ઉરમાં મહાન મુંઝવણ છે તે મટી જશે. આપનું પ્રારબ્ધ ચંચળ છે, દુઃખના દિવસો હતા તે ગયા અને હવે સુખના દિવસો આવે છે. મન-વાંચ્છિત વસ્તુ મળશે, કીર્તિપ્રતિષ્ઠા વધશે, આપે એક ચીજ ગુમાવી દીધી છે તે આપને અણધારી પાછી મળશે અને ન્યાતજાત તથા સંસારવ્યવહારમાં માનમર્તબો વધશે. આપ ગાયત્રિમંત્રનો જાપ કરજો અને શ્રીરાજરાજેશ્વરી દેવીની ભક્તિ કરજો. એથી આપના મનના મનોરથ ફળશે. એનું ચિહ્ન આપને જળની પ્રાણઘાતક ઘાત ગઈ છે એવું ઇન્દ્રમહારાજનું વચન છે.

## વરૂણદેવતા.

આપના આ પ્રશ્નના શુકન સાધારણ છે. તેથી આપને ભાઈઓમાં વિરોધ જાગશે, મિત્રથી મેળાપ તુટશે, દુશ્મનનો ભેટો થશે. જે કાર્ય કરવા આપ ધારો છો તે કાર્ય ફળિભૂત થવું અશક્ય છે. નાણાંનું નુકશાન જશે, ચિત્તની ચિન્તા વધશે. આપ જળદેવીની પૂજા કરજો અને શ્રી વિશાલાક્ષી દેવીની સેવા કરજો તેમજ મુક્તાનું દાન કરજો. તેથી આપનું અસ્થિર મગજ કેટલાક પ્રમાણમાં સ્થિર થશે અને ચકાવે ચઢેલું ચિત્ત કેટલીક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રીતે શાન્ત પડશે. એનું પ્રમાણ આપની સવ્યભુજાએ તલ છે, એવું વરૂણદેવતા વદે છે.

### પવનદેવ.

આપના પ્રશ્નનો ઉત્તર એવો છે, કે આપના ઉરમાં અર્ધાંગનાની ફીકર અતિશય છે. એથી આપ અનહદ ઉદ્વેગ કરો છો. પરન્તુ હવે આપ ખાત્રી રાખજો, કે આપના સારા દિવસો હવે આવ્યા છે. ગૃહદેવતા અને ગૃહગુરૂની સેવા કરજો અને શ્રી આશાપુરીની આરાધના કરજો. એથી આપનું કાર્ય સફળ થશે. દેવસેવા અને ગુરૂભકિતના પુણ્યપ્રભાવે આપને ફાયદો થશે. એની સાબિતી આપની વામ બાજુએ તલ છે એમ પવનદેવ કહે છે.

### અગ્નિદેવ.

આ પ્રશ્નના શુકન માંગલિક કાર્યનાં વાજાં વગાડનારા છે. પુત્રની પ્રાપ્તિ થશે, શત્રુનો સંહાર થશે ને શ્રીની સંપત્તિ મળશે. કુળદેવતાની પુજા કરજો અને શ્રી સંકટહરા યોગમાયાની ભક્તિ કરજો. એની એંધાણી આપના મસ્તક ઉપર આપના આખાયે ગૃહકુટુંબના જીવનનિર્વાહનો બોજો છે એમ અગ્નિદેવ ઉચ્ચારે છે.

— ૨ —

## ભાવિબળ

સ્માર્તાચાર્ય શિરોમણિ જગદ્‌ગુરૂ શ્રી વામનેન્દ્રાચાર્ય મહારાજ પ્રશ્નસામુદ્રિકના ભાવિબળ સર્ગનું વિવરણ કરતાં નીચે પ્રમાણે પ્રારબ્ધમંડળ જણાવે છે.

### દુર્ગાદેવી.

આપનો આ પ્રશ્ન સામાન્ય ફળના શુકનનો છે. આપે આપના અન્તઃકરણમાં એક અનિશ્ચનિય કાર્ય કરવાની કલ્પના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરી છે તે કાર્ય સફળ થશે નહિં તથા તે કરવા જવાના પરિણામે આપના ઉરમાં ઉગ્રતો આફતનો આભાસ ખડો થશે. આપને ઇજ્જતઆબરૂની હાનિ પહોંચશે, અંગેઅંગે કોઢનો રાજરોગ ફાટી નિકળી ગૃહકુટુંબ અને ગૃહિણી સાથેની કજીયોકંકાસ જાગશે. માટે રાહુદેવતાને દાન દેજો તથા તાંત્રિકી-દેવના નામથી ધર્મકર્મ કરજો. તેથી આપની આપત્તિ અદ્રશ્ય થઈ આપને સુખશાંતિ મળશે. હનુમાનજીની સેવા કરજો. તેથી આપનાં શુભ કાર્યો પાર પડશે. એની નિશાની આપ ઉતાવળા બની અવિચારી કાર્ય કર્યા પછીથી પોતે પશ્ચાતાપ કરો છો એવું દુર્ગાદેવીનું વચન છે.

## માતંગી માતા.

આપનો પ્રશ્ન મનકલ્પિત કાર્ય ફલિભૂત કરનારા શુકનવાળો છે. આપના ઉરની ઉમેદ પૂરી થશે. આપને યશકીર્તિની પ્રાપ્તિ થશે, આપના અન્તઃકરણમાં પરકાર્ય પરત્વે પીડા છે. તેથી આપના ઉરમાં અનિષ્ટ આન્દોલનો આણો છો. માટે જે કોઇ કાર્ય કરવા કટિબદ્ધ થાઓ તેના પરિણામનો પૂરેપૂરો ખ્યાલ રાખીને કાર્યનો આરંભ કરજો; અથવા તો અન્ય કોઇ કલ્યાણ-કારી કાર્ય કરવાનો સંકલ્પ કરજો, તેમાં આપ સફળતા સંપાદન કરી શકશો; અને ફાયદો મેળવી શકશો. ગૃહદેવની પૂજા કરજો તથા વાનરીદેવીની સેવા કરજો; એથી આપનું મનવાચ્છિત કાર્ય ફલિભૂત થશે. આપ મંગળમહારાજનો મંત્રજાપ કરજો, એથી આપનું ધારેલું કામ સિદ્ધ થશે. એનું ચિહ્ન આપનું ચિત્ત ચિન્તાથી ચચણ્યા કરે છે એમ માતંગીમાતા કહે છે.

## શૈલપુત્રી.

આપનો આ પ્રશ્ન ધારેલું કાર્ય પરિપૂર્ણ થવાના ઉત્તરના શુભસૂચક છે. આપના મનના મનોરથ ફળશે, સાંસારિક સંકટોનો સંહાર થશે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપના અન્તરની છૂપી બિના અન્ય કોઇ પણ વ્યક્તિની પાસે પ્રદર્શિત કરશો નહિ. આપનો અનિષ્ટ કર્તા દિનમાન હતું તે વહી ગયું છે, અને હવે ઇષ્ટકર્તા દિનમાન આવ્યું છે, એથી આપને લક્ષ્મીનો લાભ થશે, મુશીબત મટી જશે, યશકીર્તિ વૃદ્ધિ પામશે; ઇષ્ટ દેવતાની સેવા કરજો અને શ્રી ઓજસમાત્રુ માતાની ભક્તિ કરજો; એથી આપના ધારેલાં કાર્યો પાર પડશે. એની સાબિતી આપનાં અંતઃકરણમાં છુપી ફિકર છે, એવું શેલપુત્રિનું વચન છે.

## બ્રહ્મચારિણી.

આપનો આ પ્રશ્ન શુભ શુકનવાળો હોવાથી આપને અવશ્ય ફાયદો મળશે. આપના ઉરમાં અર્ધાંગનાની ફિકર છે તે દૂર થશે. સાધન વૃધ્ધિ પામશે, એક વ્યક્તિનું વ્હાલ આપના ઉપરથી ઓછું થયું છે. તે પાછું વધશે અને સ્નેહસંબંધનો પૂર્વવત્ પ્રારંભ થશે. જે મનુષ્ય આપના પ્રત્યે ઇર્ષાની દ્રષ્ટિથી નિહાળે છે અને સ્પર્ધા કરે છે તે નષ્ટ થશે. આપ હનુમંતજીની ભક્તિ કરજો અને શ્રી વરદાયિની દેવીની સેવા તથા જળદેવીની પૂજા કરજો. તેથી આપના મનના મનોરથ ફળશે અને મગજમાં કલ્પેલું કાર્ય નિર્વિઘ્ને પાર પડશે. એનો પૂરાવો આપની પત્નિના પેટ પ્રદેશ પર તલ છે, એવી બ્રહ્મચારિણી દેવી આગાહી આપે છે.

પ્રશ્નસામુદ્રિકના બાવિશમા સર્ગનું વર્ણન કરતાં ભારત ધર્મમાર્તંડ જગદ્ગુરૂ શ્રી શ્રીધરાચાર્ય મહારાજ નીચે પ્રમાણે જણાવે છેઃ—

## કુષ્માંડા દેવી.

આપના આ પ્રશ્નનો ઉત્તર આપને ધાર્યા કરતાં બેવડો ફાયદો થવાની આગાહી આપનારા લાભદાયક શુકનનો છે. આપને નફો મળશે, આપના મગજમાં કલ્પેલું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧. ભાગ્યચક્ર.




૨. પ્રારબ્ધમંડળ.




પ્રશ્નસામુદ્રિકને આધારે ભાવિદર્શનની ઇચ્છા પુરી પાડવા મનમાં જે કાર્ય કરવાની અભિલાષા હોય તેનો સંકલ્પ કરી ઉપરનાં ચક્રોમાંના કોઇ એક નામને હૃદયમાં રાખી વિગતવાર ફળ અધ્યાય ૧૪ માં દર્શાવ્યા પ્રમાણે જાણી શકાશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



**મસ્તકરેખાની ત્રણ મુખ્ય સ્થિતિઓ**

મસ્તકરેખાની શરૂઆત જુદેજુદે સ્થળેથી થાય છે
તે આ ચિત્રમાં દર્શાવવામાં આવ્યું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કાર્ય ફળીભૂત થશે. આપને જે માનવીથી મનમાં ફાયદો મળવાની મહત્વાકાંક્ષા છે, તે મનુષ્યથી આપનું કામ પાર પડશે. આપના રોગશત્રુનો નાશ થશે, અને આપનું કલ્યાણ થશે. આપ શનિમહારાજના મંત્રની જપમાળા જપજો માતા ભવાનીની ભકિત કરજો અને શ્રી ગણેશજનનીની સેવા કરજો. એથી આપના મનના મનોરથ ફળશે અને આપનો પ્રતિષ્ઠાપ્રતાપ વધશે. એનું ચિહ્ન આપના અંગની સવ્ય દિશાએ તલ છે એમ **કુષ્માંડાદેવી** કહે છે.

## સ્કન્દમાતા.

આપના આ પ્રશ્નનો ઉત્તર આપનું તનબદન તંદુરસ્ત રહેશે એ છે. આપને સુખશાંતિની દિવસરાત્રિનો અનેરો અવસર આવ્યો છે, તેથી આપને ધારેલી વસ્તુ મળશે. પૈસાની પ્રાપ્તિ થશે, લાગવગનો લાભ મળશે, કજીયોકંકાસ ટળશે. એક ઓચિંન્તો નહિ ધારેલ સ્થળેથી ફાયદો થશે. સન્તતિની સિદ્ધિ મળશે, શત્રુનો સર્વનાશ થશે. માતા કાળકાની ભકિત કરજો. શ્રી. કરણીદેવીની સેવા કરજો. એથી આપનો માનમર્તબો વધશે. એની નિશાની આપના દેહની સવ્ય કુખે તલ છે એવી **સ્કન્દમાતા** શાખ પુરે છે.

## કાત્યાયની.

આપના આ પ્રશ્નના શુકન અતિ ઉત્તમ છે. આપનું કાર્ય પરિપૂર્ણ થશે. આપની દિવસરાત્રિ ચિન્તામાં વ્યતિત થાય છે, પરન્તુ આપના ઉરમાં ખાત્રી રાખજો, આપનું કાર્ય સિધ્ધ થશે. એક વ્યકિત આપના કામમાં નડતરો નાખે છે, એનો ભરોંસો રાખશો નહિં. આપને પત્નિ તથા પુત્રસુખની પ્રાપ્તિ થશે. શનિદેવતાનું વ્રત કરજો ને મંગાજીની ભકિત કરજો. એથી આપના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મનની મુરાદ પૂરી થશે. એની એંધાણી આપના ગુપ્ત ભાગ પર તલ છે એમ કાત્યાયની દેવી ભાખે છે.

## કાલરાત્રિ.

આપના આ પ્રશ્નના શુકન લાભદાયક છે, આપને નિવાસ-સ્થાનની, લક્ષ્મીલાભની તથા બહારગામ વિચરવાની મનોકામના છે તે ફલિભૂત થશે. આપના ઉરનો ઉચાટ અદૃશ્ય થશે. આપ આપના કુળદેવતા તથા ગ્રહદેવતાની પૂજા કરજો. ભદ્રકાળીની ભક્તિ કરજો અને તોતળાજીની સેવા કરજો. એથી આપનું ધારેલું કામ પાર પડશે અને આપના દુશ્મનો છે તે દૂર થશે. નૃપતિના તરફથી નાણાંની મદદ મળશે. એની સાબિતી આપની અર્ધાંગના અનહદ રિસાળ સ્વભાવની છે એમ કાલરાત્રિ પ્રારબ્ધ પારખે છે.

વેદધર્મવિભાકર શારદાપીઠાધીશ્વર શ્રી દામોદરતીર્થસ્વામિજી પ્રશ્નસામુદ્રિકવિદ્યાની ભાવિબળકળાનું નીચે મુજબ વિવરણ કરે છે:—

## મહાગૌરી.

આપના આ પ્રશ્નનો ઉત્તર મનવાંચ્છિત વસ્તુ મેળવનારો છે. આપને દ્રવ્યનો ફાયદો થશે, કુટુંબકબિલો વૃદ્ધિ પામશે, કાયાનું કષ્ટ કપાશે, લાંબા સમયની ફિકર તથા દર્દ છે તે નાબુદ થશે. ઉરને આનન્દકલ્લોલ કરતું રાખજો. ધંધાધાપામાં નફો મળશે. શ્રી હરસિદ્ધિ દેવીની સેવા કરજો. એથી આપના કાર્યમાં સફળતા સંપાદન કરશો અને મનવાંચ્છિત વસ્તુ મેળવશો. એની સાબિતી આપને આપની ગૃહલક્ષ્મીની સાથે સંપૂર્ણ સ્નેહભાવ છે એવું મહાગૌરીનું વચન છે.

## સિદ્ધિદાત્રી.

આપના પ્રશ્નનો ઉત્તર એ છે, કે આપને નાણાંની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તાણુ રહે છે. આપની પ્રકૃતિ દુરાગ્રહી છે એથી આપના શત્રુઓ વિશેષ સ્નેહી જણાતા દુશ્મન છે. તે છતાં પણ ઇષ્ટદેવની કૃપાથી આપનું શ્રેય જ થાય છે. આપે હાલ જે કાર્ય કરવા કલ્પના કરી છે, એ કાર્ય કરવાને હઠાગ્રહી બનશો તો પછી આપને એ કાર્ય કર્યા પછી પૂર્ણ પશ્ચાતાપ થશે. માટે એ વિચારને તિલાંજલિ આપીને અન્ય કોઇ વ્યવહારિક શુભ કાર્ય કરજો. એમાં આપને વિજય મળશે. આપ એકલવીર દેવીની સેવા ને કનકાવતીદેવીની ભક્તિ કરજો. એથી આપને સુખશાંતિની પ્રાપ્તિ થશે અને આપના અંતરની ગુપ્ત ફિકર નષ્ટ થશે, તેમજ આપનું કલ્યાણ થશે એવું સિદ્ધિદાત્રી દેવીનું વાક્ય છે.

## સાવિત્રી.

આપનો આ પ્રશ્ન મનવાંચ્છિત વસ્તુ મળવાના શુભ શુકનનો છે. આપને પૈસાની પ્રાપ્તિ થશે. સર્વ કાર્ય સિધ્ધ થશે. ઉરમાં પૂર્ણ વિશ્વાસ રાખજો. આપ ધાર્મિક વૃત્તિની વ્યક્તિ છો તેથી ચિતમાં ચિંતાને સ્થાન આપશો નહિં. આપ જે પુરૂષાર્થ કરવા ઇચ્છો છો એમાં આપને યશપ્રાપ્તિ થશે, તેથી આપનું શ્રેય થશે. આપ મંગળમહારાજનો જપ કરજો અને શાન્તાદુર્ગાની સેવા કરજો. એથી આપની ઇજ્જતઆબરૂમાં વધારો થશે અને મનના મનોરથ ફળશે. એની એંધાણી આપના નિવાસસ્થાનમાં ગુપ્ત ધન દાટેલું છે એવું સાવિત્રી દેવી સૂચવે છે.

## તારાસુન્દરી.

આપના આ પ્રશ્નના શુકન સામાન્ય શ્રેણીના છે. આપના ઉરમાં અતિશય ફિકર છે. જે કાર્ય કરવાને આપ ઇચ્છો છો તે ફળિભૂત નહિં થાય અને ઉલ્ટું અવળું થશે. તેથી અન્ય કાર્ય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરવા તત્પર બનજો. કારણ કે આપ જો પહેલાંનું કાર્ય કરવા કટિબદ્ધ થશો, તો તેમાં આપનો પરાજય થશે. આપને અપયશ મળશે તથા કજીયોકંકાસ અને માનહાનિ થશે. એક માસ સુધી સંભાળીને ચાલવાનું છે. રાજદરબારથી કાંઇક ડર લાગશે, માટે કાર્ય કરો તે દીર્ઘદષ્ટિથી કરશો તો આપને તેમાં ફાયદો મળશે. આપ હનુમાનજીની પૂજા કરજો, કંકાલીદેવીની સેવા કરજો તથા ગ્રહનું દાન દેજો. એથી આપનું શ્રેય થશે. મહાકાળીદેવીની ભક્તિ કરજો. એથી આપના ઉપર આવતી આપત્તિઓ ઓછી થશે એવું તારાસુંદરીનું વચન છે.

શ્રી દ્વારકાં મઠાધીશ્વર શંકરાચાર્ય શ્રી કેશવાશ્રમ મહારાજ સામુદ્રિકજ્યોતિષ શાસ્ત્રના પ્રશ્નસામુદ્રિક અધ્યાયનું અવલોકન કરતાં આલેખે છે કેઃ—

## ષોડશીદેવી.

આ પ્રશ્નનો ઉત્તર આપને ફાયદો થવાનું સૂચવનારા શુકનવાળો છે. એથી આપને સહાયતા મળશે, આપના દિલનું દુઃખદર્દ દૂર થશે, આપને આપના સ્નેહીસંબંધી તથા સગાંવહાલાં તેમજ બંધુવર્ગથી શરીરે સંતોષ પમાડનારા આનન્દના શુભ સમાચાર સંભળાશે. વણજવ્યાપારમાં વસ્તુની વૃદ્ધિ થશે, ઉધાર પાસા કરતાં જમા પાસું નમતું રહેશે. સરકારદરબારમાં પ્રસન્નતા પામી વિજયકીર્તિની પ્રાપ્તિ થશે. પત્નિથી પરમશાન્તિ મળશે. આપ કુળદેવતાની પૂજા કરજો અને સમશૃંગીદેવીની સેવા કરજો. એથી આપનું ધારેલું કાર્ય ફળીભૂત થશે. એના પૂરાવો આપના શિરે આખા કુટુંબના નિર્વાહનો બોજો છે એમ ષોડશીદેવી કહે છે.

## ભુવનેશ્વરી.

આ પ્રશ્નનો ઉત્તર આપને જયપ્રાપ્તિ કરાવનારો છે. આપને વિજય મળશે, મનની મુંઝવણ મટશે, દુશ્મન દૂર થશે, પ્રતિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્પર્ધીઓ પિડા પામશે ને સજ્જનનું મિલન થશે. આપના ગ્રહ સારા છે. પતિપરિવારથી સુખશાંતે સંપાદન કરશો. મનના મનોરથ ફળશે. પૂર્વદિશા અને ઉત્તરબાજુથી નહિ ધારેલો ફાયદો મળશે. આપ ગ્રહદેવતાની પૂજા કરજો. કલ્યાણીની ભક્તિ કરજો. શ્રી જ્વાલામુખી દેવીની સેવા કરજો. એથી આપનું કાર્ય પરિપૂર્ણ થશે એની સાબિતી આપની વાત ઉપર સર્વને વિશ્વાસ પડે છે એવું **ભુવનેશ્વરી** ભાખે છે.

## છિન્નમસ્તા.

આપના પ્રશ્નના શુકન શુભસૂચક હોઇ કૃષિકાર્ય તથા અન્ય વ્યાપારવ્યવસાયમાં ફાયદો અપાવનારા છે. એમાં લક્ષ્મીનો લાભ મળશે, મનવાંચ્છિત કાર્ય ફળિભૂત થશે. આપના ઉરમાં કામનો અનહદ ઉદ્વેગ છે તે અદૃશ્ય થશે ને આપના દુશ્મનો આપને મસ્તક નમાવશે. માટે આપ આપના ગૃહદેવતાની આરાધના કરજો અને કામાક્ષીદેવીની પૂજા કરજો. એથી આપનું બુદ્ધિબળ ખિલશે અને શરીરશક્તિ પણ વિકાસ પામશે. એની એંધાણી આપના અન્તઃકરણમાં ચાહનચિન્તા છે.

## ત્રિપુરભૈરવી.

આપના આ પ્રશ્નનો ઉત્તર હૃદયેચ્છા ફલિભૂત કરાવનારો છે. વંશવેલામાં વૃદ્ધિ થશે, પૈસાની પ્રાપ્તિ થશે. કુળદેવતાની સેવા કરજો, એથી આપની મનકામના સિદ્ધ થશે ને વણજ-વ્યાપારમાં તથા દ્રવ્યવ્યવસાયમાં ફાયદો મળશે. આપ એ વસ્તુ બરાબર લક્ષમાં લેજો, કે આપ ધાર્મિક સિદ્ધાન્તના છો. એથી આપનું પારમાર્થિક કાર્ય પરિપૂર્ણ થશે આપ મંગળમહારાજની આરાધના કરજો તથા કરાલવદના કાળીમાતાની પૂજા કરજો. એથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપના કાર્યની નિર્વિઘ્ને પૂર્ણાહુતિ થશે. એની સાબિતી આપના શરીરની સવ્ય દિશાએ તલ છે એવું ત્રિપુરભૈરવીનું વચન છે.

વેદધર્મપ્રવર્તક જગદ્ગુરૂ શ્રીમદ્રાજરાજેશ્વર શંકરાચાર્ય મહારાજ સામુદ્રિકશાસ્ત્રના ભાવિબળસર્ગની સમીક્ષા કરતાં જણાવે છે કેઃ—

## પ્રાતગાયત્રી.

આપના પ્રશ્નના શુકન સારા નહિં હોવાથી આપે લક્ષમાં લીધેલું કાર્ય પાર પડશે નહિં. એથી અન્ય કોઇ કામ કરવા કમર કસજો, કારણકે આપનો ગૃહસ્થાશ્રમ અનિષ્ટ પધ્ધતિ પર પ્રવર્તમાન છે. આપની ઘરની ગૃહસ્થાઇ જે આપને સજ્જન સન્મિત્ર સમાન ભાસે છે, તે દુર્જન દુશ્મન સમાન છે. છેલ્લાં બેત્રણ વર્ષોથી આપના ઉરમાં ઉચ્ચાટ છે. આપ અંતઃકરણના નિખાલસ અને સ્વભાવના ભોળા હોઇ, મ્હોંડે બબડી નાખી, હાથે કરીને જાંઘ ઉઘાડી કરી કાલે આવતી આફત આજે બ્હોલી લાવો છો. માટે એ ભોળપણ જવા દઇ, મૌન સેવી, ધૈર્ય ધરશો તો શ્રેય સાધી શકશો. આપ રાહુદેવતાની પૂજા કરજો અને વારાહી-માતાની ભકિત કરજો. એથી આપનું કાર્ય સિધ્ધ થશે. એનું ચિહ્ન આપના છાતીપ્રદેશ પર તલ છે એવું પ્રાતગાયત્રીદેવીનું વચન છે.

## મધ્યાહ્ન સાવિત્રી.

આપના પ્રશ્નનો ઉત્તર આપે ઉરમાં કલ્પેલું કાર્ય સફળ થવાનું સૂચવે છે. આપના કામની પૂર્ણાહુતિ થશે અને આપને ફાયદો થશે. આપ આપના અન્તઃકરણમાં ઉદ્વેગ આણશો નહિં. આપ સજ્જન મનુષ્યથી સુસ્નેહવૃધ્ધિ પામશો તથા પત્નિ અને પરિવારની સુખશાંતિ સંપાદન કરશો. ગૃહદેવતાની સેવા કરજો અને વીણાપાણિ સરસ્વતી દેવીની આરાધના કરજો. એથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપના ઉરમાં છુપી ફિકર છે તે ટળી જશે. એનો પુરાવો આપની જાંઘ પર તલ છે એમ મધ્યાહ્ન સાવિત્રી સંભળાવે છે.

## સાયાહ્ન સરસ્વતી.

આપના આ પ્રશ્નનો ઉત્તર શુભ શુકનવાળો હોવાથી આપને ધાર્યો ફાયદો મળી મનકલ્પિત કાર્ય ફલિભુત થશે. નહિં ધારેલ સ્થળેથી અચાનક સહાયના સંપાદન કરશો. આપને જે પિડા છે તે ટળી જશે અને મનમાની સુખશાંતિ મળશે. આપે આપના ઉરમાં એક શુભકાર્ય કરવાનો સંકલ્પ કર્યો છે, એ માંગલિક કાર્યથી આપને લક્ષ્મીનો લાભ થશે. આપની ગૃહરાણીને સંતતિ અવતરશે, શત્રુઓનો સંહાર થશે અને સ્ત્રીસુખ મળશે. આપ ભવાનીની ભકિત કરજો અને મહાકાળીની સેવા કરજો. એથી આપના મનના મનોરથ ફળશે અને કીર્ત્તિપ્રતિષ્ઠા વધશે. એની એંધાણી આપની જાંઘ પર તલ છે, એમ સાયાહ્ન સરસ્વતી વદે છે.

## નારિશકિત.

આપના પ્રશ્નનો ઉત્તર એવો છે, કે આપના ઉરમાં દીર્ઘકાળથી ચાલુ ચિન્તા રહ્યા કરે છે અને મગજ અસ્થિર સ્થિતિ ભોગવે છે, તે સર્વ સુધરી જશે અને આપ સુખી થશો. માટે ફિકર કરશો નહિં. આપને શાંતિ મળશે, સન્મિત્રના સ્નેહથી વસ્તુની વૃદ્ધિ થશે, પુત્રપ્રાપ્તિ થશે. આપ હનુમન્તદાદાની પૂજા કરજો, અને ક્ષેત્રપાળની સેવા કરજો. એથી આપનું ધારેલું કામ પાર પડશે એની સાબીતી આપને મિત્રમંડળની સાથે મધ્યમ પ્રકારની લેણદેણુ છે એવું નારીશકિતનું વચન છે.

અવૈદિકમત પાખંડપંથખંડનાચાર્ય શારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરૂ શ્રી માધવતીર્થ મહારાજ સામુદ્રિકજ્યોતિષના પ્રશ્નસામુદ્રિક અધ્યાયના ભાવિબળસર્ગ વિષે વિવરણ કરે છે કે:—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ધૂમાવતી.

આપના પ્રશ્નનો ઉત્તર એવો છે કે આપના ઉરમાં ઉચ્ચાટ છે તે અદૃશ્ય થશે અને આપને લક્ષ્મીનો લાભ મળશે જે ચીજ આપે ગુમાવી દીધી છે તે પાછી મળશે, જે મનુષ્યનાથી સ્નેહ-સંબંધ બંધ પડી ગયો છે, તે માણસની સાથે પાછો પ્રેમપ્રસંગ ચાલુ થશે અને મનમાન્યું બનતાં તનબદન પ્રકૃતિ પ્રફુલ્લિત રહેશે. આપ ગ્રહદેવતાની પૂજા અને કાળભૈરવની સેવા કરજો. એથી આપનું કલ્યાણ થશે. એની એંધાણી આપની કાયાના ગુપ્ત ભાગ પર તલ છે એવું ધૂમાવતિનું વાક્ય છે.

## બગલાદેવી.

આપના પ્રશ્નના શુકન સામાન્ય કોટિના હોવાથી તેનું ફળ સાધારણ શ્રેણીનું છે. એથી પાંચ વ્યકિતમાં આપનો સત્કાર થશે. આપના ઉરમાં લાંબા વખતથી ફિકર છે અને દિલમાં દર્દ છે, પણ આપે ગુમાવેલી વસ્તુ હાલ પ્રાપ્ત કરી શકવાના નથી. ધર્મકાર્ય કરજો, ગ્રહદેવતાની પૂજા કરજો ને શનિનું દાન દેજો. નહિં તો આપનું અશુભ થવાનો યોગ છે. હનુમાનદાદાની સેવા કરજો. એના પૂણ્યપ્રતાપે આપને એક વ્યકિતની સાથે સ્નેહ-સંબંધ તુટી ગયો છે તે પાછો સંધાશે અને આપના વૈરિઓનો વિધ્વંસ થશે. એનું ચિહ્ન આપનો પાડોશ સહવા યોગ્ય નથી એમ બગલાદેવી જાહેર કરે છે.

## કમળાલક્ષ્મી.

આપના આ પ્રશ્નનો ઉત્તર ઉત્તમ પ્રકારનો છે. પ્રશ્નપ્રસંગે શુભ શુકન હોવાથી આપના ચિતની ચિન્તા ચુર્ણ થશે. અદાલતને આંગણે આપનો વિજયવાવટો ફરકશે, ધંધાધાપો ધમધોકાર આગળ ધપશે. આપનું દિનમાન પ્રગતિકારક આવ્યું છે, તેથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મનવાંચ્છિત ફળ આપશે. આપ બ્રહ્માણીની ભક્તિ કરજો. એથી આપનું બુદ્ધિબળ પ્રભાવશાળી બનશે અને આપના ભાવિનો સિતારો ચમકશે એવું **કમળાલક્ષ્મી** કહે છે.

**જગદ્ધાત્રિ.**

આપના પ્રશ્નનો ઉત્તર સામાન્ય શ્રેણિનો હોવાથી આપે લક્ષમાં લીધેલું કામ પાર પડશે નહિં, એટલે અન્ય કાર્ય કરવાની પેરવી કરજો. આપના હૃદયમાં મહાન મંથન થયાં કરે છે અને આપે અવિચારીપણે ઉતાવળિયા સ્વભાવે કરેલા કામોમાં મળેલી નિષ્ફળતાથી અત્યારે આપને પુષ્કળ પશ્ચાતાપ થાય છે. આપનું દિનમાન મધ્યમ કોટિનું છે. શનૈશ્ચરની સેવા કરજો અને વિષ્ણુભગવાનની આરાધના કરજો. એથી આપની ઉપરનાં આપત્તિનાં વાદળો વિખરાઇ જશે. આપને પૈસાની પ્રાપ્તિ થશે. શિવપાર્વતીનું વ્રત કરજો, એથી આપને ગૃહમંદિરે પુત્ર-રત્નનું પારણું બંધાશે અને કુળવંશની વૃધ્ધિ થશે. ચિત્તની ચિન્તાનો નાશ થશે અને શનિમહારાજ પ્રસન્ન થતાં આપનો ભાગ્યોદય થશે. એની એંધાણી આપની અર્ધાંગના અસત્યવાદિની છે એમ જગધ્ધાત્રિદેવી કહે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૧૫ મો.

## : સંકટસામુદ્રિક. :

...૧—

### સમિપ કાળયોગિની અને વારદિક્શૂળ.

નીચે દર્શાવેલા વારો ઉપર, તેની જ સાથે બતાવેલી દિશા પ્રત્યે અને ખૂણાભણી પ્રવાસ નહિં કરવાનું સામુદ્રિક જ્યોતિષ-શાસ્ત્રમાં એટલા અર્થે જણાવેલું છે, કે તે દિશામાં તે વારે સામો કાળ હોય છે અને તે કારણથી પ્રવાસીને દેહહાનિ, દ્રવ્યહાનિ કે કીર્તિહાનિ સહન કરવી પડે છે.

**સામાકાળના દિવસો.**

રવિવારે ઉત્તર દિશામાં સામોકાળ હોય છે, તેથી તે વારે તે દિશામાં પ્રવાસે વિચરવું નહિં.

સોમવારે વાયવ્ય ખૂણામાં સામોકાળ હોય છે, તેથી તે વારે તે દિશામાં પ્રયાણ કરવું નહિં.

મંગળવારે પશ્ચિમ દિશામાં સામો કાળ હોય છે, તેથી તે વારે તે દિશામાં પ્રયાણ કરવું નહિં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બુધવારે નૈઋત્ય ખૂણામાં સામો કાળ હોય છે, તેથી તેવારે તે દિશામાં જવું નહિં.

ગુરૂવારે દક્ષિણ દિશામાં સામો કાળ હોય છે, તેથી તે વારે તે દિશામાં જવું નહિં.

શુક્રવારે અગ્નિ ખૂણામાં સામો કાળ હોય છે, તેથી તે દિશામાં પ્રવાસે જવું નહિં.

શનિવારે પૂર્વ દિશામાં સામો કાળ હોય છે, તેથી તે વારે તે દિશામાં પ્રયાણ કરવું નહિં.

**સ્પષ્ટીકરણ.**

આમ હોવા છતાં પણ ઇશાનખૂણામાં રહ્યાય તે વારે પર્યટન કરાય. મુસાફરી થાય કે નહિં તેનો નિર્ણય પૂર્વદિશાથી તે વારના આંકથી ગણીને કરવો અને જે દિશામાં શનિશ્ચર આવે ત્યાં કાળવાર જાણવો.

**આપદ્ધર્મ.**

કદાપિ આપદ્ધર્મ તરીકે દેશકાળ અનુસાર અતિ અગત્યના કાર્યકારણે નિષિદ્ધ દિશાએ મુસાફરી કરવાની અનહદ આવશ્યકતા ઉદ્ભવે, તો તે વારનું પ્રથમ ચોઘડિયું વિત્યા બાદ પ્રવાસનો પ્રારંભ કરવો, ઉપરાન્ત તે દિવસે ખાસ જરૂર હોય તો મધ્યાહ્ન-કાળ—બપોરના બાર વાગે—શુભ કાર્ય કરવું કિંવા પરદેશગમન કરવું.

પ્રવાસ પ્રસંગ અને સામાકાળ સંબંધી ઉપર મુજબ આલેખન કરવામાં આવ્યું. હવે સામી યોગિની વિષે નીચે વિવેચન કરવામાં આવે છે.

**યોગિની પરિચય.**

યોગિની અર્થાત જોગણી જે જે દિશા અને ખૂણામાં પ્રવાસ કરતી હોય છે, તે તે દિશા અને ખૂણાનું સૂચન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એવું છે, કે યોગિની પ્રત્યેક તિથિએ પ્રત્યેક દિશા અને ખૂણામાં રહે છે અર્થાત્ હોય છે અને તેથી યોગિની અથવા જોગણીના તે તે સ્થાનથી પરિચિત થવાની આવશ્યકતા એટલાજ ઉપરથી ઉદ્દ્ભવે છે, કે લાભપ્રાપ્તિ તથા સુખશાંતિના વાંચ્છુએ તે તે દિશા અને ખૂણા તરફ તે તે તિથિએ જવું નહિં. યોગિનીનું ગૃહસ્થાન નીચેના કોષ્ટક ઉપરથી જાણી શકાય છે:—

**યોગિનીનું ગૃહસ્થાન.**

પડવો અને નોમ એ ઉભય તિથિઓએ યોગિનીનું ગૃહસ્થાન પૂર્વદિશાએ હોય છે અને એથી એ તિથિઓના દિવસો ઉપર તે દિશા પ્રત્યે પ્રવાસે જવું નહિં. વળી તે પડવો અને નોમ શુદ તથા વદ પક્ષની ચ્હાય તે હોય, તોપણ યોગિનીના સંબંધમાં તેમાં કાંઇ તફાવતાજ નથી. પ્રવાસમાં યોગિનીને સન્મુખ લેવી નહિં, તેમજ દ્યુત અર્થાત્ જુગાર ઇત્યાદિ હારજીતની રમતોમાં યોગિનીને જો પૂંઠે રાખી હોય, તોજ રમનારને કોઇ પણ પ્રકારના લાભની પ્રાપ્તિ થાય છે.

**દિશાઓ અને ખૂણાઓ**

પડવો ને નોમ પર પૂર્વદિશાએ.
બીજ ને દશમ પર ઉત્તરદિશાએ.
ત્રિજ ને અગિયારસ પર અગ્નિ ખૂણે.
ચોથ ને બારશ પર નૈરૃત્ય ખૂણે.
પાંચમ ને તેરશ પર દક્ષિણદિશાએ.
છઠ ને ચોદશ પર પશ્ચિમ દિશાએ.
સાતમ ને પૂર્ણિમા પર વાયવ્ય ખૂણે.
આઠમ ને અમાવાસ્યા પર ઇશાન ખૂણે

આ પ્રમાણે સુદ અને વદ પક્ષની તિથિઓ પર યોગિનીનાં ગૃહસ્થાન જાણવાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**દેશકાળકર્મ.**

સામુદ્રિકવિદ્યાવિશારદ આર્ય જ્યોતિષિઓ દર્શાવે છે, કે કાળચંદ્ર, વારશૂળ, યમઘંટ અને મૃત્યુયોગ તથા સન્મુખ ગૃહની યોગિની તેમની જણાવેલી તિથિ તથા વારે હોય અને તેજ દિવસે દેશકાળકર્માનુસાર અતિ અગત્યના કાર્યકારણવશાત્ પ્રવાસ કરવાની અનહદ આવશ્યકતા હોય, તો પછી તેનો એક ઉપાય છે. તે દિવસના ઉતરતા પહોરે અર્થાત મધ્યાહ્નકાળ પશ્ચાત એટલે કે બપોરના બાર વાગ્યા પછીથી પ્રવાસાર્થે ઘર બહાર નિકળવું.

યોગિનીનું ગૃહસ્થાન દર્શાવ્યા પછીથી હવે વારશૂળ જણાવવામાં આવે છે.

**વારશૂળનું વિવેચન.**

વારશૂળ કે જેને કેટલાક સામુદ્રિકશાસ્ત્રીઓ જ્યોતિષ વિદ્યાના આધારે દિક્શૂળનું નામ પણ આપે છે, તે કયા વારે કઇ કઇ દિશામાં હોય છે તે વિષેની સમજણ નીચે પ્રમાણે છે.

**વારશૂળ, દિક્શૂળ**

વારશૂળ અર્થાત્ દિક્શૂળ જે દિશાએ હોય, તે દિશા પ્રત્યે પ્રવાસ કરવાને સામુદ્રિકશાસ્ત્ર આજ્ઞા આપતું નથી. કયા વારે વારશૂળ અર્થાત દિક્શૂળનુ ગૃહસ્થાન કઇ દિશામા હોય છે તેનું વર્ણન નીચે આપ્યુ છે.

**વારશૂળનાં દિશાસ્થાનો.**

રવિવાર ને શુક્રવારે પશ્ચિમ દિશાએ હોય છે.
સોમવાર ને શનિવારે પૂર્વ દિશાએ હોય છે.
મંગળવાર ને બુધવારે ઉત્તર દિશાએ હોય છે.
ગુરૂવારે દક્ષિણ દિશાએ હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

—૨—

## પંચક અવજોગ અને સિંહસ્થમકરસ્થ વર્ષ.

કુંભરાશિનાં ચન્દ્રમાનો આરંભ થાય તે દિવસથી પ્રારંભીને તે મીનરાશિનો ચન્દ્રમા સમાપ્ત થાય અથવા ઉતરી જાય, તે દરમ્યાનના સમય કે દિવસોને પંચકના નામથી પિછાનવામાં આવે છે. પંચકમાં જે કાર્યો નહિં કરવાને સામુદ્રિક જ્યોતિષ-શાસ્ત્રવેત્તાઓએ નિષેધની આજ્ઞા આપી છે, તે કાર્યો નીચે મુજબ છેઃ—

**પંચકઅવજોગ.**

પંચકમાં દક્ષિણદિશાએ પ્રવાસના પંથે પડવું નહિં, મકાનનું ગીરો કે વેચાણ ઇત્યાદિનું દસ્તાવેજી લખાણ તેમજ નિવાસસ્થાનનો પાયો નાખવાની ક્રિયા કરવી નહિં કિંવા વસ્તુવિધિ યોજવી નહિં. પ્રેતપાવક પ્રકટાવવો નહિં. શબને અગ્નિ-સંસ્કાર કરવો નહિં.

**ધર્મસંકટ.**

ધર્મસંકટવશાત્ જો ઉપરોકત નિષિધ્ધ ક્રિયાવિધિઓ કરવાની અનિવાર્ય આવશ્યકતા હોય, તો તે વૈદિક વિધિપૂર્વક ઇતર ક્રિયાની સાથે કરવી. શર્પણગ્રાસ અર્થાત્ લાકડાં અને ઘાસ ઇત્યાદિ મૂલ્ય આપીને વેચાતાં લેવાં નહિં, તેમજ, સુવાના પલંગ કે ખાટલાની પાટી ભરવી નહિં ભાવાર્થ એજ કે આ અમાંગલિક કામો પંચકના સમયમાં કરવાં નહિં, કારણ કે તેવાં કાર્યોને વેદધર્મશાસ્ત્ર નિષિધ્ધ કાર્યો. તરીકે વર્ણવે છે; અને તેવાં કાર્યો કરવાની સામુદ્રિક જ્યોતિષશાસ્ત્ર પણ સ્પષ્ટ મનાઇ જણાવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચન્દ્રમા કઇ દિશાએ પરિપૂર્ણ હોય તો વિચારવું. તેની સમજણ સામુદ્રિક જ્યોતિષશાસ્ત્રાનુસાર નીચે પ્રમાણે છેઃ—

**પૂર્વ દિશા.**

મેષરાશિ, સિંહરાશિ અને ધનરાશિ : એ ત્રણ રાશિઓમાં ચન્દ્રમાનું ગૃહસ્થાન ઉગમણું અર્થાત પૂર્વ દિશામાં હોય છે; તેથી તે દિશા ભણી પહોંચતો ચન્દ્રમા ન હોય તો પ્રવાસે જવું નહિં.

**પશ્ચિમ દિશા.**

મિથુનરાશિ, તુલારાશિ અને કુંભરાશિ : એ રાશિઓના ચન્દ્રમાનું ગૃહસ્થાન પશ્ચિમદિશામાં હોય છે; તેથી તે દિશા ભણી પહોંચતો ચન્દ્રમા ન હોય તો પર્યટન કરવું નહિં.

**ઉત્તર દિશા.**

કર્કરાશિ, વૃશ્ચિકરાશિ અને મીનરાશિ : એ રાશિઓના ચન્દ્રમાનું ગૃહસ્થાન ઉત્તર દિશાએ હોય છે; તેથી તે દિશા ભણી પહોંચતો ચન્દ્રમા ન હોય તો મુસાફરીએ જવું નહિં.

**દક્ષિણ દિશા.**

વૃષભરાશિ, કન્યારાશિ અને મકરરાશિ : એ રાશિઓના ચન્દ્રમાનું ગૃહસ્થાન દક્ષિણ દિશાએ છે; તેથી તે દિશા ભણી પહોંચતો ચન્દ્રમા ન હોય તો પ્રવાસે જવું નહિં.

**ચન્દ્રમાની ચોખવટ.**

પહોંચતો ચન્દ્રમા ન હોય, તો પ્રવાસે જવું નહીં એનો ગુઢાર્થ એવો છે, કે જે દિશાભણી પર્યટન કરવાનું હોય તે દિશા તરફ જો પહોંચતો ચન્દ્રમા ન હોય, તો પ્રવાસીના પ્રવાસ પથમાં વિઘ્નો આવે છે અને પ્રવાસી પિડા પામે છે; તથા જે કાર્ય ફળિભૂત કરવાની કલ્પનાથી તે મુસાફરીએ સિધાવેલો હોય છે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે કામ સફળ થતું નથી. તેને નિરાશ થઇને કાર્ય સાધ્યા શિવાય પરગામ કે પરદેશથી પોતાને ઘેર પાછા આવવું પડે છે. માટે મુસાફરે જે દિશાભણી મુસાફરી કરવાની હોય, તે દિશાભણી જો પહોંચતો ચન્દ્રમા હોય તોજ તે કરવી, તો જ તે કાર્ય સિધ્ધ કરાવનારી ને સફળતા આપનારી નીવડે છે એમ જ્યોતિષશાસ્ત્ર જણાવે છે.

પ્રવાસ કરનાર પ્રવાસી માટે પહોંચતા ચન્દ્રમાના સ્થાન વિષે ઉપર વર્ણન કરવામાં આવ્યું. હવે ગુરૂમહારાજ અને શુક્રદેવતાના અસ્ત વિષેનો નિર્ણય નીચે બતાવવામાં આવે છે.

**ગ્રહોનો અસ્તોદય.**

કોઇપણ ગ્રહદેવનો કિંવા નક્ષત્રનો તારો ગગનમંડળમાં સૂર્યનારાયણની નજીકમાં આવી જવાથી તેના પ્રકાશપૂંજમાં ડુબી જાય છે એટલે પૃથ્વી પર વસેલા જનસમુદાયને દૃષ્ટિએ દેખાતો નથી, તો તે તારો ડુબ્યો છે એમ મનાય છે. સૂર્ય ભગવાનથી જેટલા અંતર ઉપર આગળ અથવા પાછળ આવવાથી જે તારો અસ્ત પામ્યો છે, તે તારો પાછો સૂર્યદેવતાથી તેટલાજ અંતર ઉપર પાછળ અથવા આગળ થાય ત્યારે તેનો ઉદય થાય છે, અને તે પૃથ્વી પર રહેલા લોકોની દૃષ્ટિએ દેખાય છે.

કોઇ પણ ગ્રહદેવતા અથવા નક્ષત્રના ઉદય અને અસ્તના દિવસ ગણિતશાસ્ત્રથી શોધી શકાય છે. અન્ય ગ્રહદેવતાઓના કરતાં ગુરૂ મહારાજ તથા શુક્રદેવના અસ્તમાં વર-કન્યાનાં વિવાહ, લગ્ન ઇત્યાદિ કેટલાંક માંગલિક કાર્યો કરવાની આપણું સમુદ્રિક જ્યોતિષશાસ્ત્ર આજ્ઞા આપતું નથી; છતાં પણ કેટલાક જ્યોતિષ-શાસ્ત્રીઓ અસ્તને લોપ કિંવા અદર્શન ગણાવે છે અને ઉદયને દર્શન મનાવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## વર્જિત દિવસો.

ગુરૂમહારાજ અને શુક્રદેવતાના અસ્તમાં બાલ્યકાળ અને વૃધ્ધત્વના સમયના કેટલા કેટલા દિવસો કયાં કયાં કર્મોમાં વર્જિત કરવા તેનો નિર્ણય નીચે પ્રમાણે સામુદ્રિક જ્યોતિષશાસ્ત્ર દર્શાવે છે.

ગુરૂમહારાજના અસ્ત પામવાથી પ્રથમના પાંચ દિવસો વૃધ્ધ અને ઉદય પછીથી પંદર દિવસો બાળક માનવા.

શુક્રદેવતા પૂર્વદિશામાં ઉદય પામ્યા પછી ત્રણ દિવસો અને પશ્ચિમ દિશામાં ઉદય પામ્યા પછી દશ દિવસો બાળક તથા પૂર્વમાં અસ્ત પામ્યા પહેલાંના દશ દિવસ અને પશ્ચિમમાં અસ્ત પામ્યા પ્રથમના પાંચ દિવસો વૃધ્ધ જાણવા. એ ગુરૂમહારાજ અને શુક્રદેવતાના બાલ્ય અને વૃધ્ધત્વના દિવસોમાં ચૌલકર્મથી આરંભી વિવાહ પર્યન્તના સંસ્કાર તથા ગૃહવાસ્તુ અને દેવપ્રતિષ્ઠા આદિ કર્મ કરવાં નહિં. ગર્ભાધાન આદિ અને અન્નપ્રાશન પર્યન્ત સંસ્કારો કરવામાં બાધ નથી. પરન્તુ જ્યોતિષશાસ્ત્રના ગ્રન્થ મુહૂર્તમાર્તંડના મત મુજબ તો બાલ્યવાર્ધ્ધના સાત સાત દિવસજ ત્યાજ્ય ગણવાના છે. છતાં પણુ એ ત્યાજ્યાત્યાજ્ય દેશભેદ અનુસાર સ્વીકારવામાં આવે છે, એમ મુહૂર્તચિન્તામણિ, મુહૂર્તભાસ્કર, મુહૂર્તનિર્ણય અને મુહૂર્તમંડન આદિ જ્યોતિષશાસ્ત્રની અન્ય ગ્રન્થસમૃધ્ધિની શોધક શ્રેણિથી સમીક્ષા કરવાથી લાગે છે.

## શુભકર્મ અને ત્યાજ્ય દિવસ.

ગુરૂમહારાજના વક્રી થયા પછીથી ૨૮ દિવસો સર્વત્ર વ્રત તથા વિવાહાદિ કર્મોમાં ત્યાજ્ય ગણવા અર્થાત ત્યાગ કરવા; તેમજ ગુરૂદેવના અતિચાર પછી ૨૮ દિવસો નર્મદા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નદીના ઉત્તર કિનારા ઉપરના પ્રદેશોમાં વર્જિત કરવા. અન્ય સ્થળે ત્યાગ કરવા આવશ્યક નથી.

ગુરૂમહારાજ અને શુક્રદેવતાના અસ્તમાં બાલ્ય અને વૃદ્ધત્વના કેટલા કેટલા દિવસો ક્યાં ક્યાં કર્મોમાં વર્જીત કરવા એ ઉપર દર્શાવ્યું. હવે સિંહસ્થ વર્ષ અને મકરસ્થ વર્ષોમાં વિવાહાદિ શુભ કાર્યો ક્યા ક્યા દેશમાં ન કરવાં એ સંબંધીનો નિર્ણય નીચે આપવામાં આવે છે.

**સિંહસ્થ વર્ષ.**

સિંહરાશિનો બ્રહસ્પતિ જ્યાં સુધી અસ્તિત્વ ભોગવે ત્યાં સુધી સિંહસ્થ વર્ષ ગણાય છે. તેમાં લગ્ન ઇત્યાદિ શુભ કાર્ય કરવાની વૈદિક ધર્મશાસ્ત્રો આજ્ઞા આપતાં નથી. તદનુસાર આપણી આર્ય મહાજનતા માનતી આવી છે.

**મકરસ્થ વર્ષ.**

મકર અર્થાત નીચલા બ્રહસ્પતિ જે સમય પર્યન્ત હોય, તે સમય સુધી મુખ્યત્વે મગધદેશ, ગૌડદેશ, સિન્ધદેશ અને કોકણદેશ : એ દેશોમાં વિવાહાદિ માંગલિક કાર્યો કરવાં નહિં. અન્ય દેશોમાં પણ નહિંજ થવાં જોઇએ એમ ધર્મશાસ્ત્ર જણાવે છે; પરન્તુ જો આપદ્‌ધર્મ જેવો પ્રસંગ હોય, તો તેના શાસ્ત્રીય પરિહાર તરીકે પ્રથમના બે મહિના અર્થાત્ નીચાંશ સુધીનો સમય ત્યાજ્ય ગણીને-તજી દઇને-પછીથી વિવાહાદિ કાર્યો કરવાં એમ કેટલાક જ્યોતિષશાસ્ત્રના ગ્રંથો દર્શાવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૧૬ મો.

## : સુખસામુદ્રિક :

### (૧)

### લગ્નપંચક અને જળશોધન.

લગ્નપંચકનો પરિચય એવા પ્રકારનો છે, કે વિવાહ પ્રસંગ ઉપવિત અવસર અને સિમન્તસમય ઇત્યાદિ માંગલિક કાર્યોમાં, ગૃહસ્થાનનું વાસ્તુ મુહૂર્ત કરવાના પ્રસંગે, પુત્ર કે પુત્રિને શાળા-પાઠશાળામાં પ્રથમ બેસાડવાના અવસરે, રાજામહારાજા કે અમીર-ઉમરાવ કિંવા શ્રીમન્ત શેઠશાહુકારને ત્યાં નોકરીએ રહેવાના સમયે, દેશવિદેશ વણુજવ્યાપાર અથવા ચાકરી માટે વિદાય થવાના વખતે શુભ અથવા અશુભ લગ્ન નિહાળવું પડે છે. આ લગ્નનું નિરીક્ષણ કરતાં તેમાં લગ્નપંચક દ્રષ્ટિગોચર થાય છે.

**લગ્નપંચકના પ્રકાર.**

ઉપરોક્ત લગ્નપંચકના નવ પ્રકાર ધર્મ શાસ્ત્રકારો દર્શાવે છે. તેમાંના મુખ્ય ૭ પ્રકાર નીચે આપવામાં આવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૧) મૃત્યુપંચક.

આ મૃત્યુપંચકને વિવાહના કાર્યોમાં બુધવાર અને શુક્રવારને દિવસે બિલકુલ ત્યાગ કરવું; પણ તે ઉભય વિના અન્ય વાર હોય તો સાયંકાળનો સમય ત્યાગ કરવો.

(૨) અગ્નિપંચક.

આ અગ્નિપંચકને મકાનનાં દસ્તાવેજી ખતપત્રો, ઘરનું વાસ્તુમુહૂર્ત અને નિવાસસ્થાનનો પાયો ઇત્યાદિ કાર્યો કરવાં હોય તે સમયે ત્યાગ કરવું. મંગળવારના દિવસે તો અવશ્યજ ત્યાગ કરવું.

(૩) નિત્યપંચક.

આ નિત્યપંચકને કોઇ પણ શુભ કાર્યને માટે સર્વ પ્રકારે સાનુકુળ માનવામાં આવે છે, તેથી તેમાં માંગલિક કાર્યો કરવાને ધર્મશાસ્ત્રનો બાધ નથી.

(૪) રાજપંચક.

આ રાજપંચકને રાજામહારાજા, અમીર ઉમરાવ કે શ્રીમંત શેઠશાહુકારને ત્યાં પ્રથમ નોકરી રહેવાના સંબંધમાં ત્યાગ કરવું. મુખ્યત્વે કરીને સોમવાર તથા શનિવારના દિવસોએ તો તે અવશ્યજ વર્જ્ય ગણવું.

(૫) ચોરપંચક.

આ ચોરપંચકને વણુજવ્યાપાર તથા ઉદરનિર્વાહાર્થે નોકરી-ચાકરી માટે દેશપરદેશ વિદાય થતી વખતે કિંવા ધર્મ-ધામની યાત્રા કરવાને ગૃહ બહાર આંગણામાં નિકળતાં ત્યાગ કરવું. તેમાંય તે દિવસે જો ગુરૂવાર અથવા મંગળવાર હોય, તો તેને અવશ્ય વર્જ્ય કરવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૬) રોગપંચક.

આ રોગ પંચકને પુત્રને ઉપવિત કિંવા જનોઇ દેવાના કાર્ય માટે ત્યાગ કરવું. રવિવારના દિવસે તેને જરૂર ત્યાગ કરવું.

ઉપર લગ્નપંચકના પ્રકાર વિષે શાસ્ત્રીય સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું. હવે નીચે જળશોધન વિષે સામુદ્રિકશાસ્ત્રની ભૂસ્તરવિદ્યાના આધારે વિવેચન કરવામાં આવે છેઃ—

**ભૂગર્ભજળ.**

આપણા આર્યાવર્ત દેશમાં અને તેમાં પણ મુખ્યત્વે કરીને ગુજરાત પ્રદેશમાં મોટા પ્રમાણમાં વરસાદ અને કુવાના પાણી ઉપર કૃષિકાર્યનો ખાસ કરીને આધાર છે. તેથી કૃષિક્ષેત્રોમાં કુવા ખોદવાની અનહદ આવશ્યકતા છે. તેમાં વળી કોઇ મનુષ્ય કદાપિ પોતાના ખેતરમાં કુવો ખોદાવવા માંડે તો પણ તેના ભૂગર્ભની અન્દરથી જળ નીકળતું નથી. આવા પ્રકારે ખાલી ખર્ચ થાય છે. તેથી ખેતરોમાં કયા સ્થળે કુવાનું ખોદકામ કરવાથી જમીનમાંથી પાણી પ્રાપ્ત થશે તે શોધી કહાડવાની કુંચીઓ અતિશય અગત્યની તથા અનહદ અમૂલ્ય થઇ પડશે, એમ ધારીને સામુદ્રિક જ્યોતિષશાસ્ત્રના ભૂસ્તર અધ્યાયના ભૂગર્ભજળસર્ગના આધારે નીચે દર્શાવવામાં આવે છેઃ—

**જળશોધનની યુક્તિઓ.**

**નેતરના વૃક્ષની નજીકમાં.**

જળ વિનાના સ્થાનમાં જો નેતરવૃક્ષ ઉગ્યું હોય, તો તે વૃક્ષની આથમણી દિશાએ ત્રણ હાથ ઉંડે જમીનમાં ખોદકામ કરવાથી ભૂગર્ભમાંથી જળની પ્રાપ્તિ થશે એમ માનવું.

**જાંબુડાના ઝાડની પાસે.**

જાંબુડાના ઝાડની પાસે પૂર્વ દિશાએ સાપના ઘણા રાફડા દેખાતા હોય, તો ત્યાંથી દક્ષિણ દિશામાં ૧૦ાા હાથ ઉંડે જમીનમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખોદકામ કરવાથી ભૂગર્ભમાંથી પાણી પ્રાપ્ત થશે એમ જાણવું; પરન્તુ જો ૧૪ હાથે હાડકાં હોય તો અને આરમાની માટી હોય તો ત્યાં ભૂગર્ભમાં જળ નહિં પરન્તુ પથ્થર છે એમ ગણવું.

**નગોડવૃક્ષની નજીકમાં.**

નગોડવૃક્ષથી ત્રણ હાથ દૂર દક્ષિણ દિશામાં જો રાફડો દેખાતો હોય, તો તે સ્થળે પાણી છે એમ સમજવું.

**બોરડીના ઝાડની પાસે.**

બોરડીના ઝાડથી ઉગમણી દિશામાં રાફડો દેખાતો હોય, તો ત્યાંથી આથમણી દિશાએ ૧૦ાા હાથ ઉંડે ભૂગર્ભમાં પાણી આવેલું છે એમ માનવું.

**બહેડાના વૃક્ષ પાસે.**

બહેડાના વૃક્ષની પાસે દક્ષિણ દિશાએ રાફડો દેખાતો હોય, તો તે સ્થળેથી ઉગમણી દિશામાં ૬ાા હાથ ઉંડે જમીનમાં જળની સેર છે એમ જાણવું.

**ઝાડનાં મૂળિયાંમાં.**

પ્રત્યેક પ્રકારના ઝાડનાં મૂળિયાંમાં એક હાથ ઉપર ભૂગર્ભમાં ઘણા દેડકા દેખાતા હોય, તો જાણવું, કે તે સ્થળે ૧૬ હાથ ઉંડે પાણીની સેર છે.

**મહુડાના ઝાડની નજીકમાં.**

મહુડાના ઝાડની ઉત્તર દિશાએ જો સાપનો રાફડો દેખાતો હોય, તો તે સ્થળે પાંચ હાથ ઉંડું ખોદવાથી ભૂગર્ભમાંથી પાણી નીકળશે એમ જાણવું.

**વીરણના છોડ અને દરોની પાસે.**

વીરણના છોડ અને દરો જે સ્થળે લીલાંછમ રહેતાં હોય તે સ્થળની જમીન જો પાણી વિનાની સુકી જણાતી હોય, તો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ ત્યાંથી ૩॥ હાથ ઉંડે ખોદકામ કરવાથી ભૂગર્ભમાંથી પાણી મળશે એમ સમજવું.

**છિદ્રવાળી માટીના સ્થાને.**

જે સ્થળે છિદ્રવાળી અર્થાત પોકળ અને તેથી રંગની માટી જણાતી હોય, તે સ્થળે ખાત્રીપૂર્વક પાણી નીકળશે એમ માનવું.

**ભીની જમીનમાં.**

ઉનાળાની ઋતુમાં જે જમીન ઉપર ભીનાશ ભાસતી હોય અથવા લીલું ઘાસ તથા નાનાં તુંબડાં ઉગ્યાં હોય, તો તે સ્થળે પાણી પાસેજ નીકળે છે એમ જાણવું.

**ઝાકળવાળા સ્થળે.**

રેતાળ જમીનનું મેદાન હોય અને ઉપર મેઘરવો અથવા ઝાકળ પડયું હોય, તો તે સ્થળે જમીનમાં ખોદકામ કરવાથી પાણી નીકળશે એમ જાણવું.

**ચાંચવાળાં પક્ષીઓનાં ટોળાંની જગ્યાએ.**

રેતીવાળી ધરતીનું ચોગાન હોય અને તેમાં જે જગ્યા ઉપર કાળા રંગની ચાંચવાળાં પક્ષીઓનાં ટોળાં બેઠેલાં હોય, ત્યાં જમીનમાં ખોદવાથી ભૂગર્ભમાંથી પાણી પ્રાપ્ત થશે એમ સમજવું.

**શમી ખીજડાનો બેટ.**

જે સ્થળે શમી [સમડો]નું અથવા તો ખીજડાનું ઝાડ હોય તથા શમીવૃક્ષનો તેમજ ખીજડાના ઝાડનો તળાવમાં બેટ થયો હોય, ત્યાં જમીનમાં ખોદવાથી ભૂગર્ભમાંથી જળ નીકળે છે એમ જાણવું.

**ડુંગરાળ સપાટ જમીનમાં.**

ડુંગરાળ જમીનમાં ખોદકામ કરવાથી જળ જલ્દી મળે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવે છે, તેમજ જ્યાં જમીનની સપાટી ઢળતી હોય, ત્યાં વરતીમાં ખોદકામ કરવાથી ભૂગર્ભમાંથી પાણી જલ્દી નીકળે છે એમ માનવું.

—૨—

## રાશિચક્ર અને વર્ગમંડળ.

જ્યોતિષશાસ્ત્રીઓ અને સામુદ્રિકજ્યોતિષિઓ રાશિમાળાના ૧૨ ભાગો પાડે છે. આ બાર ભાગોનાં ૧૨ નામો નીચે પ્રમાણે છે:—

(૧) મેષ (૨) વૃષભ [વરખ] (૩) મિથુન (૪) કર્ક (૫) સિંહ (૬) કન્યા (૭) તુલા (૮) વૃશ્ચિક (૯) ધન (૧૦) મકર (૧૧) કુંભ અને (૧૨) મીન.

ઉપર રાશિઓનાં નામો દર્શાવવામાં આવ્યાં. હવે નીચે રાશિઓની અક્ષરાવળી બતાવવામાં આવે છે:—

**રાશિઓની અક્ષરાવળી.**

મેષરાશિના અ, લ, ઇ. વરખરાશિના બ, વ, ઉ. મિથુનરાશિના ક, છ, ઘ, ક્ષ. કર્ક રાશિના ડ, હ. સિંહરાશિના મ, ટ. કન્યારાશિના પ, ઠ, ણ. તુલારાશિના, ર, ત. વૃશ્ચિકરાશિના ન, ય. ધનરાશિના ભ, ધ, ફ, ઢ. મકરરાશિના ખ, જ. કુંભરાશિના ગ, સ, શ. અને મીનરાશિના દ,ઝ, ચ, થ, ત્ર. અક્ષર ગણાય છે.

**અક્ષરોના વર્ગો.**

રાશિના અક્ષરોના વર્ગો ૮ પ્રકારના પાડવામાં આવ્યા છે. આ આઠ પ્રકારના વર્ગો નીચે આપવામાં આવે છે:—

ક, ખ, ગ, ઘ. બિલાડીનો વર્ગ.

ચ, છ, જ, ઝ. સિંહવર્ગ.

ટ, ઠ, ડ, ઢ, ણ. શ્વાનવર્ગ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત, થ, દ, ધ, ન. સર્પ (સાપ) વર્ગ.
પ, ફ, બ, ભ, મ. ઉંદર વર્ગ.
ય, ર, લ, વ. હરણ વર્ગ.
સ, ષ, શ, હ. મેઢાનો વર્ગ
અ, ઇ, ઉ. ગરૂડ વર્ગ.

ઉપર અક્ષરોના વર્ગો આપવામાં આવ્યા; હવે નીચે એ વર્ગો વચ્ચે પોષાઇ રહેતાં જન્મનાં વેર આપવામાં આવે છેઃ—

**જન્મનાં વેર.**

(૧) ગરૂડ અને નોળીઓ.
(૨) સિંહ અને હરણ.
(૩) કુતરો અને મેઢો.
(૪) ઉન્દર અને બિલાડી.
(૫) બિલાડી અને કુતરો.

રાશીઓના વર્ગો વચ્ચે જેમ વેરવૃત્તિનું દર્શન થાય તેમ ગ્રહોમાં પણ અંદર અંદર શત્રુપક્ષો જણાય છે. આ પ્રમાણેના જન્મના શત્રુગ્રહો નીચે પ્રમાણે છે.

**શત્રુગ્રહો.**

(૧) શુક્રગ્રહ, શનિમહારાજ અને રાહુદેવ.
(૨) બુધદેવ અને રાહુદેવતા.
(૩) બુધગ્રહ અને શુક્રગ્રહ
(૪) સૂર્યનારાયણ અને ચન્દ્ર ભગવાન.
(૫) સૂર્ય ભગવાન, ચન્દ્રમા અને મંગળમહારાજ.
(૬) સૂર્યનારાયણ, ચન્દ્રમા, મંગળમહારાજ, બુધદેવ, ગુરૂમહારાજ, શુક્રદેવ, શનિશ્ચરદાદા, એ સાત દેવગ્રહોને રાહુગ્રહ તથા કેતુગ્રહ એ ઉભય રાક્ષસગ્રહોની સાથે જન્મનાં વેર છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગ્રહમના સાત દેવગ્રહો જ્યારે જગતની કોઇ વ્યક્તિનું શ્રેય કરવાની કલ્પના કરે છે, ત્યારે છેવટના બે રાક્ષસગ્રહો તે વ્યક્તિનું અશ્રેય કરવાનો સંકલ્પ કરે છે; અને જ્યારે ઉપરના સાત દેવગ્રહો કોઇ વ્યક્તિનું અકલ્યાણ કરવાનો નિશ્ચય કરે છે, ત્યારે નીચેના બે રાક્ષસમાંથી દેવ બનેલા ગ્રહો તે વ્યક્તિનું કલ્યાણ કરવાનો નિર્ણય કરે છે. આ અનુસાર આ દેવગ્રહપક્ષ અને દાનવ ગ્રહપક્ષની વચ્ચે અહર્નિશ દેવદાનવ દાવાનળ ભભૂકયાજ કરે છે. પરિણામમાં પાડે પાડા લડે ને ઝાડાંનો ખોડો, નીકળે તેમ વચ્ચે પેશી બિચારી વ્યક્તિનો ખોરકુટો થઇ જાય છે.

**ગ્રહશત્રુવટનું સ્પષ્ટિકરણ.**

ઉપર આલેખેલા નિયમ ઉપરાન્ત વિશેષ એક પ્રણાલિકા એવા પ્રકારની છે, કે જ્યારે શત્રુ શત્રુના સ્થાનમાં પ્રવેશ કરે છે ત્યારે તેઓ તેમ કરે છે, અર્થાત પોતાનો જન્મસિધ્ધ ધર્મ એટલે કે જાતિસ્વભાવ બતાવે છે. આ કારણને અંગેજ કેટલીક વખત મિત્ર મિત્રના ઘરમાં, સમ સમના સ્થાનમાં અને શત્રુ શત્રુના સ્થાનમાં પ્રવેશ કરે છે ત્યારે તેમ કરે છે, આથીજ તે તે ગ્રહદેવતાઓની તેવી અસર નીચે વ્યક્તિઓ અન્યોઅન્યના સન્મિત્ર હોવા છતાં પણ અલ્પ સમયમાં સિતમગર શત્રુ બની જાય છે.

ઉપર શત્રુવટનું સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું. હવે નીચે રાશિના સ્વભાવનું સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવે છે.

**રાશિના સ્વભાવ.**

તેમના સ્વભાવોનું વર્ગીકરણ કરતાં (૧) મેષ, કર્ક, તુલા, વૃશ્ચિક અને મકરરાશિવાળાઓનો ચર સ્વભાવ હોય છે, (૨) વૃષભ, સિંહ, અને કુંભરાશીવાળાઓનો સ્થિર સ્વભાવ હોય છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને (૩) મિથુન, કન્યા, ધન અને મીન રાશિવાળાઓને દ્વિ-સ્વભાવ હોય છે.

જન્મનક્ષત્રોની ૧૪ યોનિઓનાં ૧૪ જનાવરોનું વિવરણ નીચે કરવામાં આવે છે:—

## જન્મનક્ષત્રમાં યોનિજનાવર.

જન્મનક્ષત્રનાં યોનિ જનાવર નીચે આપવામાં આવે છે:—

અશ્વની અને શતતારકા જન્મનક્ષત્રનું ઘોડો, ભરણી અને રેવતી નક્ષત્રનું હાથી, કૃતિકા અને પુષ્ય નક્ષત્રનું બકરો, રોહિણી અને મૃગશિર્ષ નક્ષત્રનું સાપ, આદ્રા અને મૂળ નક્ષત્રનું કુતરો, પુનર્વસુ અને આશ્લેષા નક્ષત્રનું બીલાડો, મઘા અને પુર્વા ફાલ્ગુની નક્ષત્રનું ઉંદર, ઉત્તરા ફાલ્ગુની અને ઉત્તરા ભાદ્રપદ નક્ષત્રનું ગાય, હસ્ત અને સ્વાતિ નક્ષત્રનું ભેંસ, ચિત્રા અને વિશાખા નક્ષત્રનું વાઘ, અનુરાધા અને જયેષ્ઠા નક્ષત્રનું હરણ, પૂર્વાષાઢા નક્ષત્રનું વાંદરો, ઉત્તરાષાઢા અને શ્રવણ નક્ષત્રનું નોળિયો, અને ધનિષ્ટા અને પૂર્વા ભાદ્રપદનક્ષત્રનું સિંહ જનાવર હોય છે.

ઉપર ૧૪ નક્ષત્રોની ૧૪ યોનિયોનાં ૧૪ જનાવરોનું વિવેચન કરવામાં આવ્યું. હવે નીચે ૨૭ નક્ષત્રોનાં ૧૪ જનાવરોનાં યોનિવેરનું વિવેચન કરવામાં આવે છે:—

## નક્ષત્રોનાં જનાવરોનું યોનિવેર.

સિંહ અને હાથીને, ઉન્દર અને બીલાડીને, કુતરો અને વાંદરાને, ગાય અને વાઘને, સાપ અને નોળિયાને, હરણ અને બકરાને, ઘોડો અને ભેંસને, ગરૂડ અને સાપને, નોળીઓ અને હરણને, સિંહ અને હરણને, કુતરા અને મેંઢાને તથા બિલાડી અને કુતરાને યોનિ વેર હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વરકન્યાની વર્ણ.

વરકન્યાની જન્મરાશિઓ ઉપરથી તેઓ પ્રત્યેકની કઇ વર્ણ છે અને તેઓની વચ્ચે કેવી કોટિનો પ્રેમભાવ રહેવા પામશે એ ઇત્યાદિ અવલોકવાની પ્રણાલિકા નિમ્નલીખિત છે:—

બ્રાહ્મણવર્ણની મીનરાશિ, કર્કરાશિ અને વૃશ્ચિકરાશિ હોય છે.

ક્ષત્રિયવર્ણની મેષરાશિ, સિંહરાશિ અને ધનરાશિ હોય છે.

વૈશ્યવર્ણની વૃષભરાશિ, કન્યારાશિ અને મકરરાશિ હોય છે.

શુદ્રવર્ણની મિથુનરાશિ, તુલારાશિ અને કુંભરાશિ હોય છે.

( ૧ ) મીનરાશિ, કર્કરાશિ, અને વૃશ્ચિકરાશિ, એ ત્રણે રાશિઓ ઉચ્ચવર્ણની અર્થાત બ્રાહ્મણવર્ણની જાણવી.

( ૨ ) મેષરાશિ, સિંહરાશિ અને ધનરાશિ, એ ત્રણે રાશિઓ તેથી ઉતરતી કોટિની એટલે ક્ષત્રિયવર્ણની માનવી.

( ૩ ) વૃષભરાશિ, કન્યારાશિ અને મકરરાશિ, એ ત્રણે રાશિઓ વૈશ્યવર્ણની ગણવી.

( ૪ ) મિથુનરાશિ, તુલારાશિ અને કુંભરાશિ, એ સર્વથી અધમ અર્થાત શૂદ્રવર્ણની રાશિઓ સમજવી.

હવે જો વરકન્યાની રાશિઓ ઉપરની ચાર વર્ણમાંથી એકજ વર્ણના ઉદરમાં આવતી હોય, તો તેઓ ઉભય એકબીજાના પ્રેમપ્રસંગમાં સુખશાંતિનો ઉપભોગ કરે. કદાપિ વરની રાશિ ઉચ્ચ વર્ણમાં એટલે કે બ્રાહ્મણની અને કન્યાની રાશિ તેનાથી ઉતરતી એટલે કે ક્ષત્રિય વર્ણની આવે, તો પણ તે યુગલ સુખ-શાંતિજ ભોગવે. તેમ છતાં પણ જો કન્યાની રાશિ ઉચ્ચ વર્ણની અને વરની રાશિ તેનાથી ઉતરતી વર્ણની હોય તો તે જોડું દુઃખ ભોગવે અર્થાત્ તેમાં વરની મુખ્યત્વે કરીને વાતજ નિપજે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વરકન્યાની વચ્ચે કેવી કોટિનો સ્નેહભાવ રહેવા પામશે તે સમજી શકવાને નીચે વશ્ય અને ભક્ષ્યના ચક્રની માહિતી આપવામાં આવે છેઃ—

**વરકન્યા વશ-ભક્ષ્યચક્ર.**

(૧) કર્કરાશિ, મકરરાશિ અને મીનરાશિ જળચર પ્રાણી મનાય છે. મેષરાશિ, વૃષભરાશિ, અને સિંહરાશિ વનચર પશુ ગણાય છે. મિથુનરાશિ, કન્યારાશિ, તુલારાશિ, ધનરાશિ અને કુંભરાશિ મનુષ્ય ગણાય છે.

**સ્પષ્ટિકરણ.**

ઉભયની અર્થાત વર અને કન્યાની જન્મરાશિઓ જો જળચર આવે તો શ્રેયસ્કર સમજવી, તેમજ ઉભયની મનુષ્ય આવે તો પણ તે કલ્યાણકર જાણવી. વળી વરકન્યાની રાશિઓ વનચર અને મનુષ્ય આવે, તો તે જેમ લાભકર્તા છે, તેમ વનચર અને જળચર રાશિઓ પણ ફાયદો અપાવનાર છે.

ઉપરોકત શ્રેણિ હોવા છતાં પણ જો વરકન્યામાંથી એકની જન્મરાશિ જળચર અને બીજાની મનુષ્ય આવે, તો તે અશ્રેય, અકલ્યાણ, અશુભ ને હાનિકર્તા માનવી.

**સામી પ્રિતની રાશિ.**

સામી પ્રિતની રાશિવાળાં વરકન્યામાં મેળાપ અર્થાત સ્નેહ શુભ શ્રેણીનો રહેવા પામે છે. દ્રષ્ટાન્ત તરીકે મેષરાશિની સાથે તુલારાશિને, વૃષભરાશિની સાથે વૃશ્ચિકરાશિને, મિથુનરાશિની સાથે ધનરાશિને, કર્કરાશિની સાથે મકરરાશિને અને કન્યારાશિની સાથે મીનરાશિને સામી પ્રિત હોવા છતાં પણ મેળાપ સારો હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સામી પ્રિતની રાશિની રૂપરેખા ઉપર દોરવામાં આવી. હવે નીચે સારા અથવા મધ્યમ બિયાબારાનું કહેવામાં આવે છે:—

**સારૂં અથવા મધ્યમ બિયાબારૂ.**

મીનરાશિવાળાની સાથે મેષરાશિવાળાને, કુંભરાશિવાળાની સાથે મકરરાશિવાળાને, વૃષભરાશિવાળાની સાથે મિથુનરાશિવાળાને, કન્યા-રાશિવાળાની સાથે ધનરાશિવાળાને, કન્યારાશિવાળાની સાથે તુલારાશી-વાળાને તથા કર્ક રાશિવાળાની સાથે સિંહરાશિવાળાને મેળાપ હોવાથી, સારૂં અથવા મધ્યમ બિયાબાર હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૧૭ મો.

## : સુરસામુદ્રિક :

—૧—

### જન્મકુંડળીમાં ગ્રહસ્થાન




Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**જન્મકુંડળીની સમજણ.**

જન્મકુંડળીમાં પહેલું તન અર્થાત શરીરનું સ્થાન છે. બીજું ધનસ્થાન છે, ત્રિજું બંધુસ્થાન છે, ચોથું સુખસ્થાન છે, પાંચમું પુત્રસ્થાન છે, છઠું શત્રુસ્થાન છે, સાતમું સ્ત્રીસ્થાન છે, આઠમું મૃત્યુસ્થાન છે, નવમું ભાગ્યસ્થાન છે, દશમું રાજદ્વારનું સ્થાન છે, અગિયારમું લાભસ્થાન છે અને બારમું ખર્ચસ્થાન છે. આ પ્રકારે કુલ્લે બાર સ્થાનો હોય છે. તેમાં સૂર્યનારાયણ, ચન્દ્રમા ઇત્યાદિ ગ્રહદેવતાઓ પડેલા હોય, તો તે શું શું ફળ આપશે તે નીચે આપ્યું છે.

**તનુસ્થાન.**

પહેલા—તનુસ્થાનમાં સૂર્યનારાયણ પડયા હોય, તો તે અંગે ઉષ્ણુતાની ઉપાધિ થાય અને મંગળમહારાજ પડેલા હોય, તો દેહના લોહીનો બિગાડ થાય. શનિમહારાજ પડયા હોય, તો કાયા અનેક પ્રકારે પિડા પામે. ગુરૂદેવતા ચન્દ્રમા, શુક્રદેવ અને બુધદેવ એટલા પૈકી એક અથવા વિશેષ ગ્રહદેવો પડેલા હોય, તો શરીરની સુખશાંતિ સારા પ્રમાણુમાં રહેવા પામે તથા કાયાની કાન્તિ સન્તોષકારક શ્રેણીએ સચવાય.

**ધનસ્થાન.**

બીજા—ધનસ્થાનમાં સૂર્યભગવાન, શનિમહારાજ અને મંગળદેવતા પૈકી એક અથવા વધુ ગ્રહો પડયા હોય, તો મનુષ્યને દ્રવ્યનું દુઃખ બહુજ રહે. ચન્દ્રમા, બુધદેવ, ગુરૂમહારાજ અને શુક્રદેવ : એટલા ગ્રહદેવતા પૈકી એક અથવા વિશેષ ગ્રહદેવતા પડયા હોય, તો નાના પ્રકારના ઉદ્યોગહુન્નરથી વસુની વૃદ્ધિ થવા પામે; અર્થાત કોઇ પણ સ્થાનમાં શુભ ગ્રહો પૈકી એકાદ ગ્રહ પડયો હોય, તો તે શુભ ફળ થોડું અને શુભ ગ્રહો વિશેષ પડયા હોય,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તો શુભ ફળ સંપૂર્ણ મળે. એજ પ્રકારે જે સ્થાનમાં અશુભ અર્થાત નબળા ગ્રહો પૈકી એક ગ્રહ પડયો હોય, તો અશુભ ફળ અલ્પ અર્થાત નબળું ફળ થોડું જાણવું અને નબળા ગ્રહો વિશેષ પડયા હોય, તો નબળું ફળ વધુ મળે.

**બંધુસ્થાન.**

ત્રીજા—બંધુસ્થાનમાં સૂર્યભગવાન પડયા હોય, તો માનવી સ્વાસ્થ્ય સંપાદન કરે, ચન્દ્રમા પડયા હોય તો કીર્તિની કમાણી કરે, મંગળમહારાજ પડયા હોય તો મનુષ્ય ઘણો ક્રોધી બને, બુધદેવ પડયા હોય તો માણસ સંપત્તિ સંપાદન કરે, ગુરૂમહારાજ પડયા હોય તો સારો સદ્બુધ્ધિમાન સજ્જન બને, શુક્રદેવ પડયા હોય તો નમ્રતા અને વિનયવાળો મનુષ્ય થાય અને શનિમહારાજ પડયા હોય તો વનિતાઓનો વ્હાલો બને.

**સુખસ્થાન**

ચોથા સુખસ્થાનમાં સૂર્યદેવ, મંગળદેવ અને શનિદેવ પૈકી એકાદ અથવા વિશેષ ગ્રહદેવતા પડયા હોય, તો મનુષ્ય દીર્ઘકાળ પર્યન્ત દુઃખી રહે. ચન્દ્રમા, બુધદેવ, ગુરુમહારાજ તથા શુક્રદેવ, એટલા ગ્રહદેવતા પૈકી એક અથવા વિશેષ ગ્રહદેવો પડયા હોય, તો મનુષ્ય સુખી થાય અને રાજદ્વારમાં અધિકાર પ્રાપ્ત કરે. આ સ્થાન માતા અને મિત્ર સંબંધી પણ છે.

**પુત્રસ્થાન.**

પાંચમા—પુત્ર સ્થાનમાં સૂર્યદેવ પડેલો હોય, તો તે માનવી અતિશય ક્રોધી સ્વભાવનો હોય. બુધગ્રહ પડયો હોય તો થોડાં બાળબચ્ચાંવાળો થાય, શનિગ્રહ અને મંગળ ગ્રહ પડયા હોય તો સન્તતિ સિવાયનો અર્થાત નિર્વંશ થાય, શુક્રગ્રહ, ચન્દ્રગ્રહ અને ગુરૂગ્રહ, એટલા ગ્રહો પૈકી એક અથવા વધુ ગ્રહદેવતા પડયા હોય તો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે બહુ પુત્રવાળો બને અને સુખભોગ ભોગવે, તેમજ સ્વરૂપવાન થાય. આ સ્થાન વિદ્યા માટે નિરખાય છે.

**શત્રુસ્થાન.**

છઠ્ઠા શત્રુસ્થાનમાં સૂર્યનારાયણ અને મંગળમહારાજ પડયા હોય હોય, તો માનવીને માથે વૈરિ થાય નહિં અને કદાચ સંજોગ-વશાત શત્રુ થાય તોપણ તેમનો સંહાર થાય. શનિમહારાજ પડયા તો દુશ્મનોથી પૂજાય, શુક્રદેવતા પડયા હોય તો બુદ્ધિબળવિનાનો બને. બુધદેવ પડયા હોય તો ગાંડો, પાગલ કે દિવાનો બને અને ચન્દ્રમા પડયા હોય તો મૃત્યુ પામે.

**સ્ત્રીસ્થાન.**

સાતમા સ્ત્રીસ્થાનમાં સૂર્યભગવાન, મંગળમહારાજ, અને શનિદેવતા, એટલા ગ્રહદેવો પૈકી એક અથવા વિશેષ ગ્રહદેવો પડયા હોય, તો તે મનુષ્યની પત્નિ દુષ્કર્મ કરનારી બને અને સંતતિ પણ કમતી થવા પામે. ગુરૂગ્રહ, ચન્દ્રગ્રહ. શુક્રગ્રહ અને બુધગ્રહ એટલા પૈકી એક અથવા વિશેષ ગ્રહદેવતાઓ પડયા હોય તો બહુ પુત્રવાળી, સૌન્દર્યવાન તથા લોકોનાં મનને વશ કરે એવા સ્વભાવવાળી પત્નિ થાય. સ્ત્રીના જન્માક્ષરમાં આ સ્થાન પતિ સંબંધી છે.

**મૃત્યુસ્થાન.**

આઠમા મૃત્યુસ્થાનમાં સૂર્યભગવાન ઇત્યાદિ સર્વે ગ્રહદેવતાઓ પૈકી કોઇપણ એક અથવા વધુ ગ્રહદેવો પડયા હોય, તો માનવી દુષ્ટ બુદ્ધિવાળો, શસ્ત્રના ઘાથી શરીરે સંકટ સહેતો, સુખશાંતિ સિવાયનો અને વિશેષ વ્યાધીવાળો બને. તેથી એ સ્થાનમાં એક પણ ગ્રહદેવ પડયા હોય તે શુભ અર્થાત સારા ન ગણાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ભાગ્યસ્થાન.**

નવમાભાગ્યસ્થાનમાં સૂર્યનારાયણ પડયા હોય, તો મનુષ્ય ધર્મ વિનાનો અર્થાત નાસ્તિક નિવડે, શનિમહારાજ પડયા હોય તો બુદ્ધિ વિનાનો જડ બને અને મંગળદેવ પડયા હોય તો દુષ્ટ સ્વભાવનો, ખરાબ ખાસિયતનો થાય. ચન્દ્રગ્રહ, બુધગ્રહ, શુક્રગ્રહ તથા ગુરૂગ્રહ; એટલા ગ્રહદેવો પૈકી એક અથવા વિશેષ ગ્રહદેવો પડયા હોય, તો તે માનવી ધર્મક્રિયા કરવાવાળો થાય.

**રાજદ્વારસ્થાન.**

દશમારાજદ્વારસ્થામાં સૂર્યગ્રહ, મંગળગ્રહ અને શનિગ્રહ એટલા ગ્રહદેવો પૈકી એક અથવા વિશેષ ગ્રહદેવો પડયા હોય, તો તે મનુષ્ય કુકર્મી અને નઠારાં છોકરાંવાળો થાય. ચંદ્રગ્રહ પડયો હોય તો સારી કીર્તિવાળો બને, શુક્રગ્રહ પડયો હોય તો શ્રીમન્ત થાય, બુધગ્રહ પડયો હોય તો સ્વરૂપવાન બને અને ગુરૂગ્રહ પડયો હોય તો શુભકર્મ કરનારો નિવડે. આ સ્થાન પિતાનું સુખ નિહાળવા માટે પણ છે.

**લાભસ્થાન.**

અગિયારમા લાભસ્થાનમાં સૂર્યભગવાન પડયા હોય તો મનુષ્ય રાજદ્વારસ્થાનમાંથી લાભ લેનારો થાય. ચન્દ્રમા પડયા હોય તો ધનવાન બને, મંગળ મહારાજ પડયા હોય તો રાજવી સમાન ગણાય, બુધદેવ પડયા હોય તો વિવેકી, શિષ્ટ, સભ્ય અને સૌન્દર્યવાન થાય, ગુરૂદેવતા પડયા હોય તો સંપત્તિશાળી તથા દીર્ઘાયુષી બને, શુક્રદેવ પડયા હોય તો સુજ્ઞ ગુણવાન થાય અને શનિમહારાજ પડયા હોય તો કીર્તિમાન બને.

**વ્યયસ્થાન.**

બારમા વ્યયસ્થાનમાં સૂર્યનારાયણ પડેલા હોય તો મનુષ્ય વિરોધી વૃત્તિનો બને તથા નેત્રનો રોગી થાય. ચન્દ્રમા પડયા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોય તો કાણો થાય, મંગળમહારાજ પડયા હોય તો બહુજ પાપાત્મા બને, ગુરૂદેવતા પડયા હોય તો દરિદ્રી અને દુબળો નિવડે, શુક્રદેવ પડયા હોય તો અનહદ ઉડાઉ થાય અને શનિદેવતા પડ્યા હોય તો ઘણો તીખા સ્વભાવનો બને.

—૨—

## શુભાશુભ ગ્રહફળ.

પ્રત્યેક મનુષ્યના શુભ અને અશુભ ગ્રહ કેવા હોય છે અને જન્મરાશિ તથા નામરાશિથી તેના શુભાશુભ ગ્રહોની સમજ નીચે પ્રમાણે છે:—

### (૧) શુભ સૂર્યભગવાનનું ફળ.

૩–૬–૧૦–૧૧ એટલા સ્થાનમાં સૂર્યભગવાન જન્મરાશિથી અને નામરાશિથી હોય, તો તે મનુષ્યને ધનપ્રાપ્તિ તથા યશસિદ્ધ થાય, રાજદ્વારે સત્કારસન્માન પામે, સર્વ કાર્યની સિધ્ધિ થાય, બુદ્ધિશકિત વૃદ્ધિ પામે, ભાઇભાંડુમાં સ્નેહસંપ વધવા પામે, પ્રજાની પ્રાપ્તિ થાય અને ધર્મકર્મ કરાવે.

### (૨) અશુભ સૂર્યનારાયણ.

૧–૨–૪–૫–૭–૮–૯–૧૨ એટલા સ્થાનમાં સૂર્યનારાયણ જન્મરાશિ અને નામરાશિથી હોય, તો શરીરે રોગ વગેરેની વ્યાધિ થાય, ચિત્ત ચિન્તાથી વ્યગ્ર રહે, પાવક અર્થાત અગ્નિ પેદા કરે અથવા દેવતાથી દુઃખ ઉભું કરે, વિદેશ વસાવે, અને કરવા ધારેલા કાર્યમાં પ્રત્યેક રીતે હાની પહોંચાડે.

### (૩) શુભ ચન્દ્રમા.

૧–૩–૬–૭–૧૦–૧૧ એટલા સ્થાનમાં ચન્દ્રમા જન્મ અને નામરાશિથી હોય તો લાભ કરાવે, મિત્રમંડળ તથા સ્નેહી-સંબંધીઓની સુખશાંતિ વધારે તેમજ બ્રાહ્મણોને ધર્મ કરાવી પુણ્યદાન અપાવે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

### (૪) અશુભ ચન્દ્રદેવ.

૨-૪-૫-૮-૯ ૧૨ એટલા સ્થાનમાં જન્મ અને નામ-રાશિથી ચન્દ્રમા હોય તો દ્રવ્યની તંગી પડે, ચોરથી હાનિ પહોંચાડે, અગ્નિથી કંઇ પિડા કરાવે અર્થાત દેવતાથી દઝાડે, કારમા કારાગારના ભયંકર ભયનો ભાસ કરાવે, બિજાંઓથી કલેશકંકાસ કરાવે અને જીવાત્માને અસુખી તેમજ અસ્વસ્થ રાખે.

### શુભ અશુભ ચન્દ્રમાની પિછાન.

શુદમાં જન્મ કે નામરાશિએ ૨-૫ અને ૯ મા સ્થાનમાં ચન્દ્રમા હોય, તો તે શુભ સમજવો.

વદમાં જન્મરાશિ અથવા નામરાશિએ ૨-૫ અને ૯ મા સ્થાનમાં ચન્દ્રમા હોય, તો તે અશુભ ચન્દ્રમા જાણવો.

શુદમાં જન્મ કે નામરાશિએ ૪-૮ કે ૧૨ મા સ્થાનમાં ચન્દ્રમા હોય, તો તે અશુભ ચન્દ્રમા જાણવો.

વદમાં જન્મ કે નામરાશિએ ૪-૮ કે ૧૨ મા સ્થાનમાં ચન્દ્રમા હોય, તો તે શુભ તથા લાભકર્તા જાણવો.

### (૫) શુભ મંગળમહારાજ.

૩-૬-૧૧ એટલા સ્થાનમાં જન્મ તથા નામરાશિએ મંગળ-મહારાજ હોય, તો તે વસ્તુ વધારે, સોનારૂપાના ધન્ધાધાપામાં ફાયદો કરાવે, રાજવીથી સત્કારસન્માન અપાવે, દુશ્મનને પરાજિત બનાવે અને શરીરે સુખશાંતિ ભોગવાવે.

### અશુભ મંગળદેવતા.

૧-૨-૪-૫-૭-૮-૯-૧૦-૧૨ એટલા સ્થાનમાં જન્મ તથા નામરાશિથી મંગળદેવતા હોય, તો શરીરને પિડા પમાડે, શત્રુના સંકટનો ભય દેખાડે, વિદેશ વસાવે અને સગાં-સંબંધી તથા મિત્રમંડળમાં વિરોધ જગાડે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**(૭) શુભ બુધદેવતા.**

૨-૪-૬-૮-૧૦-૧૧ એટલા સ્થાનથાં જન્મ તથા નામ-રાશિથી બુધદેવ હોય, તો ધનદોલત વધારે, સ્નેહીસંબંધીથી સુખ સંપાદન કરાવે અને શરીરે સુખી તથા સન્તોષી રાખે.

**(૮) અશુભ બુધદેવતા.**

૧-૩-૫-૭-૯-૧૨ એટલા સ્થાનમાં જન્મ તથા નામ-રાશિથી બુધદેવતા હોય, તો આત્માને ઉદાસ રાખે, કલેશ-કંકાસ કરાવે, ધનનો ધ્વંશ થાય, વેરિઓ વધારે અને ભાઇભાંડું તથા સગાંવહાલાંમાં વિરોધવિખવાદ જગાડે.

**(૯) શુભ ગુરૂદેવતા.**

૨-૫-૭-૯-૧૧ એટલા સ્થાનમાં જન્મ તથા નામરાશિથી બૃહસ્પતિદેવ અર્થાત ગુરૂમહારાજ હોય, તો સોનુંરૂપું તથા વસ્ત્રાભુષણોનો વધારો કરાવે, મોટા માણુસોની સાથે મિત્રતા બંધાવે, યશપ્રાપ્તિ થાય અને સત્કારસન્માન વધારી ધારેલાં કાર્યો નિર્વિઘ્ને પાર પડાવે.

**(૧૦) અશુભ ગુરૂદેવતા.**

૧-૩-૪-૬-૧૦-૧૨ એટલા સ્થાનમાં જન્મ તથા નામ-રાશિથી બ્રહસ્પતિદેવ અર્થાત ગુરૂદેવતા હોય તો શત્રુઓને વધારે, સ્નેહીની સાથે શત્રુતા કરાવે અને નાણુંભીડ ભોગવાવે.

**(૧૧) શુભ શુક્રદેવતા.**

૧-૨-૩-૪-૫-૮-૯-૧૧-૧૨ એટલા સ્થાનમાં જન્મરાશિએ તથા નામરાશિએ શુક્રદેવતા હોય તો તે વસુની વૃધ્ધિ કરે, સન્તતિનું સુખસંપાદન કરાવે અને શરીરે સુખી રાખે.

**(૧૨) અશુભ શુક્રદેવતા.**

૬-૭-૧૦ એટલા સ્થાનમાં જન્મ તથા નામરાશિએ શુક્ર-દેવ હોય તો કામકાજમાં હાનિ પહોંચાડે, અર્ધાંગનાની સાથે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અશુભભાવ ઉત્પન્ન કરાવે, ચિત્તને ચિન્તામાં ચકચૂર રાખે, કાયાએ રોગકષ્ટ ઇત્યાદિથી પિડા કરે, ધારેલાં કામ ઢીલમાં પડે, પૈસાથી હાથ ભીડમાં રાખે, દુશ્મનોનો વધારો થાય અને હરિફો હિમ્મતવાન બને.

## (૧૩) શુભ શનિદેવતા.

૩–૬–૧૧ એટલા સ્થાનમાં શનિશ્ચર અર્થાત શનિમહારાજ જન્મ તથા નામરાશિથી હોય તો ફાયદો અપાવે, સુખી રાખે, ધન તથા વસ્ત્રની વૃધ્ધિ કરે, રાજાવિ સમાન મોટા માનવીનો સ્નેહ સંપાદન કરાવે અને કુટુંબકબિલો તથા પતિ પરિવારમાં પ્રેમસહિત આદરભાવ વધારે.

## (૧૪) અશુભ શનિદેવતા.

૧–૨–૪–૫–૭–૮–૯–૧૦–૧૨ એટલા સ્થાનમાં જન્મ તથા નામરાશિથી શનિદેવતા હોય તો કુટુંબમાં કંકાસ કરાવે, પરિવારને પિડા પમાડે, જીવાત્માને મુંઝવણમાં નાખે, રોગશત્રુનો ભય ઉત્પન્ન કરે અને નાણાંનું નુકશાન કરાવે.

## (૧૫) શુભ રાહુદેવતા.

૧–૩–૬–૯–૧૦–૧૧ એટલા સ્થાનમાં જન્મ તથા નામ-રાશિથી રાહુદેવ હોય તો સન્તતિનું સુખ સંપાદન કરાવી લક્ષ્મીનો લાભ અપાવે.

## (૧૬) અશુભ રાહુદેવતા.

૨–૪–૫–૭–૮–૧૨ એટલા સ્થાનમાં જન્મ તથા નામ-રાશિથી રાહુદેવતા હોય, તો તે મનુષ્યને સર્વ પ્રકારે અતિ કષ્ટ આપે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૧૭) શુભ કેતુદેવતા.

૧-૩-૬-૯-૧૦-૧૧ એટલા સ્થાનમાં જન્મરાશિ તથા નામરાશિથી કેતુદેવ હોય, તો તે માનવીને પુત્રપુત્રિની પ્રાપ્તિ કરાવી ધનનો ઢગલો અપાવે.

(૧૮) અશુભ કેતુદેવતા.

૨-૪-૫-૭-૮-૧૨ એટલા સ્થાનમાં જન્મરાશિ તથા નામરાશિથી કેતુદેવતા હોય, તો તે મનુષ્યને બધી વાતે બહુ દુઃખ ઉત્પન્ન કરે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૧૮ મો.

## : શાંતિસામુદ્રિક :

—૧—

## ગ્રહશાંતિના શાસ્ત્રિય ઉપાય.

આપણા આર્યોના વૈદિક ધર્મશાસ્ત્રો નવ ગ્રહદેવતાઓ છે એમ પોતાની સનાતન ગ્રન્થસમૃદ્ધિ દ્વારા દર્શાવે છે. આ નવ ગ્રહદેવતાઓનાં નામ અનુક્રમે સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, બૃહસ્પતિ (ગુરૂ), શુક્ર, શનિશ્ચર, (શનિ), રાહુ અને કેતુ છે.

**સારામાઠા ગ્રહો.**

ઉપરોક્ત ગ્રહદેવતાઓ શુભ અર્થાત સારા એટલે કે લાભ કરનારા પણ હોય છે અને અશુભ અર્થાત નડતા કે હાનિ પહોંચાડનારા પણ હોય છે. જ્યારે તેઓ શુભગ્રહો તરીકેના સ્થાને વિરાજમાન હોય છે, ત્યારે તેઓ ફાયદો કરે છે અને જ્યારે અશુભ ગ્રહો તરીકેના સ્થાને હોય છે, ત્યારે નુકશાન કરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ગ્રહપ્રસન્નતાની ક્રિયાવિધિ.**

જ્યારે આ ગ્રહદેવતાઓ અશુભ અર્થાત નબળા તરીકેના પિડાકારી સ્થાને હોય છે, ત્યારે તેમની વક્રદ્રષ્ટિમાંથી ઉગરી જવાને, તેમજ તેમનાથી હાનિ પહોંચતી અટકાવવાને તેમને કયા પ્રકારે ક્રિયાવિધિ કરીને સન્તુષ્ટ રાખી તેમની અમીદ્રષ્ટિ પ્રાપ્ત કરવી તે સામુદ્રિકશાસ્ત્ર, જ્યોતિષ-વિદ્યા અને ગ્રહગણિતના આધારે નીચે વર્ણવવામાં આવે છેઃ—

**નબળા સૂર્યનારાયણ.**

નબળા સૂર્યનારાયણને સન્તુષ્ટ અથવા પ્રસન્ન કરવાને, સોનું, ત્રાંબું, માણેકનું નંગ, ઘઉં, ગાય, ગોળ, રાતા રંગનું વસ્ત્ર અને રાતા રંગનાં ગુલાબનાં ફુલોનું પુણ્યદાન યોગ્ય પાત્ર જોઇને કરવું તથા સાત હજાર જપ નાહી-ધોઇ સ્નાનસંધ્યાદિ ષટકર્મ પરવારીને ઘીનો દીવો તથા અગરબત્તીનો ધૂપ કરીને કરવા કે કરાવવા. તેના પુણ્યપ્રતાપે નબળા સૂર્યનારાયણ સન્તુષ્ટ થતાં તેમની અમીદ્રષ્ટિ પ્રાપ્ત થશે અને તેઓ પ્રસન્ન થવાથી તેમની કૃપાદ્રષ્ટિ પણ સંપાદન કરી શકાશે.

**નબળા ચન્દ્રમા.**

નબળા ચન્દ્રમાને સન્તુષ્ટ કરવાને સ્નાનસંધ્યાદિ નિત્યકર્મથી પરવારીને સોનું, રૂપું, મોતીનું નંગ, ચોખા, ગાય, ઘી અને ધોળા મોગરાનાં પુષ્પોનું પુણ્યદાન સુપાત્રને કરવું તથા અગિયાર હજાર જપ ઘીનો દીવો પ્રકટાવી, ધૂપ સળગાવી કરવા કે કરાવવા. તેના પુનિત પ્રભાવે નબળા ચન્દ્રમા આનન્દ પામતાં તેમની દયાદ્રષ્ટિના કૃપાપાત્ર થવાશે અને તેઓ પ્રફુલ્લિત બનવાથી તેમની મીઠી નજર મેળવી શકવાને પણ ભાગ્યશાળી થવાશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**નબળા મંગળદેવતા.**

નબળા મંગળદેવતાને સન્તુષ્ટ અથવા પ્રસન્ન કરવા માટે ત્રાંબુ, પ્રવાલનું નંગ, મસુર, રાતા રંગનું પશુ, ગોળ, રાતું કપડું અને રાતી કરેણનાં ફુલનું પુણ્યદાન યથાયોગ્ય પાત્રને કરવું તથા પવિત્ર શરીરે, પવિત્ર હૃદયે ઘીનો દીવો સળગાવીને અને ધૂપ કરીને દસ હજાર જપ કરવા કે કરાવવાથી મંત્રબળ પ્રભાવે ગ્રહદેવતા રાજી થવાથી દુઃખ દૂર થશે અને સુખ સાંપડશે.

**નબળા બુધદેવતા.**

નબળા બુધદેવને સંતુષ્ટ અથવા પ્રસન્ન કરવા માટે સોનું, કાંસુ, પાનાનું નંગ, મગ, હાથી, ઘી, લીલા રંગનું કપડું અને લીલા ફુલનું પુણ્યદાન સત્પાત્ર શોધીને કરવું તથા દીવા અને ધુપ સહિત ચાર હજાર જપ કરવા કે કરાવવાના વ્રતપ્રભાવે ગ્રહદેવતા ખુશખુશાલ બનવાથી બુધ્ધિ નિર્મળ થશે, શકિત સબળ બનશે, આપત્તિઓ આઘી જશે અને ઢીલમાં પડેલાં કાર્યો થવા માંડશે.

**નબળા ગુરૂમહારાજ.**

નબળા ગુરૂમહારાજને સન્તુષ્ટ અથવા પ્રસન્ન કરવાને માટે સોનું, કાંસુ, પોખરાજનું નંગ, ચણા, ઘોડો, શાક, પીળું વસ્ત્ર અને પીળા ચંપાના પુષ્પનું પુણ્યદાન યોગ્યતાવાળા માનવીને કરવું તથા ધૂપદીપ સહિત ઓગણીસ હજાર જપ શુદ્ધ શરીરે, શુધ્ધ અંતરે અને શુદ્ધ વિધિએ કરવાથી વિધિપ્રતાપથી ગ્રહદેવતાની મહેરબાની મળશે, મગજશકિત ખીલશે, હૃદયબળ વધશે, મસ્તક પર ઘેરાયેલાં વિપત્તિનાં વાદળ વિખેરાવા માંડશે અને કાર્યસિધ્ધિ થશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**નબળા શુક્રદેવતા.**

નબળા શુક્રદેવને સન્તુષ્ટ અથવા પ્રસન્ન કરવા માટે સોનું, રૂપું, હીરાનું નંગ, ચોખા, ઘોડો, ઘી, છીંટનું વસ્ત્ર અને ધોળા ગુલાબના પુષ્પનું પુણ્યદાન લાયકાતવાળા મનુષ્યને કરવું તથા સોળહજાર જપ ઘીનો દીવો અને અગરબત્તીની સાથે કરવાથી ગ્રહદેવ અપરાધ ક્ષમા કરી કષ્ટ કાપશે, સન્મતિ આપશે, રોગ-શત્રુનો નાશ કરશે અને સુખી બનાવશે.

**નબળા શનિમહારાજ.**

નબળા શનિમહારાજને સંતુષ્ટ અથવા પ્રસન્ન કરવા માટે સોનું, લોઢું, શનિશ્ચર ભગવાનનું લીલમનું નંગ, અડદ, ભેંશ, તેલ, કાળું વસ્ત્ર અને કાળા રંગનાં ફુલનું પુણ્યદાન પાત્રતાવાળા માણસને આપવું તથા ત્રેવીસહજાર જપ ઘીનો દીવો તથા અગર-બત્તીના ધુપની સાથે કરવાથી સંકટોનો સંહાર થશે, સદ્બુદ્ધિનો સંચાર થશે, દેહવ્યાધિનો વિનાશ થશે, ચિત્તની ચિન્તા ચુર્ણ થશે, પૈસાની પ્રાપ્તિ થશે અને મનના મનોરથ ફળશે.

**નબળા રાહુદેવતા.**

નબળા રાહુદેવતાને સન્તુષ્ટ કે પ્રસન્ન કરવાને માટે સોનું, સીસું, ગોમેદકનું નંગ, તલ, ઘોડો, તેલ, કાળા રંગનું કપડું અને કાળા રંગના ફુલનું સુપાત્રને પુણ્યદાન કરવું તથા ઘીનો દીવો અને અગરબત્તીનો ધુપ કરીને અઢાર હજાર જપ કરવા કે કરાવવાથી ગ્રહદેવતા આનન્દકલ્લોલ કરતા બનતાં ચગડોળે ચઢેલું મગજ સ્થિર થશે, અસ્વસ્થ થયેલું શરીર સ્વસ્થ, સશક્ત અને સ્ફુર્તિવાળું થશે, પૈસાની તાણાતાણ બંધ થઇ નાણું હરતુંફરતું થશે, ઇજ્જતઆબરૂમાં વૃદ્ધિ થશે અને પતિપરિવારની શરીરની પિડા ટળી જશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**નબળા કેતુદેવતા.**

નબળા કેતુદેવને સન્તુષ્ટ કે પ્રસન્ન કરવાને માટે સોનું, સીસું, લસણિયાનું નંગ, તલ, બકરૂં, તેલ, કાળા રંગનું વસ્ત્ર અને કાળા પુષ્પનું યથાયોગ્ય પાત્રે પુણ્યદાન કરવું તથા સત્તર હજાર જપ ઘીનો દીપક પ્રકટાવીને અને અગરબત્તીનો ધૂપ સળગાવીને કર્યા કે કરાવવાથી તે મનુષ્યને બધી વાતે ઘણું સુખ ઉત્પન્ન થશે, સન્તતિનું સુખ સંપાદન કરશે અને લક્ષ્મીનો લાભ મળશે તેમજ અંતરમાં સંકલ્પ કરેલ તથા લક્ષમાં લીધેલું ધારેલું કાર્ય સફળ થઇ યશ અને વિજય મળશે.

નબળા નવગ્રહોનાં જપદાનનો શાસ્ત્રાનુસાર વિધિ આ મુજબ છે.

**રાશિઓના ગ્રહોનાં નંગો.**

બારે રાશિઓની વ્યકિતઓએ પોતે ધારણ કરવાનાં ગ્રહનંગોનાં નામો પણ ઉપયોગી થઇ પડે તેમ હોવાથી અત્રે આપવામાં આવે છે.

મેષરાશિવાળાં સ્ત્રીપુરૂષોએ પરવાળાનું નંગ ધારણ કરવું શ્રેયસ્કર છે, તેજ પ્રમાણે વૃષભરાશિવાળાંએ હીરાનું, મિથુનરાશિએ પાનાનું, કર્કે મોતિનું, સિંહે માણેકનું, કન્યાએ પાનાનું, તુલાએ હિરાનું, વૃશ્ચિકે પરવાળાનું, ધનરાશિએ પોખરાજનું મકરરાશિએ નીલમનું, કુંભરાશિએ નીલમનું અને મીનરાશિવાળાએ પોખરાજનું નંગ પહેરવું લાભદાયક છે. સ્વરાશિને અનુકુળ નંગો મનુષ્યને લાભદાયક થઇ પડે છે.

**ગ્રહદેવોની અમીદ્રષ્ટિ.**

ઉપર દર્શાવ્યા પ્રમાણે જપવિધિ અને પુણ્યદાન કરવાથી નબળા ગ્રહદેવતા જેમ પ્રસન્ન અને સન્તુષ્ટ થઇ મનુષ્ય ઉપર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અમીદ્રષ્ટિ રાખે છે, તેમ ઉપર બતાવેલાં દરેક રાશિનાં ગ્રહનંગો દેહે ધારણ કરવાથી પણ નબળા ગ્રહદેવતા સન્તુષ્ટ અને પ્રસન્ન થઇ કૃપાદ્રષ્ટિ રાખે છે. આના પુણ્યપ્રતાપે માનવીના માથા ઉપર ઝઝુમતી મહાન મુશીબતોનો નાશ થાય છે, કલેશકંકાસ અને નિર્ધનતાનું નિકન્દન થાય છે. દરિદ્રતા જડમૂળથી નાબુદ થાય છે, લક્ષ્મીનો લાભ મળે છે, કીર્તિની કમાણી થાય છે, યશ વૃધ્ધિ પામે છે, માનમર્તબો વધે છે, ઇજ્જતઆબરૂ જામે છે અને તનબદન તાકાત તથા તંદુરસ્તીવાળું બની નવચેતન અને નવયૌવન પ્રાપ્ત કરે છે. મોક્ષ મુક્તિનો માર્ગ જડે છે અને મનુષ્યનો ભાગ્યોદય તેમજ ઉધ્ધાર થઇ જાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અધ્યાય ૧૯ મો.

## : તલનું રહસ્ય :

## શરીરપરના તલ અને લાખાં.

માનવદેહ પર જે કાળાં ટપકાં જેવાં ન્હાનાં ચિહ્નો દ્રષ્ટિએ પડે છે એને 'તલ' નામથી પિછાનવામાં આવે છે. આ તલ જ્યોતિષશાસ્ત્રની દ્રષ્ટિએ ઘણો અગત્યનો ભાગ ભજવે છે. દેહ પર વીખેરાયેલી હાલતમાં એ મળી આવે છે, કેટલીક વખતે તો તે હારની હારમાં પણ હોય છે. કોઇક તલ મોટા તો કોઇક ન્હાના હોય છે. તલ મનુષ્યના જન્મથી હોય છે અને તે પછી પણ થાય છે. આ માટે કોઇ ખાસ નિયમ નથી, પણ એટલું તો સ્પષ્ટ છે, કે એ મનુષ્યની ગ્રહદશા પર આધાર રાખે છે. કેટલીકવાર વયના પ્રમાણ સાથે તલ પ્રકાશમાં આવે છે અને પુખ્ત જુવાનીમાં એ સ્પષ્ટપણે દેખાઇ આવે છે.

કેટલીક વખતે તલ જુદી જુદી વયે પણ નજરે પડે છે. ૨૫ વર્ષ સુધી હાથ કે પગ પર તલ ન મેળવનાર વ્યક્તિને તે પછી તલ જણાઇ પણ આવે છે.

તલની જગ્યા એક નથી હોતી. આખા શરીરના ગમે તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાગ પર તે થાય છે શરૂઆતમાં તે લાલ કથ્થાઇ રંગનો હોય છે. તે પછી ધીમે ધીમે કાળા રંગવાળો બને છે.

તલ સિવાય બીજું પણ એક ચિહ્ન મનુષ્યના શરીર પર થાય છે. એ ચિન્હ 'લાખું-લંછન' એ નામથી ઓળખાય છે. કેટલાક માણસના શરીરની ચામડી પર આકાર વગરના ન્હાના-મોટા ડાઘા જોવામાં આવે છે. આ ડાઘા લીલા, કથ્થાઇ રંગના તેમજ કાળા પણ હોય છે; અને તે શરીર પરથી ફીટ એવા હોતા નથી. તલની માફક જ્યોતિષશાસ્ત્રે એની પણ અગત્ય સ્વીકારી છે. જેના શરીર પર લાખું હોય છે, તે ભાગ્યશાળી અને સુખી ગણાય છે. કેટલાકોમાં તો એવી માન્યતા છે, કે જેના શરીર પર લાખું હોય છે, તે પુનઃ સ્વગૃહેજ જન્મ્યો હોવો જોઇએ.

હવે આપણે તલ વિશે જ્યોતિષશાસ્ત્ર શું કહે છે એ જોઇએ.

માણસના કપાળ પરનો તલ બુદ્ધિશાળી અને કુનેહબાજ વ્યક્તિત્વ સૂચવે છે. જેને એ જગ્યાએ તલ હોય છે, તે બોલવામાં ચતુર અને કામમાં પાવરધો હોવો જોઇએ.

ડાબી આંખ પર જો તલનું ચીહ્ન નજરે પડે, તો સમજવું કે એ માણસ અસ્થિર મગજનો. મરજી મુજબ વર્તનારો અને રખડેલ હોવો જોઇએ.

જમણી આંખ પરનો તલ પ્રેમાળ સ્વભાવ અને પરમાર્થી વૃત્તિનું સૂચન કરે છે.

નાક પર તલ હોય, તો તે મુસાફરીનું સાહસ કરનાર અને ધારેલાં કામમાં ફતેહ મેળવનાર થાય છે.

નાકની દાંડીએ જો તલ હોય, તો તે વિચારવન્ત અને સાફ દીલનો હોવો જોઇએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નાકના ટેરવા પરનો તલ પ્રેમાળ પતિ કે પત્નિનું સૂચન કરે છે. આ જગ્યા પર જેને તલ હોય છે, તે સામી વ્યક્તિ પ્રત્યે પ્રેમમાં વફાદાર નીવડે છે.

જો માણસના ડાબા ગાલ પર તલ હોય, તો સમજવું, કે તે પ્રેમમાં સુખી અને હેતાળ હોવો જોઇએ.

જમણા ગાલ પરનો તલ પણ સુખી અને પ્રેમાળ સ્વભાવનું દર્શન કરાવે છે.

મુખના જમણા ખુણા પર જો તલ હોય, તો સમજવું કે એ માણસ સભ્ય અને ટાપટીપવાળો હોવો જોઇએ.

મુખના ડાબા ખુણા પરનો તલ માણસની ઉદારવૃત્તિ દર્શાવે છે. પરન્તુ સાથે સાથે ભવિષ્ય પ્રત્યેની તેની બેદરકારીનું પણ સૂચન કરે છે.

હડપચી પરનો તલ આબાદી અને પ્રતિષ્ઠાસૂચક ગણાય છે.

કાન પર તલ હોય, તો તે ધનવાન અને માન મેળવનારી વ્યક્તિ હોવી જોઇએ.

જમણા કાનની નીચે જેને તલ હોય તે માણસ ભોળો, શરમાળ અને એકાંતપ્રિય હોવો જોઇએ.

ડાબા કાનની નીચે જો તલ હોય, તો તે આકર્ષક અને લોકપ્રિય હોવો જોઇએ. વળી તે ઘણા મિત્રો ધરાવતો અને સારી યાદદાસ્તશકિતવાળો હોવો જોઇએ.

ઉપરના હોઠ પર જો તલ હોય, તો તે વારસદાર બનવાનો સંભવ વ્યકત કરે છે. આ તલવાળના ભવિષ્યમાં સુખી જીવન લખાયલું છે.

નીચેના હોઠ પર તલ હોય, તો તે ચીડાઉ અને હઠીલા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વભાવવાળો હોવો જોઇએ. આ જગ્યાએ જેને તલ હોય છે તે પોતાનું ધારેલું કામ દ્દઢ મનથી પાર પાડે છે.

ગરદન પરનો તલ મુસાફરી કે પછી પરદેશવાસના સૂચક ચિહ્ન રૂપ છે.

ગરદનની વચ્ચોવચ્ચ જેને તલ હોય તે માણુસ મોટા અકસ્માતમાંથી બચી જવાને સરજાયેલો હોય છે.

જમણા ખભાપરનો તલ મક્કમ અને સત્તાશીલ સ્વભાવનું સૂચન કરે છે, જ્યારે ડાબા ખભા પરનો તલ લહેરીપણું અને ઉડાઉ સ્વભાવ બતાવે છે.

ડાબી બગલમાં તલ હોય, તો તે લડાઇઝઘડામાં યશ અપાવનાર અને મક્કમ સ્વભાવ બતાવનાર ગણાય છે.

જમણી બગલનો તલ વૈભવ અને સુખ આપનારો હોય છે. કેટલીક વખતે આ તલ ખર્ચાળ સ્વભાવનું પણ દિગ્દર્શન કરાવે છે.

ડાબા હાથ પર કોણી અને કાંડા વચ્ચેનો તલ પરગજુ તેમજ હેતાળ સ્વભાવ બતાવે છે.

જમણી બાજુની કોણી ને કાંડા વચ્ચેનો તલ વિશ્વાસુ ને આપેલ વચન પાળનારો સ્વભાવ બતાવે છે. આ જગ્યાએ જેને તલ હોય છે, તે માણુસ ભરોસાપાત્ર ગણી શકાય છે.

જમણા હાથની ઉપરના ભાગમાં તલ હોય, તો સમજવું કે તે માણુસ અસ્થિર વિચારનો અને ભુલો કરનારો હોવો જોઇએ.

ડાબા હાથના ઉપલા ભાગમાં જેને તલ હોય તે પરગજુ સ્વભાવનો હોય છે. બીજાઓ પ્રત્યે તેને માન અને દયા ઘણી સારી હોય છે.

છાતીની વચ્ચોવચ્ચ તલ હોય, તો તે ભાગ્યવાન તેમજ ધન-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાન હોવો જોઇએ. જો કોઇને હૃદયની શ્વાસનળીની ઉપર તલ હોય, તો સમજવું કે તે આગલા જન્મમાં સ્ત્રી હોવો જોઇએ.

સ્ત્રીને જો છાતીએ તલ હોય, તો તેને રાજ્યસરખું સુખ મળશે. આવા તલવાળી સ્ત્રી ચપળ અને બાહોશ ગણાય છે.

પેડુ ઉપરનો તલ ધીરો, ખાઉધરો અને સ્વાર્થી સ્વભાવ બતાવે છે.

ડાબા પગ ઉપરનો તલ આનંદી સ્વભાવ દર્શાવે છે. જો કોઇ છોકરીને એ જગ્યાએ તલ હોય, તો જાણવું, કે ભવિષ્યમાં એ એક સારામાં સારી પત્નિ બનશે.

જમણા પગ પરનો તલ ગરીબ અને નાજુક લાગણી બતાવે છે. આ જગ્યાએ જેને તલ હોય છે તે માણસ પોતાના પર બીજાને રાજ્ય કરવા દે છે.

જમણા ઘુંટણ પરનો તલ યુવાન વયે માનઆબરૂ પ્રાપ્ત કરાવે છે. વળી આ જગ્યાએ જેને તલ હોય છે, તે સ્ત્રી-સંબંધી ભાગ્યશાળી નીવડે છે.

ડાબા ઘુંટણે જેને તલ હોય છે તે આબાદ, સુખી અને પ્રેમમાં વફાદાર હોય છે.

પેટ પરનો તલ ઉદારવૃત્તિ અને ખર્ચાળ સ્વભાવ બતાવે છે.

## નખ પરની નિશાનીઓ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અંગુઠા પરના નખની | | | સફેદ | નિશાની | પ્રેમ | બતાવે છે. |
| ,, | ,, | ,, | કાળી | ,, | ગુન્હો | ,, |
| પહેલી આંગળીના | | ,, | સફેદ | ,, | લાભ | ,, |
| ,, | ,, | ,, | કાળી | ,, | નુકશાન | ,, |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| બીજી | ,, | ,, | સફેદ | ,, | મુસાફરી | ,, |
| ,, | ,, | ,, | કાળી | ,, | મરણભય | ,, |
| ત્રીજી | ,, | ,, | સફેદ | ,, | માન | ,, |
| ,, | ,, | ,, | કાળી | ,, | ગેરઆબરૂ, નુકશાન | ,, |
| ચોથી | ,, | ,, | સફેદ | ,, | લાભ, વિશ્વાસ | ,, |
| ,, | ,, | ,, | કાળી | ,, | ધંધામાં નુકશાન અને ગેરવિશ્વાસ | ,, |

# તમારાં અંગ ફરકે છે ?

જમણી બાજુનું કપાળ ફરકે તો તેથી લાભ થાય.
ડાબી બાજુનું કપાળ ,, કંકાસ કે તકરાર થાય.
જમણી ભ્રમર ,, ,, લાભ થાય.
ડાબી ,, ,, નુકશાન થાય.
નીચેનો હોઠ ,, ખરાબ શબ્દો સાંભળવા પડે.
ઉપરનો ,, ,, સ્નેહી મળે.
જમણા ખાંધની ,, ,, ધન મળે.
ડાબા ,, ,, ,, ધનનો નાશ થાય.
જમણા પગનું તળીઉં ,, વાહનમાં મુસાફરી થાય.
ડાબા ,, ,, ,, ,, રખડવું પડે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અંગુઠો અને સ્વભાવદર્શન.




ચિત્ર નં. ૧




ચિત્ર નં. ૨

માનવજીવનમાં હાથનો અંગુઠો અગત્યનો ભાગ ભજવે છે. જેમને ચિત્ર નંબર ૧ પ્રમાણે અંગુઠો હોય છે, તેઓ બહુજ માયાળુ, ભલા, વિશ્વાસુ અને ઉદાર હોય છે. અ–અ પ્રમાણેનો જેઓ સ્પષ્ટ નખ ધરાવે છે, તેઓ બુધ્ધિમાન, પોતાની રહેણી-કહેણીમાં નીયમીતતાવાળા અને સ્થિતિચુસ્ત હોય છે. જો આથી અ–અમાં બતાવ્યા કરતાં નખનો પ્રદેશ સાંકડો તથા સપાટી ખરબચડી અને વાંકીચુકી હોય, તો તેઓ ચીડીયા સ્વભાવના, બુધ્ધિમાં વિકૃતિ ધરાવનારા, અનિયમીત, ઇર્ષાળુ, અશક્ત, અને વિચિત્ર પ્રકારની ખાસીયતોથી રંગાયેલા હોય છે. તેમની આખાએ જીવનની કારકીર્દી બેડંકુ, આળસુ અને દંભી હોય છે. તેઓ મોટીમોટી વાતો કરવામા તો જો કે એકકા હોય છે, પરંતુ જ્યાં અમલમાં મુકવાનો સમય આવે ત્યારે તેમાંનું કશુએ હોતું નથી. આ ઉપરાંત વ્યસની, દુરાચારી અને અનેક દુષણોવાળા પણ હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અ-અ પ્રમાણે ચિત્ર મુજબનો જેમનો નખ પછીનો પ્રદેશ તદ્દન સીધો સપાટ અને રક્ત વર્ણનો હોય છે તેઓ હિમતવાન, ચાલાક બુધ્ધિના, વિચારવંત, ઉદ્યમી ને ગભીર માલુમ પડે છે અને ક-ક પ્રમાણેની વાંકીચુકી લાઇન ધરાવનારા માણસો અસંયમી, તીવ્ર કામવાસનાવાળા, મંદ બુદ્ધિવાળા, લાગણી વિનાના, સ્વાર્થી, અત્યંત મતલબી અને માનવતાના લાગણીથી પર હોય છે.

હવે નખની નીચે જે ચીહ્ન આપવામાં આવ્યાં છે તેની સમીક્ષા નીચે મુજબ છે.

(૧) જેઓ ડ-ઘ અને ઇ આ ત્રણેય ચીન્હો સમાન અંતરે અને સ્પષ્ટ રીતે ધરાવે છે, તેઓ બાપકર્મી હોય છે. તેમની જીંદગીમાં તેઓ કદી પણ સ્વાશ્રયી જીંદગી ગાળી શકતા નથી. એટલુંજ નહિં, પરંતુ પોતાના રોટી પણ પ્રમાણીકપણે અને જાતમહેનતથી તેઓ કમાવાને અશક્ત હોય છે. તેમના જીવનનો ક્રમ માત્ર ભોગવિલાસમાં સમાપ્ત થાય છે. તેઓ નવીનતાના પૂજારીઓ હોય છે. કોઇપણ વસ્તુની નકલ કરીને અને ખોટો દંભ પોતાની શકિત અને મર્યાદા બહાર કરીને જગતને તેઓ એમ દેખાડવા પ્રયત્ન કરે છે, કે તેઓ શ્રીમંત છે પરંતુ વાસ્તવીક રીતે તેમ નથી હોતુ અને તેમના ધપ્પુંડ ફુટી જતાં નિઃસહાય રીતે રજુ થાય છે, એટલે કે આખરે તેમની સ્થતિ, દયાપાત્ર બની રહે છે.

(૨) જેઓ ડ અને ઇ એટલે કે પહેલું અને છેલ્લું ચીહ્ન ધરાવે છે, તેઓ અસાધ્ય રોગથી પીડાતા હોય છે. તેઓ અશક્તિ, લકવો, ક્ષય, દમ કેન્સર, પેટનાં દર્દો ઇત્યાદિથી પીડાતા હોય છે. કેટલાક માણસોને માનસિક વિકૃતી પણ આવાં ચીહ્નો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધરાવતા હોય તો પણ થવા સંભવ છે. એટલે કે, મોટે ભાગે ૨૫ વરસની ઉમર બાદ આ દર્દ થવા સંભવ છે.

(૩) ધ, જેઓને આ એકજ ચિહ્ન હોય છે તેઓ સંતોષી, મીતાહારી, કરકસરથી રહેનારા, જાતમહેનતથી કામ કરીનેજ રોટી કમાનારા, દુનિયાંની આંટીઘુંટીથી અલિપ્ત રહેનારા, સ્વાશ્રયથી જીંદગી ગાળનારા, બુદ્ધિમાન, સાહિત્યનો શોખ ધરાવનારા, કુટુંબ પ્રત્યે અને ખાસ કરીને માતા-પિતા પ્રત્યે સ્નેહ ટકાવી રાખનારા, મિત્રોને વફાદાર અને ઉદ્યમી ખરે સમયે હોય છે. તેઓનું દષ્ટિબિંદુ બીજાઓને ઉપયોગી થવાનુંજ હોય છે. ઘણું કરીને આખા કુટુંબના ગુજરાનનો બોજો તેઓજ સહન કરતા હોય છે. પ્રેમમાં તેઓને સફળતા હોય છે; પરંતુ જેને ચિત્ર નં. બતાવ્યા-આથી ધ ચિહ્ન સ્હેજ નખ ઉપર વળતું હોય છે તેઓ તેમનું પ્રેમપાત્ર ગુમાવે છે અને નીચે વળતું હોય, તો તેઓ આજની સમાજરચના સામે બેડો બળવો જગાવનારા નીવડે છે, એટલે કે તેઓને જુનવાણી લગ્નસંસ્થાના ઉદ્દેશો, નિયમો અને રૂઢીનું જતન નથી ખપતું. આવાં ચિહ્નો ધરાવનારા માણસોની ખાસીયતોમાં દર વર્ષે પરિવર્તન થતુંજ રહે છે. તેઓ એકજ નિશ્ચયી હોય છે. બીજાની દખલ પોતાના સિધ્ધાંતોમાં કદી સહન કરતા નથી.

જેઓ ૧૫ નં. ૨માં બતાવ્યા પ્રમાણે અંગુઠો સંકુચિત નખ સાથે ઉપજેલો ધરાવતા હોય છે, તેઓ નાની ઉમરથી ધંધે લાગેલા અને ચકોર હોય છે. બુદ્ધિમાં તેજસ્વીતા ધરાવનારા, કાર્યોમાં વફાદારી બજાવનારા, લાગણીવાળા અને અત્યંત પ્રેમાળ હોય છે. તેમનું કૌટુંબીક જીવન નમ્ર અને સંસ્કારથી અલંકૃત થયેલું હોય છે. આવા લોકો સદાસર્વદા સાહસ ખેડનારા અને દરેક કાર્યમાં યશપ્રાપ્ત કરવાવાળા હોય છે. સ્વભાવે રંગીલા મશ્કરા અને સ્હેજ લ્હેરી હોય છે. તેઓ સદાય આનંદમાં દિવસો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નિર્ગમન કરે છે. છતાં પણ ભવિષ્યમાં ઉન્નતિ અને મેળવવા માટે) બહુજ યત્ન કરે છે. પૈસા સંબંધી બાબ રહેજ ઉડાઉગીરી અને બીનવ્યવહારિક છાપ સ્પષ્ટ રીતે હો આવો અંગુઠો જેઓને પણ હોય છે, તેવાં સ્ત્રીપુરૂષો પે. જાહેરમાં મુર્તિમંત કરવા ઇચ્છા ધરાવતાં હોવા છતાં પણ વિક રીતે તો વધારે પડતો ખર્ચ કરવાની વૃત્તિવાળાં અને થી નિષ્પન્ન થતો અહંકાર સેવવાવાળાં હોય છે. છતાં પણ કુશળ અને બીજી રીતે વિનયી હોય છે. તેઓને લલીતકળ ખાસ પક્ષપાત હોય છે. સુગંધી દ્રવ્યો પ્રત્યે તેમને અનુરાગ છે. આવાં સ્ત્રીપુરૂષો પાસે પૈસો ઝાઝો ટકતો નથી.

જેમને ગ–ગ પ્રમાણે નખનો પ્રદેશ અસ્પષ્ટ અને ગોળ હોય છે. તેમને ફેફસાં તથા આંખ સંબંધી રે સંભવ છે અને આ પ્રમાણે એટલે કે ચિત્રમાંન પ્રમાણે જે રહેજ સ્પષ્ટ રીતે લાંબુ ચિહ્ન ધરાવે છે; તેઓનું ક જીવન છિન્નભિન્ન અને અસંતુષ્ટ હોય છે. અહંભ તેઓ દુઃખી હોય છે. અહંકાર તેમના જીવનમાં અગત્યને ભજવીને તેમને કુટુંબ પ્રત્યે શંકા ભરેલી વિચિત્ર કલ્પનાએ પ્રેરે છે. પરિણામ એ આવે છે, કે તેઓ અપમાનીત, તાભરી અને માનપાન વિહિન જીંદગી ગુજારે છે. કોઇપ સાથે કલેશ થતાં તેને વૈરની ઇચ્છા તીવ્ર રીતે વધતી જા વેર લેવા માટે અનેક યુક્તિપ્રયુક્તિ આદરવા છેવટ સુધ માણસો પ્રયત્નો કરે છે.

અહિં એટલું ઉમેરવાની જરૂરત રહે છે, કે આ ધરાવનારા ઘણાય લોકો અમુક અંગત જેવાં કે ખાનગી દેવું, ખાનગી મીલકતનું અરસપરસમાં દેવું અથવા કિન્નાખોરીના ભોગ થવાનાં બ્હાનાં નીચે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કુટુંબ તથા પોતાને પ્રિય એવી તમામ વસ્તુઓ છોડીને પોતાનું કિસ્મત અજમાવવા બહારગામ જઇને નિવાસ કરે છે અથવા તો કોઇ કોઇથી ઘાયલ થઇને પણ ઘરને છેલ્લી સલામ કરીને જગતના ઝંઝાવાતો વેઠવા નીકળી પડે છે.

નં. ૨ ના ચિત્રમાં નખના પ્રદેશની નીચે અને અંગુઠાની બરાબર મધ્યમાં એક છેડા ઉપર ચ પ્રમાણે ચીહ્ન હોય છે તેઓને પૈસો–મિલ્કત તથા સાથોસાથ સૌંદર્ય પણ વારસામાં મળ્યું હોય છે. આવાં સ્રીપુરૂષોની ખાસિયતો અજબ હોય છે. આવા સ્રીપુરુષો તદ્દન કોમળ પ્રકૃતિનાં, છલોછલ માનવતાની લાગણીવાળાં અને સાથોસાથ વિલાસવૃત્તિનું સેવન કરનારાં હોય છે. ઘણે ભાગે આવાં લોકો રંગભૂમિ ઉપર અથવા તો ચિત્રપટમાં કામ કરવાને ભાગ્યશાળી નીવડે છે. તેઓને તેમનું ધન કશા ખપનું લાગતું જ નથી. તેમને માત્ર કીર્તિ, કીર્તિ અને કીર્તિનીજ ધુન લાગેલી જોવામાં આવે છે. સંસારિક સુખો તેઓને ભોગવવાની પણ ફુરસદ અથવા તો સ્વપ્ન સરખું પણ નથી હોતું. ટુંકામાં તેઓ રંગભૂમિને અથવા તો ચિત્રપટને જ પરણે છે.

હવે જેમને આ ચિહ્ન ચોરસ અને ચક્રચક્તિ તથા સાથોસાથ નખની સપાટીથી ઉંડાણમાં હોય છે, તેવા લોકો ઘણેભાગે વર્તમાનપત્રના તંત્રીઓ, લેખકો, પબ્લીસીટી ઓફીસરો, જાહેરખબર કરનાર ફીલ્મ કું.ના સુકાનધારીઓ હોય છે. અને જેઓ ત્રિકોણ રીતે આ ચીહ્ન ધરાવે છે, તેઓ વકીલ, ધારાશાસ્ત્રી અથવા તો ઘણે ભાગે ન્યાયમૂર્તિ હોય છે.

**સંપૂર્ણ.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

યોગ અને ત્રાટક, અગમ્યવાદ, પ્રેતાવાહનવિદ્યા, જાદુવિદ્યા, જંત્ર-મંત્ર, ઇન્દ્રજાળવિદ્યા, ભૂત-પ્રેત વિદ્યા, જ્યોતિષના ચર્ચા, સ્વપ્નવિજ્ઞાન, વિ. અનેક ગયબી પ્રશ્નો ચર્ચતું સુંદર ગુજરાતી

સચિત્ર માસિક

*

કિંમત ફક્ત

૨

આના.

વાર્ષિક લવાજમ

રૂપીઆ દોઢ.

*

દર મહિનાની

૧ લી તારીખે

નિયમિત પ્રગટ થાય છે

'કિસ્મત'

હજુ તમે નથી વાંચ્યું ?

આકર્ષક સત્ય બનાવો :

ભયંકર રસીલી વાર્તાઓ :

યોગવિદ્યાના ચમત્કારે.

ચાલુ વાર્તા

સંખ્યાબંધ ચિત્રો

સુંદર-બેરંગી છપાઈ


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, ભાવનગર

વાળ વધારવામાં બીન હરીફ [illegible]
હજારો ફુલોની ખુશબોથી
મધ મધતું.

વરલ[illegible]
બ્રાહ્મી [illegible]
તથા
બીલીયન[illegible]
[illegible]



તેમ[illegible]
વરલ[illegible]
બામ, [illegible]
અને
કમાલ તેલ વાપરો

એજન્સી માટે લખો:-
વરલકર
૧૨૭-૧૯ જુની હનુમાન ગલી,
મુંબઈ નં. ૨.

અમોઘ અને અચુક અસર કરનારી વરલકર બનાવટોની ઉત્તમતા એના દીવસે દીવસે વધતા જતા ઉપયોગથી જ સાબીત થતી જાય છે. સ્વદેશી, શુધ્ધ અને શોખને માફક આવે એવી બનાવટો માટે એકજ નામ પર વિશ્વાસ મુકો:

વ ર લ ક ર મુંબઈ-૨.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com